સહકારથી સમૃદ્ધિ | સુશાસન સપ્તાહ | નદી ઉત્સવ | પ્રાકૃતિક કૃષિના પંથે

आज़ादी का अमृत महोत्सव

વર્ષ : ૬૨ ■ અંક : ૧ ■ તા.૧-૧-૨૦૨૨

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક



Vibrant GUJARAT 2022
10-12 Jan

From Aatmanirbhar Gujarat to Aatmanirbhar Bharat

## ઔદ્યોગિક વિકાસના નવતર સીમાડાઓ સર કરવા સજ્જ ગુજરાત :
## વાઇબ્રન્ટ ગુજરાત – ૨૦૨૨





આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત



ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક

# વર્ષ ૨૦૨૨

## જાન્યુઆરી

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| ૩૦ | ૩૧ | | | | | ૧ |
| ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ |
| ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ |
| ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ |

## ફેબ્રુઆરી

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| | | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ |
| ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ |
| ૨૭ | ૨૮ | | | | | |

## માર્ચ

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| | | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ |
| ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ |
| ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ | | |

## એપ્રિલ

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| | | | | | ૧ | ૨ |
| ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ |
| ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ |
| ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ |

## મે

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
| ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ |
| ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ |
| ૨૯ | ૩૦ | ૩૧ | | | | |

## જૂન

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| | | | ૧ | ૨ | ૩ | ૪ |
| ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ |
| ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ |
| ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | | |

## જુલાઇ

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| ૩૧ | | | | | ૧ | ૨ |
| ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ |
| ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ |
| ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ |

## ઓગસ્ટ

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
| ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ |
| ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ |
| ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ | | | |

## સપ્ટેમ્બર

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| | | | | ૧ | ૨ | ૩ |
| ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ |
| ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ |
| ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | |

## ઓક્ટોબર

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| ૩૦ | ૩૧ | | | | | ૧ |
| ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ |
| ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ |
| ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ |

## નવેમ્બર

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| | | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ |
| ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ |
| ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | | | |

## ડિસેમ્બર

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| | | | | ૧ | ૨ | ૩ |
| ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ |
| ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ |
| ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ |

Gujarat
The Reliable fortnightly of Gujaratis

Year : 62 ▪ Issue : 1 ▪ Date 1-1-2022

**તંત્રી** : ડી. પી. દેસાઇ
**સહતંત્રી** : અરવિંદ પટેલ
**કાર્યવાહક તંત્રી** : પુલક ત્રિવેદી
**સંપાદક** : મિનેશ ત્રિવેદી
**સહસંપાદક** : દેવાંગ મેવાડા, હર્ષદ રૂપાપરા
**કલાનિર્દેશક** : જસ્મીન દવે

ગુજરાત પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

**વિતરણ વિભાગ** : ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦, ૦૭૯-૨૩૨૫૩૪૪૨
**ઈ-મેઇલ એડ્રેસ** : gujaratmagazine@gmail.com
**ફેસબુક લિંક** : gujaratinformation.official

**તંત્રી વિભાગ**

'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦, ૨૩૨૫૪૪૧૨

**વાર્ષિક લવાજમ : ₹ ૫૦-૦૦**

રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.

**120 + 4 Cover = Total 124 Pages**

માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. તથા ગુજરાત ઓફસેટ પ્રા. લિ., અમદાવાદ દ્વારા મુદ્રિત

આ અંક નીચેની વેબસાઇટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે
**www.gujaratinformation.gujarat.gov.in**

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**

- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઇઝ્ડ પોસ્ટ ઓફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવી ભરી શકાશે.
- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી નિયામકશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- ગુજરાત પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લોટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઇ - ૪૦૦૧૦૨.
- લવાજમ સ્વીકારવા કોઇ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.

આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઇ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત ગુજરાત પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઇમેઇલ આઇડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને ગુજરાત પાક્ષિકમાં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.





# શબ્દશઃ

- વાઇબ્રન્ટ સમિટ-2022 દ્વારા ગુજરાતની વિશિષ્ટ સિદ્ધિઓ, ક્ષમતા અને આત્મનિર્ભર ભારતની વિકાસ ગાથામાં નેતૃત્વ લેવાની સજ્જતા ઉજાગર કરાશે.
- આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત પ્રધાનમંત્રીના આત્મનિર્ભર ભારતના સંકલ્પને સાકાર કરવા ગુજરાત પ્રતિબધ્ધ છે.
- ગુજરાત રોબસ્ટ ઇકોસિસ્ટમ ફ્યુચરિસ્ટિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને એન્ટરપ્રિન્યોર પોટેન્શિયલનું ગૌરવ ધરાવતું રાજ્ય બન્યુ.
- ઇન્ડીયા સ્કિલ્સ-૨૦૨૧ માત્ર સ્પર્ધા નહિં પરંતુ આપણી યુવાશક્તિને ગ્લોબલ યુથ બનવાની તક આપતું પ્લેટફોર્મ છે.
- ગુજરાતમાં ઉત્પાદિત થતી દવાઓ અને ફાર્માસ્યુટિકલ ક્ષેત્રએ લોકોનો સંપૂર્ણ ભરોસો અને વિશ્વાસ સંપાદિત કર્યો છે.
- ગુણવત્તા-શ્રેષ્ઠતાના માનાંક ઉપર ગુજરાતનો ફાર્મા ઉદ્યોગ ખરો ઉતર્યો છે.
- જનકલ્યાણના કાર્યો માટે સમાજના તમામ લોકોના સૂચનો સરકારમાં આવકાર્ય છે.
- પી.એમ. ગતિશક્તિ નેશનલ માસ્ટર પ્લાનને અનુરૂપ પરિવહન માળખુ, લોજિસ્ટિકસ સુવિધા અને હેઝલ ફ્રી ટ્રાન્સપોર્ટેશનથી ગુજરાત લીડ્સ ઇન્ડેક્ષમાં અગ્રેસર.
- લોજિસ્ટિક ક્ષેત્રમાં આધુનિક ટેક્નૉલૉજી લાવી તેને કાર્યદક્ષ બનાવવા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે.
- 'નદી ઉત્સવ'થી નદીઓ, વૃક્ષો સહિતની કુદરતી સંપત્તિના સંરક્ષણની આહલેક જગાવીશું.
- શ્રેષ્ઠ માળખાકીય સગવડો, સુશાસન, ઇઝ ઓફ ડૂઇંગ અને ઇન્ડસ્ટ્રી ફ્રેન્ડલી નીતિઓને પરિણામે ગુજરાત બેસ્ટ ડેસ્ટિનેશન ફોર ઇન્વેસ્ટમેન્ટ બન્યું.
- ડૉ બાબાસાહેબ આંબેડકરે રાષ્ટ્રને શક્તિશાળી બનાવવા પ્રત્યેક વ્યક્તિને સ્વતંત્રતા, સમતા અને બંધુત્વ વ્યવહારને અનુસરવા પ્રેરણા આપી છે.
- ગુજરાતની પહેલરૂપ પ્રથમ હેરિટેજ ટુરિઝમ પૉલિસી દ્વારા પ્રાચીન ધરોહર, ઐતિહાસિક વિરાસતો-ઇમારતોને હેરિટેજ ટુરિઝમ ડેસ્ટિનેશન તરીકે પ્રોત્સાહન મળ્યુ છે .
- ગુજરાતે પ્રવાસન ધામોમાં પર્યાવરણ જાળવણી, ઇ-વ્હીકલ અને સોલાર એનર્જીના વ્યાપથી સમયાનુરૂપ નવા આયામો વિકસાવ્યા છે.


(મુખ્યમંત્રીશ્રીએ આપેલાં વિવિધ વક્તવ્યોના સંકલિત અંશો)

## આકર્ષણ























08 / **વિહંગાવલોકન**
વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ - 2022

10 / **અગમચેતી**
કોરોના - ઓમિક્રોન અંગે CMની સર્વગ્રાહી સમીક્ષા

13 / **નવતર**
- ગુજરાત શરૂ કરશે 'ઍર ઍમ્બ્યુલન્સ સેવા'
- આરોગ્ય વિભાગ દ્વારા HSMCનો પ્રારંભ
- ૧૦૮ સિટીઝન મોબાઇલ ઍપ લોન્ચ

16 / **સંવાદ**
મન કી બાત

20 / **જનસુખાકારી**
- ગુજરાતે દેશને આપેલી સહકારિતાની ભેટ જનઆંદોલન બની : સહકારથી સમૃદ્ધિ
- અમદાવાદમાં રૂ. 363 કરોડનાં વિકાસકાર્યો
- સોલામાં ઉમિયાધામનો શિલાન્યાસ

26 / **કૃષિ ક્રાંતિ**
- કૃષિને પ્રકૃતિની પ્રયોગશાળા સાથે જોડવાનું વડાપ્રધાનશ્રીનું આહ્વાન
- દેશમાં ફૂડ- ઍગ્રો ઇન્ડસ્ટ્રીઝમાં રોકાણની તકો

41 / **વાઇબ્રન્ટ ડેસ્ટિનેશન**
ગુજરાત : રોકાણકારો માટે મોસ્ટ પ્રિફર્ડ ડેસ્ટિનેશન

44 / **વાઈબ્રન્ટ રોડ-શો**
વાઇબ્રન્ટ સમિટ : દેશ-વિદેશમાં યોજાયા રોડ - શો

51 / **વાઈબ્રન્ટ પ્રદર્શન**
- ૧૦મા એગ્રી એશિયા એક્ઝિબિશનનું આયોજન
- રાજ્યનું સૌથી વિશાળ એન્જિમેક પ્રદર્શન
- સુરતના ટેક્ષટાઇલ ઉદ્યોગથી લાખોને રોજગારી

54 / **વિશેષ અહેવાલ**
- પુનઃપ્રાપ્ય ઊર્જાસ્રોત સ્વચ્છ પર્યાવરણની દિશામાં ગુજરાતની પર્યાવરણલક્ષી નીતિ - મનીષા વાઘેલા
- સ્વસ્થતાની સોનેરી કલમે લખાયો ગુજરાતનો વિકાસ... - ઝીલ ઠક્કર
- આકાશને આંબતું ઍરોસ્પેસ અને ડિફેન્સ ક્ષેત્ર - રીના દક્ષિણી
- ફાર્માસ્યુટિકલ્સ ઍન્ડ મેડિકલ ડિવાઇસીસ ક્ષેત્રે ગુજરાતની હરણફાળ - હર્ષદ રૂપાપરા
- ગુજરાત ભારતનું ઑટોમોબાઇલ હબ - અલકા ભાગવાની
- આત્મનિર્ભર ખેડૂત વડે આત્મનિર્ભર રાજ્ય અને દેશ... - હરેશ્વરી રાબા
- ગુજરાત પેટ્રોકેમિકલ ક્ષેત્રે અગ્રેસર - નિલય રાવલ

**66 /** **આસપાસ**

**77 /** **સ્માર્ટ સિટી**
ધોલેરા અને ગિફ્ટ સિટીનો 'સ્માર્ટ સિટી'માં સમાવેશ

**78 /** **સંવર્ધન**
સંપૂર્ણ રસાયણમુક્ત ખેતી માટે ડાંગને મળ્યું બહુમાન

**80 /** **અગ્રેસરતા**
ફાર્માસ્યુટિકલ ઉદ્યોગોનું સેન્ટર પૉઇન્ટ છે ગુજરાત

**82 /** **ટીટબીટ્સ**

**86 /** **વિશેષ**

**88 /** **સમાચાર વિશેષ**

**96 /** **સાફલ્યગાથા**
- સરકારની આર્થિક પાંખથી સફળતાના આકાશમાં વિહરતી ખુશ્બૂ - સોનાલી / જીજ્ઞેશ
- દેવર્ષનો 'અશુદ્ધ લોહી સામેના જંગ'માં વિજય - હિમાંશુ ઉપાધ્યાય
- આર્યાના હૃદયમાં 'ક્લાયમેટ ચેન્જ ક્રાંતિ'ની જ્વાળા પ્રગટી - અંજલિ શુક્લ
- 'માહિતી ખાતા'ની માહિતીએ આશિષભાઈનું જીવન બદલ્યું - અમિતસિંહ ચૌહાણ
- દ્વારકાની વૃધ્ધાનું પરિવાર સાથે પુનઃમિલન કરાવતું જામનગર "સખી" વન સ્ટોપ સેન્ટર - દિવ્યા ત્રિવેદી
- ટેક્નોલોજી અને ખેતીના સમન્વયથી કૃષિની નવી દિશા ચિંધતા યુવા એન્જિનીયર ખેડૂત - પીનલ પટેલ

**102 /** **પ્રકૃતિ**
વન્યજીવોનું આશ્રય સ્થાન બન્યું જાંબુઘોડા અભયારણ્યમાં આવેલો કડા ડૅમ - બી. પી. દેસાઇ

**104 /** **નિર્ણય**

**108 /** **સુરત રાઉન્ડઅપ**
- 'નદી ઉત્સવ' નદીઓના કિનારે વિસરાયેલી ભવ્ય સંસ્કૃતિને સજીવન કરવાનો પ્રયાસ
- બુલેટ ટ્રેનની પ્રગતિનું નિરીક્ષણ કરતા CM
- સુરતમાં 200 કરોડથી વધુના વિકાસકાર્યો...


**114 /** **શિક્ષણ જ્યોત**
'મિશન સ્કૂલ ઑફ એક્સલન્સ'ને વર્લ્ડ બૅન્કની સહાય


**116 /** **સુશાસન**
રાજ્યમાં સુશાસન સપ્તાહની ઉજવણી

**121 /** **ગૌરવ**
LEADS ઇન્ડેક્સમાં ગુજરાત સતત ત્રીજા વર્ષે પ્રથમ

**122 /** **યોજનાકીય**
'વહાલી દીકરી' યોજના
























# આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત તરફ ગુજરાતનું પરિણામલક્ષી પ્રયાણ...

ગુજરાત એટલે વિકાસનો પર્યાય. ગુજરાત એટલે એવું રાજ્ય જેણે તમામ આફતોનો મક્કમતાથી મુકાબલો કરીને વિકાસની રફતાર જાળવી રાખી છે. ખમીરવંતી ગુજરાતી પ્રજા અને દીર્ઘદષ્ટિપૂર્ણ નેતૃત્વના સમન્વયથી ગુજરાત આજે દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે. 1960માં અલગ ગુજરાત રાજ્યની સ્થાપના સમયે ગુજરાત એક સીમિત વિકાસ ધરાવતું રાજ્ય હતું. વર્ષ 2001માં તત્કાલીન મુખ્ય મંત્રી અને હાલના લોકલાડીલા ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીનું દીર્ઘદ્રષ્ટા અને કર્મઠ નેતૃત્વ રાજ્યને પ્રાપ્ત થયું. ગુજરાત માટે વર્ષ 2003 ખૂબ મહત્ત્વનું રહ્યું છે. વાઇબ્રન્ટ ગુજરાતના વિચારને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ સફળ રીતે કાર્યાન્વિત કરી ગુજરાતના સમગ્રતયા વિકાસને નવી દિશા આપી. જગતભરમાંથી ઉદ્યોગકારો પોતાના ઔદ્યોગિક એકમો ગુજરાતમાં સ્થાપવા આતુર બન્યા. રાજ્યની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ, 24 કલાક વીજપુરવઠો અને વિશિષ્ઠ ભૌગોલિક મહત્ત્વના કારણે એક પછી એક વિદેશી કંપનીઓ ગુજરાતમાં પોતાના ઔદ્યોગિક એકમો શરૂ કરવા લાગી.

વાઇબ્રન્ટ ગુજરાતની શ્રૃંખલા જેમ - જેમ આગળ વધતી ગઇ તેમ - તેમ રોકાણ કરનારાઓની સંખ્યામાં પણ ઉત્તરોત્તર વધારો થતો જોવા મળ્યો. નવ વાઇબ્રન્ટ સમિટના કારણે ગુજરાતમાં વેપાર, નૉલેજ શૅરિંગ, ડિપ્લોમસી ક્ષેત્રે નોંધપાત્ર વિકાસની સાથે સાથે સ્થાનિક યુવાનોને વિપુલ પ્રમાણમાં રોજગારીના અવસરો સાંપડ્યા છે. આજે વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ એ સમગ્ર વિશ્વ માટે જ્ઞાનના આદાનપ્રદાન અને ઉદ્યોગ વિકાસ માટેનું વૈશ્વિક પ્લૅટફૉર્મ બન્યું છે.

ગુજરાતમાં એવા અનેક પ્રકલ્પો શરૂ થયા છે, જેના કારણે રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય સ્તર પર ગુજરાતની આગવી ઓળખ ઊભી થઇ છે. ધોલેરા(સર), બુલેટ ટ્રેન, મેટ્રો રેલવે, સાયન્સ સિટી, ગિફ્ટ સિટી, સ્ટૅચ્યુ ઑફ યુનિટી વગેરે વિકસિત ગુજરાતની નવતર છબી પ્રસ્તુત કરે છે.

દેશના વિકાસમાં ગુજરાતનું મહત્ત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. વડાપ્રધાનશ્રીના ભારતને 5 ટ્રિલિયન ડોલર ઇકૉનૉમીમા બનાવવાના સ્વપ્નને સાકાર કરવા માટે ઉર્જાવાન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં ગુજરાત અથાક પરિશ્રમ કરી રહ્યું છે. કોરોનાકાળમાં પણ ગુજરાતના વિકાસની રફતાર જળવાઇ રહી છે. એમ લાગે છે કે વાઇબ્રન્ટ ગુજરાત 2022 ઘણા અર્થમાં વિશેષ બની રહેવાની છે. આજે સમગ્ર વિશ્વ સ્વાસ્થ્ય સુરક્ષા અને આર્થિક પ્રગતિ એમ બંન્ને મોરચે લડાઇ લડી રહ્યું છે, ત્યારે વાઇબ્રન્ટ ગુજરાતની આ દસમી કડી દેશ અને વિશ્વને નવી રાહ બતાવશે.

દીર્ઘદ્રષ્ટા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના આત્મનિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરવા ગુજરાત પ્રતિબદ્ધ છે. આત્મનિર્ભર ગુજરાત બનવાની દિશામાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં ઉદ્યોગ, સેવા અને કૃષિ ત્રણેય ક્ષેત્રે સમતોલ વિકાસ સાધી રહ્યું છે. 'આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત' થીમ ઉપર વાઇબ્રન્ટ ગુજરાતની ૧૦મી કડી

ગુજરાત અને દેશના આર્થિક વિકાસની સાથે સાથે સામાજિક અને શૈક્ષણિક વિકાસના નવતર સીમાડાઓ સર કરશે. વાઇબ્રન્ટ સમિટ પૂર્વે આણંદમાં નૅચરલ ફાર્મિંગ, ઝીરો બજેટ ખેતી વિષયક રાષ્ટ્રીય પરિષદ યોજાઇ હતી. સમગ્ર દેશમાંથી આવેલા સહકારી અગ્રણીઓને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સંબોધિત કરી હતી. આ ત્રિદિવસીય રાષ્ટ્રીય પરિષદમાં કૃષિ વિષયક પરિસંવાદોમાં ફળદાયી ચર્ચાવિચારણા ઉપરાંત સહકારી ક્ષેત્રે નવા મૂડીરોકાણ માટે સમજૂતી કરારો થયા હતા. વાઇબ્રન્ટ ગુજરાત સમિટના પૂર્વે રાજ્યમાં ખૂબ મોટા પ્રમાણમાં મૂડીરોકાણ આવ્યું અને તેની સાથે સ્વાભાવિક રીતે જ સ્થાનિક યુવકો માટે રોજગારીની નવી તકો ઊભી થશે.

છેલ્લા એક મહિનાથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં મંત્રીમંડળના સદસ્યશ્રીઓ તથા વરિષ્ઠ સનદી અધિકારીઓ દેશ અને વિદેશમાં રોડ શો કરી રહ્યા છે. આ વખતે વાઇબ્રન્ટ સમિટમાં એક નવી પહેલ કરવામાં આવી છે. જે અંતર્ગત 22 નવેમ્બર, 2021થી દર સોમવારે મુખ્યમંત્રીશ્રી તથા મંત્રીશ્રીઓની હાજરીમાં એમ.ઓ.યુ. કરવામાં આવી રહ્યા છે. જેમાં અત્યાર સુધીમાં ખૂબ મોટા પ્રમાણમાં રોકાણ માટે સમજૂતી થઈ છે. આ સાથે, ગાંધીનગર સ્થિત એક્ઝિબિશન સેન્ટર ખાતે વિવિધ ઔદ્યોગિક ક્ષેત્રો સાથે સંકળાયેલા વૈશ્વિક કક્ષાનાં પ્રદર્શનો યોજાયાં હતાં.

ગુજરાતે દેશને સહકાર ક્ષેત્રે આપેલી કોઈ અમૂલ્ય ભેટ હોય તો તે છે અમૂલ ડેરી. અમૂલ ડેરીના 75મા વર્ષની ઉજવણી નિમિત્તે આણંદ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં કેન્દ્રીય સહકારમંત્રી શ્રી અમિતભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાતની ગ્રામીણ નારીશક્તિની ક્ષમતાનો ઉત્કૃષ્ટ નમૂનો એટલે અમૂલ પેટર્ન સમસ્ત વિશ્વ માટે અભ્યાસનો વિષય બની રહ્યો છે.

ગુજરાતે વિકાસ યોજનાઓ સમયસર પૂર્ણ કરવાનો નવો અભિગમ સમગ્ર દેશને બતાવ્યો છે. આ ક્રમમાં તાજેતરમાં અમદાવાદમાં શહેરીજનોની સુખાકારી માટેના વિકાસ પ્રકલ્પોનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે લોકાર્પણ કર્યું હતું. ગુજરાતે ભૂતપૂર્વ વડાપ્રધાન અને ભારત રત્ન સ્વ. અટલ બિહારી વાજપેયીના જન્મદિવસની સુશાસન દિવસ તરીકે ઉજવણી કરી, સતત એક સપ્તાહ સુધી જનસુખાકારીનાં વિવિધ કાર્યો અને યોજનાઓ અમલમાં મૂકી અટલજીએ પ્રબોધેલી સુશાસનની દિશામાં સાચા અર્થમાં ગુજરાતે પગરણ માંડ્યાં. મને શ્રદ્ધા છે કે ગુજરાતના ઔદ્યોગિક વિકાસની દ્યોતક વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની વિગતો ઉપરાંત પ્રસ્તુત અંકમાં અપાયેલી રાજ્યના સમગ્રતયા વિકાસની વાત વાચકમિત્રોને ઉપયોગી બની રહેશે.

જય જય ગરવી ગુજરાત...

**- ડી.પી. દેસાઈ** આઈ.એ.એસ.
**માહિતી નિયામક**




## વિશ્વભરમાં ગુજરાતની આગવી ઓળખ

# વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ - 2022

વાઈબ્રન્ટ ગુજરાતની 10મી શ્રૃંખલા આગામી તા. 10 જાન્યુઆરીથી ગાંધીનગરના આંગણે યોજાશે. આમ તો વર્ષ 2003માં શરૂ થયેલી આ યાત્રા સમયની સાથે વિસ્તૃત બનતી ગઈ છે. આજે વૈશ્વિક રોકાણકારો વાઈબ્રન્ટ ગુજરાત સમિટની રાહ જોતા હોય છે, કારણ કે ગુજરાત રાજ્યમાં રોકાણ કરનારને તેના રોકાણની સામે વળતર મળવાની સંભાવના ખૂબ ઉજ્જવળ રહે છે. તેથી વાઈબ્રન્ટ સમિટને વૈશ્વિક સ્વીકૃતિ મળી છે. વાઈબ્રન્ટ સમિટમાં પાર્ટનર કન્ટ્રી તરીકે જોડાવા માગતા દેશોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા ગુજરાતમાં શરૂ કરાયેલા વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટની ૧૦મી શૃંખલા આગામી તા. ૧૦થી ૧૨ જાન્યુઆરી એમ ત્રણ દિવસ દરમિયાન યોજાશે. તા. ૧૦મી જાન્યુઆરીના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ તેમ જ ગ્લોબલ ટ્રેડ શોનો ઉદ્ઘાટન સમારોહ યોજાશે. ત્રિદિવસીય સમિટમાં વિવિધ ક્ષેત્રો સંદર્ભે સેમિનારો યોજાશે. વાઈબ્રન્ટ સમિટ પૂર્વે રાજ્યભરમાં દશ જેટલાં વિવિધ ક્ષેત્રોના પ્રિ-ઈવેન્ટ કાર્યક્રમો પણ યોજાશે તેમ જ આ ૧૦મી વાઈબ્રન્ટ સમિટમાં ૨૫થી વધુ દેશો કન્ટ્રી પાર્ટનર તરીકે સહભાગી થશે.

વાઈબ્રન્ટ સમિટ થકી ગુજરાતમાં ખૂબ મોટા પ્રમાણમાં ઔદ્યોગિક રોકાણ આવ્યું છે. આ રોકાણની સાથે રાજ્યમાં નવા ઉદ્યોગો સ્થપાયા છે, રોજગારી પ્રાપ્ત થઈ છે અને રાજ્યની આર્થિક-સામાજિક અને શૈક્ષણિક સ્થિતિમાં પરિવર્તન આવ્યું છે. વાઈબ્રન્ટ સમિટમાં થયેલા કુલ એમ.ઓ.યુ. પૈકી 65 ટકાથી વધુ રોકાણો અમલમાં આવ્યા છે. છેલ્લી નવ વાઈબ્રન્ટ સમિટમાં થયેલા એમ.ઓ.યુ. પૈકી કુલ રૂ. 55.91 લાખ કરોડનાં રોકાણ અમલમાં આવ્યા હતા.

વર્ષ 2003થી શરૂ થયેલા વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં એમ.ઓ.યુ.ની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. તેની સાથે રોકાણ પણ વધી રહ્યું છે. આ રોકાણોના કારણે રાજ્યમાં 22.71 લાખ યુવાનોને રોજગારી મળી છે.

આ વર્ષે યોજાનાર વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૨ વિશે થોડી વિગતો જાણી તો... આ વર્ષે ૧૦મી સમિટનો આરંભ 10મી જાન્યુઆરીનાં રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા કરવામાં આવશે. તા. ૧૧મી જાન્યુઆરીએ વડાપ્રધાનશ્રીની વિઝનરી યોજના 'ગતિશક્તિ યોજના' હેઠળ ગુજરાતને કઈ રીતે




## વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ અંતર્ગત તા. ૧ ડિસેમ્બરથી ૧૨મી જાન્યુઆરી સુધી વિવિધ કાર્યક્રમો.

## ૨૫થી વધુ દેશો કન્ટ્રી પાર્ટનર તરીકે સહભાગી : દેશ-વિદેશોમાં રોડ શો.

ઈન્ફ્રાસ્ટ્રક્ચરલ તેમ જ ઈન્વેસ્ટમેન્ટ દષ્ટિકોણથી વધુ ને વધુ લાભ મળે તેની કાર્યરીતિ ઘડાશે. તે ઉપરાંત પ્રોડક્શન લિંક્ડ ઈન્વેસ્ટમેન્ટ સ્કીમ્સ અંતર્ગત વિવિધ સેક્ટરમાં જાહેર કરાયેલી યોજનાઓ થકી ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ આગળ ધપાવવા નક્કર કદમ ભરાશે અને દેશમાં પ્રોડક્શન અંગેની તૈયાર કરાયેલી યોજનાઓ અંગે પણ વિશદ ચર્ચા હાથ ધરવામાં આવશે. જ્યારે તા. ૧૨મી જાન્યુઆરીએ ટેક્નોલૉજીનો મહત્તમ ઉપયોગ, વધુ ને વધુ રોજગારી તેમ જ ટેક્નોલૉજી થકી વૅલ્યુ ઍડિશન થાય તે સહિતના વિષય પર વિસ્તૃત ચર્ચા કરાશે અને ત્યારબાદ વાઈબ્રન્ટ સમિટનું સમાપન કરવામાં આવશે.

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના પ્રચાર અર્થે દેશ-વિદેશમાં રોડ શોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં અમેરિકા, જર્મની, નેધરલૅન્ડ, યુ.કે., ફ્રાન્સ, જાપાન, દુબઈ, અબુધાબી તથા મિડલ-ઈસ્ટના દેશોનો સમાવેશ થાય છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ છ મેટ્રો શહેરો તથા દુબઇ અને અબુધાબી ખાતે રોડ શોમાં સહભાગી થયા. આ રોડ શોમાં મંત્રીમંડળના સદસ્યશ્રીઓ પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

વાઈબ્રન્ટ ગુજરાત સમિટ સંદર્ભે રાજ્ય સરકાર દ્વારા તા. 1 ડિસેમ્બરથી 12 જાન્યુઆરી સુધી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. વાઈબ્રન્ટ સમિટ સુધીમાં દર સોમવારે મોટા અને વિશિષ્ટ પ્રોજેક્ટ માટે એમ.ઓ.યુ. કરવામાં આવશે. જે એમ.ઓ.યુ. પ્રોજેક્ટમાં પરિવર્તિત થાય એવા જ એમ.ઓ.યુ. કરવામાં આવશે.

આ સમિટમાં લઘુ અને મધ્યમ ઉદ્યોગોને પ્રોત્સાહિત કરવા માટે ખાસ ધ્યાન કેન્દ્રિત કરાયું છે, જે માટે મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને બૅન્કર્સ મિટિંગ પણ કરાઇ છે, જે મહત્ત્વની પુરવાર થશે. એમએસએમઇ ઉદ્યોગ ક્ષેત્રે લોકોને માહિતી મળે એ માટે તા. ૧૦મી જાન્યુઆરીથી ત્રિદિવસીય ગ્લોબલ ટ્રેડ શોનું હેલિપેડ ગ્રાઉન્ડ, ગાંધીનગર ખાતે આયોજન કરાયું છે. આ ટ્રેડ ફેર શોની થીમ 'આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત' રાખવામાં આવી છે. ●



# ઓમિક્રોન - કોરોનાની સંભવિત ત્રીજી લહેરના મક્કમ મુકાબલા માટે CMની આગોતરી સર્વગ્રાહી સમીક્ષા



રાજ્યના નાગરિકોની આરોગ્ય સુખાકારી માટે ગુજરાત સરકાર કટિબદ્ધ છે. નાગરિકોને સારામાં સારી આરોગ્ય સુવિધા મળી રહે એ માટે ગામડાઓ સુધી માળખાકીય સુવિધા ઉપલબ્ધ કરાવી છે. રાજ્યમાં કોરોના અને ઓમિક્રોનની પ્રવર્તમાન સ્થિતિ અંગે તાજેતરમાં મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ઉચ્ચ સ્તરીય બેઠક યોજી સર્વગ્રાહી સમીક્ષા કરી હતી.

આ બેઠકમાં આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલ, રાજ્યમંત્રી શ્રી નિમિષાબહેન સુથાર અને મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવ શ્રી કૈલાશનાથન તેમજ મુખ્ય સચિવ શ્રી પંકજ કુમાર, ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી રાજકુમાર જોડાયા હતા. આ બેઠકમાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા રોજના ૭૦ હજાર જેટલા ટેસ્ટ કરવામાં આવે છે. ભારત સરકારની ગાઇડલાઇન્સ મુજબ વિદેશથી આવનારા પ્રવાસીઓના ટેસ્ટિંગ અને કૉન્ટૅક્ટ ટ્રેસિંગ માટેની વ્યવસ્થા આરોગ્ય અને ગૃહ વિભાગ સાથે મળીને કરે, તેના કાર્ય-આયોજનની બેઠકમાં સમીક્ષા કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ આપેલા દિશા-નિર્દેશ અનુસાર રાજ્યભરમાં કોરોના-ઓમિક્રોનથી બચાવના પગલાં અંગે મુખ્ય સચિવ શ્રી પંકજ કુમારની અધ્યક્ષતામાં ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કોવિડ અંગે તમામ મહાનગરપાલિકાના કમિશનરશ્રીઓ અને જિલ્લાના કલેક્ટરશ્રીઓ વિડિયો કોન્ફરન્સના માધ્યમથી જોડાયા હતા. આ સમીક્ષા બેઠકમાં કોવિડની પ્રવર્તમાન પરિસ્થિતિ અંગે જરૂરી પગલાં, કોવિડ પ્રોટોકોલના ચુસ્ત પાલન, વેક્સીનેશન, માઇક્રો કન્ટેન્ટમેન્ટ ઝોન, ટેસ્ટિંગ અને ટ્રેસિંગ કામગીરી ઉપર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. રાજ્યના દરેક જિલ્લા કલેક્ટરશ્રી અને મ્યુનિસીપલ કમિશનરશ્રીની કોરોના નિયંત્રણ માટેની વ્યૂહરચના જાણીને મુખ્ય સચિવશ્રીએ કોવિડ પરિસ્થિતિ અંગે સમીક્ષા કરી તેને કાબૂમાં લેવા જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

મુખ્ય સચિવ શ્રી પંકજ કુમારે કલેક્ટરશ્રીઓ અને મ્યુનિસિપલ કમિશનરશ્રીઓને માઇક્રો કન્ટેન્ટમેન્ટ ઝોન ઉપર વિશેષ ભાર મૂકી તે સ્થળોની વિઝીટ અંગે સૂચના આપી હતી. માઇક્રો કન્ટેન્ટમેન્ટ ઝોનમાંથી કોઈપણ વ્યક્તિ કન્ટેન્ટમેન્ટ ક્વોરંટાઇન ભંગ ન કરે તેની ખાસ તકેદારી રાખવા સાથોસાથ દરરોજ એક સિનિયર અધિકારીને પણ આ સ્થળે વિઝીટ લેવા આદેશ આપવામાં આવ્યા છે. દરેક જિલ્લાઓમાં રસીકરણની કામગીરી અંગે વિગતો મેળવીને



મુખ્ય સચિવશ્રીએ વધુને વધુ રસીકરણ કેમ્પનું આયોજન કરી બંને ડોઝની ૧૦૦ ટકા રસીકરણ કામગીરી પૂર્ણ કરવા સૂચના આપી હતી.

રાજ્ય સરકાર દ્વારા કોરોના વાયરસ અને તેના સંક્રમણને અટકાવવા માટે જે પગલાં લેવાઇ રહ્યાં છે તેની પણ વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. રાજ્યની હોસ્પિટલોમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર, બેડની સંખ્યા, ઓક્સિજનની સુવિધા, વેન્ટિલેટર, માસ્ક, PPE (પર્સનલ પ્રોટેક્ટ ઇક્વિપમેન્ટ), સેનિટાઈઝર્સ અને આવશ્યક દવાઓના પૂરતી માત્રામાં જથ્થા સંદર્ભે સમીક્ષા કરીને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે ગાંધીનગર ખાતે આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી મનોજ અગ્રવાલ, આરોગ્ય કમિશનર શ્રી જયપ્રકાશ શિવહરે, સચિવ શ્રી લોચન સહેરા સહિત આરોગ્ય વિભાગના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

## ગુજરાતમાં વેક્સીનનાં કુલ 8.88 કરોડ ડોઝ અપાયા

દેશના દરેક નાગરિકોને કોરોનાથી બચાવવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં વિશ્વના સૌથી મોટા વેક્સિનેશન કાર્યક્રમ ચાલી રહ્યો છે. રાજ્યના દરેક નાગરિકોને સુરક્ષિત બનાવવા ગુજરાત સરકાર દેશમાં અગ્રેસર રહી વેક્સિનેશન અભિયાન ચલાવી રહી છે. અત્યાર સુધીમાં રાજ્યમાં કુલ ૮,૮૮,૨૦,૪૫૨ ડોઝ આપવામાં આવ્યા છે.

રાજ્યના ૧૯,૨૨,૬૫૮ હેલ્થ કેર વર્કર અને ફ્રન્ટલાઈન વર્કરોને કોરોનાની રસીનાં બંને ડોઝ આપવામાં આવ્યા છે. તેવી જ રીતે, રાજ્યમાં 45 વર્ષથી વધુની ઉંમરના ૧,૬૫,૪૫,૦૮૭ તથા, 18-45 વર્ષ સુધીના ૨,૩૫,૭૭,૫૦૬ નાગરિકોને રસીનાં બંને ડોઝ આપવામાં આવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં કોરોનાનો રીકવરી રેટ 98.61 ટકા જેટલો છે. રાજ્ય સરકારના આરોગ્ય વિભાગના સઘન પ્રયાસોના કારણે સુધી ૮,૧૮,૪૨૨ લોકોએ કોરોનાને મ્હાત આપી છે. ●



## ૧૫ થી ૧૮ વર્ષના બાળક માટે રસીકરણની સ્પેશિયલ ડ્રાઇવ યોજાશે



વર્તમાન ગુજરાત રાજ્યે સુશાસન સ્પર્ધાની કમ્પિટિટિવ રેન્કમાં સમગ્ર દેશમાં ગુજરાત પ્રથમ ક્રમ હાંસલ કર્યો છે. ગુજરાત રાજ્યને મળેલા આ ગૌરવ અંગે મંત્રી શ્રી જીતેન્દ્રભાઇ વાઘાણીએ જણાવ્યુ હતું કે, ગુજરાતનો સુશાસન સ્પર્ધામાં સમગ્ર દેશમાં પ્રથમ નંબરે આવવાનો જશ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને ફાળે જાય છે. આ સાથે મંત્રી શ્રી વાઘાણીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારની યોજનાઓનો લાભ નાગરિકોને સરળતાથી અને સત્વરે મળે તે માટે મુખ્યમંત્રીશ્રીએ દરેક વિભાગના મંત્રીશ્રીઓ અને અધિકારીશ્રીઓને સૂચના આપી છે. મુખ્યમંત્રીશ્રીએ આગામી સમયમાં ગ્રામ સ્થાપના દિવસની ઉજવણી કરવા સૂચન કર્યુ છે. હવે રાજ્યના વિવિધ ગામોના સ્થાપના દિવસની સામૂહિક ઉજવણી કરવમાં આવશે.

આ સાથે, આગામી તા.૭ જાન્યુઆરી એ ૧૫ થી ૧૮ વર્ષના બાળક માટે રાજ્યભરમાં કોરોના રસીકરણની સ્પેશિયલ ડ્રાઇવનું આયોજન કરવામાં આવ્યું છે. તે માટે કેન્દ્રીય આરોગ્યમંત્રી શ્રી મનસુખભાઇ માંડવિયાના સહયોગથી ૨૦ લાખ જેટલા વેક્સિનના ડોઝ ગુજરાતને પ્રાપ્ત થશે. રાજ્યના ૩૦ થી ૩૨ લાખ બાળકો ૧૫ થી ૧૮ વર્ષની વયના હોવાનો અંદાજ છે. તે તમામને રસીકરણ દ્વારા સુરક્ષિત કરવામાં આવશે. એટલુ જ નહિ. ૧૫ થી ૧૮ વર્ષના બાળકોને આઇડેન્ટીફાઇ કરવા માટે ખાસ એક્શન પ્લાન બનાવી ઉચ્ચ અધિકારીશ્રીઓની કમિટિને ડેટા કલેક્શનની કામગીરી પણ સોંપી દેવામાં આવી છે.

આ ઉપરાંત કોરોનાના કેસો પર નિયંત્રણ લાવવા ટેસ્ટીંગ અને કોન્ટેક્ટ ટ્રેસીંગ વધારવા જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે. આરોગ્ય અને ગૃહ વિભાગ સાથે મળીને સમગ્ર સ્થિતિનું મોનીટરીંગ કરશે અને રાજ્યના નાગરિકોને કોરોનાથી સુરક્ષિત રાખવા તમામ જરૂરી પગલા લેવાશે.

તાજેતરમાં વાપી ખાતે યોજાયેલ જુડો સ્પર્ધામાં ભાગ લઇ પરત ફરતા ખેલાડી-કોચને નડેલા અકસ્માતની ઘટના અંગે રાજ્ય સરકારની સંવેદના વ્યકત કરી હતી. તેમજ અકસ્માતમાં ઇજા પામેલ વ્યક્તિઓની સારવારનો તમામ ખર્ચ રાજ્ય સરકાર ઉપાડશે તેમ જણાવી અકસ્માતમાં મૃત્યુ પામેલા ૩ વ્યક્તિઓને પ્રત્યેકને રૂ. ૪ લાખની સહાય આપવાની તથા ઈજાગ્રસ્ત થયેલા વ્યક્તિઓને વ્યક્તિ દીઠ રૂ. ૫૦ હજારની સહાય આપવાની સંવેદનાસભર જાહેરાત પણ કરી છે. ●

# કોરોના સંક્રમણકાળમાં તબીબોની સેવાને બિરદાવતા CM



કોરોનાએ છાતી, ફેફસાંને લગતા રોગો પ્રત્યે હવે સામાન્યમાં સામાન્ય માનવીને સજાગ કર્યા છે અને પલ્મોનોલૉજિસ્ટ શબ્દ ઘરે-ઘરે પહોંચી ગયો છે. પલ્મોનોલૉજિસ્ટ, ચેસ્ટ ફિઝિશિયન, થોરાકીક સર્જન સહિતના તબીબોએ કોરોનાના કાળમાં સમગ્ર માનવ સમાજની ઈશ્વરીય સેવા કરી છે. તાજેતરમાં ગાંધીનગરમાં યોજાયેલી થોરાકીક ઍન્ડોસ્કોપી કૉન્ફરન્સ ટેસ્કોન-૨૦૨૦માં દેશના વિવિધ રાજ્યોના તજજ્ઞો, નિષ્ણાતો સાથે શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ કૉન્ફરન્સના બીજા દિવસે સહભાગી થયા હતા.

મુખ્ય મંત્રીશ્રીએ કહ્યું કે, ટેસ્કોન-૨૦૨૦ના છત્ર નીચે તબીબી વિજ્ઞાન જગતના આધુનિક યુગના ઋષિમુનિઓ આ પરિષદમાં માનવ જગતના સ્વાસ્થ્ય-સેવા-સારવાર માટે સમૂહ ચિંતન-મનન કરવાના છે. ચરક, સુશ્રુત, પતંજલિ જેવા પ્રાચીન ઋષિઓએ ભારતમાં આયુર્વિજ્ઞાનનો પાયો નાખી રોગની સારવાર-સેવાની પરંપરામાં ખેડાણ કર્યું હતું. વર્તમાન સમયમાં મેડિકલ સાયન્સ પણ એવું જ વિસ્તરી રહેલું ક્ષેત્ર છે અને ઍન્ડોસ્કોપી, બ્રોન્કોસ્કોપી જેવી પદ્ધતિઓથી છાતી-ફેફસાંના રોગમાં સારવાર કારગરિ સાબિત થઇ શકે તેમ છે.

૨૦૧૨માં સ્થપાયેલી આ સોસાયટીની આ પાંચમી નૅશનલ કૉન્ફરન્સમાં મુખ્ય મંત્રીશ્રીએ ઉત્કૃષ્ટ સારવાર-સેવા માટે બે વરિષ્ઠ તબીબો રાજસ્થાનના શ્રી વિક્રમ જૈન અને લખનૌના શ્રી રાજેન્દ્ર પ્રસાદને લાઇફ ટાઇમ અચીવમેન્ટ ઍવૉર્ડથી સન્માનિત કર્યા હતા. આ કૉન્ફરન્સમાં સોસાયટીના પ્રમુખશ્રી સરકાર, સેક્રેટરીશ્રી ગુપ્તા, ઑર્ગેનાઇઝિંગ સેક્રેટરી ડૉ. આનંદ પટેલ, મનોજ પટેલ તથા પ્રેસિડેન્ટશ્રી ડૉ. સોલંકી સહિત તબીબશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. ●



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ગાંધીનગર સિવિલ હૉસ્પિટલની ઓચિંતી મુલાકાત લીધી હતી. તેમણે અહીં સારવાર લઇ રહેલા દર્દીઓ સાથે વાતચીત કરી માહિતી મેળવી હતી. એટલું જ નહિ, હૉસ્પિટલમાં કાર્યરત કર્મીઓ સાથે પણ સંવાદ કરી સાફસફાઇ, દવાઓ, દર્દીઓને અપાતી સુવિધાઓની જાત માહિતી મેળવી હતી.

# દેશમાં પ્રથમવાર ગુજરાત શરૂ કરશે 'એર એમ્બ્યુલન્સ સેવા'




નાગરિકોને ઉડ્ડયનની સેવાઓ સત્વરે પૂરી પાડવા ગુજરાત સરકારે મક્કમ નિર્ધાર કરીને સમયબદ્ધ આયોજન કર્યું છે. જેના ભાગરૂપે નાગરિકોને આકસ્મિક સંજોગોમાં ૧૦૮ની જેમ ઍર ઍમ્બ્યુલન્સની સેવા ઉપલબ્ધ બનાવવા દેશભરમાં ગુજરાતે સૌપ્રથમ વાર આયોજન કરીને કેન્દ્ર સરકારને દરખાસ્ત કરી હોવાનું નાગરિક ઉડ્ડયનમંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદીએ જણાવ્યું હતું.

કેન્દ્રીય ઉડ્ડયનમંત્રી શ્રી જ્યોતિરાદિત્ય સિંધિયાના અધ્યક્ષ સ્થાને વિવિધ રાજ્યોના ઉડ્ડયનમંત્રીઓની બેઠક તાજેતરમાં દિલ્હી ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં રાજ્યમાં ઍર સુવિધાઓનો વ્યાપ વધે અને નાગરિકોને વધુ સારી સુવિધાઓ ઉપલબ્ધ બને એ માટે ગુજરાત સરકારે વિવિધ માગણીઓ કરી હતી. આ માગણીઓનો હકારાત્મક અભિગમથી ઉકેલ લાવવા કેન્દ્ર સરકારે તત્પરતા દર્શાવી હોવાનું મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદીએ ઉમેર્યું હતું.

ગુજરાતને વધુ ને વધુ હવાઈ સેવા પ્રાપ્ત થાય તે માટે કરવામાં આવેલી માગણી અંગે વધુ વિગતો આપતા મંત્રીશ્રીએ કહ્યું હતું કે દેશમાં સૌપ્રથમ વાર ૧૦૮ની જેમ ઍર ઍમ્બ્યુલન્સની સેવાઓ મળે તે માટે રાજ્ય સરકારે આયોજન કર્યું છે. જેમાં ૧૦૮ દ્વારા સેવાઓની જરૂરિયાત માટે કૉલ આવે તો કલાકના રૂ. ૫૦,૦૦૦ લેખે, હૉસ્પિટલમાંથી કૉલ આવે તો રૂ. ૫૫,૦૦૦ તથા કોઈ વ્યક્તિ કે નાગરિક દ્વારા આ સેવાઓ માટે કૉલ કરવામાં આવશે તો રૂ. ૬૦,૦૦૦નું ભાડું નિયત કરાયું છે.

રાજ્યના ઐતિહાસિક શહેર અમદાવાદની સંસ્કૃતિથી લોકો પરિચિત થાય અને અમદાવાદનાં મહત્ત્વનાં સ્થળો જોઈ શકે તે માટે સાબરમતી હેલિપેડથી સમગ્ર અમદાવાદ દર્શન માટે હેલિકૉપ્ટર સેવા શરૂ કરવા માટે પણ ગુજરાત દ્વારા કેન્દ્રને રજૂઆત કરાઈ છે. એ જ રીતે નાગરિકોને સી-પ્લેનની સુવિધાઓ ઉપલબ્ધ બને તે માટે રાજ્યનાં છ સ્થળો સાબરમતી રિવરફ્રન્ટ, સ્ટેચ્યુ ઑફ યુનિટી, પાલિતાણા શેત્રુંજય ડૅમ, સાપુતારા લેક, મહેસાણા ધરોઈ ડૅમ અને સુરતના ઉકાઈ ડૅમને પસંદ કરી સર્વેની કામગીરી શરૂ

**ગુજરાતે ઍર ઍમ્બ્યુલન્સની સેવા માટે આયોજન કરીને કેન્દ્ર સરકારને દરખાસ્ત કરી.**

**રાજ્યમાં સી-પ્લેનની સેવાઓ માટે છ સ્થળોની પસંદગી માટે સર્વેની કામગીરી શરૂ.**

**અમદાવાદ દર્શન માટે હેલિકૉપ્ટર સેવા ઉપલબ્ધ કરવાનું આયોજન.**

**ઉત્તર ગુજરાતના ડીસા ઍર સ્ટ્રીપ ખાતેથી ડૉમેસ્ટિક સુવિધા પૂરી પાડવા જમીન સોંપણી માટે દરખાસ્ત.**

**રાજકોટ ગ્રીન ફીલ્ડ ઍરપૉર્ટ ખાતે એવિયેશન પાર્ક બનાવવાની માગણી.**

**કૃષિ ઉડાન માટે નવા કોલ્ડ સ્ટોરેજની સુવિધાઓ બનાવવા દરખાસ્ત.**

કરવામાં આવી છે. આ માટે કેન્દ્ર સરકારને સહાય માટે રજૂઆત કરાઈ છે.

રાજ્યને બે સી-પ્લેન માટે આર્થિક સહાયની અપીલ કરાઈ છે. તદુપરાંત આગામી સમયમાં પાઈલટ પ્રોજેક્ટ તરીકે સાબરમતી રિવરફ્રન્ટથી સ્ટેચ્યુ ઑફ યુનિટી માટે સવાર-સાંજ બે ફ્લાઈટની સુવિધાઓ કરવા માટે પરવાનગી માગવામાં આવી છે.

મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે ઉત્તર ગુજરાતના નાગરિકોને અન્ય શહેરો સાથે ઉડ્ડયન સેવાઓનો લાભ મળે એ હેતુસર ડીસા ઍર સ્ટ્રીપને સત્વરે શરૂ કરાય તે માટે જમીન સોંપણી માટે પણ કેન્દ્રને દરખાસ્ત કરવામાં આવી છે. એ જ રીતે કૃષિ ઉડાન પ્રોજેક્ટ અંતર્ગત શાકભાજી અને ફળોની નિકાસ સુવિધાઓ પૂરી પાડવા નવા કોલ્ડ સ્ટોરેજ નિર્માણ માટે પણ દરખાસ્ત કરવામાં આવી છે. રાજકોટના ગ્રીન ફીલ્ડ ઍરપૉર્ટ માટે પણ નાગરિકોને સુવિધા પૂરી પાડવા એવિયેશન પાર્કના જોડાણ માટે ટેક્સી લિન્ક મંજૂરી માગવામાં આવી છે. ઉપરાંત કેશોદ ઍર સ્ટ્રીપને ઉડાનસેવા અંતર્ગત પાર્કિંગના સુવિધાના પ્રશ્નો સત્વરે હલ કરવા રજૂઆત કરાઈ હતી. સાથોસાથ રાજ્યમાં કાર્યરત ૯ ઍરપૉર્ટ અને ૩ ઍર સ્ટ્રીપ પર ટ્રાફિક વધી રહ્યો છે એને ધ્યાને લઈને નાગરિકોના સમયની બચત થાય તે માટે વધુ સી.આઈ.એસ.એફ.ના જવાનોની સેવાઓ પૂરી પાડવા માટે પણ કેન્દ્રને દરખાસ્ત કરવામાં આવી છે. ●

# આરોગ્ય વિભાગ દ્વારા હેલ્થ સર્વિસીસ મેનેજમેન્ટ સેન્ટરનો પ્રારંભ



ગુજરાતમાં PMJAY અને મા કાર્ડ સહિતની રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરની વિવિધ આરોગ્યલક્ષી સેવાઓનું મૉનિટરિંગ હવે વધુ સુદૃઢ અને સરળ બન્યું છે. આ હેતુસર રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના હેલ્થ સર્વિસીસ મૅનેજમેન્ટ સેન્ટર HSMCનો મુખ્ય મંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તાજેતરમાં શુભારંભ કરાવ્યો હતો. આ લોકાર્પણ આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ અને વરિષ્ઠ સચિવોની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.

રાજ્યના નાગરિકો, જરૂરતમંદ પરિવારો અને વ્યક્તિઓની આરોગ્ય સુખાકારીમાં ટેક્નોલૉજીનો ઉપયોગ કરવાનો અભિનવ પ્રયોગ આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગે શરૂ કર્યો છે.

મુખ્ય મંત્રીશ્રીએ પ્રારંભ કરાવેલી આ સેવાના પરિણામે પ્રધાનમંત્રી માતૃવંદના યોજના, રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ જેવી સગર્ભા માતા અને બાળકોની આરોગ્ય સેવા સુરક્ષાની યોજનાઓના લાભાર્થીઓને મળેલા લાભનું મૉનિટરિંગ થઈ શકશે.

આ નવીન સેવા અન્વયે અર્લી ચાઇલ્ડ હૂડ ડેવલપમેન્ટ અંતર્ગત સગર્ભા માતાને પ્રસૂતિ સુધી દર મહિને એક કૉલ કરીને તેમજ બાળકનાં બે વર્ષ સુધી દર ત્રણ મહિને એક કૉલ કરીને માતા-બાળકની આરોગ્ય સેવાઓ માટે કાઉન્સેલિંગ કરવામાં આવવાનું છે. આ સેવાઓમાં કસ્તુરબા પોષણ સહાય યોજના, જનની શિશુ સુરક્ષા કાર્યક્રમમાં લાભાર્થીઓને મળેલા લાભ, સેવાની ગુણવત્તા વગેરેનું પણ મૉનિટરિંગ થશે.

રાજ્યમાં બિનચેપી રોગોના નિદાન સારવાર કૅમ્પ અંતર્ગત બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, કૅન્સરના દર્દીઓને જે મફત નિદાન સારવાર અપાય છે એનું પણ મૉનિટરિંગ, સમીક્ષા આ HSMC દ્વારા કરવામાં આવશે. મુખ્ય મંત્રીશ્રીએ HSMCના નેજા તળે ગુજરાત એપિડૅમિક રિસ્પૉન્સ મૅનેજમેન્ટ ઇન્ફર્મેશન સિસ્ટમ પોર્ટલ પણ લૉન્ચ કર્યું હતું.

આ પોર્ટલ રાજ્યની સરકારી અને ખાનગી કોવિડ હૉસ્પિટલમાં ઉપલબ્ધ વેન્ટિલેટર, ઑક્સિજન બેડ અને અન્ય સામાન્ય બેડ ઉપલબ્ધિ વગેરેની સાચી જાણકારી-માહિતી લોકોને મળે એ માટે રોજબરોજ મૉનિટરિંગ કરશે. આ વિગતો મેળવવા માટે www.gujhealth.gujarat.gov.in અથવા www.germis.gujarat.gov.in વેબસાઇટ પરથી ઍપ્લિકેશન ડાઉનલોડ કરીને જરૂરી વિગતો ભરી રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે.


મુખ્ય મંત્રીશ્રીએ એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે રાજ્યમાં જન-જનને મળતી આરોગ્યલક્ષી સેવાઓ વધુ સુદૃઢ અને સરળ બનાવવામાં આ સેવાઓનો પ્રારંભ સેતુરૂપ ભૂમિકા નિભાવશે. ●



# ૧૦૮ સિટીઝન મોબાઇલ એપ

## કટોકટીની પળમાં ઇમર્જન્સી આરોગ્ય સેવા આંગળીના ટેરવે





આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે અમદાવાદના કઠવાડા સ્થિત ૧૦૮ ઍમ્બ્યુલન્સ સેન્ટર ખાતે 'સિટીઝન મોબાઇલ ઍપ'નું લૉન્ચિંગ કરીને નવી ૧૦૮ ઍમ્બ્યુલન્સોને લીલી ઝંડી આપી શહેરીજનોની સેવામાં કાર્યરત કરી હતી

આરોગ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કોરોનાના કાળમાં ૧૦૮ના સેવાકર્મીઓએ કરેલી પ્રસંશનીય કામગીરી અને મહામારીમાં પણ સતત ખડેપગે ફરજરત રહેનારા ૧૦૮ના સેવાકર્મીઓની કર્તવ્ય પરાયણતાને આરોગ્યમંત્રીશ્રી સહિતના મહાનુભાવો દ્વારા બિરદાવીને તેમનું હર્ષભેર સન્માન કરવામાં આવ્યું હતું.

ગુજરાતના પનોતા પુત્ર અને તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીની દૂરંદેશીતાના પરિણામે વર્ષ ૨૦૦૭માં ૫૩ જેટલી ઍમ્બ્યુલન્સની સેવાઓ સાથે રાજ્યભરમાં શરૂ કરાયેલી ૧૦૮ની સેવા આજે ૮૦૦ ઍમ્બ્યુલન્સના બળ સાથે નાગરિકોના આરોગ્યની રક્ષા કરે છે. સાથે વિવિધ આરોગ્યલક્ષી સેવાઓનો વ્યાપ વધારીને ખિલખિલાટ, અભયમ્ હેલ્પલાઇન-૧૮૧, ૧૦૪, કરુણા ઍમ્બ્યુલન્સ સેવાઓ નાગરિકો માટેની સેવામાં રાઉન્ડ ધ ક્લૉક કાર્યરત બની છે. આ દિશામાં આગળ વધતાં તાજેતરમાં

આ પ્રસંગે મહાપુરુષ સ્મૃતિ સ્મારક સેવા ટ્રસ્ટ દ્વારા પદ્મશ્રી ઈશ્વરભાઈ પટેલની પુણ્યતિથિની સ્મરણાંજલિએ કોરોનાકાળ દરમ્યાન જીવના જોખમે દરિદ્રનારાયણની સેવા કરનારા ૧૦૮ના કોરોના વૉરિયર્સનું આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ સહિત અગ્રણીશ્રી જયેશભાઇ પટેલ, શ્રીમતી અનારબહેન પટેલના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. ●

### ૧૦૮ સિટીઝન મોબાઇલ એપ્લિકેશનનાં ફીચર્સ અને કામગીરી

- *આ ઍપ્લિકેશન દ્વારા સિટીઝન મૉડ્યુલ, ઈમર્જન્સી રિસ્પૉન્સ સેન્ટર મૉડ્યુલ, પાઈલટ (ડ્રાઈવર) મૉડ્યુલ, ઈમર્જન્સી મેડિકલ ટેક્નિશિયન મૉડ્યુલ અને હૉસ્પિટલ મૉડ્યુલ કાર્યરત કરાયાં છે.*
- *આ અદ્યતન ઍપ્લિકેશન દ્વારા ઓછા સમયમાં ઝડપથી દર્દીને નજીકની હૉસ્પિટલ સુધી પહોંચાડવા અને સારવાર આપવા મદદરૂપ બનશે.*
- *કૉલ સેન્ટરમાં કૉલ કર્યા વિના આસપાસના વિસ્તારમાં ઉપલબ્ધ ઍમ્બ્યુલન્સને પસંદ કરી ઍપ્લિકેશન થકી બોલાવી શકાશે.*
- *મોબાઈલ ઍપ્લિકેશન મારફતે જો કોઈ ઘટનાસ્થળેથી કૉલ કરે તો કૉલ કરનારનું ચોક્કસ સ્થળ ઈમર્જન્સી રિસ્પૉન્સ સેન્ટર ખાતે તુરંત જ ગૂગલના નકશાના લેટ લૉન્ગ સાથે મળી જશે, જેથી રિસ્પૉન્સ સેન્ટરમાં ટેલિફોન ઓપરેટર દ્વારા ઘટનાસ્થળ સહિતની માહિતી મેળવવા માટે સમયનો બચાવ થશે.*
- *કૉલ કરનાર વ્યક્તિ ઘટનાસ્થળે આવી રહેલી ૧૦૮ ઍમ્બ્યુલન્સનો પહોંચવાનો અંદાજિત સમય તેમજ ક્યાં પહોંચી છે એની રિયલ ટાઈમ માહિતી મેળવી શકશે.*
- *ઘટનાસ્થળે મદદ માટે આવતી ઍમ્બ્યુલન્સનું લાઈવ ટ્રૅકિંગ કરી શકાશે.*
- *૧૦૮ મોબાઈલ ઍપ્લિકેશનના માધ્યમથી કૉલ કરનાર વ્યક્તિ ઘટનાસ્થળની નજીકમાં આવેલી તમામ સરકારી તેમજ પસંદગીની ખાનગી હૉસ્પિટલ અને બ્લડ બૅન્કની માહિતી મેળવી શકશે તેમજ ઉપલબ્ધ બ્લડ ગ્રૂપની માહિતી પણ જાણી શકશે.*
- *મોટા અકસ્માતોના કિસ્સામાં ઘટનાસ્થળના ફોટોગ્રાફ્સ મોબાઈલ ઍપ થકી અપલોડ કરી શકાશે, જેથી કમાન્ડ સેન્ટર ખાતે મોટી ઘટનાની ગંભીરતા અને અસર વિશેની જાણકારી મળી શકશે અને એક કરતાં વધુ ઍમ્બ્યુલન્સની જરૂરિયાત હોય તો તાત્કાલિક વધુ ઍમ્બ્યુલન્સો મદદ માટે ઘટનાસ્થળે મોકલી શકાશે.*



# મન કી બાત

## ડિસેમ્બર 2021

**લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો રેડિયોના માધ્યમથી જનતા સાથે સંવાદ**

***વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશવાસીઓ સાથે સંવાદ સ્થાપવા શરૂ કરેલો 'મન કી બાત' કાર્યક્રમ દિનપ્રતિદિન વધુ ને વધુ લોકપ્રિય બનતો જાય છે. વડાપ્રધાનશ્રી દેશના છેવાડાના માનવી સુધી હૃદયના ઊંડાણથી રેડિયોના માધ્યમ થકી 'મન કી બાત' કાર્યક્રમ દ્વારા વિવિધ વિષયો પર તેમના દીર્ઘદૃષ્ટિપૂર્ણ વિચારો રજૂ કરે છે. તાજેતરમાં પ્રસારિત થયેલા તેમના વક્તવ્યના અંશોની ઝલક પ્રસ્તુત છે.***

મારા વ્હાલાં દેશવાસીઓ, નમસ્કાર...

અત્યારે તમે 2021ને વિદાય આપી રહ્યાં છો અને 2022નાં સ્વાગતની તૈયારીમાં જોડાઇ ગયાં છો. નવાં વર્ષે દરેક વ્યક્તિ, દરેક સંસ્થા આવનારાં વર્ષ માટે કંઇક વધુ સરસ કરવા માટેનાં તેમજ બનવા માટેનાં સંકલ્પ લે છે. પાછલાં સાત વર્ષોથી આપણી 'મન કી બાત' પણ વ્યક્તિનાં, સમાજનાં, દેશનાં સારા પાસાંઓને ઉજાગર કરી, અને સારાં બનવાં માટેની પ્રેરણા આપતી આવી છે. આ સાત વર્ષોમાં, 'મન કી બાત' કરતાં કરતાં હું સરકારની ઉપલબ્ધિઓ પર પણ ચર્ચા કરી જ શકતો હતો. તમને લોકોને પણ સારું લાગતુ, તમે લોકોએ વખાણ પણ કર્યા હોત પરંતુ મારો દાયકાનો અનુભવ છે કે મીડિયાની ચમક-દમકથી દૂર, સમાચારપત્રોની હેડલાઇન્સથી દૂર, એવાં કરોડો લોકો છે જે ઘણું બધું સારું કામ કરી રહ્યાં છે. તેઓ દેશની આવતીકાલ માટે પોતાનાં પ્રયત્નો થકી પોતાની આજને ન્યોછાવર કરી રહ્યાં છે. તેઓ દેશની આવનારી પેઢીઓ માટે પોતાના પ્રયત્નો થકી આજે દિલથી કાર્યરત છે. આવાં લોકોની વાત, ખૂબ શાંતિ આપે છે, ઊંડી પ્રેરણા આપે છે. મારાં માટે 'મન કી બાત' હમેશાથી એવાં લોકોનાં પ્રયત્નોથી જ ભરપૂર છે, ફળદ્રુપ, સજાવાયેલા એક સુંદર બગીચા સમાન રહ્યું છે. અને 'મન કી બાત' માં દર મહિને મારી મહેનત એ જ વાત માટે રહે છે કે આ બગીચાની કઇ પાંખડી આપ સૌ વચ્ચે લઇને આવું. મને ખુશી છે કે આપણી બહુરત્ના વસુંધરાનાં પુણ્ય કાર્યોનો અવિરત પ્રવાહ નિરંતર વહેતો રહે છે.

સાથીઓ, આ જનશક્તિની તાકાત છે, સૌનો પ્રયત્ન છે કે ભારત 100 વર્ષમાં આવેલ સૌથી મોટી મહામારી સામે લડી શક્યું. આપણે દરેક મુસીબતનાં સમયે એકબીજા સાથે, એક પરિવારની જેમ ઊભાં રહ્યાં. આપણાં વિસ્તાર અથવા શહેરમાં કોઇની મદદ કરવી હોય, તો જેનાથી જે શક્ય બન્યું તેનાથી વધુ કરવાનાં પ્રયત્નો કર્યાં. આજે વિશ્વમાં વેક્સિનેશનનાં જે આંકડા છે, તેની તુલના ભારત સાથે કરીએ તો જણાય છે કે દેશે કેટલું અભૂતપૂર્વ કામ કર્યું છે, કેટલું મોટું લક્ષ્ય હાસલ કર્યું છે. વેક્સિનનો 140 કરોડ માટેનો ડોઝ પૂરો કરવો, પ્રત્યેક ભારતીયની પોતાની ઉપલબ્ધિ છે. આ પ્રત્યેક ભારતીયનો, વ્યવસ્થા પર, વિશ્વાસ દર્શાવે છે, વિજ્ઞાન પર વિશ્વાસ દર્શાવે છે, વૈજ્ઞાનિકો પર વિશ્વાસ દર્શાવે છે અને સમાજ પ્રત્યે પોતાની જવાબદારીઓને નિભાવી રહેલ, આપણાં ભારતીયોની ઇચ્છાશક્તિનું પ્રમાણ પણ છે. પરંતુ સાથીઓ, આપણે એ પણ ધ્યાન રાખવાનું છે કે કોરોનાંનો એક નવો વેરીયન્ટ ટકોરા મારી

ચૂક્યો છે. આ જે નવો ઓમિક્રોન વેરીયન્ટ આવ્યો છે, તેનું સંશોધન આપણાં વૈજ્ઞાનિકો કરી રહ્યાં છે. દરરોજ તેમને નવો ડેટા મળી રહ્યો છે, તેમની સલાહો પર કામ થઇ રહ્યું છે. આવાં સમયે પોતાની સતર્કતા, પોતાની શિસ્ત, કોરોનાનાં આ વેરિએન્ટની વિરુધ્ધ દેશની ખૂબ મોટી શક્તિ બની રહેશે. આપણી સામૂહિક શક્તિ જ કોરોનાને હરાવશે, આ જ દાયિત્વ બોધ સાથે આપણે વર્ષ 2022 માં પ્રવેશ કરવાનો છે.

મારા વ્હાલાં દેશવાસીઓ, મહાભારતનાં યુદ્ધ વખતે, ભગવાન શ્રી કૃષ્ણએ અર્જુનને કહ્યું હતું - '**नभः स्पृशं दीप्तम्**' એટલે કે ગર્વ સાથે આકાશને આંબજે. આ ભારતીય વાયુસેનાનું આદર્શ વાક્ય પણ છે.

મા ભારતીની સેવામાં વ્યસ્ત અનેક જીવન આકાશની ઊંચાઇને ગૌરવ સાથે સ્પર્શે છે, આપણને ઘણું બધું શીખવે છે. આવું જ જીવન રહ્યું છે ગ્રૂપ કેપ્ટન વરુણ સિંહનું, વરુણ સિંહ, તે હેલીકોપ્ટરને ઊડાવી રહ્યાં હતાં જે આ મહિને તમિલનાડુમાં અકસ્માતનો ભોગ બન્યું. તે અકસ્માતમાં આપણે, દેશનાં પ્રથમ સીડીએસ જનરલ બિપિન રાવત અને તેમનાં પત્નિ સાથે કેટલાંય વીરોને ગુમાવ્યાં. વરુણ સિંહ પણ મૃત્યુ સામે વીરતાપૂર્વક લડ્યાં, પરંતુ આખરે તેઓ આપણને છોડીને જતાં રહ્યાં. વરુણ જ્યારે હોસ્પિટલમાં હતાં, તે સમયે મેં સોશિયલ મિડીયા પર એવું જોયું, જે મારા દિલને સ્પર્શી ગયું. આ વર્ષે ઓગસ્ટમાં જ તેમને શૌર્ય ચક્ર આપવામાં આવ્યું હતું. આ સન્માન મળ્યાં પછી તેમણે તેમનાં સ્કૂલનાં આચાર્યને એક પત્ર લખ્યો હતો. તે પત્રને વાંચીને મારાં મનમાં પહેલો વિચાર આવ્યો કે સફળતાનાં શિખરે પહોંચીને પણ તે મૂળિયાંને પોષણ આપવાનું નથી ભૂલ્યાં. બીજું - કે જ્યારે તેમની પાસે ઊજવણી કરવાનો સમય હતો ત્યારે તેમણે આગામી પેઢીઓની ચિંતા કરી. તેઓ ઇચ્છતા હતા કે જે સ્કૂલમાં તેઓ ભણ્યાં, ત્યાંના વિદ્યાર્થીઓનું જીવન પણ ઊજવણીરૂપ બની રહે. પોતાનાં પત્રમાં વરુણ સિંહજીએ પોતાના પરાક્રમનાં વખાણ નથી કર્યા પરંતુ પોતાની અસફળતાઓની વાત કરી છે. કેવી રીતે તેમણે પોતાની ઊણપોને તેમની કાબેલિયતમાં ફેરવી, તેની વાત કરી છે.

સાથીઓ, હું લખનૌમાં રહેતાં નિલેશજીની એક પોસ્ટની પણ ચર્ચા કરવાં માગું છું. નિલેશજીએ લખનૌમાં બનેલ એક અનોખા Drone Showની ખૂબ પ્રશંસા કરી છે. આ Drone Show લખનૌનાં રેસીડેન્સી વિસ્તારમાં આયોજીત કરાયો હતો. 1857નાં પ્રથમ સ્વાતંત્રતા સંગ્રામની સાક્ષી, રેસીડન્સીની દિવાલો પર આજે પણ નજર આવે છે. રેસીડન્સીમાં થયેલ Drone Showમાં ભારતીય સ્વતંત્રતા સંગ્રામનાં અલગ-અલગ તબક્કાઓને જીવંત બનાવ્યા. એ 'ચોરી ચોરા આંદોલન' હોય, 'કાકોરી ટ્રેન'ની ઘટના હોય અથવા પછી તે નેતાજી સુભાષનું અદમ્ય સાહસ અને પરાક્રમ હોય, આ Drone Showએ સૌનું દિલ જીતી લીધું. તમે પણ આવી જ રીતે પોતાનાં શહેરોનાં, ગામડાંઓનાં, આઝાદીનાં આંદોલન સાથે જોડાયેલ અનોખા તબક્કાઓને લોકોની સામે લાવી શકો છો. તેમાં ટેકનોલોજીની પણ ખૂબ મદદ લઇ શકો છો. આઝાદીનો અમૃત મહોત્સવ, આપણને આઝાદીનાં યુધ્ધની યાદોને જીવવાનો અવસર આપે છે, તેનો અનુભવ કરવાનો અવસર આપે છે. તે દેશ માટે એક નવો સંકલ્પ લેવાનો, કંઇક કરવાની ઇચ્છાશક્તિને બતાવવાનો, પ્રેરક ઉત્સવ છે, પ્રેરક અવસર છે. આવો, સ્વતંત્રતા સંગ્રામની મહાન વિભૂતીઓથી પ્રેરીત બનતાં રહીએ, દેશ માટે આપણાં પ્રયત્નોને વધું મજબૂત બનાવતાં રહીએ.

> **“ કરોડો લોકો છે જે ઘણું બધું સારું કામ કરી રહ્યાં છે. તેઓ દેશની આવતીકાલ માટે પોતાનાં પ્રયત્નો થકી પોતાની આજને ન્યોછાવર કરી રહ્યાં છે. તેઓ દેશની આવનારી પેઢીઓ માટે પોતાના પ્રયત્નો થકી આજે દિલથી કાર્યરત છે. ”**

મારા વ્હાલાં દેશવાસીઓ, આપણું ભારત કેટલીય અસાધારણ પ્રતિભાઓથી સંપન્ન છે, જેમનું કૃતત્વ બીજાઓને પણ કંઇક કરવા માટે પ્રેરિત કરે છે. આવા જ એક વ્યક્તિ છે તેલંગણાનાં ડોક્ટર કુરેલા વિઠ્ઠલાચાર્યજી. તેમની ઉંમર 84 વર્ષ છે. વિઠ્ઠલાચાર્યજી તેનું ઉદાહરણ છે કે જ્યારે વાત પોતાનાં સપનાંઓ પૂરા કરવાની હોય ત્યારે ઉંમર મહત્વની નથી હોતી.

સાથીઓ, વિઠ્ઠલાચાર્યજીની બાળપણથી એક ઇચ્છા હતી કે તે એક મોટું પુસ્તકાલય ખોલે. દેશ ત્યારે ગુલામ હતો, કેટલીક પરિસ્થિતિઓ એવી હતી કે બાળપણનું સપનું, ત્યારે સપનું જ રહી ગયું. સમય સાથે વિઠ્ઠલાચાર્યજી, લેક્ચરર બન્યાં, તેલુગુ ભાષાનો ઊંડો અભ્યાસ કર્યો અને તેમાં જ કેટલીય સરસ રચનાઓનું સર્જન પણ કર્યું. 6-7 વર્ષ પહેલાં એક વાર ફરી તેઓ પોતાનું સપનું પૂરું કરવાં માટે લાગી ગયાં. તેમણે પોતાના પુસ્તકો દ્વારા પુસ્તકાલયની શરૂઆત કરી. પોતાનાં જીવનભરની કમાણી તેમાં ખર્ચી નાખી. ધીરે-ધીરે લોકો તેની સાથે જોડાતાં ગયાં અને યોગદાન આપતાં રહ્યાં. યદાદ્રી-ભુવનાગિરી જિલ્લાનાં રમન્નાપેટ મંડળનાં આ પુસ્તકાલયમાં લગભગ બે લાખ જેટલાં પુસ્તકો છે. વિઠ્ઠલાચાર્યજી કહે છે કે અભ્યાસને લઇને તેમને જે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો, તે કોઇ બીજાને ન કરવો

પડે. તેમને આજે એ જોઇને ખૂબ સારું લાગે છે કે, ખૂબ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓને તેનો લાભ મળી રહ્યો છે. તેમનાં પ્રયત્નોથી પ્રેરીત થઇને, કેટલાંય બીજાં ગામડાંઓનાં લોકો પણ પુસ્તકાલય બનાવવાં લાગી ગયા છે.

મારાં વ્હાલાં દેશવાસીઓ, તાજેતરમાં જ મારું ધ્યાન એક રસપ્રદ પ્રયત્ન તરફ ગયું છે. એ પ્રયત્ન આપણાં પ્રાચીન ગ્રંથો અને સાંસ્કૃતિક મૂલ્યોને માત્ર ભારતમાં જ નહીં, પરંતુ દુનિયાભરમાં લોકપ્રિય બનાવવાનાં છે. પૂનામાં Bhandarkar Oriental Research Institute નામનું એક કેન્દ્ર છે. આ કેન્દ્રમા બીજાં દેશોનાં લોકોને મહાભારતનાં મહત્વથી પરિચિત કરાવવા માટે ઓનલાઈન કોર્સ શરૂ કર્યો છે. તમે એ જાણીને દંગ રહી જશો કે આ કોર્સ ભલે તાજેતરમાં જ શરૂ કરાયો છે પરંતુ જે કંટેન્ટ ભણાવવામાં આવે છે તેને તૈયાર કરવાની શરૂઆત 100 વર્ષથી પણ પહેલાં થઇ હતી. જ્યારે સંસ્થાએ એનાથી જોડાયેલ કોર્સ શરૂ કર્યો તો તેને જબરદસ્ત પ્રતિભાવ મળ્યો. હું આ શાનદાર પહેલની ચર્ચા એટલા માટે કરી રહ્યો છું કારણકે લોકોને જાણ થાય કે આપણી પરંપરાનાં વિભિન્ન પાસાંઓને કેવી રીતે મોડર્ન પધ્ધતિથી પ્રસ્તુત કરાઇ રહ્યાં છે. સાત સમુદ્ર પાર બેઠેલાં લોકો સુધી તેનો લાભ કેવી રીતે પહોંચે, તેનાં માટે પણ નિતનવા પ્રયત્નો અપનાવવામાં આવી રહ્યાં છે.

સાથીઓ, આજે દુનિયાભરમાં ભારતીય સંસ્કૃતિ વિશે જાણવામાં રસ વધી રહ્યો છે. ભિન્ન-ભિન્ન દેશોનાં લોકો માત્ર આપણી સંસ્કૃતિ વિશે જાણવાં માટે ઉત્સુક જ નથી પણ તેને વધારવામાં મદદ પણ કરી રહ્યાં છે. આવાં જ એક વ્યક્તિ છે, સર્બિયન સ્કોલર ડો. મોમિર નિકિચ (Serbian Scholar Dr. Momir Nikich). તેમણે એક Bilingual Sanskrit-Serbian ડિક્શનરી તૈયાર કરી છે. આ ડિક્શનરીમાં સામેલ કરેલ સંસ્કૃતનાં 70 હજારથી પણ વધુ શબ્દોનો સર્બિયન ભાષામાં અનુવાદ કરાયો છે. તમને એ જાણીને વધુ સારું લાગશે કે ડો. નિકિચે 70 વર્ષની ઉંમરે સંસ્કૃત ભાષા શીખી છે.

તેઓ જણાવે છે કે આની પ્રેરણા તેમને મહાત્મા ગાંધીનાં લેખોને વાંચીને મળી. આ જ પ્રકારનું ઉદાહરણ મંગોલિયાનાં 93 વર્ષનાં પ્રોફેસર જે. ગેંદેધરમનું પણ છે. પાછલાં ચાર દાયકાઓથી તેમણે ભારતનાં લગભગ 40 પ્રાચીન ગ્રંથો, મહાકાવ્યો અને રચનાઓનો મંગોલિયન ભાષામાં અનુવાદ કર્યો છે. આપણાં દેશમાં પણ આ પ્રકારનાં જુસ્સા સાથે ઘણાં બધાં લોકો કામ કરી રહ્યાં છે. મને ગોવાનાં સાગર મુલેજીનાં પ્રયત્નો વિશે પણ જાણવાં મળ્યું, જે સેંકડોં વર્ષ જુની 'કાવી' ચિત્રકળાને લુપ્ત થતાં બચાવવા તરફ લાગેલા છે. 'કાવી' ચિત્રકળાએ ભારતનાં પ્રાચીન ઇતિહાસને પોતાનાંમાં સમાવ્યો છે. જોકે, 'કાવ'નો અર્થ થાય છે - લાલ માટી. પ્રાચીન કાળમાં આ કળામાં લાલ માટીનો ઉપયોગ કરવામાં આવતો હતો. ગોવામાં પોર્ટુગિઝ શાસન દરમિયાન ત્યાંથી પલાયન થનારા લોકોએ બીજા રાજ્યનાં લોકોને પણ આ અદભુત ચિત્રકળાનો પરિચય કરાવ્યો. સમયની સાથે તે ચિત્રકળા લુપ્ત થઇ રહી હતી. પરંતુ સાગર મુલેજીએ આ કળામાં નવા પ્રાણ પૂર્યા છે. તેમનાં આ પ્રયત્નને ભરપૂર પ્રશંસા પણ મળી રહી છે. સાથીઓ, એક નાનો પ્રયત્ન, એક નાનું પગલું, આપણી સમૃદ્ધ કળાઓનાં સંરક્ષણમાં ખૂબ મોટું યોગદાન આપી શકે છે. જો આપણાં દેશનાં લોકો નિશ્ચય કરી લે, તો દેશભરમાં આપણી પ્રાચીન કળાઓને સજાવવા, માવજત અને સંરક્ષણનો ઉત્સાહ એક જન-આંદોલનનું રૂપ લઇ શકે છે. મેં અહીં અમુક જ પ્રયત્નો વિશે વાત કરી છે. દેશભરમાં આ પ્રકારનાં અનેક પ્રયત્નો થઇ રહ્યાં છે. તમે તેની જાણકારી Namo App મારફતે મારાં સુધી જરૂર પહોંચાડો.

> **"આજે દુનિયાભરમાં ભારતીય સંસ્કૃતિ વિશે જાણવામાં રસ વધી રહ્યો છે. ભિન્ન-ભિન્ન દેશોનાં લોકો માત્ર આપણી સંસ્કૃતિ વિશે જાણવાં માટે ઉત્સુક જ નથી પણ તેને વધારવામાં મદદ પણ કરી રહ્યાં છે."**

મારા વ્હાલાં દેશવાસીઓ, અરુણાચલ પ્રદેશનાં લોકોએ સમગ્ર વર્ષ દરમિયાન એક અનોખું અભિયાન ચલાવ્યું છે અને તેને નામ આપ્યું છે - "અરુણાચલ પ્રદેશ એરગન સરેંડર અભિયાન". આ અભિયાનમાં, લોકો, સ્વેચ્છાએ પોતાની એરગન સરેંડર કરી રહ્યાં છે - જાણો છો કેમ?

જેનાથી અરુણાચલ પ્રદેશમાં પક્ષીઓનો અંધાધૂંધ શિકાર રોકી શકાય. સાથીઓ, અરુણાચલ પ્રદેશ પક્ષીઓની 500થી પણ વધુ પ્રજાતિઓનું ઘર છે. એમાં કેટલીક એવી દેશી પ્રજાતિઓ પણ સામેલ છે, જે દુનિયામાં ક્યાંય બીજે મળી નથી શકતી. પરંતુ ધીરે-ધીરે હવે જંગલોમાં પક્ષીઓની સંખ્યામાં ઘટ આવી રહી છે. તેને સુધારવાં માટે જ હવે એરગન સરેંડર અભિયાન ચાલી રહ્યું છે. પાછલા કેટલાક મહિનાઓમાં પહાડથી મેદાનનાં વિસ્તારો સુધી, એક Communityથી લઇને બીજી Community સુધી, રાજ્યમાં દરેક દિશામાં લોકોએ આને ખુલ્લા દિલથી સ્વીકાર્યું છે. અરુણાચલનાં લોકો પોતાની ઇચ્છાથી આજ સુધી 1600થી પણ વધુ એરગન સરેંડર કરી ચુક્યાં છે. હું અરુણાચલનાં લોકોની, આ માટે પ્રશંસા કરું છું, તેમને

અભિનંદન પાઠવું છું.

સાથીઓ, મને saafwater (સાફવોટર) નામનાં એક સ્ટાર્ટ-અપ વિશે જાણ થઇ, જેને કેટલાંક યુવાનોએ શરૂ કર્યું છે. તે Artificial Intelligence અને internet of thingsની મદદથી લોકોને તેમનાં વિસ્તારમાં પાણીની શુદ્ધતા અને ગુણવત્તા સાથે જોડાયેલ બાબતો વિશે જાણકારી આપશે. તે સ્વચ્છતાનું જ આગળનું પગલું છે. લોકોનાં સ્વચ્છ અને સ્વસ્થ ભવિષ્ય માટે તે સ્ટાર્ટ અપનાં મહત્વને જોતાં તેને એક ગ્લોબલ એવોર્ડ પણ મળ્યો છે.

સાથીઓ, 'एक कदम स्वच्छता की ओर' આ પ્રયત્નમાં સંસ્થાઓ હોય કે સરકાર, દરેકની મહત્વપૂર્ણ ભૂમિકા છે. આપ સૌ જાણો છો કે પહેલાં સરકારી કચેરીઓમાં જૂની ફાઇલો અને કાગળોનો કેટલો ઢગલો પડી રહેતો હતો. જ્યારથી સરકારે જૂની પધ્ધતિઓને બદલવાનું શરૂ કર્યું છે, તે ફાઇલ્સ અને કાગળનાં ઢગલાં Digitize થઈને કોમ્પ્યુટરનાં ફોલ્ડરમાં સમાતા જઇ રહ્યાં છે. જેટલું જૂનું અને પેન્ડિંગ મટીરીઅલ છે, તેને પૂરું કરવાં માટે મંત્રાલયો અને વિભાગોમાં વિશેષ અભિયાન પણ ચલાવાઇ રહ્યું છે. આ અભિયાનથી કેટલીક ખૂબ રસપ્રદ બાબતો સામે આવી છે. પોસ્ટખાતામાં જ્યારે તે સફાઇ અભિયાન ચાલ્યું ત્યારે ત્યાંનું જંકયાર્ડ સંપૂર્ણ રીતે ખાલી થઇ ગયું. હવે આ જંકયાર્ડને courtyard અને cafeteriaમાં બદલી કઢાયું છે. એક તરફ જંકયાર્ડ ટુ વ્હિલર્સ માટે પાર્કિંગ સ્પેસ બનાવાયું છે. આ રીતે પર્યાવરણ મંત્રાલયે પોતાનાં ખાલી થયેલ જંકયાર્ડને વેલનેસ સેન્ટરમાં પરિવર્તિત કરી દીધું, શહેરી કાર્ય મંત્રાલયે તો એક સ્વચ્છ ATM પણ સ્થાપિત કર્યું છે. તેનો હેતુ છે કે લોકો કચરો આપે અને બદલામાં કેશ લઈને જાય. Civil Aviation Ministryનાં વિભાગોએ વૃક્ષ પરથી ખરી પડતાં સૂકાં પાંદડાંઓને અને જૈવિક કચરામાંથી જૈવિક ખાતર બનાવવાનું શરૂ કર્યું છે.

આ વિભાગ વેસ્ટ પેપરમાંથી સ્ટેશનરી પણ બનાવવાનું કામ કરી રહ્યું છે. આપણાં સરકારી વિભાગ પણ સ્વચ્છતા જેવાં વિષય પર આટલાં ઇનોવેટીવ થઇ શકે છે. કેટલાંક વર્ષ પહેલાં સુધી કોઇને પણ આવો વિશ્વાસ પણ નહોતો થતો, પરંતુ આજે તે વ્યવસ્થાનો ભાગ બની રહ્યું છે. આ જ તો દેશનો નવો વિચાર છે જેનું નેતૃત્વ દરેક દેશવાસી મળીને કરી રહ્યાં છે.

મારાં વ્હાલા દેશવાસીઓ, 'મન કી બાત' માં આ વખતે પણ આપણે ઘણાં બધાં વિષયો પર વાત કરી છે. દર વખતની જેમ, એક મહિના પછી, આપણે ફરી મળીશું, પરંતુ 2022માં. દરેક નવી શરૂઆત પોતાનાં સામર્થ્યને ઓળખવાનો પણ એક અવસર લઈને આવે છે. જે લક્ષ્યોની પહેલાં આપણે કલ્પના પણ નહોતી કરતાં, આજે દેશ તેનાં માટે પ્રયત્ન કરી રહ્યો છે. આપણે ત્યાં કહેવાયું છે -

क्षणशः कणशश्चैव, विद्याम् अर्थं च साधयेत् |
क्षणे नष्टे कुतो विद्या, कणे नष्टे कुतो धनम् ||

એટલે કે, જ્યારે આપણે વિદ્યા અર્જિત કરવી હોય, કંઇક નવું શીખવું હોય, કરવું હોય ત્યારે આપણે દરેક પળનો ઉપયોગ કરવો જોઇએ. અને જ્યારે આપણે ધન અર્જિત કરવું હોય, એટલે કે, ઉન્નતિ-પ્રગતિ કરવી હોય ત્યારે દરેક કણનું એટલે કે દરેક સંસાધનનો, યોગ્ય ઉપયોગ કરવો જોઇએ. કેમકે, પળ નષ્ટ થવાથી વિદ્યા અને જ્ઞાન જતુ રહે છે અને કણ નષ્ટ થવાથી, ધન અને પ્રગતિનાં રસ્તા બંધ થઇ જાય છે. આ વાત આપણાં સૌ દેશવાસીઓ માટે પ્રેરણા છે. આપણે કેટલું બધું શીખવાનું છે, નવા નવા ઇનોવેશન્સ કરવાનાં છે, નવા-નવા લક્ષ્ય હાસિલ કરવાનાં છે, એટલાં માટે આપણે એક પણ પળ વેડફ્યા વગર કાર્યરત રહેવું પડશે. આપણે દેશને વિકાસની નવી ઊંચાઇઓ પર લઇને જવાનો છે, એટલા માટે આપણે આપણા દરેક સંસાધનોનો સંપૂર્ણ ઉપયોગ કરવો પડશે.

> "જ્યારે આપણે વિદ્યા અર્જિત કરવી હોય, કંઇક નવું શીખવું હોય, કરવું હોય ત્યારે આપણે દરેક પળનો ઉપયોગ કરવો જોઇએ. અને જ્યારે આપણે ધન અર્જિત કરવું હોય, એટલે કે, ઉન્નતિ-પ્રગતિ કરવી હોય ત્યારે દરેક કણનું એટલે કે દરેક સંસાધનનો, યોગ્ય ઉપયોગ કરવો જોઇએ."

તે એક રીતે, આત્મનિર્ભર ભારતનો પણ મંત્ર છે, કેમકે, આપણે જયારે આપણાં સંસાધનોનો યોગ્ય ઉપયોગ કરીશું, તેને વ્યર્થ નહીં થવા દઇએ, ત્યારે જ આપણે લોકલની તાકાતને ઓળખીશું, ત્યારે જ તો દેશ આત્મનિર્ભર બનશે. એટલા માટે, આવો આપણે આપણો સંકલ્પ દોહરાવીએ કે મોટું વિચારીશું, મોટા સપના જોઇશું અને તેને પૂરા કરવા માટે જીવ રેડી દઇશું. અને, આપણાં સપનાં માત્ર આપણાં સુધી સીમિત નહીં રહે. આપણાં સપનાં એવાં બનશે કે જેનાથી આપણો સમાજ અને દેશનો વિકાસ જોડાયેલ હોય, આપણી પ્રગતિથી દેશની પ્રગતિનાં રસ્તા ખુલશે અને તેનાં માટે, આપણે આજને જોતરવી પડશે, એક પળ પણ વેડફ્યા વગર, એક કણ વેડફ્યા વગર. મને સંપૂર્ણ વિશ્વાસ છે કે આ જ સંકલ્પ સાથે આવનારા વર્ષોમાં દેશ આગળ વધશે, અને 2022, એક નવા ભારતનાં નિર્માણ માટેનું સ્વર્ણિમ પૃષ્ઠ બનશે. આ જ વિશ્વાસ સાથે, આપ સૌને 2022ની ઘણી બધી શુભકામનાઓ.

ખૂબ ખૂબ ધન્યવાદ. ●




## ગુજરાતે દેશને આપેલી સહકારિતાની ભેટ જનઆંદોલન બની

# સહકારથી સમૃદ્ધિ

**વિશાળ જનસંખ્યા ધરાવતા ભારત દેશના સર્વસ્પર્શી-સર્વસમાવેશી વિકાસ માટે જનસમૂહને જોડવાનું સહકારિતાનું શ્રેષ્ઠ મૉડલ વડાપ્રધાને આપ્યું છે. - કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઇ શાહ**

સવારે ચાર વાગ્યે ઊઠીને પશુ દોહવાનું અને દૂધ મંડળીમાં દૂધ પહોંચાડવાનું જે કામ ગ્રામીણ મહિલા-શકિત કરે છે તે એક આગવી તાકાત છે. આ મહિલાશક્તિના કારણે દેશનું ગ્રામીણ અર્થતંત્ર મજબૂત બન્યું છે. આજથી 75 વર્ષ પહેલાં ખેડા જિલ્લામાં શરૂ થયેલી અમૂલ ડેરીએ સમગ્ર દેશમાં સહકારિતા ક્ષેત્રે આગવી છાપ છોડી છે. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે ગાંધીનગર નજીક રૂ. 415 કરોડના ખર્ચે તૈયાર થયેલા અમૂલ ડેરીના ચાર નવા પ્લાન્ટનું લોકાર્પણ કરતાં જણાવ્યું હતું કે, વિશ્વમાં વિકાસનાં ઘણાં મૉડલ આવ્યાં, પરંતુ આર્થિક સક્ષમતા સાથે સૌને વિકાસની - ઉન્નતિની તક આપતું સહકારિતાનું મૉડલ આઝાદીનાં ૭૫ વર્ષ પછી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સરકારમાં પૂર્ણપણે સહકારિતા વિભાગ શરૂ કરીને આપ્યું છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કૃષિમંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ, સહકાર રાજ્યમંત્રી શ્રી જગદીશભાઇ વિશ્વકર્મા સહિત ગુજરાત કૉ-ઑપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન સંલગ્ન વિવિધ ડેરીના ચૅરમૅન, વાઇસ ચેરમેન, અગ્રણીઓ અને સંઘના સભાસદો આ અવસરના સાક્ષી બન્યા હતા. અમૂલે ૭૫ વર્ષ પહેલાં ૨૧ ગામોમાં શરૂ કરાવેલી સહકારી દૂધ ઉત્પાદન વેચાણની ચળવળમાં આજે ૧૮ હજાર ગામોના ૩૬ લાખ લોકો જોડાયા છે અને સહકારિતાનું જનઆંદોલન ગુજરાતે શ્રેષ્ઠતાપૂર્વક પ્રસ્થાપિત કર્યું છે.

આ ક્ષેત્રમાં દેશના અર્થતંત્રને ગતિ આપવાની જ નહીં, પરંતુ દરેક ક્ષેત્રોને વિકાસમય બનાવવાની આગવી ક્ષમતા છે. કેન્દ્રીય મંત્રીશ્રીએ આ અવસરે પ્રગતિશીલ મહિલા પશુપાલક દૂધ-ઉત્પાદક બહેનોને સન્માનિત કરતાં જણાવ્યું કે, વિશ્વમાં વુમન એમ્પાવરમેન્ટ - મહિલા સશક્તિકરણની ચર્ચા કરનાર લોકો ગુજરાતની ગ્રામીણ નારીશક્તિની ક્ષમતાના ઉત્કૃષ્ટ અમૂલ પેટર્નનો અભ્યાસ કરી શકે છે. સવાસો કરોડ જેવી વિશાળ જનસંખ્યા ધરાવતા દેશમાં સર્વગ્રાહી સર્વસ્પર્શી અને સર્વસમાવેશી વિકાસમાં જન-જનને જોડવાનું સહકારિતાનું શ્રેષ્ઠ મૉડલ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપ્યું છે.

૩૬ લાખ લોકો એકસાથે મળીને સમાન હિત, સમાન ધ્યેય સાથે કામ કરે તો પ્રચંડ જનશક્તિની કેટલી મોટી તાકાત બની શકે એ અમૂલે સહકારિતાના આંદોલનથી વિશ્વને બતાવ્યું છે.

અમૂલ વગર ભારતનું દૂધ-ઉત્પાદન અને ખપતની જરૂરિયાત પૂરી કરવી અસંભવ છે એવી લાગણી વ્યકત કરતાં શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું કે આઝાદીનાં ૭૫ વર્ષ આપણે જ્યારે ઊજવીએ ત્યારે અમૂલને કયા સ્થાને લઈ જવી છે એની બ્લૂ પ્રિન્ટનું આયોજન કરી એ સંકલ્પ સિદ્ધ કરવા સૌ સાથે મળી અત્યારથી જ કાર્યરત થાય.

આ નવા કાર્યરત થયેલા ચાર પ્લાન્ટ દૂધ સહકારી ક્ષેત્રનાં ત્રણ અંગો એવાં દૂધ







ઉત્પાદન-શક્તિ, ઉપભોક્તા સુધી વિવિધ પ્રોડક્ટ પહોંચાડવાની કેપેસિટી અને વિતરણ માર્કેટિંગ વ્યવસ્થાને વધુ સુદૃઢ કરશે.

દેશ અને દુનિયા હવે પ્રાકૃતિક ખેતી - નૅચરલ ફાર્મિંગ ઑર્ગેનિક ફાર્મિંગ તરફ વળી છે. પ્રગતિશીલ કિસાનોએ તેનો સ્વીકાર કરીને પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનો પણ શરૂ કર્યાં છે. આવાં ઉત્પાદનોને યોગ્ય બજાર અને ભાવ મળે તે માટે અમૂલ પોતાની માર્કેટિંગ બજાર વિતરણ વ્યવસ્થાની મહારથનો વિનિયોગ કરે અને કોઈ નક્કર કાર્ય યોજના બનાવે તેવું આહ્વાન તેમણે કર્યું હતું .

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમૂલના આ સહકારિતા મૉડલને સસ્ટેનેબલ અને લાંબાગાળાના સર્વગ્રાહી વિકાસનું શ્રેષ્ઠ મૉડલ ગણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, આઝાદી પહેલાં ગાંધીજી અને સરદારસાહેબના માર્ગદર્શનમાં શરૂ થયેલી ગ્રામીણ ક્ષેત્રના દૂધ ઉત્પાદકોની પ્રવૃત્તિ આજે નરેન્દ્રભાઈ અને અમિતભાઈના નેતૃત્વમાં વટવૃક્ષ બની સહકારથી સમૃદ્ધિનું ઉદાહરણ બની છે. આજે અમૂલ વર્લ્ડ બ્રાન્ડ બની છે અને આબાલવૃદ્ધ સૌ કોઈ 'અમૂલ દૂધ પીતા હૈ ઇન્ડિયા'થી સારી રીતે પરિચિત થઈ ગયા છે.

સહકારી દૂધ ઉત્પાદન વેચાણની આ પ્રવૃત્તિ ગ્રામીણ અર્થતંત્રને સક્ષમ બનાવીને વડાપ્રધાનશ્રીના આત્મનિર્ભર ભારતના સંકલ્પને સાકાર કરે છે. ભારતને પાંચ ટ્રિલિયન ડૉલર ઈકોનૉમી બનાવવાના વડાપ્રધાનશ્રીના વિઝનમાં પણ આ દૂધ સહકારી પ્રવૃત્તિઓ ઉત્કૃષ્ટ યોગદાન આપશે.

GCMMFના ચૅરમૅન શ્રી શામળભાઈ પટેલે કહ્યું કે, અમૂલ વાર્ષિક ૫૩ હજાર કરોડનું ટર્નઓવર કરે છે. ભવિષ્યમાં એક લાખ કરોડનું ટર્નઓવર થાય એવા લક્ષ્યાંક સાથે અમૂલ આગળ વધી રહ્યું છે. ૨૫૭ કરોડ રૂપિયાના મૂડી રોકાણથી તૈયાર થયેલો આ નવો મિલ્ક પાઉડર પ્લાન્ટ દૈનિક ૧૫૦ ટનની ઉત્પાદન ક્ષમતા ધરાવે છે, જે એશિયાનો સૌથી મોટો મિલ્ક પાઉડર પ્લાન્ટ છે. ૮૫ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા નવા બટર પ્લાન્ટથી બટર ઉત્પન્ન કરવાની ક્ષમતા ૪૦ મૅટ્રિક ટનથી વધી ૧૩૦ મૅટ્રિક ટન થશે. નવા ફુલ્લી ઑટોમૅટિક સ્ટોરેજ પ્લાન્ટથી પૅકેજિંગ સ્વરૂપે ૫૦ લાખ લિટર લૉન્ગ લાઇફ મિલ્કનો સંગ્રહ કરી શકાશે તથા નવા પૉલિફિલ્મ પૅકેજીંગ પ્લાન્ટના કાર્યરત થવાથી ઉત્તમ પૉલિફિલ્મનો જથ્થો પૂરો પાડવામાં સહાયતા રહેશે.

આ લોકાર્પણ પ્રસંગે દૂધ ઉત્પાદન ક્ષેત્રે સિદ્ધિ મેળવનાર પ્રગતિશીલ ખેડૂતોને કેન્દ્રીય સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા.

GCMMFના વાઇસ ચૅરમૅન શ્રી વાલમભાઈએ કહ્યું હતું કે, અમૂલ હવે ફ્રૂટ અને શાકભાજી ઉત્પાદિત કરતા ખેડૂતો માટે પણ સહભાગી થશે. ઑર્ગેનિક દૂધ અને ઑર્ગેનિક ખેત પેદાશોના ઉત્પાદન સંદર્ભે સૂચવેલા કેન્દ્રીય મંત્રી શ્રી અમિતભાઈ શાહનાં સૂચનોનો અમૂલ સત્વરે અમલ કરાવી તંદુરસ્ત રાષ્ટ્રના નિર્માણની દિશામાં એક પગલું ભરશે.

આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી જેઠાભાઈ આહિર, રાજ્યની વિવિધ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓના અધ્યક્ષશ્રીઓ, ખેડૂતો અને અમૂલના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

**અમૂલ વાર્ષિક ૫૩ હજાર કરોડનું ટર્નઓવર કરે છે. ભવિષ્યમાં એક લાખ કરોડનું ટર્નઓવર થાય એવા લક્ષ્યાંક સાથે અમૂલ આગળ વધી રહ્યું છે.**



# અમદાવાદમાં આરંભાયા રૂપિયા 363 કરોડનાં વિકાસકાર્યો

**ગોતાના ગામ તળાવ, વેજલપુર વૉર્ડમાં આર.સી.સી. રોડ, જોધપુર વૉર્ડમાં નવું હેલ્થ સેન્ટર અને જાસપુર વૉટર વર્ક્સ ખાતે 200 એમએલડી ક્ષમતાના નવા વૉટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ સહિતનાં વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત**

ગુજરાતમાં વિકાસની સરિતા સતત વહી રહી છે. રાજ્યના તમામ વિસ્તારમાં વિકાસના કોઈ ને કોઈ પ્રકલ્પ અવિરત ચાલુ છે. જેના કારણે નાગરિકોની સુખાકારીમાં વધારો થઈ રહ્યો છે. તાજેતરમાં અમદાવાદ મહાનગરપાલિકા અને અમદાવાદ શહેરી સત્તા વિકાસ મંડળ દ્વારા થયેલા રૂપિયા 363 કરોડનાં વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કેન્દ્રીય ગૃહ અને સહકારમંત્રી શ્રી અમિતભાઈ શાહ અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, કોરોનાકાળમાં ગુજરાતની વિકાસયાત્રા અટકી નથી, ધીમી પડી નથી. જ્યારે સમગ્ર વિશ્વમાં વિકસિત દેશો પણ મંદીનો સામનો કરી રહ્યા હતા, ત્યારે પણ ગુજરાતમાં વિકાસકાર્યો તેજ ગતિથી આગળ રહ્યાં હતાં.

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં કામ કરી રહેલી ગુજરાતની નવી ટીમની પ્રશંસા કરતાં શ્રી શાહે કહ્યું કે, નરેન્દ્રભાઈના નેતૃત્વમાં શહેરી વિકાસ અને વન-પર્યાવરણ જેવાં વિવિધ ક્ષેત્રોમાં નક્કી કરેલા લક્ષ્યાંકોને પાર પાડવા માટે ગુજરાતમાં શ્રી ભૂપેન્દ્રભાઈ અને તેમની નવી ટીમ રાત-દિવસ પરિશ્રમ કરી રહી છે. ગૃહમંત્રીએ આ તકે અમદાવાદ મહાનગર પાલિકાના ચૂંટાયેલા પ્રતિનિધિઓને પણ આ વિકાસકાર્યો માટે અભિનંદન પાઠવ્યાં હતાં.

શ્રી અમિતભાઈ શાહે અમદાવાદ મહાનગરપાલિકા વિસ્તારમાં થયેલા રૂપિયા 113.93 કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ અને 165.58 કરોડનું ખાતમુહૂર્ત તેમ જ ઔડાના રૂપિયા 83.51 કરોડના કાર્યોનું ખાતમુહૂર્ત સંપન્ન કર્યું હતું.

કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ અમદાવાદ મહાનગરપાલિકા ક્ષેત્રમાં ઉત્તર-પશ્ચિમ ઝોનના થલતેજ અને ગોતા વૉર્ડમાં સ્વિમિંગ પૂલ, જિમ્નેશિયમ અને ટેનિસ કોર્ટનું લોકાર્પણ કર્યું હતું. મંત્રીશ્રીએ થલતેજ વૉર્ડમાં નવા વૉટર ડિસ્ટ્રિબ્યુશન સ્ટેશનનું પણ લોકાર્પણ કર્યું, જેના પગલે થલતેજમાં નાગરિકોને પીવાનું શુદ્ધ પાણી મળી રહેશે. શ્રી અમિતભાઈએ અમદાવાદ બોટાદ રેલવે લાઈન પર ક્રૉસિંગ નં - 20 વસ્ત્રાપુર સ્ટેશન પાસે અન્ડરપાસ તેમ જ સીમ્સ હૉસ્પિટલ ચાર રસ્તા પાસે ફોર લેન ફ્લાય ઓવર બ્રિજને પણ ખુલ્લા મૂક્યા હતા. આ ઉપરાંત ગોતાના ગામ તળાવ, વેજલપુર વૉર્ડમાં આર.સી.સી. રોડ, જોધપુર વૉર્ડમાં નવું હેલ્થ સેન્ટર અને જાસપુર વૉટર વર્ક્સ ખાતે 200 એમએલડી ક્ષમતાના નવા વૉટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ સહિતનાં વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કર્યું હતું. જ્યારે દેશ પાસે દૃષ્ટિવંત નેતૃત્વ હોય એના કેવાં સારાં પરિણામો પ્રાપ્ત થાય છે એનું ઉદાહરણ આપતાં કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ કહ્યું કે કોરોનાકાળમાં એક પણ ગરીબ ભૂખ્યો ન સૂએ એની ચિંતા



વ્યવસ્થા ઊભી કરી છે. નાણાંના અભાવે કોઈ યોજના અટકી હોય એવી સ્થિતિને ગુજરાતમાંથી દેશવટો આપ્યો છે. આપણે એવું આયોજન કર્યું છે કે, રૂપિયા સામે સવા રૂપિયાનું કામ થાય છે. ડંકાની ચોટ ઉપર પૂરેપૂરી ટ્રાન્સપરન્સી સાથે અને એક પણ પાઈ-પૈસાના ભ્રષ્ટાચાર વિના થાય એની ફૂલપ્રૂફ વ્યવસ્થા વિકસાવી છે.

આ અવસરે અમદાવાદના મેયર શ્રી કિરિટભાઈ પરમાર, ઉદ્યોગ મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમાર, આરોગ્યમંત્રી શ્રી ઋષીકેશભાઈ પટેલ, ભૂતપૂર્વ ગૃહરાજ્ય મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ●

કરી કેન્દ્ર સરકારે બે વર્ષ સુધી 80 કરોડથી વધુ લોકોને નિઃશુલ્ક અનાજ પૂરુ પાડ્યું છે.

આ અવસરે નગરજનોને સંબોધતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે, યોજનાઓ સમય કરતાં વહેલી પૂરી થાય એ દિશામાં ગુજરાતની નવી ટીમ આગળ વધી રહી છે. સુવિધાસભર અને ઇઝ ઑફ લિવિંગમાં અગ્રેસર, આત્મનિર્ભર નગરો-મહાનગરોના નિર્માણથી આત્મનિર્ભર ગુજરાત દ્વારા આત્મનિર્ભર ભારત સાકાર કરવું છે. અમદાવાદ - ગાંધીનગરમાં કુલ રૂ. 363 કરોડનાં વિકાસનાં કામોની ભેટ એ તરફનું વધુ એક કદમ છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વિકાસ જ આપણી પ્રાથમિકતા છે. વિકાસનો કોઈ વિકલ્પ નથી. રાજ્યનાં મહાનગરો સ્વચ્છતા-ડ્રેનેજ, વૉટર ટ્રીટમેન્ટ -રીસાઈક્લિંગ ઑફ વૉટરનાં ક્ષેત્રોમાં વિશ્વનાં શહેરોની સ્પર્ધા કરે એવી સ્થિતિ ઊભી કરવાની દિશામાં આપણે આગળ વધી રહ્યા છીએ. ગુજરાતની નવી ટીમે નવો ઉમંગ, નવી શક્તિ, જોમજુસ્સાથી રાજ્ય સરકારની જનસેવા યાત્રા શ્રી નરેન્દ્રભાઈ અને અમિતભાઈના દિશાદર્શનમાં બમણા વેગથી આગળ ધપાવવાનો સંકલ્પ કર્યો છે. આ સંકલ્પને સાકાર કરવા રાજ્ય સરકાર, સતત એક પછી એક વિકાસકાર્યોની ભેટ જનતા જનાર્દનને આપે છે. છેલ્લા બે-અઢી દાયકામાં ગુજરાતમાં માર્ગ, વીજળી, પાણી, ગૅસ, બ્રૉડબૅન્ડ કનેક્ટિવિટી જેવી સુવિધાઓનું વિરાટ માળખું રાજ્ય સરકારે રચ્યું છે. ઑનલાઇન સિસ્ટમથી નકશા-પ્લાન પાસ કરવા, વેરા-બિલ ભરવા જેવી સિટીઝન સેન્ટ્રિક સગવડો અપનાવી લોકોને નગરપાલિકા-મહાપાલિકાની ઑફિસે આવવું જ ન પડે એવી સુદૃઢ

## અમદાવાદ શહેરને 23મા રેલવે ઓવરબ્રિજની ભેટ

*કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે અમદાવાદમાં સીમ્સ હૉસ્પિટલ ચાર રસ્તાથી હેબતપુરને જોડતા રસ્તા ઉપર ફોરલેન ફ્લાયઓવર બ્રિજનું લોકાર્પણ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં કર્યું હતું. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઉત્તર-પશ્ચિમ ઝોનમાં નિર્મિત આ રેલવે ઓવરબ્રિજ કાર્યરત થવાથી સોલાથી હેબતપુર વિસ્તારમાં આવાગમન સરળ બન્યું છે અને રેલવે ફાટકને કારણે સર્જાતી ટ્રાફિકની સમસ્યાનું નિરાકરણ થયું છે. પરિવહન માર્ગોને ફાટક મુક્ત કરવાની રાજ્ય સરકારની નેમ છે, ત્યારે અમદાવાદ શહેરને એના આ ત્રેવીસમા રેલવે ઓવરબ્રિજની કેન્દ્રીય મંત્રીશ્રીના હસ્તે ભેટ મળી છે.*

*અમદાવાદ શહેરમાં મહાનગરપાલિકા દ્વારા નિર્મિત 22 રેલવે ઓવરબ્રિજ કાર્યરત છે. આ અવસરે મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, મંત્રી શ્રી જગદીશભાઇ વિશ્વકર્મા, ધારાસભ્ય શ્રી પ્રદીપસિંહ જાડેજા, શ્રી અરવિંદભાઈ પટેલ, શહેરના મેયર શ્રી કિરીટભાઈ પરમાર, મ્યુનિસિપલ કોર્પોરેશનના ચેરમેન શ્રી હિતેશ બારોટ ઉપસ્થિત રહ્યા હતા.*



# સોલામાં ઉમિયાધામનો શિલાન્યાસ




સશક્ત વ્યક્તિના નિર્માણ દ્વારા સશક્ત સમાજનું નિર્માણ થઈ શકે છે અને સશક્ત સમાજના નિર્માણ દ્વારા સશક્ત રાષ્ટ્રનું નિર્માણ થાય છે. જ્યારે તમામ સમાજો એકબીજા સાથે સદભાવ, સમરસતાથી જોડાય ત્યારે એ દેશના વિકાસને કોઈ રોકી શકતું નથી. ધર્મસંસ્થાઓ સમાજને જોડવાનું કાર્ય કરે છે. તાજેતરમાં અમદાવાદના સોલાસ્થિત ઉમિયા માતાજી મંદિરના શિલાન્યાસ સમારોહ પ્રસંગે કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ તથા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે તેમના મતક્ષેત્રમાં મા ઉમિયાના ભવ્ય મંદિર નિર્માણ અંગે આનંદની લાગણી વ્યક્ત કરતાં કહ્યું કે, મંદિરો એ માત્ર ધર્મકેન્દ્ર નથી, પરંતુ સમાજના ઊર્જાકેન્દ્ર છે અને તે સમગ્ર સમાજને એક તાંતણે બાંધે છે. શ્રી અમિતભાઈ શાહે મા ઉમિયા માતાજી મંદિરના શિલાન્યાસ સમારોહમાં આમંત્રણ બદલ પાટીદાર સમાજનો આભાર વ્યક્ત કરતાં કહ્યું કે, પાટીદારોના આસ્થાનાં કેન્દ્ર સમાન ઉમિયા માતાજીના મંદિર નિર્માણ માટે અભિનંદન પાઠવું છું અને તે પાટીદાર સમાજનું ઉત્કર્ષ કેન્દ્ર બની રહે તેવી શુભકામના પાઠવું છું. જ્યારે ગુજરાતના વિકાસની ગૌરવગાથા લખાશે ત્યારે પાટીદાર સમાજનું નામ તેમાં સુવર્ણ અક્ષરે લખાશે. તેમણે આ અવસરે ૫૧ કરોડ મંત્રલેખન માટે પાટીદાર બહેનોને પણ અભિનંદન પાઠવ્યાં હતાં.

તેમણે સમગ્ર દેશમાં મંદિર નિર્માણ-પુનરોદ્ધાર અંગેની પૂર્વભૂમિકા આપતાં કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સમગ્ર દેશમાં શ્રદ્ધા કેન્દ્રોને પુનર્જીવિત કરવાનું અભિયાન ચાલી રહ્યું છે. તેમણે આ અવસરે કાશી વિશ્વનાથ મંદિર અને કેદારનાથ ધામના પુનરોદ્ધારનાં ઉદાહરણો પણ ટાંક્યાં હતાં. કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ આ અવસરે ઉપસ્થિત સૌ નાગરિક ભાઈ-બહેનોને કોરોનાવિરોધી રસીનો બીજો ડોઝ લેવાનો અનુરોધ કરતાં કહ્યું કે, વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં વિશ્વનું સૌથી મોટું કોરોનાવિરોધી રસીકરણનું અભિયાન ચાલી રહ્યું છે, તેમાં આપણે સૌ સહયોગ આપીએ.






ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે સમારોહને સંબોધતાં જણાવ્યું હતું કે, મા ઉમિયાધામ સંસ્થા ભાવિ પેઢીના ઉત્કર્ષનું શ્રદ્ધાનું કેન્દ્ર બનશે. એકતા, સંગઠન, ભાઈચારો, સહિષ્ણુતા અને કઠોર પરિશ્રમના સદગુણો ધરાવતા પાટીદાર સમાજે વિશ્વભરમાં ભારતના ગૌરવને પ્રસ્થાપિત કર્યું છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મંદિર કાર્ય નિર્માણ સાથે જોડાયેલા ટ્રસ્ટી ગણને અભિનંદન પાઠવતાં કહ્યું કે આ પ્રકારનાં કાર્યો માત્ર ઈશ્વરીય મદદથી જ પાર પડી શકે છે. શ્રી ભૂપેન્દ્રભાઈએ આ અવસરે પાટીદાર સમાજની સેવા ભાવનાની પ્રશંસા કરતાં કહ્યું કે, પાટીદાર સમાજ વૈશ્વિક કુટુંબ ભાવનામાં વિશ્વાસ ધરાવે છે અને એટલે જ તે હંમેશાં સૌની સેવા માટે તત્પર રહે છે.

આ અવસરે ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, અમદાવાદના મેયર શ્રી કિરીટભાઈ પરમાર, આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, ઉદ્યોગમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમાર, ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, શ્રમ અને રોજગાર મંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજા, ઉમિયાધામ મંદિર સંસ્થાનના પ્રમુખશ્રી મણિભાઈ પટેલ, પૂર્વ ગૃહ રાજ્ય મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા, પૂર્વ ઉદ્યોગ મંત્રી શ્રી સૌરભભાઈ પટેલ અને પાટીદાર સમાજના અગ્રણીઓ-શ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●



## મા ઉમિયાધામ સોલા ખાતે રૂપિયા ૧૫૦૦ કરોડના ખર્ચે વિવિધ સંકુલનું નિર્માણ થશે

*મા ઉમિયાધામ સોલા ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ભૂમિપૂજન સમારોહ યોજાયો હતો. ઊંઝા સંસ્થાન દ્વારા અમદાવાદ સ્થિત સોલા કેમ્પસમાં મા ઉમિયાધામ મંદિર ખાતે 74 હજાર ચોરસ વાર જમીન પર અંદાજિત રૂપિયા 1500 કરોડના ખર્ચે મા ઉમિયાધામનું નિર્માણ થશે. જેમાં શ્રી ઉમિયા માતાજીના ભવ્ય મંદિરનું નિર્માણ સહિત વિદ્યાર્થીઓ માટે 400થી વધારે રૂમ બનાવાશે, જેમાં અંદાજે ૧૨૦૦થી વધુ ભાઈ-બહેનો રહી શકશે. અતિઆધુનિક સુવિધા સાથે અભ્યાસ કરી શકે તેવી વ્યવસ્થા ઊભી કરાશે. ઉમિયાધામ કેમ્પસમાં અંદાજિત 52 સ્કૅવર ફૂટમાં અત્યાધુનિક પાર્ટી પ્લૉટ અને બેન્ક્વેટ હૉલ બનાવાશે. ઉમિયાધામમાં ભોજન અને રહેવાની સુવિધા બનાવાશે. તેમજ વિશ્રાંતિ ગૃહ અને આધુનિક મેડિકલ સેન્ટરનું નિર્માણ કરાશે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે જેથી દરેક સમાજમાં શિક્ષણનું પ્રમાણ વધશે તો ઘણી બધી સમસ્યાઓનો ઉકેલ મળી જશે. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલા, પૂર્વ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ અને વિશાળ સંખ્યામાં સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા.*

# કૃષિને પ્રકૃતિની પ્રયોગશાળા સાથે જોડવાનું વડાપ્રધાનશ્રીનું આહ્વાન



કૃષિને કેમિકલની પ્રયોગશાળામાંથી બહાર કાઢી પ્રકૃતિની પ્રયોગશાળા સાથે જોડવી એ સમયની માગ છે. સમગ્ર વિશ્વ અત્યારે ગ્લોબલ વોર્મિંગના સંક્રમણકાળમાંથી પસાર થઈ રહ્યું છે. જળવાયુ પરિવર્તનનો ખતરો તોળાઈ રહ્યો છે. એના ઉપચારાત્મક પગલાં રૂપે જમીન અને કૃષિમાં રાસાયણિક ખાતરો અને કિટનાશકોનો વપરાશ બંધ કરી પ્રકૃતિ તરફ પાછા વળવું અનિવાર્ય છે. ઉદ્યમી અન્નદાતાની આવક વધે તથા કૃષિક્ષેત્રે સંશોધનને પ્રોત્સાહન મળે તે માટે એગ્રો અને ફૂડ પ્રોસેસિંગની રાષ્ટ્રીય પરિષદમાં નૅચરલ ફાર્મિંગ ઝીરો બજેટ ખેતી અંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવી દિલ્હીથી વર્ચ્યુઅલ સંબોધન કર્યું હતું. આ ત્રિ-દિવસીય પ્રિ-એગ્રી સમિટનો આરંભ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે કરાવ્યો હતો. આણંદ ખાતે દેશની સર્વ પ્રથમ પ્રાકૃતિક ખેતીની રાષ્ટ્રીય પરિષદને વર્ચ્યુઅલી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ચ્યુઅલી સંબોધન કર્યું હતું.



ક્લાયમેટ ચેન્જ સમિટમાં જીવનને વૈશ્વિક અભિયાન બનાવવાનું આહ્વાન કર્યું હતું. ૨૧મી સદીમાં તેનું નેતૃત્વ ભારત અને ભારતના ખેડૂતો કરવાના છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ જણાવ્યું હતું કે આઝાદી પછીના દાયકાઓમાં કૃષિનો વિકાસ જે રીતે અને જે દિશામાં થયો છે એ આપણે સૌએ જોયું છે. આઝાદીના ૧૦૦મા વર્ષ સુધી કૃષિક્ષેત્રે નવી જરૂરિયાતો અને નવા પડકારો અનુસાર કૃષિને ઢાળવી પડશે. છેલ્લાં સાત વર્ષમાં બિયારણથી લઈ બજાર સુધીની, માટી પરીક્ષણથી લઈ નવા બીજનિર્માણ સુધી, પીએમ કિસાન સન્માન નિધિથી લઈ પોષણક્ષમ ભાવ દોઢ ગણા વધારવા તેમ જ સિંચાઈના મજબૂત માળખાથી લઈ કિસાન રેલ સુધી ખેડૂતોની આવક બમણી કરવા માટે અનેકવિધ પગલાં લેવામાં આવ્યાં છે.

આપણા દેશના કુલ ખેડૂતોમાંથી ૮૦ ટકા ખેડૂતો નાના અને સીમાંત પ્રકારના છે, ત્યારે પ્રાકૃતિક ખેતીનો સૌથી વધુ



- **જળવાયુ પરિવર્તનના દુષ્પ્રભાવથી બચવા માટે જંતુનાશક દવા અને રાસાયણિક ખાતરનો વપરાશ બંધ કરી પ્રાકૃતિક ખેતી તરફ પાછા વળવું પડશે.**
- **દરેક પંચાયતનું ઓછામાં ઓછું એક ગામ કુદરતી ખેતી સાથે જોડાય તેવા સર્વગ્રાહી પ્રયાસો હાથ ધરવા જોઇએ.**
- **આઝાદીના ૧૦૦મા વર્ષ સુધી કૃષિક્ષેત્રે નવી જરૂરિયાતો અને નવા પડકારો અનુસાર કૃષિને ઢાળવી પડશે.**
- **ભારતના પ્રાચીન કૃષિજ્ઞાન અને આધુનિક ટેક્નોલૉજીના સુભગ વિનિયોગથી કૃષિ અને કૃષિકારોને સમૃદ્ધિ તરફ દોરી જવાશે.**

**- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી**

ફાયદો આ વર્ગના ખેડૂતોને થશે. તેઓ પ્રાકૃતિક ખેતી તરફ વળશે તો તેમની આર્થિક સ્થિતિ અને જીવન વધુ બહેતર બનશે.

વડાપ્રધાનશ્રીએ દેશના દરેક રાજ્ય અને સરકારોને પ્રાકૃતિક ખેતીને જન આંદોલન બનાવવાનું આહ્વાન કરતાં જણાવ્યું કે, દેશ આઝાદીનો અમૃત મહોત્સવ મનાવી રહ્યો છે, ત્યારે દરેક પંચાયતનું ઓછામાં ઓછું એક ગામ કુદરતી ખેતી સાથે જોડાય તેવા સર્વગ્રાહી પ્રયાસો હાથ ધરવા જોઇએ.

ભારતમાં બે હજાર વર્ષ પૂર્વે થયેલા ઋષિઓ અને સંતોએ કેવી રીતે ખેતી કરવી તેનું વિપુલ જ્ઞાન આપણને આપ્યું છે. કૃષિ અંગે ઋગ્વેદ અને અથર્વવેદથી લઇને પુરાણો સુધી આપણા ઋષિમુનિઓએ ભરપૂર સમજ આપી છે. તેમાં મૌસમ, પાણી અને જમીનની સારી માહિતી હોય તો ખેડૂત ક્યારેય ગરીબ રહે નહીં, એવું કહેવામાં આવ્યું છે. હવે આ પ્રાચીન જ્ઞાનને આધુનિક ટેક્નોલૉજી સાથે વિનિયોગ કરી વધુ અસરકારક રીતે અમલમાં મૂકી શકાય એમ છે. આપણી પાસે ટેક્નોલૉજી અને સાધનોની ઉપલબ્ધિ છે. માત્ર પ્રાચીન જ્ઞાન અનુસાર કુદરતી રીતે ખેતી કરવાની જરૂરત છે.

પ્રાકૃતિક ખેતી તરફ વધુમાં વધુ ખેડૂતો જોડાય તે માટે શોધ અને સંશોધનો માત્ર કાગળ ઉપર રહી ન જાય એની તકેદારી રાખવાનું જણાવી શ્રી મોદીએ કહ્યું કે, હવે આ શોધોને લૅબથી લૅન્ડ સુધી લાવવાની આપણી યાત્રા હોવી જોઈએ.

ભારતની વિકાસયાત્રા સાથે ખેતીનો પણ બહુ જ વિકાસ થયો હતો. રાસાયણિક ખાતરો અને દવાઓથી હરિતક્રાંતિ આવી હતી, એ વાત સાચી છે. એની સાથે ખાતર અને કિટકનાશકોના વધુ પડતા ઉપયોગથી જમીન, પાણી, વાતાવરણ અને સ્વાસ્થ્યને પણ નુકસાન થયું છે, એ વાત આપણે સૌ સારી રીતે જાણીએ છીએ, પ્રકૃતિને નુકસાન પહોંચાડતી આ ભૂલને સુધારવાનો આ જ સાચો સમય છે, એમ જણાવી વડાપ્રધાનશ્રીએ આઝાદીના અમૃત મહોત્સવ દરમિયાન મા ભારતીને રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવામુક્ત બનાવવા સૌને સંકલ્પબદ્ધ થવા તેમણે હાકલ કરી હતી.

કેન્દ્ર સરકાર દ્વારા કૃષિકારોના કલ્યાણ માટે અનેક પગલાં લેવામાં આવી રહ્યાં છે, આત્મનિર્ભર ભારત અભિયાન હેઠળ ખેડૂતો માટે અનેક ભૌતિક સુવિધાઓ ઊભી કરવામાં આવી છે. સુદૃઢ કોલ્ડ ચેઈન, સ્ટોરેજ, ટ્રાન્સપૉર્ટેશન અને ફૂડ પ્રોસેસિંગ માટે કરોડો રૂપિયાની જોગવાઇ પણ કરવામાં આવી છે.

માત્ર ખેતી જ નહીં, તેની આનુષાંગિક બાબતો ઉપર પણ લક્ષ્ય આપવામાં આવી રહ્યું છે. ખેતી સાથે પશુપાલન, મધમાખી ઉછેર, મત્સ્યપાલન, સૌર ઊર્જા અને બાયો

ફયુઅલ જેવા વિકલ્પો આપીને ખેડૂતોની આવક બમણી કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

દેશ અને વિદેશમાં જૈવિક અને પ્રાકૃતિક પદ્ધતિથી પકાવેલી ખેતપેદાશોની માંગ સતત વધી રહી છે. સમગ્ર વિશ્વનું બજાર તેની રાહ જોઇ રહ્યું છે. હવે ભારતના ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી અને સ્વાસ્થ્યપ્રદ ખેત-ઉપજોમાં સમગ્ર વિશ્વનું નેતૃત્વ કરવાનું છે. તેની સાથે આ ક્ષેત્રમાં રોકાણની પણ વિપુલ તકો નિર્માણ થઇ છે. ખાદ્ય સંસ્કરણ અને તેની પ્રક્રિયાના આવિષ્કારમાં રોકણનો હાલમાં ઉત્તમ સમય છે.

વડાપ્રધાન શ્રી મોદીએ આત્મનિર્ભર ભારતના સપનાને સાકાર કરવા કૃષિ અને કૃષિકારોને આત્મનિર્ભર બનાવવા સાથે પ્રાકૃતિક ખેતીને મહત્ત્વ આપી જન જનનું આંદોલન બનાવવા અપીલ કરી હતી.

ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે એગ્રિ પ્રિ-વાઇબ્રન્ટ સમિટ-૨૦૨૧ના સમાપન સમારોહમાં સંબોધન કરતાં જણાવ્યું હતું કે, પ્રાકૃતિક કૃષિ આત્મનિર્ભર ખેડૂતોથી આત્મનિર્ભર ભારતના નિર્માણનું જનઅભિયાન છે. રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક કૃષિને રસાયણ કૃષિના મજબૂત વિકલ્પ તરીકે ગણાવી ઉમેર્યું હતું કે, રાસાયણિક કૃષિ એ સ્વતંત્રતા સમયે હરિતક્રાંતિ માટે સમયની માગ હતી, પરંતુ હવે રાસાયણિક કૃષિના દુષ્પરિણામથી વિશ્વ આખું ત્રસ્ત છે, ત્યારે પ્રાકૃતિક કૃષિ આ દુષ્પરિણામથી મુક્તિ માટે મજબૂત વિકલ્પ છે. પ્રાકૃતિક કૃષિથી જળ-જમીન અને પર્યાવરણની રક્ષા થાય છે. જમીનની ફળદ્રુપતા વધે છે, દેશી ગાયનું જતન -સંવર્ધન થાય છે, કૃષિખર્ચ ઘટતાં અને પ્રાકૃતિક કૃષિનાં ઉત્પાદનોના ભાવ પ્રમાણમાં વધારે મળતાં ખેડૂતોની આર્થિક સ્થિતિ મજબૂત થાય છે. ગામના પૈસા ગામમાં રહે છે, શહેરના પૈસા પણ ગામમાં આવે છે.

એક દેશી ગાયનાં છાણ અને ગૌમૂત્રથી ૩૦ એકર જમીનમાં પ્રાકૃતિક કૃષિ કરી શકાય છે. જેમાં ઉપયોગી દેશી ગાયનાં છાણ-ગૌમૂત્ર સાથે બેસન-ગોળ અને માટીના મિશ્રણથી બનતા જીવામૃત અને ઘનજીવામૃતને અસરકારક કલ્ચર ગણાવતાં રાજ્યપાલશ્રીએ જમીનમાં ભેજનું પ્રમાણ જાળવવાથી લઈને આચ્છાદનના મહત્ત્વને સમજાવ્યું હતું. રાસાયણિક ખાતરો અને ઝેરી જંતુનાશકોને કારણે ખેતરમાં મિત્રજીવોનો ક્ષય થાય છે જ્યારે જીવામૃત-ઘનજીવામૃત અને આચ્છાદનથી અળસિયાં જેવા મિત્રજીવોની વૃદ્ધિ થાય છે, જે કૃષિ પાકને પોષણ આપે છે. વાતાવરણમાંના નાઇટ્રોજનને જમીનમાં સ્થાપિત કરે છે. આ તકે રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક કૃષિક્ષેત્રે વૈજ્ઞાનિકોને જુદાં જુદાં સંશોધનો દ્વારા આગળ આવવા અનુરોધ પણ કર્યો હતો.


કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું કે, દેશના ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે એ માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રાકૃતિક ખેતીને પુનઃજીવિત કરવાનું મોટું અભિયાન ઉપાડ્યું છે. દેશના ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવે તે માટે સહકારિતા વિભાગ દ્વારા ખેડૂતોને તેમની ખેતપેદાશોના યોગ્ય ભાવ અને વૈશ્વિક બજાર મળે તેમ જ બ્રાન્ડ સ્થાપિત થાય તે દિશામાં કાર્ય થઈ રહ્યું છે. પ્રાકૃતિક ખેતી અપનાવનાર ખેડૂતોની જમીન ચકાસણી સહિત ખેત ઊપજમાં રાસાયણિક ખાતરના ઉપયોગની ચકાસણી માટે એક વર્ષમાં બે રાજ્યોમાં લૅબોરેટરીની સ્થાપના કરવામાં આવશે.

પ્રાકૃતિક ખેત ઉત્પાદનો કરતા ખેડૂતોને યોગ્ય બજાર મળી રહે તે માટે અમૂલ સહિત વિવિધ સંગઠનોના સહયોગથી માર્કેટિંગ ચેઇન ઊભી કરવામાં આવી રહી છે.

વર્ષ ૨૦૧૪ થી દેશની અર્થવ્યવસ્થામાં ખેડૂતોને કેન્દ્રબિંદુમાં રાખવામાં આવ્યા છે,

**પ્રાકૃતિક ખેત ઉત્પાદક ખેડૂતોને યોગ્ય બજાર મળી રહે તે માટે માર્કેટિંગ ચેઇન ઊભી કરવામાં આવી રહી છે.**
**- કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહ**





**પ્રાકૃતિક કૃષિ આત્મનિર્ભર ખેડૂતોથી આત્મનિર્ભર ભારતના નિર્માણનું જન અભિયાન.**
**- રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત**



**આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે ગુજરાત પોતાનું યોગદાન આપવા કટિબદ્ધ છે.**
**- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**

તેનો સવિશેષ ઉલ્લેખ કરતાં કેન્દ્રીય મંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું કે, વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં દેશના ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવી રાસાયણિક ખાતર મુક્ત કૃષિ ઊપજ પેદા કરી વિશ્વને દિશાદર્શન કરાવશે.

તેમણે કહ્યું હતું કે સહકારિતા વિભાગના માધ્યમથી ખેડૂતોને પ્રાકૃતિક ખેતી માટે પ્રોત્સાહિત કરવા નાણાકીય સહિત વિવિધ ક્ષેત્રોમાં સહયોગ પૂરો પાડવામાં આવશે.

એક દેશી ગાયથી ૨૦ એકર જમીનમાં પ્રાકૃતિક ખેતી થઈ શકે છે. દેશી ગાયના ગોબરમાંથી બનેલું જીવામૃત જમીનને ફળદ્રુપ બનાવે છે. એટલું જ નહી કૃષિ ઉત્પાદનમાં વધારા સાથે જળસંચય વધે છે અને ખેતીખર્ચ ઘટે છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે ગુજરાતમાં કૃષિ મહોત્સવના માધ્યમથી કૃષિલક્ષી વિસ્તરણ સેવાઓ ખેડૂતોનાં ખેતરો સુધી પહોંચાડી માઇક્રો સિંચાઈનો વ્યાપ વધાર્યો હતો, જેને પરિણામે ગુજરાતનો કૃષિ વિકાસ દર સતત દસ વર્ષ સુધી ૧૦ ટકા રહ્યો હતો.

નૅશનલ કોન્ક્લેવ ઑન નૅચરલ ફાર્મિંગને સંબોધન કરતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે, સરદાર સાહેબની દૃઢ ઇચ્છાશક્તિ અને નિર્ધારથી એક અને અખંડ રાષ્ટ્રનું નિર્માણ થયું. હવે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના સંકલ્પથી અનેકતામાં એકતા સાથે આત્મનિર્ભર ભારતનું નિર્માણ થઇ રહ્યું છે. ગુજરાત આત્મનિર્ભર ભારતના નિર્માણમાં આત્મનિર્ભર ગુજરાતથી પોતાનું યોગદાન આપવા કટિબદ્ધ છે.

વડાપ્રધાનશ્રીની પ્રેરણાથી યોજાનારી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૨ની થીમ પણ આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત રાખવામાં આવી છે.

સંસ્કૃતિની, જમીનની, પ્રજાની, ભાષાની, પોશાકની, ખાનપાનની, આબોહવાની એવી અનેક વિવિધતા વચ્ચે કૃષિક્ષેત્રની પણ આગવી વૈવિધ્યતા ભારતમાં છે. આપણે ત્યાં રણપ્રદેશથી લઈને નદીના કાંપવાળી જમીનનો પ્રદેશ છે, તો સાથોસાથ પર્વતીય ટેકરાવાળી જમીન પર ખેતી અને પર્વતની ગોદમાં ફળદ્રુપ જમીનની ખેતી પણ છે. કૃષિ વિવિધતા ધરાવતા ભારતમાં આઝાદી પછી અનાજની માગ પૂરી કરવા હરિતક્રાંતિ આવી હતી. આના પરિણામે સુધારેલાં બિયારણો અને રાસાયણિક ખાતરોના ઉપયોગથી ખેત ઉત્પાદન વધ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ રાસાયણિક ખેતીના દુષ્પ્રભાવ અંગે કહ્યું કે, કાળક્રમે આપણે જે પોતાનું હતું તે વિસરી ગયા અને રાસાયણિક ખાતર પાછળ આંધળી દોટ મૂકી હતી. આવાં રસાયણોના ઉપયોગથી પર્યાવરણ દૂષિત થયું છે. જમીનની ફળદ્રુપતા ઘટતી ગઈ અને ખેતપેદાશોમાં જંતુનાશક દવાઓના અવશેષો આવવાને કારણે માનવ સ્વાસ્થ્ય પર ખરાબ અસરો પડી છે. આપણે ત્યાં કહેવત છે કે અન્ન એવો ઓડકાર, આપણી થાળીમાં જે અન્ન આવે છે તે રાસાયણિક ખાતરથી પકવેલું હોય તો ધીમા પગલે શરીરમાં રોગ-બીમારીનો પેસારો પણ કરાવે છે. તેનાથી સ્વાસ્થ્યને નુકસાન થાય છે. આ બધી પરિસ્થિતિ સામે લડવા તેમ જ જળ-જમીન, પર્યાવરણ અને માનવ સ્વાસ્થ્યનું રક્ષણ કરવા માટે હવે 'બૅક ટુ નૅચર'- પ્રાકૃતિક ખેતી તરફ વળવું એ જ શ્રેષ્ઠ વિકલ્પ છે.

પ્રાકૃતિક ખેતી કુદરતના સિદ્ધાંત પર આધારિત ખેતી છે. ખેતીખર્ચ નહિવત્ અને ગુણવત્તા ઉત્તમ એવી આ ખેતી છે. આજે વિશ્વના મોટા ભાગના દેશોમાં આવા નૅચરલ ફાર્મિંગ- ઝીરો બજેટ ખેતીથી ઉત્પન્ન થયેલા ખેત ઉત્પાદનની બહુ મોટી માગ છે. વર્લ્ડ માર્કેટ આવી પ્રોડક્ટ માટે ખુલ્લું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ૨૦૨૨ સુધીમાં દેશના ખેડૂતોની આવક બમણી કરવા કૃતસંકલ્પ છે.

પ્રાકૃતિક ખેતી કરતા પરિવારને દેશી ગાયના નિભાવ માટે પ્રતિમાસ રૂપિયા ૯૦૦ની સહાય આપવામાં આવે છે. રાજ્યમાં ૨૦૨૦-૨૧ના વર્ષમાં એક લાખ પાંચ હજાર ખેડૂતોને આવી કુલ રૂ. ૫૭.૬૨ કરોડ સહાય ચૂકવવામાં આવી છે.

પ્રાકૃતિક ખેતી માટે મોટા પાયે કિસાનોને પ્રેરિત કરવા બાયસેગ સેટેલાઈટ અને ઈ-ગ્રામ સેન્ટર જેવા માધ્યમથી અત્યાર સુધી આઠ લાખ વીસ હજાર ધરતીપુત્રોને માર્ગદર્શન આપવામાં આવ્યું છે. આદિજાતિ વિસ્તાર અને રાજ્યમાં છેક છેવાડાના જિલ્લા ડાંગને ૧૦૦ ટકા પ્રાકૃતિક ખેતીયુક્ત જિલ્લો બનાવી દીધો છે.

વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન અને પ્રેરણાથી પ્રાકૃતિક ખેતીની દિશામાં આપણે જેટલા આગળ વધીશું તેટલા ખેડૂત અને ખેતી સમૃદ્ધ થશે - આત્મનિર્ભર બનશે એમ જણાવતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે 'વોકલ ફોર લોકલ'ના મંત્ર સાથે પ્રાકૃતિક ખેતીથી ઉત્પન્ન થયેલું અન્ન અને ઉત્પાદનો વિશ્વ સમક્ષ પહોંચાડી ભારતને જગતગુરુ બનાવવાની નેમ સાકાર થશે.

શ્રી નરેન્દ્રભાઈએ વર્ષ ૨૦૧૯માં સ્વાતંત્ર્ય દિવસે લાલ કિલ્લા પરથી આપણને પ્રાકૃતિક ખેતી તરફ વળવાનું આહ્વાન કર્યું હતું. આઝાદીનો અમૃત મહોત્સવ આપણે તેમના નેતૃત્વમાં ઊજવી રહ્યા છીએ ત્યારે ખેડૂતો પોતાના ખેતરમાં રાસાયણિક ખાતરોનો ઉપયોગ ઓછો કરી ખેતીને પણ અમૃતમય બનાવે તેવા સ્વપ્નને સાકાર કરવા સૌ કોઈ આગળ આવે તે જરૂરી છે.

કેન્દ્રીય કૃષિમંત્રી શ્રી નરેન્દ્રસિંહ તોમરે જણાવ્યું હતું કે, ગુજરાતની ભૂમિ પ્રેરણાદાયી છે. આ ધરતી પર ગાંધીજીએ જન્મ લીધો હતો અને તેમણે દેશની આઝાદીની રાહ કંડારી હતી. આ જ ભૂમિના રત્ન સરદાર સાહેબે દેશી રાજ્યોને એક કરી ભારતને અખંડ બનાવ્યું હતું. હવે ગુજરાતના જ પનોતા પુત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સમગ્ર ભારતને વિકાસની નવી રાહ આપી છે. આ વાતની સાબિતી વારાસણી સ્થિત ભગવાન શ્રી કાશી વિશ્વનાથ મંદિરનું પુનઃનિર્માણ, કાયાકલ્પ કરીને આપી છે. સામાન્ય રીત આપણા મકાનનું કામ પૂર્ણ થાય પછી તેમાં કામ કરતા શ્રમિકોને આપણે મહેનતાણું આપીને ભૂલી જઈએ છીએ. પણ વડાપ્રધાનશ્રીએ કાશી વિશ્વનાથ મંદિરના પુનઃનિર્માણ સાથે જોડાયેલા શ્રમિકોને ફૂલથી વધાવી તેમની સાથે ભોજન લીધું હતું. તેમની રાહબરીમાં નવા ભારતનું નિર્માણ થઈ રહ્યું છે. ગામ, ગરીબ અને ખેડૂતના કલ્યાણ માટે તેઓ સતત કાર્યરત છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દેશના ગરીબોના કલ્યાણ માટે સદૈવ ચિંતિત છે એમ કહેતાં શ્રી તોમરે જણાવ્યું કે, કોવિડના કપરા કાળમાં દેશના વંચિતો અને ગરીબોને કેન્દ્ર સરકાર દ્વારા રૂ. ૧.૬૦ લાખ કરોડનું અનાજ વિનામૂલ્યે આપવામાં આવ્યું છે.

ગુજરાતની પહેલાંની સ્થિતિ અંગે આપણે સૌ સારી રીતે વાકેફ છીએ કે અહીં ખેતી માટે પાણી કે વીજળી નહોતી. પીવાના પાણીની પણ ભારે સમસ્યા હતી. ખેડૂતોની હાલત ખરાબ હતી, પણ તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ ગુજરાતની આ સ્થિતિમાં આમૂલ પરિવર્તન લાવ્યા. તેમણે ભગીરથ કાર્ય કરીને સિંચાઈ માટે પાણીની ઉપલબ્ધતા સાથે વીજળીની વ્યવસ્થા કરી હતી. આજે ગુજરાતની જમીન અને ખેડૂત સમૃદ્ધ બન્યાં છે. એટલું જ નહિ, પશુપાલકો અને સાગર ખેડૂઓ માટે પણ આયોજનબદ્ધ પગલાં લેવામાં આવ્યાં હતાં. શ્રી મોદીની સંવેદનશીલતાનો પરિચય ત્યાં મળે છે કે ગુજરાતમાં દુધાળા પશુઓના પણ આંખના મોતિયાના ઑપરેશન કરવામાં આવે છે.



પીએમ કિસાન સન્માન નિધિ અંતર્ગત ૧૧.૩૦ કરોડ ખેડૂતોને રૂ. ૧.૬૦ લાખ કરોડની સહાય તેના બૅન્ક ખાતામાં જમા કરવામાં આવી છે. કૃષિકારોને રૂ. ૧૬ લાખ કરોડનું પાકધિરાણ આપવામાં આવ્યું છે. દસ હજાર એફપીઓને રૂ. ૬૫૦૦ કરોડની સહાય કરવાની જોગવાઈ કરીને ખેડૂતો માટે પ્રાકૃતિક ખેતી, ટેક્નોલૉજી, પાક વિવિધતા અને બજાર સાથે જોડાણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આત્મનિર્ભર ભારત અભિયાન હેઠળ ભારત સરકાર દ્વારા કૃષિ ક્ષેત્રમાં આંતર માળખાકીય સુવિધા ઊભી કરવા રૂ. દોઢ લાખ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. તેનાથી દેશની કૃષિમાં આમૂલ પરિવર્તન આવશે, એવો દૃઢ વિશ્વાસ શ્રી તોમરે અંતે વ્યક્ત કર્યો હતો.

મુખ્ય સચિવ શ્રી પંકજ કુમારે જણાવ્યું કે વડાપ્રધાનશ્રીના આત્મનિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરવા ગુજરાત પ્રતિબદ્ધ બન્યું છે. આત્મનિર્ભર ભારત માટે કૃષિ અને કૃષિકારો આત્મનિર્ભર બને તે જરૂરી છે.

ગુજરાતે વડાપ્રધાનની પ્રેરણાથી આગવી પહેલ કરી કૃષિ અને ખાદ્ય પ્રસંસ્કરણ એગ્રી પ્રિ વાઈબ્રન્ટ સમિટનું આયોજન આણંદમાં કરાયું હતું. જેમાં ૧૭ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશો સહિત જર્મની, ફ્રાન્સ અને અમેરિકાની સંસ્થાઓ




**આણંદમાં પ્રિ - વાઈબ્રન્ટ ગુજરાત સમિટના ભાગરૂપે પ્રાકૃતિક ખેતી અંગેનો રાષ્ટ્રીય સેમિનાર યોજાયો હતો. જે અંતર્ગત રાજ્યભરમાં મંત્રીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, બોર્ડ નિગમના ચૅરમૅનશ્રીઓની ઉપસ્થિતિમાં જિલ્લા કક્ષાના કાર્યક્રમો યોજાયા હતા. જેની આછેરી ઝલક અત્રે પ્રસ્તુત છે...**

અને તજજ્ઞો જોડાયા હતા. જેમાં પ્રાકૃતિક ખેતી અંગે સકારાત્મક ચર્ચા-વિચારણા કરવામાં આવી છે. આણંદમાં ૭૨૦૦ વર્ગ મીટરમાં યોજાયેલા કૃષિ પ્રદર્શનમાં ૩૦૦ જેટલા સ્ટૉલ ઊભા કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ગુજરાતના કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ, રાજ્યમંત્રી સર્વ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, મુકેશભાઈ પટેલ, દેવાભાઇ માલમ, બિહારના કૃષિ મંત્રી શ્રી અમરેન્દ્ર પ્રતાપ સિંઘ, ત્રિપુરાના સહકાર મંત્રી શ્રી રામપ્રસાદ પોલ અને પશુપાલન મંત્રી શ્રી ભગબાન દાસ, સાંસદ શ્રી મિતેશભાઈ પટેલ, ધારાસભ્યશ્રીઓ, પદાધિકારીશ્રીઓ, ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝના એમડી શ્રી મહેશ સિંઘ, કેન્દ્રીય સહકાર સચિવ શ્રી ડી. કે. સિંઘ, રાજ્યના કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગના સચિવ શ્રી મનીષ ભારદ્વાજ, સહકાર વિભાગના સચિવ શ્રી નલિન ઉપાધ્યાય, સહકાર રજિસ્ટ્રાર શ્રી દેવાંગ દેસાઈ, સંશોધન વૈજ્ઞાનિક સર્વ શ્રી ડૉ. બલજિત સિંઘ, ટી. વિજય કુમાર, રાજેશ્વર ચંડેલ, કલેક્ટર શ્રી મનોજ દક્ષિણી, કેન્દ્ર અને રાજ્ય સરકારના અધિકારીઓ તથા ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

## વડોદરા

આણંદમાં યોજાયેલ પ્રિ - વાઈબ્રન્ટ ગુજરાત સમિટ કાર્યક્રમમાં વર્ચ્યુઅલી જોડાઈ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સંબોધન કર્યું હતું. આ કાર્યક્રમના ભાગરૂપે વડોદરામાં શિક્ષણમંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ ઉપસ્થિત રહી જણાવ્યું હતું કે પ્રાકૃતિક ખેતી અપનાવવા માટે આણંદ ખાતે વિશેષ કાર્યક્રમ યોજાયો તે ભારતના ઇતિહાસમાં સુવર્ણદિન છે. દેશભરના ૮ કરોડથી વધુ ખેડૂતો આ કાર્યક્રમમાં જોડાયા. ખેતીની પદ્ધતિ પરિવર્તન લાવી, પ્રાકૃતિક ખેતી અપનાવીએ અને રાસાયણિક ખાતરથી થતાં નુકસાનને બચાવવા માટે સર્વે કૃષિકારોનો સહકાર જરૂરી છે. પ્રાકૃતિક ખેતીમાં ગુજરાત ગૌરવવંતુ સ્થાન પામે તે માટે વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવે અને દેશી ગાય આધારિત ખેતી અપનાવીએ. ડાંગ જિલ્લો પ્રાકૃતિક ખેતી કરતો જિલ્લો જાહેર કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી અશોકભાઈ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડૉ. રાજેન્દ્રભાઈ પટેલ, ડૉ. વિજયભાઈ શાહ અને મહાનુભાવો સહિત નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.



## મહેસાણા



એગ્રી પ્રિ - વાઈબ્રન્ટ હેઠળ 'નેચર ફાર્મિંગ' અંગેના નૅશનલ કૉન્ક્લેવ અંતર્ગત મહેસાણામાં જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં રાજ્યના આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે પ્રાકૃતિક ખેતી થકી ભાવિ પેઢીને શુદ્ધ હવા, પાણી અને જમીન આપવાનું ભગીરથ કાર્ય ખેડૂતોએ કરવાનું છે. ખેડૂતોની આવક બમણી થાય તે દિશામાં સરકાર દ્વારા વિવિધ યોજનાકીય કાર્યો કરાઇ રહ્યાં છે, જેનો મહત્તમ લાભ ખેડૂતોને મળ્યો છે.

દેશના વડાપ્રધાનશ્રીએ તેમના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળમાં રાજ્યમાં શરૂ કરાવેલા કૃષિ મહોત્સવનાં મીઠાં ફળ ખેડૂતોને મળ્યાં છે. રાજ્યનો સર્વાંગી અને સમતોલ વિકાસ થાય તે માટે કૃષિક્ષેત્રે હરિયાળી ક્રાંતિ માટે સરકારે કામ કર્યું છે. 'Lab To Land'ના સૂત્રની પરિપાટી પર ચાલીને વિવિધ બિયારણોના લૅબમાં નિષ્ણાતો દ્વારા સંશોધનો કરાવીને રાજ્યભરના ખેડૂતો સુધી પહોંચતાં કર્યાં છે. આ તમામ પ્રયાસોના પરિણામે અગાઉ કરતાં ગુજરાતમાં આજે ખેત ઉત્પાદનમાં વધારો થયો છે. રાસાયણિક ખાતરના વધુ વપરાશના ઉપયોગથી લોકોનું તંદુરસ્ત શરીર નાદુરસ્ત બન્યું છે. આગામી સમયમાં તંદુરસ્ત રાષ્ટ્રના નિર્માણમાં પ્રાકૃતિક ખેતી એ આજના સમયની તાતી જરૂરિયાત છે.

## નવસારી

પ્રાકૃતિક ખેતી તરફ રાજ્ય અને દેશના ખેડૂતો આગળ આવી રહ્યા છે તે ખૂબ આનંદની વાત હોવાનું જણાવતાં આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઇ પટેલે કહ્યું હતું કે, રાસાયણિક ખાતરનો વધુ



પડતો ઉપયોગ કરવાથી જમીન બિનઉપજાઉ બની જાય છે. રાસાયણિક ખાતરનો ઉપયોગ બંધ કરી ખેડૂતોને પ્રાકૃતિક ખેતી કરી ખેત ઉત્પાદન વધારવા આહ્વાન કર્યું હતું. રાજ્ય સરકાર દ્વારા આપવામાં ખેતીલક્ષી સાધન સહાય, સબસિડીનો લાભ લઈ જિલ્લાના તમામ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી કરવા અનુરોધ કર્યો હતો.

## નડિયાદ



ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામવિકાસ મંત્રી શ્રી અર્જુનસિંહ ચૌહાણે નડિયાદ ખાતે ઉપસ્થિતિ રહી ખેડૂતોને સંબોધન કરતાં જણાવ્યું હતું કે પ્રાકૃતિક ખેતી દ્વારા સમગ્ર સૃષ્ટિના બચાવનું અદભૂત કાર્ય થાય છે. સરકાર ખેડૂતોની તકલીફોને દૂર કરવા સતત પ્રયત્નશીલ છે. ખેડૂતમિત્રોને દર ત્રણ માસે આર્થિક સહાય આપી પૂરક બનવાનો પ્રયત્ન કરે છે, તો નવી નવી ટેક્નોલૉજીનો ઉપયોગ અને તાલીમ વર્ગો દ્વારા જાણકારી પણ આપી રહી છે, પરંતુ સમગ્ર જીવસૃષ્ટિ અને પર્યાવરણને ધ્યાનમાં રાખી હજી ઘણું કામ કરવાનું છે. આના માટે પ્રાકૃતિક ખેતી સરળ અને ઉત્તમ ઉપાય છે. દેશી ગાયનો નિભાવ કરતા જિલ્લાના ૨૨૦૦ જેટલા પશુપાલકોને રૂપિયા ચાર કરોડની સહાય ચૂકવવામાં આવી છે.

## મોરબી

ગુજરાત સરકારના કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા આણંદમાં કૃષિ પ્રિ - વાઈબ્રન્ટ સમિટ યોજવામાં આવી છે. જે અંતર્ગત પ્રાકૃતિક ખેતી અંગેના રાષ્ટ્રીય સેમિનારના મોરબી જિલ્લા કક્ષાનો કાર્યક્રમ શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર, રાજ્ય



મંત્રી શ્રી બ્રિજેશભાઇ મેરજાની ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ગુજરાત સરકારે ડાંગ જિલ્લાને પ્રાકૃતિક જિલ્લો જાહેર કર્યો છે. આ દિશામાં મોરબી જિલ્લો આગળ વધશે તેવી અપેક્ષા અને આશા છે.

## સુરત



'વાઈબ્રન્ટ ગુજરાત-૨૦૨૨'ને અનુલક્ષીને 'પ્રિ-વાઈબ્રન્ટ ગુજરાત સમિટ' અંતર્ગત આણંદ ખાતે પ્રાકૃતિક ખેતી અંગેનું રાષ્ટ્રીય સંમેલન યોજાયું હતું. જે સંદર્ભે બારડોલીમાં યોજાયેલા જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં આદિજાતિ વિકાસ અને આરોગ્ય રાજ્યમંત્રી શ્રીમતી નિમિષાબહેન સુથારે જણાવ્યું હતું કે ખેતીમાં રાસાયણિક ખાતરો અને ઝેરી કીટનાશક દવાઓનો ઉપયોગ વધતાં જમીનમાં રહેલા કૃષિમિત્ર જીવજંતુઓનો નાશ, ઉત્પાદનખર્ચમાં વધારો અને જમીનની ફળદ્રુપતા પણ ઘટે છે. ઉપરાંત રાસાયણિક ખાતરથી ઉત્પન્ન થતા અનાજના ઉપયોગથી માનવ બીમારીઓનું પ્રમાણ વધ્યું છે અને પશુપક્ષીઓ માટે જીવનું જોખમ ઊભું થાય છે. આ સંજોગોમાં હવે જમીનની ફળદ્રુપતામાં વધારો થાય તેમ જ 'કેમિકલ ફ્રી' અનાજનું ઉત્પાદન થાય તે સમયની માગ છે.

## રાજકોટ

રાજકોટના જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં ઉપસ્થિત રહી વાહનવ્યવહાર, પ્રવાસન મંત્રી શ્રી અરવિંદભાઈ રૈયાણીએ પોતે ખેડૂતપુત્ર હોવાનું ગૌરવ અનુભવતા હોવાનું જણાવી કહ્યું હતું કે ખેડૂતોની સમૃદ્ધિ માટે પ્રાકૃતિક ખેતીની આવશ્યકતાની દિશામાં સરકાર આગળ વધી રહી છે, જેથી રાસાયણિક પાકના બદલે કુદરતી ખોરાક આપણે ખાઈ શકીશું. ખેતીવાડી સાથે બહેનો પશુપાલન કરી પૂરક રોજગારી પણ મેળવી શકે છે.

આ તકે ધારાસભ્ય શ્રી લાખાભાઈ સાગઠિયા, કલેક્ટર શ્રી અરુણ મહેશ બાબુ, ઈનચાર્જ જિલ્લા વિકાસ અધિકારી શ્રી





જે.કે.પટેલ, પ્રાંત અધિકારી શ્રી સિદ્ધાર્થ ગઢવી, ખેતીવાડી અધિકારી સર્વશ્રી પી. પી. મારવાડિયા, એ. એલ. સોજીત્રા, જે. સી. સતાસિયા તથા મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

## બનાસકાંઠા

દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે શિક્ષણ રાજય મંત્રી શ્રી કીર્તિસિંહ વાઘેલાની ઉપસ્થિતિમાં જિલ્લા કક્ષાનું પ્રાકૃતિક કૃષિ સંમેલન યોજાયું હતું. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે પ્રાચીન યુગથી આપણે પ્રાકૃતિક ખેતી સાથે જોડાયેલા હતા. આઝાદી પછી હરિયાળીક્રાંતિ અને શ્વેતક્રાંતિ લાવવામાં વધારે પડતાં રાસાયણિક ખાતરો અને દવાઓના ઉપયોગથી ફાયદાઓની સાથે નુકસાન પણ થયું છે. રાસાયણિક ખાતરોના આડેધડ ઉપયોગના લીધે માણસના સ્વાસ્થ્ય પર પણ વિપરીત અસરો પડી છે. રાસાયણિક ખાતરો અને દવાઓના બેફામ ઉપયોગથી કૃષિ ઉત્પાદન ક્ષેત્રે દેશમાં પ્રથમ ગણાતા પંજાબ રાજ્યમાં કેન્સર જેવી બીમારીઓનું પ્રમાણ પણ વધ્યું છે. ●



# પ્રાકૃતિક ખેતી દ્વારા સહકારી ક્ષેત્રનો નવા યુગમાં પ્રવેશ



**વાઈબ્રન્ટ ગુજરાત થકી રોકાણકારોને આકર્ષી રાજ્યની સુખ અને સમૃદ્ધિને નવી દિશામાં લઈ જવાનો માર્ગ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રશસ્ત કર્યો છે : કેન્દ્રીય મંત્રી શ્રી પરસોત્તમભાઈ રૂપાલા**

કૃષિકારોની આર્થિક સમૃદ્ધિ અને સુગમતા માટે કૃષિ વૈજ્ઞાનિકો નૂતન આવિષ્કાર કરે એ સાંપ્રત સમયની માગ છે.

નૂતન આવિષ્કાર રૂપે જૈવિક ખેતી કરતાં પ્રાકૃતિક ખેતી વધુ અસરકારક છે. જૈવિક ખેતીમાં બહારના દેશોમાંથી લવાતાં અળસિયાં ભારતીય આબોહવામાં જીવી શકતાં નથી અને તે માત્ર લાકડાં જ ખાય છે. માટી ખાતાં નથી એટલે ખેતી માટે કામ આવી શકતાં નથી. આવું હરિયાણાના કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા થયેલાં સંશોધનોથી ફલિત થયું છે. તેની સામે પ્રાકૃતિક ખેતી પદ્ધતિ સરળ અને અસરકારક છે.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે પ્રિ - એગ્રી સમિટના પ્રારંભે જણાવ્યું હતું કે ગુજરાતની પાવન ધરતીએ સમય સમયે દેશને નેતૃત્વ પૂરું પાડ્યું છે. આદિકાળથી લઈ આઝાદીના જંગમાં પૂ. મહાત્મા ગાંધી અને સરદારસાહેબે પોતાનું અનન્ય યોગદાન આપ્યું હતું. વર્તમાનમાં પણ દેશના સર્વાંગી વિકાસ માટે રાત-દિવસ પરિશ્રમની પરાકાષ્ઠા સર્જીને મહેનત કરતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પણ આ જ ધરતીનું સંતાન છે.

ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલા વાઈબ્રન્ટ ગુજરાત સમિટ રાજ્યના ઔદ્યોગિક વિકાસ સાથે વિવિધ ક્ષેત્રોમાં રોકાણકારો અને લોકો માટે નવો માર્ગ પ્રશસ્ત કર્યો છે.

આ અવસરે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત તથા મહાનુભાવોએ પોરબંદર જિલ્લાના ખાપટમાં કૃષિ કૉલેજ, નવસારીમાં ફિશરીઝ કૉલેજના ભવન સહિત મહેસાણા જિલ્લાના સુંશી અને વલસાડ જિલ્લાના ચણવાઈમાં સેન્ટ્રલ ઑફ એક્સલેન્સનું ઈ-લોકાર્પણ, પાટણમાં કૃત્રિમ બીજ દાન લૅબનું લોકાર્પણ કરવા સાથે આણંદ કલેક્ટર કચેરી દ્વારા પ્રાકૃતિક ખેતી માટે તૈયાર કરવામાં આવેલી વેબ સાઈટનું લૉન્ચિંગ કર્યું હતું.

રાજ્યપાલશ્રીએ આત્મનિર્ભર ફાર્મસ ઑફ ગુજરાત : રોડ મેપ - ૨૦૩૦, આણંદ કૃષિ યુનિવર્સિટી ઍટ અ ગ્લાન્સ,શ્વેતક્રાંતિ ક્ષેત્રે અગ્રેસર ગુજરાત અને સહકાર વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલ ગર્વિત સહકારી ક્ષેત્ર વિષયક પુસ્તિકાઓનું વિમોચન કર્યું હતું.




## આણંદમાં રૂપિયા ૨૩૫૯ કરોડના સમજૂતી કરારો થયા

***આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે યોજાયેલી પ્રિ-વાઇબ્રન્ટ સમિટમાં રાજ્યના કૃષિ ક્ષેત્રમાં રોકાણો માટે રૂ. ૨૩૫૯ કરોડના સમજૂતી કરારો કરવામાં આવ્યા હતા. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત, કેન્દ્રીય ડેરી મંત્રી શ્રી પરસોતમભાઈ રૂપાલા તથા મહાનુભાવોની ઉપસ્થિતિમાં થયેલા સમજૂતી કરારોની વિગત...***

- *આમાન્યા ઓર્ગેનિક પ્રા. લિ. દ્વારા ૧૫૦ કિલો લિટર પ્રતિદિન ક્ષમતા માટે ઇથેનોલ પ્લાન્ટ માટે રૂ. ૧૯૨ કરોડના સમજૂતી કરાર.*
- *ઇસ્કોન બાલાજી ફૂડ દ્વારા હિંમતનગરમાં સ્નેકના ઉત્પાદન માટે ફ્રોઝન પોટેટો બેઇઝ પ્લાન્ટ માટે રૂ. ૫૦૦ કરોડના સમજૂતી કરાર.*
- *ગાંધીનગરમાં એગ્રી પ્રોડ્યુસ ગ્રીન ઈ-કોમર્સ પ્રોજેક્ટ માટે રૂ. ૨૦૦ કરોડના સમજૂતી કરાર.*
- *DAPS ઇન્ફ્રા પ્રા. લિ. ૧૫૦ કિલોલિટર ક્ષમતાના પ્લાન્ટ માટે રૂ. ૧૯૨ કરોડ.*
- *પારસ સ્પાઇસીસ દ્વારા રાજકોટ ખાતે રૂ. ૧૦૦ કરોડના ખર્ચથી ડીહાઇડ્રેશન, પેક હાઉસ, સોટેક્ષ અને સ્પાઇસ ગ્રાઇન્ડિંગ માટે કરાર*
- *યુપીએલ દ્વારા રૂ. ૫૦૦ કરોડના ખર્ચથી દહેજમાં ૫૦૦ કિલોલિટર પ્રતિદિનની ક્ષમતાના ઇથેનોલ પ્લાન્ટ માટે કરાર*
- *સેન્ટ્રલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ બ્રેકીસ વૉટર એન્ડ એગ્રિકલ્ચર દ્વારા માળખાગત સુવિધા માટે રૂ. ૨૫ કરોડ. લુના કેમિકલ્સ પ્રા. લિ. દ્વારા પ્રતિદિન ૫૦૦ કિલોલિટર ક્ષમતાના ઇથેનોલ પ્રોજેક્ટ માટે રૂ. ૬૫૦ કરોડના સમજૂતી કરાર.*
- *રાજ્યમાં ચોખા અને મકાઈમાંથી ઇથેનોલ પ્લાન્ટ સ્થાપવા માટે કરાર.*

આ તકે કેન્દ્રીય મંત્રી શ્રી પરસોત્તમભાઈ રૂપાલાએ કહ્યું કે વાઈબ્રન્ટ ગુજરાતનું આ દસમું સંસ્કરણ નવી ઊંચાઈ સ્થાપિત કરશે. વાઈબ્રન્ટ ગુજરાત થકી રોકાણકારોને આકર્ષી રાજ્યની સુખ અને સમૃદ્ધિને નવી દિશામાં લઈ જવાનો માર્ગ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ પ્રશસ્ત કર્યો છે. રોકાણકારો, નીતિ-નિર્ધારકો અને ઉપભોક્તાને એક છત્ર નીચે લાવવામાં વાઈબ્રન્ટ ગુજરાત સફળ રહ્યું છે.

આત્મનિર્ભર ભારત યોજના હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા રૂ. એક લાખ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. કૃષિ, ડેરી અને પશુપાલન ક્ષેત્રમાં નવા પ્રયોગો અને સંશોધન કરવા માટે સરકાર સતત પ્રોત્સાહન આપી રહી છે. રોકાણકારો અને કૃષિકારોએ તેનો લાભ લેવો જોઈએ. મત્સ્ય ઉદ્યોગ અને ઘાસચારા માટે નવપ્રવર્તન કરવા અને ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપવા ૫૦ ટકા કેપિટલ સબસિડી આપવામાં આવે છે. એક જ ઉદ્યોગ માટે બંને યોજનાનો લાભ લઈ શકાય છે. શ્રી રૂપાલાએ કહ્યું હતું કે ગુજરાતમાં ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગમાં વિપુલ તકો રહેલી છે. વૅલ્યુ ઍડિશન સાથે પ્રોસેસિંગ અને પૅકેજિંગ તથા માર્કેટિંગ બાબતમાં સરકાર દ્વારા ઉદાત્તભાવે સહાય કરવામાં આવે છે. તેનો લાભ ખેડૂતોએ લેવો જોઈએ. તેમણે કેન્દ્ર સરકારની વિવિધ યોજનાની માહિતી આપી હતી.

કૃષિમંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે ગુજરાતમાં વાઈબ્રન્ટ ગુજરાત સમિટના કારણે રોકાણો વધતાં સમૃદ્ધિ અને જનસુખાકારીમાં વધારો થયો છે. રોજગારીની તકો વધારે ઉજ્જવળ બની છે. એના કારણે જ દેશમાં સૌથી વધુ રોજગારી ગુજરાત રાજ્ય પૂરી પાડી રહ્યું છે. જે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની



## આણંદ ખાતે કૃષિ પ્રદર્શનને ખુલ્લું મૂકતા રાજ્યપાલશ્રી

*રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કેન્દ્રીય મંત્રી શ્રી પરસોત્તમભાઈ રૂપાલા, રાજ્યના કૃષિમંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલની ઉપસ્થિતિમાં આણંદ કૃષિ યુનિવર્સિટીના સ્પોર્ટ્સ મેદાનમાં યોજવામાં આવેલા એગ્રો એન્ડ ફૂડ પ્રોસેસિંગ, ફ્લેક્સી બાયોગેસ કૃષિ ક્રોન ટેક્નોલોજીના પ્રદર્શનને ખુલ્લું મૂક્યું હતું.*

*રાજયપાલશ્રીએ વિવિધ સ્ટોલની મુલાકાત લઈ પ્રદર્શનનું નિરીક્ષણ કરી અદ્યતન ટેક્નોલોજીની જાણકારી મેળવી હતી. આ પ્રદર્શનમાં અદ્યતન કૃષિ અંગેની જાણકારી આપતાં વિવિધ પ્રકારના ૩૦૦થી વધુ પ્રદર્શન-સ્ટોલો ઊભા કરવામાં આવ્યા છે. જેમાં ખાસ કરીને પ્રાકૃતિક, જૈવિક ખેતી, ડેરી પશુપાલન, મત્સ્ય પાલન, તેમ જ કૃષિ વિષયક વિવિધ આધુનિક યંત્રસામગ્રી અને પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોના સ્ટોલો પ્રદર્શિત કરવામાં આવ્યા છે. ગોબર ગેસ પ્લાન્ટનું પ્રદર્શનમાં નિદર્શન કરવામાં આવ્યું છે. આ પ્રદર્શનને ખેડૂતોએ પણ નિહાળી કૃષિ વિષયક અદ્યતન ટેક્નોલોજીની જાણકારી મેળવી હતી.*

દેન છે. રાજ્ય સરકાર દ્વારા કૃષિના સર્વાંગી વિકાસ તથા ખેડૂતોના કલ્યાણ માટે અનેક પગલાં લેવામાં આવ્યાં છે. જળ સંચય, ખાતર અને વીજળીની સુલભતા ઉપરાંત યોજનાકીય લાભોના પ્રદાનથી ખેડૂતોની આવક બમણી કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. લો કોસ્ટ ખેતી અને પ્રાકૃતિક ખેતીને સરકાર દ્વારા પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

સહકાર રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ કહ્યું હતું કે ગુજરાતે વિકાસના તમામ ક્ષેત્રોમાં સમગ્ર દેશ અને વિશ્વને દિશા બતાવી છે. ગુજરાતનું સહકારી માળખું દેશભરમાં મોખરે છે. આઝાદીનાં ૭૦ વર્ષ બાદ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સહકારિતા વિભાગ શરૂ કર્યો છે. સહકાર દ્વારા જ ખેડૂતો સમૃદ્ધિના માર્ગ તરફ આગળ વધશે એવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

અમૂલના સ્થાપક ત્રિભુવનદાસ પટેલે બે મંડળીથી શરૂ કરેલ દૂધ ઉત્પાદક સહકારી દૂધ મંડળીઓની સંખ્યા આજે ૧૭ હજારે પહોંચી છે. જેમાં ૩૫ લાખથી વધુ સભાસદો છે. અમૂલ આજે વૈશ્વિક બ્રાન્ડ બની ચૂકી છે. અમૂલ એ સમગ્ર દેશમાં સહકારિતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

કૃષિ રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે સમગ્ર દેશના ખેડૂતોની આવક વર્ષ-૨૦૨૨ સુધીમાં બમણી થાય તે માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર સર્વગ્રાહી પગલાં લઈ રહી છે. ગુજરાતમાં હવે મકાઈ અને ચોખામાંથી ઈથેનોલ બનાવવા માટેના સમજૂતી કરાર આ સમિટમાં કરવામાં આવ્યા છે. રાજ્યના ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટે ગામડાઓમાં કૃષિનિષ્ણાતો દ્વારા વ્યાપક સમજ આપવામાં આવશે.

આ પ્રસંગે રાજ્ય મંત્રી શ્રી જિતુભાઈ ચૌધરી, શ્રી દેવાભાઈ માલમ, ત્રિપુરાના ગૃહમંત્રીશ્રી રામપ્રસાદ પૌલ, શ્રમમંત્રીશ્રી ભગબાન ચંદ્ર દાસ, બિહારના કૃષિમંત્રીશ્રી અમરેન્દ્ર પ્રતાપ સિંહ, કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગના સચિવ શ્રી મનીષ ભારદ્વાજ, સહકાર વિભાગના સચિવ શ્રી નલિન ઉપાધ્યાય, કેન્દ્ર રાજ્ય સરકારના ઉચ્ચ અધિકારીઓ, પદાધિકારીઓ, કૃષિ વૈજ્ઞાનિકો, પ્રગતિશીલ ખેડૂતો, કૃષિનિષ્ણાતો સહિત વિશાળ સંખ્યામાં ખેડૂતો હાજર રહ્યા હતા. ●

# ભારતમાં ફૂડ અને એગ્રો ઇન્ડસ્ટ્રીઝમાં રોકાણની વિપુલ તકો




આણંદ કૃષિ યુનિવર્સિટીમાં વાઈબ્રન્ટ ગુજરાત સમિટ - ૨૦૨૨ના ભાગરૂપે યોજાયેલ એગ્રી પ્રિ - ઈવેન્ટ એગ્રો અને ફૂડ પ્રોસેસિંગ સમિટના બીજા દિવસે એગ્રો પ્રોસેસિંગ ઍન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ચૅલેન્જ ઍન્ડ પ્રોટેન્શિયલ વિષયક જ્ઞાન સત્રમાં એગ્રિકલ્ચર ઍન્ડ પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ એક્સપૉર્ટ ડેવલપમેન્ટ ઑથૉરિટી (અપેડા)ના નિર્દેશક શ્રી તરુણ બજાજે મહત્ત્વપૂર્ણ જાણકારી આપતાં કહ્યું કે પાછલાં વર્ષોમાં કોરોના હોવા છતાં સરકારે ફૂડ અને એગ્રો ઈન્ડસ્ટ્રીઝને કોઈ પ્રૉબ્લેમ આવવા દીધો નથી. જરૂર પડી ત્યાં ખાસ ટ્રેન ચલાવવામાં આવી હતી અને લૉજિસ્ટિક માટે વિમાનોનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો. ગયા વર્ષે આ ઉદ્યોગ ૨૯ ટકાના દરથી વૃદ્ધિ પામ્યો હતો. આપણા દેશમાં ફૂડ ઍન્ડ એગ્રો ક્ષેત્રમાં રોકાણ માટે વિપુલ શક્યતા રહેલી છે.

ફૂડ ઍન્ડ એગ્રો સેક્ટરનું નિકાસમાં યોગદાન જોઈએ તો તેમાં ભારત નવમું સ્થાન ધરાવે છે. જ્યારે આયાત કરવામાં ૧૨મું સ્થાન છે. સમગ્ર વિશ્વમાં કુલ નિકાસમાં ભારતની હિસ્સેદારી ૨.૧ ટકા છે. એ જ પ્રકારે આયાતમાં ૧.૧ ભાગીદારી છે. નિકાસ વધારવા માટે કેન્દ્ર સરકાર દ્વારા કેટલાક મહત્ત્વપૂર્ણ કદમ લેવામાં આવી રહ્યાં છે. નવી માર્કેટ સાથે જોડાણ કરવા પ્રયાસો ચાલી રહ્યા છે.

હાલમાં ખેડૂતને જમીનના સાપેક્ષમાં ઊપજ ઓછી છે અને ખેત ઉત્પાદનોની પડતર ઊંચી આવે છે. આ માટે જમીનનો મહત્તમ ઉપયોગ કરીને ટેક્નોલૉજીના સમન્વયથી આ સમસ્યાનો ઉકેલ લાવવાનો પ્રયાસ થઇ રહ્યો છે. હવે નિકાસની માગ હોય એવાં ફળો અને શાકભાજીની વિવિધતા વધારવાની જરૂરત છે. આપણે યુરોપિયન યુનિયનના માપદંડો પ્રમાણેના ખેત ઉત્પાદન કરવાં પડશે. માર્કેટ એક્સેસ વધારવી પડશે. ભારતમાં આ ક્ષેત્ર માટે વિકાસનું એકદમ અનુકૂળ વાતાવરણ છે.

ભારત સરકારના ફૂડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીઝના ખાસ સચિવ શ્રી મનોજ જોષીએ જણાવ્યું કે ફળ અને ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રે ગુજરાતમાં વ્યાપક શક્યતાઓ રહેલી છે. ગુજરાતમાં બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં બટાકાનું મહત્તમ ઉત્પાદન થાય છે. સમગ્ર દેશમાં ગુજરાતમાં બટાકાનું ૩૦ ટકા પ્રોસેસિંગ થાય છે. ગુજરાતે ખેડૂતોના સહયોગથી બટાકાના પ્રોસેસિંગ માટે આધુનિક પ્લાન્ટ ઊભા કર્યા છે.

ગુજરાતમાં સૌરાષ્ટ્રની કેસર કેરી અને ભાવનગર, અમરેલી જિલ્લામાં ઉત્પાદિત થતી સફેદ ડુંગળી, કચ્છની ખારેકની નિકાસની પણ વિપુલ તકો રહેલી છે. આ માટે કેન્દ્ર સરકાર દ્વારા એફ.પી.ઓ.ને પોતાની ખેતપેદાશોના નિકાસ માટે કિસાન રેલ દ્વારા સહયોગ આપવામાં આવી રહ્યો છે. દેશના ખેડૂતોને પોતાના માલની નિકાસ માટે ઑપરેશન ગ્રીન યોજના હેઠળ ૫૦ ટકા સબસિડી આપવામાં આવે છે. પ્રધાનમંત્રી ફોર્મમેશન યોજના હેઠળ રૂ. ૧૦ હજાર કરોડ અને પીએલઆઇ હેઠળ રૂ. ૧૦,૯૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

એગ્રી બિઝનેસ કન્સલ્ટન્ટ તરીકે વૈશ્વિક સ્તરે કાર્યરત શ્રી ગાથ અકીનસન વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયા હતા. તેમણે જણાવ્યું કે વૈશ્વિક સ્તરે એગ્રો પ્રોસેસ સેક્ટર તીવ્ર સ્પર્ધાત્મક બન્યું છે, ત્યારે આ બાબતે પુરવઠા કેન્દ્રિત અપ્રોચને સ્થાને માર્કેટ કેન્દ્રિત અપ્રોચની જરૂર છે. ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કૉર્પોરેશનના મૅનેજિંગ ડિરેક્ટરશ્રી મહેશ સિંઘે જણાવ્યુ કે ખેત ઉત્પાદન પર પ્રક્રિયા કરવા સહિત ક્ષેત્રમાં નવી ટેક્નોલૉજીનો અમલ કરવા સહિત અનેકવિધ પડકારો છે. અથાણાં ઉપરાંતની વાનગીઓ બનાવવાની પ્રક્રિયા એ ફૂડ પ્રોસેસિંગ છે. શ્રી સચિન શર્માએ એગ્રો પ્રોસેસિંગ ચૅલેન્જીસ વિશે વાત કરતાં કહ્યું કે ખેડૂતોને તેમની આ ખેત ઉત્પાદન માટેની શક્તિઓથી વાકેફ કરવા આવશ્યક છે. ખેડૂતોના જૂથ બનાવી તેમના પાસે માગણી મુજબ ખેતી કરવા પ્રોત્સાહિત કરી શકાય. આ સેમિનારમાં ખેડૂતો અને યુનિવર્સિટીના અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા.

## ટેક્નોલોજીના ઉપયોગ દ્વારા ખેતીમાં નુકસાન ઘટાડી શકાય

આણંદ કૃષિ યુનિવર્સિટીમાં વાઈબ્રન્ટ ગુજરાત સમિટ - ૨૦૨૨ના ભાગરૂપે યોજાયેલ એગ્રી પ્રિ - ઈવેન્ટ એગ્રો અને ફૂડ પ્રોસેસિંગ સમિટના બીજા દિવસે સ્માર્ટ એગ્રિકલ્ચર - રોલ ઑફ ટેક્નોલૉજી ઈન ટ્રાન્સફોર્મરિંગ એગ્રિકલ્ચર વિષયક જ્ઞાન સત્રમાં વિવિધ નિષ્ણાતોએ કૃષિમાં ડિજિટલ, મિકેનિકલ, બાયો અને નેનો ટેક્નોલૉજી અંગે પોતાના વિચારો રજૂ કર્યા હતા. આ સેમિનારમાં નીતિ આયોગના સિનિયર ઍડ્વાઈઝર ડૉ. નિલમ પટેલે જણાવ્યું કે ખેડૂતોના જીવનને વધુ બહેતર બનાવવા ગ્રામ્ય વિસ્તારના યુવાનોને ટેક્નોલૉજી સાથે જોડી તેમનામાં રહેલી ક્ષમતાને બહાર લાવી ખેડૂતોની સમસ્યાઓનું સમાધાન કરવામાં આવી રહ્યું છે. ભારત-2 પ્રોજેક્ટ હેઠળ ગ્રામ્ય વિસ્તારમાં ઈન્ટરનેટ અને બ્રૉડબૅન્ડનો વ્યાપ વધારવામાં આવી રહ્યો છે, જેથી ટેક્નોલૉજીનો ખેડૂતો વધુમાં વધુ ઉપયોગ કરી શકે.

નીતિ આયોગે કૃષિ નીવ હેઠળ ઈ-ચોપલ, બિગ બાસ્કેટ, મિલ્ક મંત્ર, નીજા કાર્ટ જેવા પ્રોજેક્ટ શરૂ કરી ગ્રામ્ય વિસ્તારમાં પરિવર્તનો લાવવામાં સફળતા મળી છે. નીતિ આયોગ દ્વારા વિવિધ સંસ્થાઓના સહયોગથી નાણાકીય સહયોગ પૂરો પાડવામાં આવી રહ્યો છે. કેન્દ્ર સરકારના સંયુક્ત સચિવ સુશ્રી સૌમિતા બિસ્વાસે જણાવ્યું કે ગુજરાત અને ખાસ કરીને આણંદની ભૂમિ એગ્રો ટેક્નોલૉજીના નૂતન સંશોધનોની ભૂમિ છે. સહકારિતાના માધ્યમથી શ્વેતક્રાંતિનું જનક આણંદ રહ્યું છે. હવે બદલાતા જતા સમય અને બજારની માગ મુજબ કેટલાક બદલાવની ખાસ આવશ્યકતા છે. પાછલા દશકોમાં આપણે જોયું છે કે ભારતના કુલ ઘરેલુ ઉત્પાદનમાં કૃષિક્ષેત્રનો ફાળો ૬૦થી ૭૦ ટકા જેટલો રહ્યો છે. આ આંકડાકીય પ્રમાણ ઓછું છે, પણ એનો મતલબ એવો બિલકુલ નથી કે જીડીપીમાં કૃષિ ક્ષેત્રનો ફાળો ઘટ્યો છે, પણ ભારતમાં અન્ય ક્ષેત્રનો ફાળો વધવાના કારણે કૃષિના યોગદાનનો ફાળો ઓછો દેખાય છે.

ભારતની હાલની સ્થિતિ એવી છે કે પારિવારિક કારણોથી ખેડૂતો પાસે નાના ટુકડાની જમીન હોય એનું પ્રમાણ વધતું જાય છે. હવે ઓછી જમીનમાં કૃષિ ઉત્પાદન વધારવા માટે હવે મિકેનિકલ ટેક્નોલૉજીના વિનિયોગ સિવાય કોઈ બીજો વિકલ્પ નથી. નાના અને સીમાંત ખેડૂતોને સહાયક હોય એવી મિકેનિકલ ટેક્નોલૉજીના વાસ્તવિક અમલથી પ્રતિ એકર ઉત્પાદનનું પ્રમાણ વધારી શકાશે. મિકેનિકલ ટેક્નોલૉજીના વિનિયોગથી જંતુનાશક તથા ખાતર, પેસ્ટીસાઇડનો વિવેકપૂર્ણ અને અસરકારક ઉપયોગ કરી શકાશે. હવે તો સુપર ઍડ્વાન્સ ટેક્નોલૉજીનો સમય આવી ગયો છે.



ભારતમાં હવે રિમોટ સેન્સિંગ તથા રોબોટ, ડ્રૉન જેવાં સાધનોનો ખેતીમાં ઉપયોગથી ખેડૂત ખાતર અને જંતુનાશક દવાઓનો જરૂર હોય એટલો વપરાશ કરી શકાય છે. દેશના સંશોધકોએ એ દિશામાં કામ કરવાની આવશ્યકતા છે.

ઈસરો અમદાવાદના સ્પેસ ઍપ્લિકેશન સેન્ટરના ગ્રુપ ડાયરેક્ટર શ્રી બિમલકુમાર ભટ્ટાચાર્યે કહ્યુ કે ખેડૂતો અને એગ્રો ઈન્ડસ્ટ્રીઝને ફેરફારની આવશ્યકતા રહે છે. સ્પેસ ટેક્નોલૉજીના ઉપયોગથી ખેડૂતોને ફાયદો થાય, પાક વીમાનો લાભ મળી રહે તે માટે કાર્ય કરવામાં આવી રહ્યું છે. દિન -પ્રતિદિન વપરાશકારોની સંખ્યામાં ઉમેરો થઈ રહ્યો છે. ઈસરો દ્વારા પડકારો સામે વધુ સારું કાર્ય કરવા સંશોધનો કરવામાં આવી રહ્યાં છે. ખાનગી ઈન્ડસ્ટ્રીઝ સાથે સંપર્ક કરી આ ક્ષેત્રમાં વધુ સારું કાર્ય થશે તેવી આશા તેમણે વ્યક્ત કરી હતી. ક્રોપીન ટેક્નોલૉજીના શ્રી કૃણાલ પ્રસાદે જણાવ્યું કે દેશમાં ૪૦ ટકા જેટલા ખેડૂતો સ્માર્ટ ફોનનો ઉપયોગ કરી રહ્યા છે. દેશના મહત્તમ ખેડૂતો વિવિધ પ્રકારની ટેક્નોલૉજીનો ઉપયોગ કરતા થાય તો ખેતપેદાશોના ઉત્પાદનમાં થતું અંદાજે ૩૦ ટકા જેટલું નુકસાન ઘટાડી શકાય છે.

## રિવોલ્યુશનરી રિસર્ચ ઇન ધ એગ્રિકલ્ચર વેલ્યુ ચેઈન વિષયક સેમિનાર યોજાયો

આણંદ કૃષિ યુનિવર્સિટીમાં વાઈબ્રન્ટ ગુજરાત સમિટ - ૨૦૨૨ના ભાગરૂપે યોજાયેલી એગ્રી પ્રિ-ઈવેન્ટ એગ્રો અને ફૂડ પ્રોસેસિંગ સમિટના બીજા દિવસે



રિવૉલ્યુશનરી રિસર્ચ ઈન ધ એગ્રિકલ્ચર વૅલ્યુ ચેઈન વિષયક જ્ઞાન સત્રમાં વિવિધ નિષ્ણાતોએ પોતાના વિચારો રજૂ કર્યા હતા. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સીડ સાયન્સના ડૉ. સંજય કુમારે જણાવ્યું કે ઉત્તમ ગુણવત્તા ધરાવતા બીજનું વાવેતર કરવાથી કૃષિ ઉત્પાદનમાં ૧૫થી ૨૦ ટકાનો વધારો કરી શકાય છે. ભારત જેવા દેશમાં સારાં બિયારણોના સર્જન માટે કામ થઈ રહ્યું છે. આપણા દેશને વર્ષ ૨૦૩૦ સુધીમાં ૩૫૦૦ હજાર મૅટ્રિક ટન ખાધાન્નની જરૂરત પડશે. એને સંતોષવા માટે સારાં બિયારણોની આવશ્યકતા ખેડૂતોને રહેશે.

કેન્દ્ર સરકાર દ્વારા હાલમાં ખેડૂતોને સારા બિયારણની જાતો મળી રહે એ માટે વિવિધ પગલાં લેવામાં આવી રહ્યાં છે. ૧૭ રાજ્યોમાં બીજ નિગમો કાર્યરત છે. ૫૦ મોટા અને ૫૦૦ જેટલા નાના તથા માધ્યમ કદના બીજ-ઉત્પાદકો કાર્યરત છે. હવે સમગ્ર વિશ્વે જળવાયુ પરિવર્તનની અસરો અને બજારની માગ પ્રમાણે બીજનું ઉત્પાદન કરવાની જરૂરિયાત છે. તજ્જ્ઞ શ્રી સેલવારાજ અરાવાઝીએ જણાવ્યું કે કેન્દ્ર સરકાર દ્વારા ખેડૂતોની આવકમાં વૃદ્ધિ સાથે તેમના સ્વાસ્થ્યવર્ધક ખેતપાકોનું વાવેતર વધે એવા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. કૃષિકારોમાં ઉદ્યોગ સાહસિકતા આવે તે માટે ટેક્નિકલ સહાય ઉપરાંત માર્ગદર્શન આપવામાં આવે છે.

કેન્દ્ર સરકાર દ્વારા ખેડૂતોની માર્કેટ સાથે જોડાણ કરીને લોકોની જરૂરિયાત પ્રમાણેના પાકોનું વાવેતર કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. ખાસ કરીને યુવાનોને અને દેશના આદિવાસી ખેડૂતોને કૃષિલક્ષી તાલીમ આપી એની ખેતીને સમૃદ્ધ કરવામાં આવે છે. મહિલાઓને મૂલ્યવર્ધન કૃષિ માટે તાલીમબદ્ધ કરવામાં આવે છે.

આ સેમિનારમાં મધ્ય પ્રદેશ રાજ્ય કૃષિ બજાર બોર્ડના એમ.ડી. શ્રી વિકાસ નારવાલે જણાવ્યું કે ખેડૂતોને પોતાની કૃષિ




પેદાશોના પોષણક્ષમ ભાવ મળી રહે એ માટે એ.પી.એમ.સી.ને હાઈટેક બનાવવી પડશે. તેમણે ઉમેર્યું કે ખેડૂતો માર્કેટ યાર્ડમાં આવે તેના બદલે જો માર્કેટ યાર્ડો સામે ચાલીને ખેડૂતો સુધી પહોંચે તો ખેડૂતોને ઘરેબેઠાં ગ્રેડિંગના આધારે પાક ઊપજના સારા ભાવ મળી રહેશે.મધ્ય પ્રદેશમાં આવો પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે.

આ સેમિનારમાં ફ્રાન્સના શ્રીયુત ફેનકોઇસે એ હાઈબ્રીડ અને નવાં બિયારણો અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

## કૃષિ ક્ષેત્રે નેનો બાયો ટેક્નોલોજીથી આમૂલ પરિવર્તન આવશે

આણંદ કૃષિ યુનિવર્સિટીમાં એગ્રો ઍન્ડ ફૂડ પ્રોસેસિંગ ઉપર યોજાયેલી ત્રિદિવસીય પ્રી-વાઈબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૨૧ના બીજા દિવસે કૃષિ ક્ષેત્રે બાયો ટેક્નોલૉજી અને નેનો ટેક્નોલૉજીના વ્યાપ, શક્યતાઓ અને તકો ઉપર જ્ઞાનસત્ર યોજાયું હતું.

આ જ્ઞાનસત્રમાં ઈફકોના એએસડી વિભાગના વડા શ્રી તરનેન્દુ સિંઘે જણાવ્યું હતું કે ઈફકો ખેડૂતોના ઉત્પાદન-ગુણવત્તા સહિતની બાબતોમાં વધારો થાય એ માટે ઉન્નત ટેક્નોલૉજીને ખેડૂતો સુધી પહોંચાડી રહી છે. ઈફકો બહુધા કેમિકલ ખાતર માટે જાણીતી છે. ઈફકો ૫૪ વર્ષથી લાગલગાટ ખેડૂતોનાં હિતો માટે કાર્યરત છે. દેશના કરોડો ખેડૂતો ઈફકો સાથે જોડાયેલા છે. દેશમાં ૩૫૦ લાખ ટન યુરિયાનો વપરાશ છે. ઈફકો દ્વારા ૮૯ લાખ મૅટ્રિક ટન યુરિયા પૂરું પડાય છે.

કેમિકલ ખાતરના ઘણા દુષ્પ્રભાવો જોવા મળી રહ્યા છે, પણ ખેડૂતો તેના વિકલ્પ વિશે વિચારતા નથી. યુરિયાના જે દુષ્પ્રભાવો છે તેની સામે ઈફકો દ્વારા વિકસાવવામાં આવેલું નેનો યુરિયા ખૂબ મહત્ત્વનું સાબિત થશે. નેનો યુરિયાથી માટીની ગુણવત્તા સુધરે છે. તેમાં રહેલા નાઇટ્રોજન સહિતનાં તત્ત્વોનું પ્રમાણ ઊંચું આવે છે. ખેત-ઉત્પાદન વધે છે. યુરિયા ખાતરની આખી બોરી સામે નેનો યુરિયાની એક બૉટલ પૂરતી છે. આ નેનો યુરિયાનાં ૧૮ રાજ્યોમાં ૩૫૫ જેટલી ટ્રાયલ કરાઈ છે. આ નેનો યુરિયા દરેક માપદંડ પર ખરું ઊતરી રહ્યું છે. તે બાયોસેફ છે, નોન ટોક્સિસ, ઇકો ફ્રૅંડલી છે. ખેડૂતોના ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો થાય છે. ઈફકો દ્વારા નેનો યુરિયા લિક્વિડ, નેનો ઝિંક અને નેનો કૉપર વિકસાવવામાં આવ્યાં છે. જે ભવિષ્યમાં નેનો ટેક્નોલૉજી થકી કૃષિક્ષેત્રમાં આમૂલ પરિવર્તન આવશે. જેની શરૂઆત ઈફકો દ્વારા કરવામાં આવી છે.

ઈફકોના સ્ટેટ માર્કેટિંગ મૅનેજર શ્રી એન. એસ. પટેલે જણાવ્યું કે ઈફકો દુનયાભરમાં પ્રથમ નંબરની સહકારી સંસ્થા છે, જેનો શ્રેય ખેડૂતોને જાય છે. દેશમાં ૩૫૦ લાખ ટન યુરિયાની વપરાશ છે ત્યારે વડાપ્રધાનશ્રીએ ખેડૂતોને ઓછામાં ઓછું યુરિયાનો વપરાશ કરવા જણાવ્યું છે. વડાપ્રધાનશ્રીએ આત્મનિર્ભર ભારતનું આહ્વાન કર્યું છે ત્યારે ઈફકોએ નેનો

યુરિયાનો આવિષ્કાર કર્યો છે. દુનયામાં સર્વપ્રથમ ઈફકોએ નેનો યુરિયાને લૉન્ચ કર્યું છે. સામાન્ય યુરિયાની કાર્યક્ષમતા ૩૦-૪૦ ટકા છે, જ્યારે નેનો યુરિયાની ઊપજાવ-ક્ષમતા ૮૬ ટકા છે.

બેયર ક્રોપ સાયન્સ લિમિટેડના ડૉ. પ્રસન્ના ભટ્ટે જણાવ્યું કે ખેડૂતોના સર્વાંગી વિકાસ માટે ખાનગી અને જાહેર ક્ષેત્રોએ એક થઈને કામ કરવાની જરૂર છે. ખેડૂતો માટે સીડ, કેમિકલ સહિતનાં ઉત્પાદનો સાથે અમારી કંપની દ્વારા પ્રોડક્ટ ઍન્ડ સોલ્યુશન બેઇઝ સર્વિસ પણ અપાઇ રહી છે.

દેશમાં ગુજરાત કૉટનનું સૌથી વધુ ઉત્પાદન કરે છે, જ્યારે કૉટન ઉત્પાદનની જમીન મામલે રાજ્ય બીજા ક્રમે છે. તેનું કારણ અહીંના ખેડૂતો નવી ટેક્નોલૉજીને સરળતાથી અપનાવી રહ્યા છે. અમારી કંપની દ્વારા કૉટન ક્ષેત્રમાં બોયો ટેક્નોલૉજીનો ઉપયોગ કરાઈ રહ્યો છે. ભારતમાં અન્ય દેશોની સરખામણીમાં આ ક્ષેત્રે બીજી જનરેશન ચાલી રહી છે, જ્યારે કેટલાક દેશો ખૂબ આગળ છે, જ્યાં ચોથી જનરેશન કહી શકાય. એટલે કે ભારતમાં આ ક્ષેત્રે ઘણી સંભાવના રહેલી છે. આ માટે કેટલીક નીતિગત ઉપાયોની પણ જરૂર છે. ટેક્નોલૉજીનો ઉપયોગ કરીને દેશ કૃષિક્ષેત્રે ખૂબ આગળ આવી શકે છે.

કામધેનુ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર ડૉ. એન. એચ. કેલાવાલાએ બાયો ટેક્નોલૉજીનો પશુપાલન ક્ષેત્રે ઉપયોગ બાબતે પ્રવચન આપ્યું હતું. તેમણે જણાવ્યું કે ફક્ત ખેતી કે ફક્ત પશુપાલન કરતાં આ બન્ને એકસાથે અપનાવવા ખેડૂતો માટે વધુ નફાકારક છે. પશુપાલન ક્ષેત્રે આ ઉન્નત તકનિકના ઉપયોગથી ઊંચી ગુણવત્તાની ઓલાદો મળે છે તેમ જ પશુપાલન વધુ નફાકારક બને છે. આ વેળાએ નવસારી કૃષિ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર ડૉ. ઝેડ. પી. પટેલે કૃષિ ક્ષેત્રે બાયો ટેક્નોલૉજી અને નેનો ટેક્નોલૉજીના ઉપયોગ વિશે વાત કરી હતી. આ સેમિનારમાં ખેડૂતો, વિદ્યાર્થીઓ તેમ જ અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા.

## ખેડૂતોને શિક્ષિત કરવા માટે ટેક્નોલૉજીનો ઉપયોગ આવશ્યક

પ્રિ-વાઈબ્રન્ટ સમિટ અંતર્ગત આણંદ કૃષિ યુનિવર્સિટીમાં મિકેનિકલ ટેક્નોલૉજી (ખેતસાધનો) વિષય પર સેમિનાર યોજાયો હતો. આ સેમિનારમાં સંવાદ સાધતાં કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગના જૉઇન્ટ સેક્રેટરી શ્રીમતી શોમિતા બિશ્વાસે ખેત સંસાધનોના ફાયદાઓ, ખેડૂતોની આવક વધે, પાક નુકસાનથી બચવું, ખેતખર્ચ ઘટાડવો, કુદરતી સંસાધનોનો ઉપયોગમાં વધારો કરવો, ખેતપ્રક્રિયામાં ઘટાડો કરવા સહિતના મુદ્દાઓ પર છણાવટ કરી હતી. તેમણે ખેત-ઉત્પાદનની વેચાણ સેવામાં પડકાર, ગુણવત્તાયુક્ત મશીનનો અપૂરતો પુરવઠો, રોકાણની ઓછી ક્ષમતા, નાનાં ખેતરોમાં મોટાં ખેતસાધનોના ઉપયોગની દુવિધા, કૌશલ્યસભર ખેતકર્તાઓનો અભાવ, ખેડૂતોની નબળી આર્થિક સ્થિતિ અને ખેડૂતોમાં બૅન્કિંગ સેવાઓ અને પ્રવૃત્તિઓથી અજ્ઞાત હોય છે.

ખેતી સાથે સંકળાયેલા લોકોની સંખ્યામાં સમયાંતરે ઘટાડો થયો. ખેતીમાં પશુઓથી લઈ ડીઝલ ઍન્જિન, પાવર ટિલર, ટ્રૅક્ટર અને ઈલેક્ટ્રિક મોટરનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. વધુ ઉત્પાદન માટે મશીનરીનો બખૂબી ઉપયોગ કરવો જરૂરી છે. સુપર ઍડ્વાન્સ્ડ ફાર્મિંગ ટેક્નોલૉજીના ઉપયોગથી વધુ ઉત્પાદન મેળવી શકાય છે. જમીનની પોષણક્ષમતા અને આરોગ્યને જાળવી રાખવા ઉપરાંત ઍડ્વાન્સ્ડ ફાર્મિંગ ટેક્નોલૉજીના ઉપયોગ થકી રોજગારી નિર્માણ કરી શકાય છે.

ટાફેના ગ્રુપ પ્રેસિડેન્ટ શ્રી ટી. રમણ કેશવને કહ્યું કે વિદેશમાં કામ કરવા માણસોની અછત હોવાથી ત્યાં ટ્રૅક્ટરનો ઉપયોગ કરવામાં આવ્યો. ભારતમાં હાલ બ્યાશી લાખ જેટલાં ટ્રૅક્ટર છે અને આશરે પંદર કરોડ ખેડૂતોને ટ્રૅક્ટરની આવશ્યકતા છે. ગુજરાતમાં ટ્રૅક્ટરનો વપરાશ, ટ્રૅક્ટરનો યોગ્ય ઉપયોગ માટે શું કરી શકાય તેના પર પણ તેમણે છણાવટ કરી હતી.

નાગરિકોને શિક્ષિત કરવા માટે ટેક્નોલૉજીનો ઉપયોગ કરી શકાય છે અને ગ્રામ્ય વિસ્તારમાં ટેક્નોલૉજીનો સ્વીકાર સરળતાથી થાય છે. કોવિડ-19 વખતે ફ્રી ટ્રૅક્ટર રેન્ટલ સ્કીમ અમલી કરવામાં આવી તે ઉપરાંત લૅન્ડ ટુ રેન્ટ - ઉપલબ્ધ મશીનરીની ક્ષમતાઓનો પણ ખેડૂતોને લાભ મળી રહે તેવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ટેક્નોલૉજી બદલાઈ રહી છે અને આપણે પણ સમય સાથે બદલાવું પડે તેમ છે. ●





# ગુજરાત બન્યું રોકાણકારો માટે મોસ્ટ પ્રિફર્ડ ડેસ્ટિનેશન



ગુજરાત ઔદ્યોગિક રીતે પ્રગતિશીલ રાજ્ય રહ્યું છે. રાજ્યમાં ઔદ્યોગિક ગતિવિધિઓમાં સદાય અગ્રેસર રહ્યું છે. જનતાની ખુમારી અને દીર્ઘદષ્ટિપૂર્ણ નેતૃત્વના કારણે ગુજરાતે દેશના વિકાસનું ઉદ્દીપક રહ્યું છે. રાજ્યની શાંતિ-સલામતી તથા ભૌગોલિક વિશેષતાના કારણે ગુજરાત ઔદ્યોગિક મૂડીરોકાણ આકર્ષવા સફળ રહ્યું છે. તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદષ્ટિ અને પ્રયાસોથી વર્ષ 2003માં શરૂ થયેલી વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ઉત્તરોત્તર નવા રેકૉર્ડ સ્થાપી રહી છે. ગુજરાતને વિશ્વ સમુદાય સમક્ષ મોસ્ટ પ્રિફર્ડ ડેસ્ટિનેશન ફોર ઈન્વેસ્ટમેન્ટ તરીકે પ્રસ્થાપિત કરતી વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં ઉત્તરોતર નવા રેકૉર્ડ સ્થાપી રહી છે.

વાઇબ્રન્ટ સમિટને કારણે ગુજરાત વૈશ્વિક બિઝનેસ હબ બનવા તરફ આગળ વધી રહ્યું છે તેવા સમયે ૧૦મી વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૨ના પડઘમ વાગી રહ્યા છે. જાન્યુઆરી 2022માં યોજાનારી આ સમિટ આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારતની પ્રગતિ અને સફળતાની ગાથાને વધુ ગતિથી આગળ વધારશે.

ગુજરાતને ગ્લોબલ ડેસ્ટિનેશન ફોર ઈન્વેસ્ટમેન્ટ તરીકે પ્રસ્થાપિત કરી રહેલી આ વાઇબ્રન્ટ સમિટની 10મી શૃંખલાના પ્રારંભ પૂર્વે ગુજરાત સરકારે 22 નવેમ્બરથી દર સોમવારે MoU કરવામાં આવ્યા હતા. જેની પ્રથમ કડીમાં રૂ. 24,185.22 કરોડના સૂચિત મૂડીરોકાણ માટે 20 જેટલા MoU(મેમોરેન્ડમ ઑફ અન્ડરસ્ટેન્ડિંગ) પર હસ્તાક્ષર કર્યા હતા. આ મૂડીરોકાણ દ્વારા રાજ્યમાં અંદાજે 36,925 જેટલી રોજગારની નવી તકો ઊભી થશે. આ MoU સમયે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા ઉદ્યોગ રાજયમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યા હતા.

રાજ્ય સરકાર પણ શ્રી નરેન્દ્રભાઈ મોદીના પદચિહ્નો પર ચાલીને સકારાત્મક બિઝનેસ પૉલિસી તથા પ્રોત્સાહક વાતાવરણથી વધુ ને વધુ ઉદ્યોગો રાજ્યમાં આવે તે માટે પ્રતિબદ્ધ છે.

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કહ્યું હતું કે જે MoU થાય તે ઉદ્યોગો સમયસર શરૂ કરવાની જવાબદારી ઉદ્યોગો નિભાવે તે જરૂરી છે. તેમણે રાજ્ય સરકાર દ્વારા ઉદ્યોગોને જરૂરી મદદ અને સહાયરૂપ થવાની નેમ પણ વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે ઉદ્યોગ રાજ્યમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, મુખ્યમંત્રીશ્રીના ચીફ પ્રિન્સિપલ સેક્રેટરી શ્રી કે. કૈલાશનાથન, ગુજરાત સરકારના મુખ્ય સચિવ શ્રી પંકજ કુમાર તથા ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. રાજીવકુમાર ગુપ્તા સહિત સિનિયર અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ MoUમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ડ્રીમ પ્રોજેક્ટ ધોલેરા વિશેષ રોકાણ ક્ષેત્ર (SIR)માં બે પ્રોજેક્ટનો સમાવેશ થાય છે. આ ક્ષેત્રમાં રાજ્ય તેમ જ કેન્દ્ર સરકાર બંને દ્વારા વિશેષ ધ્યાન આપવામાં આવતું હોવાથી રોકાણકારોને અત્યાધુનિક માળખાકીય સુવિધાઓ સહિત પુષ્કળ તકો ઉપલબ્ધ થઈ રહી છે.

વડાપ્રધાનની ગતિશક્તિ યોજના માટે પણ ધોલેરા SIR મુખ્ય ચાલકબળ બની રહેશે, જેના આધારે આગામી વર્ષોમાં

અનેક મેગા પ્રોજેક્ટનો પાયો નખાશે. જે ઔદ્યોગિક ક્ષેત્રોએ મૂડીરોકાણમાં રસ દાખવ્યો છે તેમાં ઉત્પાદન, રસાયણો તેમ જ એગ્રોકેમિકલ્સ, ટેક્નિકલ, ટેક્સટાઇલ, દવા ઉદ્યોગો તેમ જ કૃષિસાધનો બનાવતી કંપનીઓ સહિત અન્ય વિવિધ ક્ષેત્રોનો સમાવેશ થાય છે. આ ઉદ્યોગો ગુજરાતમાં દહેજ, ભરૂચ, ધોલેરા, વડોદરા, હાલોલ સહિત અન્ય સ્થળોએ મૂડીરોકાણ કરશે.

વૈશ્વિક રોકાણકારો દ્વારા રોકાણ માટેના MoU કરવાની બીજી કડીમાં વિવિધ ઉદ્યોગકારોએ રૂ. ૧૪,૦૦૦થી વધુ કરોડનાં સૂચિત રોકાણો અંગેના ૧૨ જેટલા MoU ગાંધીનગરમાં સંપન્ન થયા હતા. આ સૂચિત રોકાણોથી શરૂ થનારા ઉદ્યોગોમાં આગામી સમયમાં પ્રત્યક્ષ અને પરોક્ષ મળી એમ ૨૮,૫૮૫ લોકોને નવા રોજગારના અવસર પ્રાપ્ત થશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ અવસરે કહ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આત્મનિર્ભર ભારતનો જે કૉલ આપ્યો છે, તેને આ વાઇબ્રન્ટ સમિટની 'આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત'ની થીમ દ્વારા સાકાર કરવા ગુજરાત સંપૂર્ણ પ્રતિબદ્ધ છે. તેમણે કહ્યું કે ભારતના હરેક ક્ષેત્રની પ્રગતિ અને વિકાસમાં ગુજરાત મોટું યોગદાન આપવા તત્પર છે.

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જે ઉદ્યોગો માટેના સૂચિત રોકાણ MoU થયા છે તે ઉદ્યોગો સમયસર શરૂ થાય તે માટે રાજ્ય સરકાર તરફથી આપવાની થતી મદદમાં સરકાર વિલંબ નહિ દાખવે તેમ પણ ઉદ્યોગકારોને જણાવ્યું હતું. આ પ્રસંગે ઉદ્યોગ રાજ્યમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કે. કૈલાશનાથન, ગુજરાત સરકારના મુખ્ય સચિવ શ્રી પંકજ કુમાર તથા ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. રાજીવકુમાર ગુપ્તા સહિત સિનિયર અધિકારીઓ અને ઉદ્યોગ સંચાલકો, પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

જે ઔદ્યોગિક ક્ષેત્રોએ મૂડીરોકાણમાં રસ દાખવ્યો છે તેમાં કેમિકલ, ફાર્મા, API, પેસ્ટિસાઇડ્સ, ઇલેક્ટ્રિક વ્હીકલની બૅટરી માટે કેમિકલ, પેઇન્ટ ફૅક્ટરી, ડાય્ઝ ઍન્ડ ઇન્ટરમિડિયેટ રસાયણો તેમ જ એગ્રોકેમિકલ્સ, દવા ઉદ્યોગોની કંપનીઓ સહિત અન્ય વિવિધ ક્ષેત્રોનો સમાવેશ થાય છે.

તૃતીય શૃંખલામાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં વિવિધ ઉદ્યોગકારોએ રાજ્યમાં ઔદ્યોગિક ક્ષેત્રે સૂચિત રોકાણો અંગેના ૧૨ જેટલા MoU ગાંધીનગરમાં સંપન્ન કર્યા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કહ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ આત્મનિર્ભર ભારતનો જે કૉલ આપ્યો છે તેને આ વાઇબ્રન્ટ સમિટની 'આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત'ની થીમ દ્વારા સાકાર કરવા ગુજરાત સંપૂર્ણ પ્રતિબદ્ધ છે. અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૨ના પૂર્વાર્ધરૂપે દર સપ્તાહ પ્રથમ દિવસે ગાંધીનગરમાં મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં વિવિધ ઉદ્યોગ-રોકાણકારો સાથે MoUનો ઉપક્રમ શરૂ કરવામાં આવ્યો છે.

આ MoUની ત્રીજી કડીમાં જે ઔદ્યોગિક ક્ષેત્રોએ મૂડીરોકાણમાં રસ દાખવ્યો છે તેમાં ઇલેક્ટ્રિક ટૂ-વ્હીલર, કેમિકલ, ફાર્મા, API, ઇલેક્ટ્રિસિટી સ્ટૉરેજ સોલ્યુશન, ઑર્ગેનિક્સ, પેપર, મેટલ, હાઇજીન, જ્વેલરી, ડાય્ઝ સહિત અન્ય વિવિધ ક્ષેત્રોની કંપનીઓનો સમાવેશ થાય છે.

આ ઉદ્યોગો ગુજરાતમાં અંજાર, દહેજ, ભરૂચ, વલસાડ, ગાંધીનગર, હાલોલ, સાવલી, ઝઘડિયા, સાયખા, પાલ સહિત અન્ય સ્થળોએ ઔદ્યોગિક મૂડીરોકાણ કરશે. આ મૂડીરોકાણો દ્વારા 'આત્મનિર્ભર






ગુજરાતને ગ્લોબલ ડેસ્ટિનેશન ફોર ઈન્વેસ્ટમેન્ટ તરીકે પ્રસ્થાપિત કરવામાં વાઈબ્રન્ટ ગુજરાત સમિટની ભૂમિકા મહત્ત્વપૂર્ણ છે. વાઈબ્રન્ટ પૂર્વે ઉદ્યોગ વિભાગ દ્વારા આયોજિત સૂચિત રોકાણની પાંચમી શ્રૃંખલામાં 16 MoU સંપન્ન થયા હતા.

મહેસૂલ મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી અને ઉદ્યોગ રાજ્યમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. રાજીવકુમાર ગુપ્તાએ આ MoU સંબંધિત સૂચિત રોકાણકારો સાથે પરસ્પર એક્સચેન્જ કર્યા હતા. આ સૂચિત રોકાણો માટેના જે MoU થયા છે તેમાં વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટ, વેસ્ટ-ટુ ઑઇલ પ્લાન્ટ ઉપરાંત પર્યાવરણ જાળવણીના નવતર અભિગમ સાથે વાયુપ્રદૂષણ નિયંત્રિત કરવા અને વાયરસ, બૅક્ટેરિયાના નિષ્ક્રિયકરણ માટે પેટન્ટેડ ઉપરકરણોના ઈન્સ્ટોલેશનના MoU મુખ્યત્વે રહ્યા છે.

વિશ્વ પ્રવાસન ધામ તરીકે ખ્યાતિ પ્રાપ્ત સ્ટેચ્યુ ઑફ યુનિટી કેવડિયા ખાતે તાજ હૉટલ્સ દ્વારા હૉટલ નિર્માણના MoUનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ૭૦ મેગાવૉટના હાઈબ્રીડ રિન્યુએબલ એનર્જી પાર્ક, જંતુનાશક ફૉર્મ્યુલેશન પ્લાન્ટ, સ્પેશિયાલિટી કેમિકલ્સ તેમજ રડારની સાધનસમગ્રી ડિફેન્સના થર્મલ કૅમેરા તેમજ ડિફેન્સની એસસરીઝ ઉત્પાદન સહિતના વિવિધ સૂચિત પ્રોજેક્ટ્સ માટે MoU થયા હતા.

અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે પ્રિ-વાઈબ્રન્ટ ઈવેન્ટ રૂપે MoUની દર સપ્તાહના પ્રથમ દિવસે યોજાતી શ્રૃંખલામાં અત્યાર સુધી સમગ્રતયા ૯૬ જેટલા MoU પ્રિ-વાઈબ્રન્ટ ઈવેન્ટ રૂપે સંપન્ન થઈ ગયા છે. MoU એક્સચેન્જની આ પાંચમી કડીમાં રાજ્ય સરકારના વરિષ્ઠ સચિવશ્રીઓ તથા MoU કરનારા ઉદ્યોગકારો, રોકાણકારો સહભાગી થયા હતા. ●

એક્સચેન્જ કર્યા હતા.

રાજ્યના ઉદ્યોગ અને ખાણ વિભાગે વાઈબ્રન્ટ સમિટ પૂર્વાધ રૂપે દર સપ્તાહના પ્રથમ દિવસે વિવિધ ક્ષેત્રોમાં સૂચિત રોકાણો માટેના MoU કરવાની શરૂ કરેલી પરંપરામાં અત્યાર સુધીમાં ચાર કડીમાં ૮૦ જેટલા MoU થયા છે. MoU સાઈનિંગની ચોથી કડી આ સોમવારે સફળતાપૂર્વક પૂર્ણ થઈ છે.

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં જે ૩૭ MoU થયા છે એમાં કેમિકલ્સ, સ્પેશ્યાલિટી કેમિકલ્સ, ફાર્મા ઈન્ટરમિડિયેટ, ઈ-વેસ્ટ રીસાઈક્લિંગ પ્રોજેક્ટ, ઈન્ડસ્ટ્રિયલ તથા ઍપરલ પાર્ક ડેવલપમેન્ટ, એમ. એસ પાઈપના ઉત્પાદન તથા એગ્રોકેમિકલ્સ, ઇ.વી. ચાર્જિંગ નેટવર્ક, ટોય્ઝ પાર્ક, આઇ.ટી. પાર્ક વગેરે ક્ષેત્રોમાં સૂચિત રોકાણોના MoUનો સમાવેશ થાય છે.

ઉદ્યોગ ક્ષેત્ર ઉપરાંત એજ્યુકેશન સેક્ટર માટે પણ પાંચ જેટલા સ્ટ્રેટેજિક MoUમુખ્ય મંત્રીશ્રીની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યા હતા. આવા સ્ટ્રેટેજિક MoUમાં ટેક્નિકલ એજ્યુકેશન ક્ષેત્રે સ્ટુડન્ટ એક્સચેન્જ પ્રોગ્રામ, વેટરનરી કૉલેજ માટેના, વ્યસનમુક્તિ અને માનવ સ્વાસ્થ્ય ક્ષેત્રમાં સ્ટુડન્ટ ઈન્ટર્નશિપ, ચિલ્ડ્રન યુનિવર્સિટી એજ્યુકેશન ખાતે ટૉય હબ માટે ટેક્નિકલ સપોર્ટના MoU થયા હતા.

મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ MoU કરનારા સૌ ઉદ્યોગ-રોકાણકારોને ગુજરાતમાં સાનુકૂળ વાતાવરણ અને વેપાર-ઉદ્યોગ વ્યવસાય વિકસાવવાની વૈશ્વિક તક મળશે એમ આ અવસરે જણાવ્યું હતું.

આ MoU એક્સચેન્જ અવસરે મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન, શિક્ષણ અગ્રસચિવ શ્રી હૈદર તેમજ ઉદ્યોગ કમિશનરશ્રી સહિતના વરિષ્ઠ અધિકારીઓ અને MoU કરનારા ઉદ્યોગ ગૃહોના સંચાલકો, પ્રતિનિધિઓ પણ જોડાયા હતા.

ગુજરાતથી આત્મનિર્ભર ભારત'નું સ્વપ્ન સાકાર થશે. આ સમિટ દ્વારા બિઝનેસ તેમ જ સમાજ માટે સર્વસમાવેશક પ્રગતિનો માર્ગ ખૂલશે અને તેનાથી સ્થાનિક ઉત્પાદનોને વૈશ્વિક બજાર સુધી પહોંચાડી શકાશે.

આ પ્રસંગે માર્ગ-મકાનમંત્રી શ્રી પૂર્ણેશભાઇ મોદી, ઉદ્યોગ રાજ્યમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કે. કૈલાશનાથન, ગુજરાત સરકારના મુખ્ય સચિવ શ્રી પંકજ કુમાર તથા ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. રાજીવકુમાર ગુપ્તા સહિત સિનિયર અધિકારીઓ અને ઉદ્યોગ સંચાલકો, પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતને ગ્લોબલ ડેસ્ટિનૅશન ફૉર ઈન્વેસ્ટમેન્ટ તરીકે પ્રસ્થાપિત કરી રહેલી આ વાઈબ્રન્ટ સમિટની ૧૦મી શ્રૃંખલાના પ્રારંભ પૂર્વે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા ઉદ્યોગ રાજ્યમંત્રી શ્રી જગદીશભાઇ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં ગુજરાત સરકારે વિવિધ ક્ષેત્રે સૂચિત રોકાણો માટેના વધુ ૩૭ MoU જુદાં જુદાં ઉદ્યોગ ગૃહો, સંસ્થાઓ સાથે સંપન્ન કર્યા છે. ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી ડૉ. રાજીવકુમાર ગુપ્તાએ આ MoU સંબંધિત ઉદ્યોગકારો સાથે પરસ્પર



# વાઇબ્રન્ટ સમિટ : ૨૦૨૨ દેશ - વિદેશમાં યોજાયા રોડ - શો



ગુજરાતના આર્થિક વિકાસમાં રાજકીય નેતૃત્વ અને ઔદ્યોગિક વિકાસ મહત્ત્વનો છે. આ ઔદ્યોગિક વિકાસને વેગ આપવા માટે વર્ષ 2003માં શરૂ કરેલી વાઈબ્રન્ટ સમિટ આજે ગ્લોબલ બ્રાન્ડ ઈમેજ બની ગઈ છે. પહેલાં વાઈબ્રન્ટ સમિટમાં ગુજરાતમાં મૂડીરોકાણની ચર્ચા થતી હતી, પણ હવે અહીં રોકાણની સાથોસાથ વિશ્વની સમસ્યાઓ, તેના સમાધાન અને વૈશ્વિક સ્તરે ઉપલબ્ધ અવસરોનું ચિંતન-મંથન પણ થાય છે. નેટવર્કિંગ અને નોલેજ શૅરિંગ પણ થાય છે.

ઈન્ફ્રાસ્ટ્રકચર, ઇઝ ઑફ ડૂઈંગ બિઝનેસ અને ઇઝ ઑફ લિવિંગના ત્રિવેણી સંગમથી ગુજરાત વિશ્વના મૂડીરોકાણકારો માટે પસંદગીનું સ્થળ બન્યું છે. લોજિસ્ટિક્સની સુવિધાઓ, સક્રિય નીતિ નિર્માણ અને રોકાણકારો માટે સાનુકૂળ વાતવરણને પરિણામે ૨૦૨૧માં સમગ્ર ભારતમાં સૌથી વધારે વિદેશી રોકાણ એફ.ડી.આઈ. ગુજરાતે મેળવ્યું છે

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની 2022માં યોજાનારી 10મી એડિશન સંદર્ભમાં દેશની રાજધાની નવી દિલ્હીમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અગ્રણી ઉદ્યોગ સંચાલકો સાથે બેઠક યોજીને રાજ્યના ચોતરફા વિકાસની ગાથા પ્રસ્તુત કરી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે ગુજરાતે પાછલા બે દાયકામાં પ્રભાવક પ્રોત્સાહક અને ધબકતા વાઈબ્રન્ટ વિકાસ અને અર્થતંત્રની તેજ રફતાર પકડી છે. ગુજરાતમાં વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં બે દશક દરમ્યાન એવું વાઇબ્રન્ટ અર્થતંત્ર વિકસ્યું છે કે દરેક પ્રકારની પરિસ્થિતિઓમાં ટકી શકે અને બદલાવને યોગ્ય પ્રતિસાદ આપી શકે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૃષ્ટિવંત નેતૃત્વમાં દેશે આર્થિક, સામાજિક વિકાસના ક્ષેત્રે પ્રગતિની નવી દિશા કંડારી છે, ત્યારે તેમના પદચિહ્નો પર ચાલતાં ગુજરાતે પણ વિકાસની આ તેજ રફતાર પકડી છે. શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ વાઈબ્રન્ટ સમિટનો નવતર વિચાર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 2003માં ગુજરાતના મુખ્યમંત્રી તરીકે આપ્યો હતો તેની ભૂમિકા આપી હતી.

આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે વડાપ્રધાનશ્રીનાં દિશાદર્શનમાં હવે તો આ સમિટ ગ્લોબલ નોલેજ શૅરિંગ નેટવર્કિંગનું વૈશ્વિક પ્લૅટફૉર્મ બની ગઈ છે. શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે આગામી 10 જાન્યુઆરી, 2022ના રોજ આ ગ્લોબલ સમિટનો વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રારંભ કરાવશે.

**ગુજરાત અઢી દાયકાથી પૉલિટિક્લ સ્ટેબિલિટી-ડેવલપમેન્ટ માટેના કમિટમેન્ટ અને ઑલ રાઉન્ડ હોલિસ્ટીક ડેવલપમેન્ટના એન્વાયર્ન્મેન્ટથી વિકાસનું રોલ મૉડલ બન્યું છે : મુખ્યમંત્રીશ્રી**

**વાઈબ્રન્ટ સમિટ-૨૦૨૨ના પૂર્વાર્ધ રૂપે મુંબઇમાં ઉદ્યોગ જગતના અગ્રણીઓ - સંચાલકો સાથે વન-ટુ-વન બેઠકો અને પ્રભાવક પ્રસ્તુતિનો ઉપક્રમ યોજતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ**

આ અવસરે દેશનાં વિવિધ રાજ્યોના વડા, વિશ્વના અન્ય દેશોના વરિષ્ઠ મહાનુભાવ, ગ્લોબલ સી.ઈ.ઓ. વિવિધલક્ષી સંસ્થાઓના પ્રતિનિધિઓ તેમ જ વિચારકો અને ભારત સરકારના મંત્રીશ્રીઓ પણ ઉપસ્થિત રહેવાના છે.

મુખ્યમંત્રીશ્રીએ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની આ વર્ષની થીમ 'આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત' રાખવામાં આવી છે તેની પણ વિશદ છણાવટ કરી હતી.

તેમણે ઉમેર્યું હતું કે વડાપ્રધાનશ્રીએ 2020માં આત્મનિર્ભર ભારત માટેનું આહ્વાન કરેલું છે. ભારતની સ્ટ્રેન્થ, સ્કિલ અને કેપેસિટીને વિશ્વના ભલા માટે ઉજાગર કરવા આત્મનિર્ભર ભારતના વડાપ્રધાનશ્રીના આહ્વાનને સુસંગત આ વર્ષની વાઈબ્રન્ટ સમિટની આ થીમ છે.

મુખ્યમંત્રીશ્રીએ સામાજિક-આર્થિક વિકાસનાં વિવિધ ક્ષેત્રોમાં ગુજરાતે મેળવેલી સિદ્ધિઓની પ્રસ્તુતિ આ અગ્રણી ઉદ્યોગ સંચાલકો સમક્ષ કર્ટેઇન રેઇઝર કાર્યક્રમમાં કરી હતી.

## મુંબઇમાં ઉદ્યોગ જગતના અગ્રણીઓને મળતાં CM

વાઈબ્રન્ટ ગુજરાત સમિટ સંદર્ભે મુંબઈ આવેલા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે વૈશ્વિક વિકાસના રોલ મૉડલ બની ગયેલા ગુજરાતની સર્વગ્રાહી વિકાસયાત્રામાં અઢી દાયકામાં રાજ્યની પૉલિટિકલ સ્ટેબિલિટી, ડેવલપમેન્ટ માટેનું કમિટમેન્ટ અને ઑલ રાઉન્ડ હોલિસ્ટીક ડેવલપમેન્ટનું એન્વાયર્નમેન્ટ મહત્ત્વના બન્યા છે. મુખ્યમંત્રીશ્રીએ મુંબઇમાં ઉદ્યોગ-વેપાર જગતના અગ્રણીઓ અને વિદેશી રાષ્ટ્રોના કૉન્સ્યુલેટ્સ તેમ જ ડેલિગેટસ સાથે આ વાતચીત યોજી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે કોઇ પણ રાષ્ટ્ર-રાજ્યના વિકાસ માટે પૉલિટિકલ સ્ટેબિલિટી અને જનસેવા તથા વિકાસ માટેની પ્રતિબદ્ધતા મહત્ત્વના હોય છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની વિઝનરી લીડરશિપમાં ગુજરાતે સૌના સાથ, સૌના વિકાસ અને સૌના વિશ્વાસથી વિકાસના અનેક નવાં સિમાચિહ્નો પાર કર્યાં છે. મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે ઉમેર્યુ કે શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ૨૦૦૩માં વાઈબ્રન્ટ ગુજરાત સમિટની શરૂઆત કરી ત્યારે દેશ અને દુનિયા માટે આ એક નવતર પ્રયોગ હતો. તેમણે કહ્યું હતું કે આ ઈવેન્ટના માધ્યમથી આખી દુનિયા જાણી ગઈ છે કે ગુજરાતે વર્લ્ડ ક્લાસ સ્ટેટ બનવા માટેના નક્કર કદમ ભર્યાં છે. આ જ વિરાસતને આગળ ધપાવી ગુજરાતે વાઈબ્રન્ટ સમિટ-૨૦૨૨નું આયોજન કર્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇએ ૧૩૦ કરોડ દેશવાસીઓના આગવા વિકાસ માટે આત્મનિર્ભર ભારતનું જે વિઝન અપનાવ્યું છે તેને પરિપૂર્ણ કરવા ગુજરાત સંપૂર્ણ પ્રતિબદ્ધતાથી કર્તવ્યરત છે. તેમણે કહ્યું હતું કે આગામી વાઈબ્રન્ટ સમિટની થીમ પણ આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત રાખવામાં આવી છે.

મુખ્યમંત્રીશ્રીએ મુંબઇના અગ્રણી ઉદ્યોગકારો અને ડેલિગેટ્સ સમક્ષ ગુજરાતની વાઈબ્રન્ટ ઇકૉનૉમીનું વિસ્તૃત વિવરણ આપતાં જણાવ્યું કે દેશ અને દુનિયાના વેપાર-ઉદ્યોગકારો માટે ગુજરાત મોસ્ટ પ્રીફર્ડ ઇન્વેસ્ટમેન્ટ ડેસ્ટિનેશન બન્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે સાતત્યપૂર્ણ સામાજિક-આર્થિક વિકાસને બળ આપવા નેક્સ્ટ જનરેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર, એનર્જી અને ડિજિટલ નેટવર્ક, ઈમર્જિંગ ટેક્નોલૉજી, ફિનટેક, સ્ટાર્ટ-અપ અને ઈનોવેશન, ઈ-વ્હીકલ, રિસર્ચ ઍન્ડ ડેવલપમેન્ટ, નોલેજ એક્સ્ચેન્જ, એક્સપૉર્ટ, ટૂરિઝમ અને ફાઇનાન્શિયલ સર્વિસ જેવાં ક્ષેત્રોમાં વધુ મૂડીરોકાણ મેળવવાની ગુજરાત સરકારની નેમ છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતે કરેલા નોંધપાત્ર આર્થિક અને સામાજિક વિકાસની વાત કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે પી. એમ. ગતિશક્તિ માસ્ટર પ્લાન, પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ સ્કીમ, ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ, ઈઝ ઓફ લિવિંગ, મેક ઇન ઇન્ડિયા સહિતની અનેક પહેલથી દેશના ઉદ્યોગ ક્ષેત્રમાં નવા પ્રાણ ફૂંકાયા છે.

ગુજરાત આ બધી પહેલમાં લીડ લઈને આત્મનિર્ભર ભારત માટે આત્મનિર્ભર ગુજરાતના મંત્રથી મક્કમતાથી આગળ વધ્યું છે એમ તેમણે ઉમેર્યું હતું. ગુજરાત સર્વસમાવેશક, સર્વગ્રાહી વિકાસ માટેની સંપૂર્ણ ઈકોસિસ્ટમ ધરાવે છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે કોરોના પછી રી-લોકેટ થવા માગતા ઉદ્યોગોને અનુકૂળ ઈન્ડસ્ટ્રિયલ પૉલિસી, ઈ-વ્હીકલ



પૉલિસી, સોલાર પૉલિસી જેવી વિવિધ પૉલિસીઓથી ગુજરાત દેશ અને દુનિયાના ઉદ્યોગોને આવકારવા આતુર છે.

મુખ્યમંત્રીશ્રીએ આ વાતચીતમાં ઉપસ્થિત ફાઈનાન્શિયલ ઈન્સ્ટિટ્યૂશન્સ, ફિનટેક કંપનીઓ અને સ્ટાર્ટ-અપ્સને ગુજરાતના ગિફ્ટ સિટીમાં રોકાણો અને બિઝનેસ માટે આવવા આમંત્રણ પાઠવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ મુંબઈસ્થિત દેશ-વિદેશના અગ્રણી ઉદ્યોગકારોને 'આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત' તરફની વિકાસયાત્રામાં સહભાગી બનવા તેમ જ ૧૦મી વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં ઉપસ્થિત રહેવા ભાવભર્યું નિમંત્રણ પાઠવ્યું હતું.

મુખ્ય સચિવ શ્રી પંકજ કુમારે વાઈબ્રન્ટ સમિટ-૨૦૨૨ આત્મનિર્ભર ભારતના વડાપ્રધાનશ્રીના વિઝનને સુસંગત થીમ સાથે યોજાઈ રહી છે તેની ભૂમિકા આપી હતી.

તેમણે ધોલેરા SIR, ગિફ્ટ સિટી જેવા વિશાળકાય પ્રોજેક્ટ રાજ્યના વિકાસના ચાલકબળ છે. સાથોસાથ ૩૩ લાખ જેટલા MSME પણ અર્થતંત્રના બેકબોર્ન છે તેમ ઉમેર્યુ હતું. રાજ્યના નાણા, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ ગુજરાતના વિકાસ મૉડલને હવે દેશ અને દુનિયાના લોકોએ સફળતાના આગવા મૉડલ તરીકે સ્વીકાર્યું છે તેની ભૂમિકા પ્રાસંગિક પ્રવચનમાં આપી હતી. ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી ડૉ. રાજીવકુમાર ગુપ્તાએ વાઈબ્રન્ટ સમિટની વિશેષતાઓ તેમ જ રાજ્યના સર્વગ્રાહી વિકાસની ગાથા પ્રેઝન્ટેશન દ્વારા પ્રસ્તુત



કરી હતી. આ વાતચીતમાં ઉદ્યોગ રાજ્યમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવ શ્રી કૈલાશનાથન તેમ જ વરિષ્ઠ સચિવો અને અગ્રણી ઉદ્યોગ સંચાલકો ડેલિગેટ્સ પણ જોડાયા હતા.

## વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૨ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીની રોકાણકારો સાથે વન-ટુ-વન બેઠક

સંવાદ એ સમસ્યાના સમાધાન માટે નહિ, પરંતુ આપણી વાત અન્યને સમજાવવા માટે અનિવાર્ય છે. સંવાદથી વિચારોની સાથે સાથે વાણિજ્યિક આદાનપ્રદાન પણ થાય છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાતના વાણિજયિક વિકાસને આગળ ધપાવવાના હેતુસર સંવાદની જાણે હારમાળા સર્જી દીધી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૨ના અંતર્ગત એક દિવસીય મુંબઈ મુલાકાત યોજી હતી. જેમાં તેઓ અગ્રણી ઉદ્યોગકારો સાથે વન-ટુ-વન બેઠક, રોડ-શો, મુંબઈ સ્ટૉક એક્સચેન્જની મુલાકાત અને સિદ્ધિવિનાયક મંદિરે દર્શન એમ દિવસભર બેક-ટુ-બેક કાર્યક્રમોમાં વ્યસ્ત રહ્યા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથેની વન-ટુ-વન બેઠકના આ ઉપક્રમમાં સૌપ્રથમ ટાટા સન્સના ચૅરમૅન શ્રી નટરાજ ચંદ્રશેખરે મુખ્યમંત્રીશ્રીને મળીને ગુજરાતમાં આગામી બે વર્ષમાં ટાટા મોટર્સના સાણંદ પ્લાન્ટમાં નવાં રોકાણો અંગે માહિતી આપી હતી. તેમણે ટાટા હૉટેલ્સ દ્વારા કેવડિયા સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે હૉટલ નિર્માણમાં પણ તેઓ આગામી સમયમાં આગળ વધશે તેવી તત્પરતા વ્યક્ત કરી હતી. તેમણે આગામી સમયમાં ટાટા કેમિકલ્સના પ્લાન્ટના એક્સપાન્શન માટેની પણ તત્પરતા વ્યક્ત કરીને ચર્ચા કરી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે કોટક મહિન્દ્રા બૅન્કના એમ.ડી. અને સી.ઈ.ઓ. ઉદય કોટકે વન-ટુ-વન બેઠક યોજીને ગુજરાતે સાધેલી વિકાસમય પ્રગતિની પ્રશંસા કરી હતી. ખાસ કરીને ગિફ્ટ સિટીમાં ફાઈનાન્સ અને બૅન્કિંગ સેક્ટર માટે જે અદ્યતન સુવિધાઓ વિકસી છે તે આ સેક્ટરના રોકાણકારો માટે વિશાળ તકો પૂરી પાડે છે તેમ જણાવ્યું હતું. શ્રી ઉદય

### સિદ્ધિવિનાયકનાં દર્શન કરતા મુખ્યમંત્રીશ્રી

*મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના રોડ શો સંદર્ભે મુંબઈની તેમની મુલાકાત બાદ મુંબઈના સુપ્રસિદ્ધ સિદ્ધિવિનાયક મંદિરે જઈને ગણેશજીનાં દર્શન-પૂજન શ્રદ્ધાભાવ પૂર્વક કર્યાં હતાં. નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, ઉદ્યોગ રાજયમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ પણ મુખ્યમંત્રીશ્રી સાથે સિદ્ધિવિનાયકનાં દર્શન કર્યાં હતાં.*

કોટકે પોતે ગુજરાતી હોવાના નાતે ગુજરાતના વધુ ગતિશીલ વિકાસમાં અને સમાજ હિતનાં કામોમાં પોતાની સહભાગિતા માટે પણ ઉત્સુકતા દર્શાવી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે સ્વાન એનર્જીના એમ.ડી શ્રી નિખિલ મર્ચન્ટે બેઠક યોજીને જાફરાબાદમાં આગામી બે વર્ષમાં તેમના દ્વારા પાંચ એમ.એમ.પી.ટી.એ. કેપેસિટીના એલ.એન.જી ટર્મિનલ કાર્યરત કરવાના આયોજનની મુખ્યમંત્રીશ્રીને વિગતો આપી હતી.

મુખ્યમંત્રીશ્રી સાથેની બેઠકમાં બૅન્ક ઓફ અમેરિકાના પ્રેસિડન્ટ અને ઈન્ડિયા હેડ સુશ્રી કાકુ નખાટે તેમના ગુજરાત પ્રોજેક્ટ્સ વિશે મુખ્યમંત્રીશ્રીને માહિતગાર કર્યા હતા. બૅન્ક ઑફ અમેરિકા ગિફ્ટી સિટી કૅમ્પસમાં એક લાખ ચોરસ ફૂટમાં ગ્લોબલ બિઝનેસ સર્વિસ સેન્ટર ચલાવી રહ્યું છે. તેમણે કહ્યું હતું કે ગિફ્ટ સિટીમાં બૅન્ક ઑફ અમેરિકાનું કેન્દ્ર, ફિનટેક અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ પર પણ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે અને મોટા પાયે આ સેક્ટરમાં રાજ્યના યુવાનોને રોજગાર નાઅવસર પૂરા પાડે છે. મુખ્યમંત્રીશ્રીએ સુશ્રી કાકુ નખાટેને ગિફ્ટ સિટીમાં વિકસાવવામાં આવી રહેલી વિવિધ સુવિધાનો લાભ લેવા પણ જણાવ્યું હતું અને વાઈબ્રન્ટ સમિટમાં જોડાવા આમંત્રણ આપ્યું હતું.

અંબુજા સિમેન્ટ અને એસીસીના સીઇઓ શ્રી નીરજ અખૌરીએ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે બેઠકમાં પોતાના ગ્રુપના વિવિધ વ્યવસાયો અંગે વિગતવાર માહિતી આપી હતી. આ બેઠકમાં તેમણે ગજરાતમાં તેમના વર્તમાન વ્યવસાય રોકાણને વધારવાની ઉત્સુકતા વ્યક્ત કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ આગામી વાઈબ્રન્ટ સમિટમાં જોડાવા શ્રી નીરજ અખૌરીને આમંત્રણ આપ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે મુંબઈમાં સન ફાર્માના શ્રી દિલીપ સંઘવીએ વન-ટુ-વન બેઠકમાં ગુજરાતમાં ફાર્મા સેક્ટરમાં તેમના રોકાણ અંગે મુખ્યમંત્રીશ્રીને વાકેફ કર્યા હતા અને આ સેક્ટરમાં તેઓ વધુ વ્યાપક સ્તરે રોકાણો કરવાના છે તેનાથી પણ મુખ્યમંત્રીને માહિતગાર કર્યા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે સિએટ ટાયર્સના શ્રી અનંત ગોયેંકાએ મુંબઈમાં બેઠક યોજીને તેમના ગ્રુપ દ્વારા ૧૨૦૦ કરોડના રોકાણો પ્રથમ તબક્કે કર્યાં છે અને દર બે-ત્રણ વર્ષે તેમના પ્લાન્ટમાં રોકાણ વધારી રહ્યા છે તેની વિગતો આપી હતી. તેમણે પોતાના પ્લાન્ટના સ્ટ્રેટેજિક લોકેશનથી તેમને રાજ્ય સરકાર દ્વારા થયેલા વિકાસકામોથી જે લાભ મળી રહ્યો છે તે માટે પણ આભાર વ્યક્ત કર્યો હતો.



આગામી વાઈબ્રન્ટમાં તેમણે સહભાગી થવાની પણ ઉત્સુકતા દર્શાવી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી નિખિલ મેસવાણી સાથે થયેલી બેઠકમાં શ્રી નિખિલ મેસવાણીએ કહ્યું કે ઊર્જા, પેટ્રોકેમિકલ્સ, નૅચરલ ગૅસ, રિટેલ, ટેલિકૉમ્યુનિકેશન, માસ મીડિયા અને ટેક્સટાઇલ બિઝનેસ સાથે રિલાયન્સ ભારતના સૌથી મોટા ખાનગી ક્ષેત્રમાંનું એક છે. એટલું જ નહીં, ગુજરાત ગ્રીન મેગા ઇનોવેટિવ પ્રોજેક્ટ સાથે પદાર્પણ કરી રહ્યું છે. મુખ્યમંત્રીશ્રીએ તેમને સંપૂર્ણ સહકારની ખાતરી આપી હતી.

જનરલ ઇલેક્ટ્રિકલ સાઉથ એશિયાના પ્રેસિડેન્ટ અને સી.ઇ.ઓ. શ્રી મહેશ પલશીકરે ગુજરાતના સાણંદના જી.ઇ. પ્લાન્ટમાંથી ૮૦% ઉત્પાદન એક્સપોર્ટ થાય છે તેની વિગત મુખ્યમંત્રીશ્રીને આપી હતી. શ્રી મહેશ પલશીકરે ગુજરાતની ઇન્ડસ્ટ્રીઝ અને જી.ઇ.ની એક્સપર્ટીઝ વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીથી પાવર અને રિન્યુએબલ એનર્જી જેવાં ક્ષેત્રોમાં મૂડીરોકાણો માટે ઉત્સુકતા દર્શાવી હતી. હિંદુજા ગ્રુપ ઓફ કંપનીઝના ચૅરમૅન શ્રી અશોક હિંદુજાએ ઑટોમોટિવ અને ખાસ કરીને નાનાં વાહનોના ઉત્પાદન તથા મૂડીરોકાણનાં ક્ષેત્રો વિશે ચર્ચા કરી હતી.

તેમણે આગામી વાઈબ્રન્ટ સમિટ પહેલાં ગુજરાતમાં પોતાના મૂડીરોકાણ માટે એમ.ઓ.યુ. કરવાની ઉત્સુકતા દર્શાવી હતી તથા વાઈબ્રન્ટ સમિટમાં સહભાગી થઈને ક્લીન એનર્જી, સાયબર સિક્યૉરિટી, આઇ.ટી. પાર્ક જેવા વિસ્તરી રહેલા સેક્ટર્સમાં પણ મૂડીરોકાણો માટે રસ દાખવ્યો હતો.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાતમાં ઉદ્યોગ અને મૂડીરોકાણ માટે રાજ્ય સરકાર કન્ડ્યુસિવ એન્વાયર્ન્મેન્ટથી ઉદ્યોગકારોના પ્રશ્નોનો હલ લાવી તેમને

ઉદ્યોગ સંસ્થાપનમાં જરૂરી સહાય કરશે તેમ જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ વન-ટુ-વન બેઠકોનો ઉપક્રમ પૂર્ણ કરી ગુજરાતમાં મૂડીરોકાણની તકો, વિવિધ ક્ષેત્રોમાં ગુજરાતની સિદ્ધિઓ અને ગુજરાત દેશના રોલ મૉડલ તરીકે ઊભરી આવ્યું છે તેની વિસ્તૃત જાણકારી ઉદ્યોગ અને વેપાર જગતના અગ્રણીઓ, ડેલિગેટ્સ અને આમંત્રિતો સમક્ષ રોડ શો અંતર્ગત આપી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વાઈબ્રન્ટ સમિટ ૨૦૨૨ના રોડ શો સંદર્ભે તેમની મુંબઈ મુલાકાત દરમ્યાન બપોર બાદ મુંબઇ સ્ટૉક એક્સચેન્જની પણ મુલાકાત લઈ સ્ટૉક એક્સચેન્જની ગતિવિધિ નિહાળી હતી અને માહિતી મેળવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતના એમ.એસ.એમ.ઇ. સેક્ટર અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં કેપિટલ રેઈઝિંગ અંગે તથા ગિફ્ટ સિટીને ઇન્ટરનૅશનલ ફાઈનાન્શિયલ સર્વિસિસ માટેની સર્વોચ્ચ સંસ્થા બનાવવા અંગે બૉમ્બે સ્ટૉક એક્સચેન્જના પદાધિકારીઓ સાથે વિગતવાર ચર્ચા કરી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના રોડ શો સંદર્ભે વિવિધ કાર્યક્રમો બાદ મુંબઈના સુપ્રસિદ્ધ સિદ્ધિવિનાયક મંદિરે જઈને ગણેશજીનાં દર્શન-પૂજન શ્રદ્ધાભાવપૂર્વક કર્યાં હતાં. મુખ્યમંત્રીશ્રીના દિવસભરના કાર્યક્રમોમાં નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, ઉદ્યોગ રાજ્યમંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવ શ્રી કે. કૈલાશનાથન, મુખ્ય સચિવ શ્રી પંકજ કુમાર, ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. રાજીવ કુમાર ગુપ્તા, મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી અને અન્ય વરિષ્ઠ સચિવશ્રીઓ પણ જોડાયા હતા.

## મુખ્યમંત્રીશ્રીની સૌજન્ય મુલાકાતે લક્ઝમબર્ગના રાજદૂત

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સૌજન્ય મુલાકાત લક્ઝમબર્ગ - ગ્રાન્ડ ડચીના રાજદૂત સુશ્રી પેગી ફ્રેન્ટઝેને ગાંધીનગરમાં લીધી હતી. તેમણે મુખ્યમંત્રી શ્રી સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, તેમના રાષ્ટ્રની એક કંપની કચ્છના મુંદ્રામાં ૧૦૦ કરોડ રૂપિયાના રોકાણ સાથે પોતાનું યુનિટ સ્થાપવાની છે. લક્ઝમબર્ગ રાજદૂતે ગાંધીનગરના ગિફ્ટ સિટીમાં લક્ઝમબર્ગ સ્ટૉક એક્સચેન્જ શરૂ કરવાની પણ તત્પરતા વ્યક્ત કરી હતી.

સુશ્રી પેગી ફ્રેન્ટઝેને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને તેમના કાર્યકાળમાં યોજાઇ રહેલી આ પ્રથમ વાઈબ્રન્ટ સમિટની સફળતાની શુભેચ્છાઓ પાઠવી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે ગુજરાતમાં આઇ.ટી., ફાઇનાન્શિયલ સર્વિસીઝ, મેડિકલ ડિવાઇસીઝ અને રિન્યુએબલ એનર્જીનાં ક્ષેત્રોમાં ઘણી પ્રગતિ થઇ છે. આગામી વાઈબ્રન્ટ સમિટ-૨૦૨૨માં લક્ઝમબર્ગના ઉદ્યોગો આ સેક્ટરમાં સહભાગિતા માટે આગળ આવે તો આ સાઝેદારી ભારત-ગુજરાત- લક્ઝમબર્ગ માટે ઉપયુક્ત બનશે એમ પણ શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ લક્ઝમબર્ગ રાજદૂતને સ્ટેચ્યુ ઑફ યુનિટીની મુલાકાત લેવાનું આમંત્રણ પાઠવીને આગામી વાઈબ્રન્ટ ૨૦૨૨માં તેમના દેશના ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ સાથે જોડાવા પણ નિમંત્રણ આપ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ લક્ઝમબર્ગ રાજદૂતશ્રીને સ્ટેચ્યુ ઓફ યુનિટીની પ્રતિકૃતિ સ્મૃતિભેટ રૂપે અર્પણ કરી હતી. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવ શ્રી કૈલાશનાથન તેમ જ ઉદ્યોગ કમિશનર શ્રી રાહુલ ગુપ્તા, ઇન્ડેક્સ-બીના એમ.ડી. શ્રીમતી નિલમ રાની આ બેઠકમાં જોડાયાં હતાં.



## મુખ્યમંત્રીશ્રીનો દુબઈ પ્રવાસ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૨ના રોડ શો અને વન-ટુ-વન બેઠક માટે ગુજરાત ડેલિગેશન સાથે દુબઈની દ્વિ-દિવસીય મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રીશ્રીની આ મુલાકાત દુબઇના ઉદ્યોગ-રોકાણકારો માટે ગુજરાતમાં વિવિધ ક્ષેત્રે રોકાણોની ઉત્સુકતા માટેની એક મહત્ત્વપૂર્ણ ઈવેન્ટ બની ગઇ છે.

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દુબઇ પ્રવાસના પ્રથમ દિવસે બુધવારે યોજાયેલા રોડ શો અને દિવસ દરમ્યાન દુબઇના અગ્રણી ઉદ્યોગ-વેપાર સંચાલકો સાથેની વન-ટુ-વન બેઠક પણ અત્યંત ફળદાયી રહી છે. દુબઇના ૧૯ જેટલા ઉદ્યોગ-રોકાણકારોએ ગુજરાતમાં પોતાના



વ્યવસાય-કારોબાર અને ઉદ્યોગોની સ્થાપના માટે આ રોડ શો દરમ્યાન મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં ગુજરાત સાથે ગિફ્ટ સિટીમાં પ્રોજેક્ટ્સ રોકાણો સહિત વિવિધ સેક્ટર્સમાં રોકાણો માટે MoU કર્યા હતા. દુબઈનું પ્રતિષ્ઠિત શરાફ ગ્રુપ ગુજરાતમાં લોજિસ્ટિક્સ પાર્ક સ્થાપવાનું છે તે માટેના MoU તેમણે ગુજરાત સરકાર સાથે કર્યા હતા.

આ ઉપરાંત અલ્ફનાર ગ્રુપની નેત્રા વિન્ડ પ્રાયવેટ લિમિટેડ દ્વારા ૩૦૦ મેગાવોટના વીન્ડ પાવર પ્રોજેક્ટ, સ્માર્ટ ગ્રીડ પ્રોજેક્ટ અને ટ્રાન્સમીશન પ્રોજેક્ટસમાં રોકાણ અંગેના MOU થયા હતા.

ગુજરાતમાં અન્ય જે પ્રોજેક્ટ્સમાં રોકાણો માટે દુબઈના રોકાણકારો-ઉદ્યોગ સંચાલકોએ રસ દાખવ્યો છે, તેમાં ઈન્ટિગ્રેટેડ સ્ટીલ પ્લાન્ટ, હજીરામાં ગ્રીન સિમેન્ટ ઉત્પાદન, ગિફ્ટ સિટીમાં વૅલ્યુટિંગ સર્વિસીસ અને સ્ટૉક બ્રૉકિંગ સર્વિસીસ, ભાવનગર પૉર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તેમ જ ધોલેરા SIRમાં રોકાણો, ચાંચ પૅલેસ રિસોર્ટ ડેવલપમેન્ટ, નાઈટ્રિક ઍસિડ બેઈઝડ ડેરિવેટીવ્ઝ, પ્રેશિયસ મેટલ્સ રિફાઈનિંગ ઍન્ડ ટ્રેડિંગ, કન્સલ્ટન્સી સર્વિસીસ તથા શૉપિંગ મૉલ-હાયપર માર્કેટ અંગે, કૅપિટલ માર્કેટ ઍક્ટિવિટીઝ માટે કૉર્પોરેટ હાઉસ અને ત્રણ MoU મલ્ટિપલ પ્રોજેક્ટ્સ માટેના થયા છે.

ગુજરાત સાથે જે MoU થયા છે તેમાં મુખ્યત્વે શરાફ ગ્રુપ, અલ્ફનાર ગ્રુપ, લુલુ ગ્રુપ, ટ્રાન્સવર્લ્ડ, કોનારેસ ગ્રુપ, નરોલા ગ્રુપ ઈન્ટરનૅશનલ જેવા પ્રતિષ્ઠિત ઉદ્યોગ-વેપાર અગ્રણી સહિતના વિવિધ રોકાણકારોનો સમાવેશ થાય છે.

આ અગાઉ દુબઈ ખાતે યોજાયેલા રોડ શોમાં ગુજરાત UAE માટે ભારતનું પ્રવેશદ્વાર છે અને ભારત માટે UAEનું પ્રવેશદ્વાર બનવા એકદમ તૈયાર હોવાનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું. આ રોડ શોમાં UAEના બે મંત્રીશ્રીઓ તેમ જ ૮ જેટલા અગ્રણી ઉદ્યોગ-રોકાણકારોને વન-ટુ-વન બેઠકમાં મળ્યા હતા.

ધોલેરા SIR, ગિફ્ટ સિટી, વિશ્વનો સૌથી મોટો હાઈબ્રીડ (સોલાર અને વિન્ડ) રિન્યુએબલ એનર્જી પાર્ક જેવા સસ્ટેનેબલ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટ્સના વિકાસ પર ગુજરાતે ભાર મૂક્યો છે.

શ્રી પટેલે આ ત્રણેય પ્રોજેક્ટ્સની વિસ્તૃત છણાવટ કરી આવા ફ્યુચરિસ્ટિક પ્રોજેકટ્સના પાયામાં ગુજરાતને વર્લ્ડ કલાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી સજ્જ બનાવવાની વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને માર્ગદર્શન રહેલાં છે એમ ઉમેર્યું હતું.

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાતે વિકાસના રોલ મૉડલ સ્ટેટ તરીકે મેળવેલી આ પ્રતિષ્ઠાની પ્રત્યક્ષ અનુભૂતિ કરવા UAEના ઉદ્યોગ-વેપાર અગ્રણીઓને વાઈબ્રન્ટ સમિટ-૨૦૨૨માં સહભાગી થવા ભાવભર્યું નિમંત્રણ પાઠવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે ગુજરાત અત્યારે કેટલાક નોંધપાત્ર સ્ટાર્ટ-અપ્સનું કેન્દ્ર છે. ગુજરાતમાં ઈન્ક્યુબેશન કેન્દ્રો, આઈક્રિએટ વગેરે દ્વારા એક એવી સફળ ઈકોસિસ્ટમ વિકસી છે જેમાં ઈનોવેશન અને ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન મળે છે.

તેમણે ઉમેર્યુ કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આત્મનિર્ભર ભારત-સેલ્ફ રિલાયન્ટ ભારત માટેનું આહ્વાન કર્યું છે. ગુજરાત ઔદ્યોગિક, કૃષિ, સામાજિક, માળખાકીય એમ સર્વગ્રાહી વિકાસથી આત્મનિર્ભર બની 'આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત' માટે પ્રતિબદ્ધ છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૨ની થીમ પણ આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત રાખવામાં આવી છે.

મુખ્યમંત્રીશ્રીએ હિઝ હાઈનેસ ક્રાઉન પ્રિન્સે અબુધાબીમાં બીએપીએસ (BAPS) મંદિર અને સાંસ્કૃતિક કેન્દ્રનું નિર્માણ કરવા માટે જમીન દાનમાં આપી છે, તેનો ઉલ્લેખ કરતાં કહ્યું કે આ પહેલ ભારત-UAEના મજબૂત સંબંધ અને મિત્રતાનું આગવું ઉદાહરણ છે.

મુખ્યમંત્રીશ્રીએ આ રોડ શોમાં ઉપસ્થિત રહેલા દુબઈના અગ્રણી ઉદ્યોગ-રોકાણકારોને ગુજરાતની વિકાસયાત્રામાં ભાગીદાર બનવા વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૨માં જોડાવાનું આમંત્રણ આપ્યું હતું તેમ જ સૌને ગુજરાત સરકારના પૂરતા સહયોગની ખાતરી પણ આપી હતી.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝન અને પ્રેરણાથી નિર્માણ પામેલી પ્રતિમા વિશ્વની સૌથી ઊંચી સ્ટેચ્યુ ઑફ યુનિટીની મુલાકાત લેવા પણ

મુખ્યમંત્રીશ્રીએ ઉપસ્થિતોને નિમંત્રણ આપ્યું હતું. અગ્રણી ઉદ્યોગ-વેપારકારોએ ગુજરાત અને ભારતમાં પોતાના વ્યાપાર-કારોબારને મળી રહેલી સરળતા અને પ્રોત્સાહક અભિગમના અનુભવો વર્ણવ્યા હતા.

આ દુબઈ રોડ શો દરમ્યાન થયેલા આ MoU વેળાએ ઉદ્યોગ રાજ્યમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, UAE ખાતેના ભારતીય રાજદૂત શ્રી સુજય સુધીર, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવ શ્રી કૈલાશનાથન, ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. રાજીવકુમાર ગુપ્તા અને ગુજરાત ડેલિગેશનના વરિષ્ઠ સચિવો, અગ્રણી ઉદ્યોગ-વેપાર સંચાલકો ઉપસ્થિત રહ્યા હતા.

## કોલકાતામાં VGGS 2022 અંતર્ગત રોડ-શો

આગામી જાન્યુઆરી-2022માં યોજાનાર વાઈબ્રન્ટ સમિટમાં સ્થાનિક અને વિદેશી રોકાણકારોને આકર્ષવા માટે રાજ્યના મુખ્યમંત્રીશ્રી સહિત મંત્રીમંડળના સદસ્યોએ વિવિધ શહેરો અને દેશની મુલાકાત લીધી હતી. એ ક્રમમાં તાજેતરમાં કોલકાતામાં રોડ શો યોજાયો હતો. જેમાં ઉદ્યોગ રાજ્યમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની આગેવાનીમાં જિયોલૉજી અને માઈનિંગ વિભાગના કમિશનર શ્રી રૂપવંત સિંહ સહિત રાજ્ય સરકારના અન્ય અધિકારીઓ રોડ શોમાં જોડાયા હતા.

ભારતે સામાજિક-આર્થિક ક્ષેત્રમાં સાધેલી પ્રગતિનો ઉલ્લેખ કરીને મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશ નોંધપાત્ર પ્રગતિ સાથે સમગ્ર વિશ્વમાં એક અલગ ઓળખ ઊભી કરી રહ્યો છે. શ્રી વિશ્વકર્માએ ભારતના ભવિષ્ય ઉપર લાંબાગાળાની અસર કરે એવા કેન્દ્ર સરકાર દ્વારા લેવાયેલાં પગલાંનું ઉદાહરણ ટાંક્યું હતું. તેમાં પીએમ ગતિશક્તિ માસ્ટર



પ્લાન, ઉત્પાદન આધારિત પ્રોત્સાહન યોજના, પારદર્શી અને નિશ્ચિત કરવ્યવસ્થા, ઈઝ ઑફ ડુઈંગ બિઝનેસ, ઈઝ ઑફ લિવિંગ અને મેઈક ઈન ઈન્ડિયા વગેરેનો સમાવેશ થાય છે.

શ્રી વિશ્વકર્માએ ભારપૂર્વક કહ્યું હતું કે ગુજરાત નીતિ સંચાલિત રાજ્ય છે. બિઝનેસ માટે સાનુકૂળ વાતાવરણ સર્જવા માટે રાજ્ય સરકારે ઔદ્યોગિક નીતિ 2020, સુગ્રથિત લોજિસ્ટિક્સ અને લોજિસ્ટિક્સ પાર્ક નીતિ, ઈલેક્ટ્રિક વાહન નીતિ, સૂર્ય ઊર્જા નીતિ તથા પ્રવાસન અને કાપડ નીતિ 2021 જેવી વિવિધ નીતિ અને યોજનાઓનો પ્રારંભ કર્યો છે.

ધોલેરા SIR તથા GIFT સિટી અંગે તેમણે જણાવ્યું હતું કે આ બંને મેગા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ ગુજરાતની પ્રગતિને નવી ઊંચાઈએ લઈ જશે. ગિફ્ટ સિટીમાં ભારતનું સૌપ્રથમ આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવા કેન્દ્ર (આઈએફએસસી) ઑથોરિટીની સ્થાપના કરવામાં આવી છે, તે સાથે આંતરરાષ્ટ્રીય બુલિયન એક્સચેન્જ પણ સ્થાપવામાં આવ્યું છે. ગિફ્ટ સિટીમાં બૅન્કિંગ, ઈન્સ્યોરન્સ, ઑફશોરિંગ તથા કૅપિટલ માર્કેટની એકીકૃત સેવાઓ ઉપલબ્ધ છે.

તો બીજી તરફ, ધોલેરા SIR ભારતનું સૌથી વિશાળ ગ્રીનફીલ્ડ ઔદ્યોગિક મૂડીરોકાણ ક્ષેત્ર તથા દેશનું પ્રથમ ગ્રીનફીલ્ડ ઔદ્યોગિક સ્માર્ટ સિટી છે. ધોલેરા આધુનિક માળખાકીય સુવિધાઓ, ઉત્તમ કનેક્ટિવિટી, ઑટોનોમી માટેનું માળખું, ઝડપી અપ્રૂવલ સહિત અસાધારણ સંભાવનાઓ ઑફર કરે છે. પ્રગતિ માટે ધોલેરા કરતાં વધારે સારું સ્થળ કોઈ નથી એમ શ્રી વિશ્વકર્માએ ઉમેર્યું હતું. કોલકાતા સહિત પશ્ચિમ બંગાળના રોકાણકારોને નિમંત્રણ આપતાં શ્રી વિશ્વકર્માએ કહ્યું હતું કે VGGS 2022માં તેમના માટે બિઝનેસની વિશિષ્ટ સંભાવનાઓ છે.

ગુજરાતના પ્રતિનિધિમંડળે બિઝનેસ અને ઔદ્યોગિક અગ્રણીઓ સાથે વ્યક્તિગત બેઠક પણ યોજી હતી, જેમાં રૂપા ઍન્ડ કંપની લિમિટેડ, તિતાગઢ ગ્રુપ, બિરલા કૉર્પોરેશન લિમિટેડ, વિક્રમ સોલાર લિમિટેડ, જ્યુપિટર ઈન્ટરનૅશનલ લિમિટેડ, ગ્રીનપ્લાય ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, ટેગા ઈન્ડસ્ટ્રીઝ, એક્સાઈડ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, ઍટોમિક મિનરલ્સ ડિરેક્ટોરેટ ફૉર એક્સપ્લોરેશન ઍન્ડ રિસર્ચ, આઈટીસી લિમિટેડ, ગ્લોસ્ટર લિમિટેડ, લિંક પેન તથા પ્લાસ્ટિક્સ લિમિટેડ વગેરેનો સમાવેશ થતો હતો.

કોલકાતામાં આ રોડ શોને બિઝનેસ અગ્રણીઓ તરફથી ઉત્સાહજનક પ્રતિભાવ સાંપડ્યો હતો, જેને પગલે ગુજરાતમાં નવાં મૂડીરોકાણ આવવાની સંભાવના છે. ●

# ૧૦મા એગ્રી એશિયા એક્ઝિબિશનમાં ૨૨પથી વધુ કંપનીઓની સહભાગિતા









પરંપરાગત ખેતીનાં અનુભવ-જ્ઞાન અને આધુનિક વૈજ્ઞાનિક અભિગમના સમન્વયથી કૃષિકારોને કૃષિ પાકોમાં વૈવિધ્ય અને ઉત્પાદનમાં વૃદ્ધિ થાય છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરી ધરતીપુત્રોને પ્રગતિના પંથે લઈ જવાની નેમ રાખી છે. આ નેમને સાકાર કરવા વૅલ્યુ ઍડિશન અને ટેક્નોલૉજીનો સમયોચિત ઉપયોગ તથા કિસાન હિતકારી નીતિઓ-પૉલિસીઝ દ્વારા ધરતીપુત્રોને આર્થિક સક્ષમતા આપવાનાં આયોજનો થયાં છે.

આ આયોજનના ભાગરૂપે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ૧૦મા એગ્રી એશિયા એક્ઝિબિશનનો ગાંધીનગરમાં પ્રારંભ કરાવ્યો હતો. આ એક્ઝિબિશનમાં સહભાગી બનેલી ૨૨પથી વધુ કંપનીઓ અને ૪ જેટલી વિદેશી સ્ટાર્ટ-અપ કંપનીઓ આ પ્રદર્શન દ્વારા ખેડૂતોની આવક બમણી કરવા માર્ગદર્શક બનશે. શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કહ્યું હતું કે ભૂતપૂર્વ વડાપ્રધાન સ્વ. અટલ બિહારી વાજપેયીજીએ જય જવાન, જય કિસાન સાથે જય વિજ્ઞાન સૂત્ર આપીને કૃષિ ક્ષેત્રે પણ વિજ્ઞાનને પ્રેરિત કર્યું હતું. આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈએ કૃષિ વિકાસનું વિચારબીજ ગુજરાતમાં કૃષિ મહોત્સવોની સફળ શ્રૃંખલા યોજીને આપ્યું અને ખેડૂતના ખેતર સુધી કૃષિવિકાસ પહોંચાડ્યો.

મુખ્યમંત્રીશ્રીએ કૃષિપ્રધાન ભારત દેશને આત્મનિર્ભર ભારત બનાવવાના વડાપ્રધાનશ્રીના સંકલ્પમાં ખેતીમાં ટેક્નોલૉજીનો સમયાનુકૂળ ઉપયોગ આપણે કર્યો છે. હવે આધુનિકતા સાથે પ્રાચીન પરંપરાનો સંગમ કરીને પ્રાકૃતિક ખેતી, નૅચરલ ફાર્મિંગ અપનાવવું સમયની માગ છે. રાજ્યમાં ખેતી હેઠળનો વિસ્તાર વધારવો, ઉત્પાદકતા વધારવી તથા સંસાધન ક્ષમતા ઊભી કરવી અને હાઈટેક બાગાયત અપનાવવું તેમ જ નવીન ટેક્નોલોજીને પ્રોત્સાહન સાથોસાથ ઑર્ગેનિક, પ્રાકૃતિક ખેતીની વૃદ્ધિ એવા ફોકસ એરિયા નક્કી કરીને રાજ્ય સરકાર સતત કાર્યરત છે.

ગુજરાતમાં તેલીબિયાંના પાકોમાં ૬૦ ટકા ઉત્પાદન વૃદ્ધિ, ખાદ્ય પાકોમાં ૬૫ ટકા, કપાસમાં ૭૩ લાખ ગાંસડીના ઉત્પાદન સાથે દેશના કુલ કપાસ ઉત્પાદનના ૨૦ ટકા એકલું ગુજરાત આપે છે. ગુજરાતમાં ઝીરો ટકા વ્યાજે લોન, ટેકાના ભાવે વિક્રમજનક ખરીદી તથા કુદરતી આફત સમયે ઉદાર સહાય પૅકેજથી સરકાર ખેડૂતોની પડખે ઊભી રહી છે. ગુજરાત દેશના વિકાસનું રોલ મૉડલ છે જ. હવે ટેક્નોલૉજીના નવતર અભિગમ અને પ્રાકૃતિક ખેતીના સમન્વયથી દેશમાં હરિતક્રાંતિની પણ આગેવાની લેશે. મુખ્યમંત્રીશ્રીએ એગ્રી એશિયાના વિવિધ સ્ટૉલ્સની પણ પ્રત્યક્ષ મુલાકાત લઈ પ્રોડક્ટ્સ અંગેની માહિતી મેળવી હતી. આ અવસરે સહકાર રાજ્યમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, નેધરલૅન્ડના ભારતસ્થિત રાજદૂત શ્રીયુત માર્ટેન, અમૂલ ડેરીના ચૅરમૅન શ્રી રામસિંહ પરમાર, સહકારી ડેરી સંઘના અધ્યક્ષ શ્રી શામળભાઈ તેમ જ કૃષિ ક્ષેત્રના અગ્રણી તજજ્ઞો ખેડૂત ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં. ●




# ગાંધીનગરમાં યોજાયું રાજ્યનું સૌથી વિશાળ એન્જિમેક પ્રદર્શન

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ (VGGS)-2022 પહેલાં વિવિધ ટ્રેડ શો, એક્ઝિબિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. એ અંતર્ગત રાજ્યના સૌથી મોટા એન્જિનિયરિંગ પ્રદર્શન એન્જિમેક-૨૦૨૧નો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પ્રારંભ કરાવ્યો હતો. કે ઍન્ડ ડી કૉમ્યુનિકેશન્સ દ્વારા આયોજિત એન્જિમેક ૨૦૨૧ એશિયાનો સૌથી મોટો વૈવિધ્યસભર એન્જિનિયરિંગ, મશીનરી, મટીરિયલ હૅન્ડલિંગ તથા મશીન ટૂલ્સ પ્રદર્શન ગણાય છે. પાંચ દિવસ સુધી યોજાયેલા આ પ્રદર્શનમાં ૫૦૦થી વધુ પ્રદર્શકોએ ભાગ લીધો હતો.

એન્જિમેક પ્રદર્શનમાં આધુનિક એન્જિનિયરિંગ ઉત્પાદનો તથા સેવાઓ, ભારે અને હળવાં મશીનો, મશીનરીનાં સાધનો તથા એક્સેસરી, એન્જિનિયરિંગ ટૂલ્સ અને એને સંલગ્ન ઉત્પાદનો તથા સેવાઓ રજૂ કરવામાં આવી હતી. કે ઍન્ડ ડી કૉમ્યુનિકેશન લિમિટેડના સીએમડી શ્રી કમલેશ ગોહિલે જણાવ્યું હતું કે કોવિડ-19 મહામારી દરમિયાન આર્થિક ગતિવિધિ મંદ પડવાથી MSME ક્ષેત્રને ભારે નાણાકીય નુકસાન થયું હતું. અર્થતંત્ર હવે સુધરી રહ્યું છે. એન્જિમેક ૨૦૨૧ MSMEને સમર્પિત છે અને અમને વિશ્વાસ છે કે આ પ્રદર્શન મધ્યસ્થીની ભૂમિકા ભજવશે અને અર્થતંત્રમાં સુધારાની ગતિ વધુ ઝડપી બનશે, જેથી બિઝનેસ માટે નવી તકો ઊભી થશે. ગુજરાત MSMEનું હબ છે અને અર્થતંત્રમાં થઈ રહેલા સુધારાનો મહત્તમ લાભ મળવાની ધારણા છે.





૧૫મા એન્જિમેક પ્રદર્શનમાં આ ઉદ્યોગની ટેક્નોલૉજિકલ ક્ષમતા તથા સંશોધનો રજૂ કરવામાં આવ્યાં હતાં. શો દરમિયાન આ ક્ષેત્રમાં થયેલાં નવાં સંશોધનોને પ્રોત્સાહન આપવા નૉલેજ શૅરિંગ કરવામાં આવ્યુ હતુ. શો દરમિયાન મુખ્યત્વે મશીન ટૂલ્સ અને મશીન ટૂલ એક્સેસરી, ઑટોમેશન અને રોબોટિક્સ, ટૂલિંગ સિસ્ટમ, હાઈડ્રોલિક્સ અને ન્યૂમૅટ્રિક્સ, પમ્પ અને વાલ્વ, ફાસ્ટનર અને હાર્ડવેર, ઑટોમોબાઈલ, આઈટી આધારિત સેવાઓ, ઈલેક્ટ્રિકલ અને ઈલેક્ટ્રોનિક્સ, ફેબ્રિકેશન અને વેલ્ડિંગ વગેરે ક્ષેત્રો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે.



પ્રદર્શનના ઉદ્ઘાટન પ્રસંગે રાજ્યમંત્રીશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફાઉન્ડ્રીમૅનના ચૅરમૅન શ્રી સુબોધ પંચાલ તથા મૅનેજિંગ ડિરેક્ટર શ્રી અમિષ પંચાલ, MTMAના ચૅરમૅન શ્રી યોગીન ચાનિઆરા, ગુજરાત લઘુ ઉદ્યોગ સંગઠનના પ્રમુખ શ્રી અતુલ કાપસી, એસસી અને એસટી ફેડરેશનના પ્રમુખ શ્રી અનિલભાઈ, ગુજરાત ચેમ્બર ઑફ કૉમર્સ ઍન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી હેમંત શાહ તથા સેક્રેટરી શ્રી સચિન પટેલ અને મેકપાવર સીએનસી ઑટોમેશન લિ.ના ચૅરમૅન શ્રી રૂપેશ મહેતા ઉપસ્થિત રહ્યા હતા. ●

# સુરતનો ટેક્ષટાઈલ ઉદ્યોગ લાખો લોકોની રોજગારીનું સરનામુ

સુરત એટલે દેશનું સૌથી ઝડપથી વિકસતુ શહેર. સુરત એટલે હિરા પોલિશ અને ટેક્ષટાઈલ ઉદ્યોગનું હબ. આમ જોઈએ તો સુરતને ગુજરાતનું આર્થિક પાટનગર પણ કહી શકાય. સુરતનો કાપડ ઉદ્યોગ અંદાજ ૧૫ લાખ લોકોને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે રોજગારી આપી રહ્યો છે. અહીં વર્ષે દહાડે અંદાજિત ૧૪,૬૦૦ મિલિયન મીટર કાપડ અને ૧૦.૫૦ લાખ મેટ્રિક ટન યાર્નનું ઉત્પાદન થાય છે. સુરત હીરાપોલિશિંગ અને જરીના ઉદ્યોગ સાથે કાપડ ઉત્પાદનમાં અવ્વલ સ્થાન મેળવી રહ્યું છે. જેના કારણમાં અહીંના ઉદ્યોગકારો બદલાતી ફેશનને અનુરૂપ ઉત્પાદન પદ્ધતિમાં બદલાવ કરી વિશ્વના માર્કેટમાં સ્થાન બનાવ્યુ છે.

સુરતનો સૌથી મોટો ઉદ્યોગ કાપડ વણાટ (જરી, કિનખાબ, રેશમ અને અન્ય) તેમજ અને ડાઈંગ-પ્રિન્ટિંગનો છે. હીરા, મોતી, ઝવેરાત અને જરીના ઉદ્યોગ ઉપરાંત આર્ટ સિલ્ક પાવરલૂમ્સ અને મિલોનો ઘણો વિકાસ થયો છે. ભારતના ૬૫ ટકા મેનમેડ ફાઈબરનું ઉત્પાદન એકલું સુરત કરે છે. સુરતમાં વર્ષ ૧૯૬૦ થી પોલિયેસ્ટર ઉદ્યોગમાં સુરતે કાઠું કાઢ્યું અને ધીરે ધીરે ડાઈંગ, પ્રિન્ટીંગ, યાર્ન મેન્યુફેક્ચરીંગ, એમ્બ્રોયડરી ડિઝાઈનિંગ, નેટ ફેબ્રિક્સ, ટેકનિકલ ટેક્ષટાઈલમાં સુરતના ટેક્ષટાઈલ ઉદ્યોગે નામના મેળવી છે. યુરોપ અને ચીનમાં સારી ટેકનોલોજી ધરાવતી ટેક્ષટાઈલ મશીનરીને આયાત કરવામાં આવે છે.

સમગ્ર ભારતમાં ટેક્ષટાઈલ સિટીની અનોખી ખ્યાતિ મેળવનાર સુરત શહેરમાં ૭.૧૫ લાખ જેટલા શટલ, વોટરજેટ, રેપિયર, એરજેટ જેવા લુમ્સ મશીનો થકી ફેબ્રિક્સ પ્રોડક્શનમાં ૮૧,૨૨૮ કરોડનું વાર્ષિક ટર્નઓવર થાય છે. હાલ સુરતમાં ૬ ટેક્ષટાઈલ પાર્ક કાર્યરત છે, જ્યારે આગામી દિવસોમાં વધુ ચાર નવા ટેક્ષટાઈલ પાર્કના નિર્માણ થકી લાખો રોજગારીનું સર્જન થશે.

સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખશ્રી આશિષ ગુજરાતી જણાવે છે કે, વિશ્વમાં ફેશનનું ઉદ્દગમસ્થાન ગણાતા ફ્રાન્સના 'પેરિસ' શહેરમાં સુરતનું કાપડ વપરાય છે. સુરતમાં તૈયાર કરવામાં આવતા નેટ ફેબ્રિક્સની બાંગ્લાદેશ અને ગલ્ફના દેશોમાં ભારે ડિમાન્ડ છે. બાંગ્લાદેશમાં રેડિમેડ ગારમેન્ટમાં ઉપયોગ માટે મોટાપાયે ત્યાંના ઉદ્યોગકારો તરફથી ઓર્ડર મળે છે.


ભારતના કુલ કાપડની નિકાસમાં સુરતના કાપડ ઉદ્યોગનો ફાળો ૫ ટકા છે. ભારતનું ૬૫ ટકા યાર્ન સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં બને છે. સુરતમાં ૧.૫૦ લાખ એમ્બ્રોઈડરી મશીન, ૨૦ હજાર રેપિયર મશીન તેમજ ૭.૧૫ લાખ પાવરલુમ્સ યુનિટ છે. માત્ર પાવરલૂમ ઈન્ડસ્ટ્રીમાં જ ચાર લાખ કારીગરો કામ કરી રહ્યાં છે. સુરતની ૨.૫૦ લાખ મહિલાઓ ઘરેબેઠા ટીકી- સ્ટોન વર્ક, ભરતકામ, લેસ કટિંગ અને મેકિંગ, સિલાઈકામ જેવા વિવિધ પ્રકારના જોબવર્ક કરી રોજગારી મેળવી રહી છે.

સુરતમાં રોજગારી માટે આવતો દેશના કોઈ પણ રાજ્યનો સ્કીલ્ડ અથવા અનસ્કીલ્ડ કારીગર ટ્રેનમાંથી સુરતની ધરતી પર પગ મૂકે એટલે તેને નોકરી મળવાનું નિશ્ચિત હોય છે. એટલે જ સુરત સૌને સમાવતું રોજગારીદાતા શહેર પણ છે. સુરતના કાપડ ઉદ્યોગ સફળ થવાના ત્રણ કારણોમાં એન્ટરપ્રિન્યોરશિપ(ઉદ્યોગ સાહસિકતા), ઈનોવેશન(નવીનીકરણ) અને ઈઝીલી એડોપ્શન ઓફ ન્યુ ટેકનોલોજી (નવી ટેકનોલોજીને સરળતાથી અપનાવી લેવી) છે.

ટેક્ષટાઈલ ઈન્ડસ્ટ્રીની જરૂરિયાત મુજબ સરકારે પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના (PMKVY) અંતર્ગત નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NSDC)ના નેજા હેઠળ ૨૭ જેટલા કોર્સ ડેવલપ કર્યા છે. જેમાં ટેક્ષટાઈલ ઈન્ડસ્ટ્રીઝના સ્પીનિંગ, વિવિંગ, નીટિંગ, કેમિકલ પ્રોસેસિંગ અને હેન્ડલૂમ્સ વગેરે તમામ ૧૯ જેટલા સેક્ટરનો સમાવેશ થાય છે. ●







**વાઇબ્રન્ટ સમિટથી ગુજરાતને વૈશ્વિક ઓળખ પ્રાપ્ત થઇ છે. આ સમિટના પરિણામે રાજ્યમાં વિપુલ પ્રમાણમાં મૂડીરોકાણ અને રોજગારીની તકો ઉપલબ્ધ થઇ છે. ઉલ્લેખનીય છે કે, ગાંધીનગર ખાતે આગામી ૧૦ જાન્યુઆરીથી વાઇબ્રન્ટ ગુજરાત સમિટ યોજાશે. પ્રસ્તુત વિશેષ અહેવાલમાં ગુજરાતે વિવિધ ક્ષેત્રે હાંસલ કરેલી સિધ્ધિની વાત વણી લેવામાં આવી છે.**

# પુનઃપ્રાપ્ય ઊર્જાસ્રોત સ્વચ્છ પર્યાવરણની દિશામાં ગુજરાતની પર્યાવરણલક્ષી નીતિ





✎ **મનીષા વાઘેલા**

આજકાલ આપણે જોઈ-અનુભવી રહ્યા છીએ કે સમગ્ર વિશ્વમાં ક્યાંક અતિશય ઠંડી, ગરમી કે વરસાદ પડી રહ્યો છે. વળી જ્યાં ઠંડી કે ગરમી ન પડી હોય કે ઓછી પડતી હોય ત્યાં એનું પ્રમાણ વધુ નોંધાયું છે. આવા અસ્વાભાવિક આબોહવા પરિવર્તનથી જીવસૃષ્ટિને ગંભીર અસર પડી રહી હોવાથી સમગ્ર વિશ્વનું તાપમાન ઘટાડવાનાં કારણો અને તેને નિવારવાની દિશામાં વિવિધ દેશો દ્વારા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આબોહવા પરિવર્તનનાં અનેક કારણો પૈકી એક કારણ ઊર્જા-ઉત્પાદન પણ છે. કોલસા અને ક્રૂડ ઑઇલ ઉપર વધારે પડતો આધાર રાખવાના પરિણામે આર્થિક, પર્યાવરણ અને ઊર્જા-સંરક્ષણ સંબંધિત સમસ્યાઓ ઉદ્ભવી છે. જેના પરિણામે ઉદ્યોગોને વિવિધ વિકલ્પોનો આશરો લેવા પડી રહ્યો છે અને માટે જ પુનઃપ્રાપ્ય ઊર્જા (રિન્યુઅલ એનર્જી)ના સ્રોતો વિકસાવવા એ વર્તમાન સમયની સૌથી પ્રબળ માગ બની ગઈ છે.

આર્થિક ઉન્નતિ અને સમૃદ્ધિ એ સાતત્યપૂર્ણ વિકાસનાં બે મહત્ત્વનાં અંગો છે. યુનાઈટેડ નૅશન્સના અંદાજ પ્રમાણે વર્ષ ૨૦૫૦ સુધીમાં વિશ્વની જનસંખ્યા ૯.૨ બિલિયને પહોંચી જશે. વધતી વસ્તીને ધ્યાનમાં રાખીને ક્લીન અને ગ્રીન ઊર્જા ઉત્પાદન ક્ષેત્રના વિકાસ અને કાર્બન ફૂટપ્રિન્ટ ઘટાડવા સાતત્યપૂર્ણ પ્રવૃત્તિ અનિવાર્ય બની છે. સાતત્યતા જાળવી રાખી કાર્બન ફૂટપ્રિન્ટમાં ઘટાડો કરવા ઉદ્યોગોએ યથાયોગ્ય પ્રયાસો કરવા જ પડશે. પુનઃપ્રાપ્ય ઊર્જા સહિતની પદ્ધતિઓ દ્વારા કાર્બન ફૂટપ્રિન્ટમાં ઘટાડો થઈ શકે છે. ઊર્જાના વૈકલ્પિક સ્રોતો એટલે કે સ્વદેશી, બિનપ્રદૂષિત અને અખૂટ પુનઃપ્રાપ્ય ઊર્જાસ્રોતો. ભારતે સમયની માગને ધ્યાને રાખીને પુનઃપ્રાપ્ય ઊર્જાસ્રોતોને સ્થાપવામાં પ્રગતિ સાધી છે. પુનઃપ્રાપ્ય ઊર્જાના ક્ષેત્રમાં ભારતની પ્રગતિ એ જળવાયુ પરિવર્તન વિરુદ્ધની લડાઈ માટેની પ્રતિબદ્ધતા અને દૃઢ વિશ્વાસનું પરિણામ છે. એના પરિણામે પુનઃપ્રાપ્ત ઊર્જાક્ષેત્રે સ્થાપિત ક્ષમતાની દૃષ્ટિએ ભારત સમગ્ર વિશ્વમાં ચોથા ક્રમે છે. ભારતની સ્થાપિત ઊર્જા-ઉત્પાદન ક્ષમતા 369 ગિગાવૉટ(GW) છે અને વૈશ્વિક દૃષ્ટિએ એનો ફાળો 4.43 ટકા છે. ભારત સ્થાપિત ક્ષમતાની દૃષ્ટિએ સૌર-ઊર્જાક્ષેત્રે પાંચ અને પવન-ઊર્જાક્ષેત્રે ચોથા ક્રમે છે. જે પુનઃપ્રાપ્ત ઊર્જાક્ષેત્રે એના લક્ષ્યાંકો તરફની ઝડપી પ્રગતિને દર્શાવે છે. આર્થિક અને સામાજિક રીતે પ્રગતિ કરવા ઈચ્છુક દરેક રાષ્ટ્ર પાસે પર્યાપ્ત માત્રામાં પરવડે એવી કિંમતે ઊર્જા હોય એ પાયાની જરૂરિયાત છે. જેને ભારત અને ખાસ કરીને ગુજરાત બખૂબી સમજી ચૂક્યાં છે. ભારતના વિકાસ આયોજનમાં ગુજરાત પહેલકારની ભૂમિકામાં રહ્યું છે.

ભારતની નવીન તથા પુનઃપ્રાપ્ય કુલ વીજ-ઉત્પાદન ક્ષમતા અત્યારે 1,56,347 મેગાવૉટ છે. અશ્મીભૂત ઈંધણ સિવાયના

સ્રોતનો ઉપયોગ કરીને ઉત્પાદિત ગ્રીન ઇલેક્ટ્રિસિટીના ઉત્પાદનમાં ગુજરાત સમગ્ર દેશમાં ત્રીજા સ્થાને છે. જ્યારે તામિલનાડુ 20,366.08 મેગાવૉટ અને કર્ણાટક 20,303 મેગાવૉટ ઉત્પાદન ક્ષમતા સાથે અનુક્રમે પહેલા અને બીજા સ્થાને આવે છે. અશ્મીભૂત સ્રોત સિવાયના સ્રોતોનો ઉપયોગ કરીને ગુજરાતની વીજ-ઉત્પાદન ક્ષમતા હાલ 17,658 મેગાવૉટ છે, જેમાં નાના કદની જળવિદ્યુત ઉત્પાદન ક્ષમતા 82.69 મેગાવૉટનો, વિશાળ કદની જળવિદ્યુત ઉત્પાદન ક્ષમતા 1990 મેગાવૉટનો, પવન-ઊર્જાની ઉત્પાદન ક્ષમતા 8952 મેગાવૉટનો, બાયો પાવર 99.88 મેગાવોટનો, સૌર-ઊર્જા ઉત્પાદન ક્ષમતા 6092 મેગાવૉટનો સમાવેશ છે. વર્ષ 2030 સુધીમાં 500 ગિગાવોટ બિનઅશ્મીભૂત ઊર્જા-ઉત્પાદન ક્ષમતાના લક્ષ્યાંકને હાંસલ કરવા માટે કેન્દ્ર સરકાર દ્વારા નિરંતર પ્રયાસો જારી રાખવામાં આવ્યા છે. જેમાં ગુજરાતે પહેલ કરી કેન્દ્ર સરકારના લક્ષ્યાંકને પાર પાડવામાં પહેલકારી નીતિ અને ઇઝ ઑફ ડૂઇંગ બિઝનેસ તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

પુનઃપ્રાપ્ત ઊર્જાની સ્થાપિત ક્ષમતાની દૃષ્ટિએ ત્રીજા ક્રમે રહેલા ગુજરાતના પરિપ્રેક્ષ્યમાં વાત કરીએ તો ભારત સરકારે આગામી દસ વર્ષ માટે નિયત કરેલા આબોહવા પરિવર્તનના લક્ષ્યાંકો અનુસાર ગુજરાત સરકારે નવો સ્ટેટ ઍક્શન પ્લાન તૈયાર કર્યો છે. પુનઃપ્રાપ્ત ઊર્જા-ઉત્પાદન ક્ષમતામાં વધારો કરવા તેમજ એનર્જી બાસ્કેટમાં પુનઃપ્રાપ્ય ઊર્જાનો મહત્તમ ફાળો રહે એવા પ્રયાસો કરવામાં ગુજરાત અગ્રેસર રહ્યું છે. હાલ ભારતની કુલ પુનઃપ્રાપ્ય ઊર્જાક્ષમતામાં ગુજરાતનો હિસ્સો ૧૨ ટકા છે. જ્યારે ગુજરાતની કુલ સ્થાપિત ઊર્જાક્ષમતામાં પુનઃપ્રાપ્ય ઊર્જાક્ષેત્રનો હિસ્સો ૩૦ ટકા છે. પુનઃપ્રાપ્ય ઊર્જા સ્થાપનાની દિશામાં ગુજરાત સરકારની પહેલકારી પ્રોત્સાહક નીતિના ફળ સ્વરૂપે રાજ્ય સપ્તાહના સાતેય દિવસ ચોવીસ કલાક વીજળી પૂરી પાડવામાં સક્ષમ બન્યું છે. વર્ષ ૨૦૦૯થી ગુજરાત ઊર્જાક્ષેત્રે સરપ્લસ રાજ્ય બન્યું છે.

ગત વર્ષોમાં ગુજરાતે પુનઃપ્રાપ્ય ઊર્જાક્ષેત્રે સાધેલી પ્રગતિની વાત કરીએ તો ફક્ત નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ની જ વાત કરીએ તો સૌર-ઊર્જાક્ષમતામાં ૩૧૩ મેગાવૉટનો વધારો થયો છે. ગુજરાત રૂફટૉપ સોલાર સ્થાપિત કરવામાં ૫૫૮ મેગાવૉટ સાથે પ્રથમ ક્રમે છે. પવન-ઊર્જાની વાત કરીએ તો નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં પવન-ઊર્જાની ક્ષમતામાં ૧૪૭૧ મેગાવૉટનો વધારો થયો છે. જે ગુજરાતની પુનઃપ્રાપ્ય ઊર્જાક્ષમતા વધારવાની ગતિને પ્રતિપાદિત કરે છે. પવન-ઊર્જા ઉત્પાદનમાં ગુજરાત બીજા ક્રમે છે. પુનઃપ્રાપ્ય ઊર્જા સ્થાપનમાં ખાનગી સેક્ટરનો ૯૭ ટકા જેટલો ગંજાવર ફાળો રહ્યો છે. જે ગુજરાત સરકારની પ્રોત્સાહક અને કાબેલ નીતિનું જ પરિણામ છે. ગુજરાતે પુનઃપ્રાપ્ય ઊર્જાક્ષેત્રે ગત ચાર વર્ષમાં એની સ્થાપિત ક્ષમતા બે ગણી કરી દીધી છે.

ગુજરાતની ઊર્જાક્ષેત્રની પ્રગતિમાં પુનઃપ્રાપ્ય ઊર્જા સ્થાપિત ક્ષમતાએ પ્રાણ પૂર્યા છે, તો એના ચાલક અને કારક બળ તરીકે સરકારની નીતિએ ઉદ્દીપકની ભૂમિકા નિભાવી છે. પુનઃપ્રાપ્ય ઊર્જા-ઉત્પાદન અન્ય વીજ-ઉત્પાદન સ્રોતોની સરખામણીમાં ઘણું જ સસ્તું હોવાથી સરકારે એને પ્રાયોરિટી સેક્ટરમાં સમાવેશ કર્યો અને ૧૦૦ ટકા એફડીઆઇ (FDI)ની મંજૂરી આપી દીધી છે. જેની સીધી અસર આ ક્ષેત્ર ઉપર થઈ છે. ગુજરાતે વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન ૧૨,૬૧૮ કરોડનું સીધું વિદેશી રોકાણ મેળવ્યું. જેમાં પ્રતિ વર્ષ સતત વધારો થતો રહ્યો છે.



વળી, વર્લ્ડ બૅન્કના સર્વેમાં ઇઝ ઑફ ડૂઇંગ બિઝનેસમાં ગુજરાત અગ્રીમ હરોળમાં હોવાનું સાબિત થયું છે. વિન્ડ એનર્જી સોલાર રૂફટૉપ પૉલિસી અને નાના હાઈડ્રો પાવર પ્રોજેક્ટ્સને વિવિધ આર્થિક લાભો પણ આપવામાં આવ્યા છે. કેટલીય કંપનીઓએ બાયોમાસ, વિન્ડપાવર, સોલાર પાવર વગેરે જેવા પુનઃપ્રાપ્ય ઊર્જાસ્રોતો અપનાવ્યા છે. કુદરતી ઊર્જાસ્રોતનો ઉપયોગ કરતી જીઓથર્મલ સિસ્ટમ અથવા સોલાર પૅનલ અને વિન્ડ ટર્બાઇન્સના ઉપયોગ વડે અનેક ઉત્પાદનો અને સેવાઓના ઊર્જા-બિલમાં ઘટાડો થઇ શક્યો છે. પુનઃપ્રાપ્ય ઊર્જાના સહારે ઔદ્યોગિક ક્ષેત્રમાં વિકસિત ગુજરાતે ૧૬.૮૨ ટકા ઇન્ડસ્ટ્રીયલ આઉટપુટ સાથે ભારતમાં બીજો ક્રમ હાંસલ કર્યો છે અને નૅશનલ જીડીપીમાં ગુજરાત ૭.૭ ટકાનો હિસ્સો ધરાવે છે. વીજક્ષેત્રે વધતી માગ પણ પુનઃપ્રાપ્ય ઊર્જાક્ષેત્રે સ્થાપિત ક્ષમતા વધારવામાં નિમિત્ત બની છે.

- **પુનઃપ્રાપ્ય ઊર્જાસ્રોત જ પર્યાવરણીય સમસ્યાઓનો રામબાણ ઇલાજ**
- **ઓછી જાળવણી અને ઝીરો ઉત્સર્જન પુનઃપ્રાપ્ય ઊર્જાસ્રોતોની સૌથી મોટી ખૂબી**
- **ગ્રીન ઇલેક્ટ્રિસિટીના ઉત્પાદનમાં ગુજરાત સમગ્ર દેશમાં ત્રીજા સ્થાને**

અહીં ઉલ્લેખ કરવો પડે એમ છે કે વડાપ્રધાનશ્રીએ CoP26માં જાહેરાત કર્યા અનુસાર, સરકાર વર્ષ 2030 સુધીમાં બિનઅશ્મીભૂત ઈંધણ સ્રોતોમાંથી 500 GW સ્થાપિત વીજ-ઉત્પાદન ક્ષમતા





હાંસલ કરવા માટે પ્રતિબદ્ધ છે. આ ધ્યેય હાંસલ કરવા માટેની પહેલોમાં આર.ઈ. ડેવલપર્સને પ્લગ ઍન્ડ પ્લે ધોરણે જમીન અને ટ્રાન્સમિશન આપવા માટે આર.ઈ. પાર્કની સ્થાપના, પ્રધાન મંત્રી કિસાન ઊર્જા સુરક્ષા તથા ઉત્થાન મહાઅભિયાન (PMKUSUM), સોલર રૂફટૉપ ફેઝ ટૂ, 12,000 MW CPSU યોજના ફેઝ ટૂ વગેરે જેવી યોજનાઓ તથા સોલાર ફોટોવોલ્ટેઇક સિસ્ટમ/ઉપકરણોની જમાવટ માટેનાં ધોરણોની સૂચના અને રોકાણને આકર્ષવા અને સુવિધા આપવા માટે પ્રોજેક્ટ ડેવલપમેન્ટ સેલની સ્થાપનાનો પણ સમાવેશ થાય છે. સરકારે ગ્રીડ કનેક્ટેડ સોલાર પીવી અને વિન્ડ પ્રોજેક્ટ્સમાંથી વીજળીની પ્રાપ્તિ માટે ટેરિફ આધારિત સ્પર્ધાત્મક બિડિંગ માટે સ્ટાન્ડર્ડાઈઝિંગ બિડિંગ ગાઈડલાઈન્સ જેવી પહેલ પણ કરી છે.

કેન્દ્ર સરકારે પણ દેશમાં પુનઃપ્રાપ્ય ઊર્જા-ઉત્પાદનના પ્રોત્સાહન અર્થે અનેક પગલાં લીધાં છે. જેમાં ઑટોમૅટિક રૂટ હેઠળ 100 ટકા સુધી સીધું વિદેશી મૂડીરોકાણ (FDI)ને મંજૂરી આપવી, સૌર અને પવન-ઊર્જાના આંતરરાજ્ય વેચાણ માટે ઈન્ટર સ્ટેટ ટ્રાન્સમિશન સિસ્ટમ (ISTS) ચાર્જમાં માફીનો સમાવેશ થાય છે. 30મી જૂન, 2025 સુધીમાં કાર્યરત થનારા પ્રોજેક્ટ્સ માટે, નવી ટ્રાન્સમિશન લાઈનો નાખવા અને પુનઃપ્રાપ્ય ઊર્જાને વિતરિત કરવા માટે નવા સબ-સ્ટેશનની ક્ષમતા ઊભી કરવી તથા વર્ષ 2022 સુધી રિન્યુએબલ પરચેઝ ઓબ્લિગેશન (RPO) માટેની વ્યવસ્થાની ઘોષણાનો પણ સમાવેશ થાય છે.

સમગ્ર વાતનો હાર્દ એ છે કે પેટ્રોલિયમ આધારિત ઊર્જા પ્રણાલીને તિલાંજલિ આપી પુનઃપ્રાપ્ય ઊર્જા જેવી કે સૌર-ઊર્જા, પવન-ઊર્જા, જળ-ઊર્જા સ્રોતોને અપનાવી અશ્મીકૃત ઈંધણ પરનો આધાર ઘટાડી શકાય તથા પર્યાવરણમાં આવતાં માઠાં પરિવર્તનને રોકી વાતાવરણને પુનઃ હરિયાળું બનાવી શકાય. જેને સુપેર જાણી ચૂકેલા ભારતે પુનઃપ્રાપ્ય ઊર્જાક્ષેત્રે મહત્ત્વપૂર્ણ પ્રગતિ સાધી છે. ઔદ્યોગિક પ્રવૃત્તિઓના નિષ્ણાતોનું માનીએ તો પુનઃપ્રાપ્ય ઊર્જા સ્રોતોની ક્ષમતા અને અન્ય પરિબળોને અનુલક્ષીને કહેવામાં આવે તો વૈશ્વિક બજાર પુનઃપ્રાપ્ય ઊર્જાસ્રોતો માટે ઘણી તકો રહેલી છે. વધુમાં કુદરતી અને ઊર્જાની આપૂર્તિ કરતાં સાધનો તથા ઉત્પાદન ક્ષેત્રે સતત વિકાસ થઈ રહ્યો છે. જેને પગલે સ્વચ્છ અને હરિયાળા પર્યાવરણરૂપી ભાવિનું નિર્માણ થઈ રહ્યું છે. આમ, પુનઃપ્રાપ્ય ઊર્જાસ્રોતો પર્યાવરણીય સમસ્યાઓના ઉકેલ લાવવા માટે ઉપયોગી ઉપરાંત સહાયરૂપ થાય છે. હવે ઉદ્યોગો પણ બખૂબી જાણી ચૂક્યા છે કે આ પદ્ધતિઓ આત્મસાત્ કરીને તેઓ સ્વનિર્ભર થઈ શકે છે ઉપરાંત ઉત્પાદકીય પ્રક્રિયામાં પણ એ ખૂબ જ સહાયરૂપ નિવડે છે. ●

## ઊર્જા ક્ષેત્રે રોજગારીની તકો

*સરકાર દેશમાં પુનઃપ્રાપ્ય ઊર્જા-ઉત્પાદન ઉપરાંત આ ક્ષેત્રે રોજગારી વધારવાના પ્રયાસો કરી રહી છે. છેલ્લાં 5 વર્ષમાં નવીનીકરણીય સ્થાપિત ક્ષમતામાં 226% વૃદ્ધિ સાથે ભારત વિશ્વમાં મોખરે છે અને આ ક્ષેત્રમાં અપાર સંભવિતતાઓને હાંસલ કરવા માટે સતત લક્ષ્યોને પુનઃનિર્ધારિત કરવામાં આવી રહ્યાં છે. હાલમાં ભારત પાસે વર્ષ 2022 સુધીમાં 175 GW નવીનીકરણીય ઊર્જા અને વર્ષ 2030 સુધીમાં 450 GW નવીનીકરણીય ઊર્જાનું લક્ષ્ય છે.મહત્ત્વાકાંક્ષી ડેકાર્બોનાઈઝેશન માર્ગને અનુસરીને 2030 સુધીમાં ભારત વીજક્ષેત્રમાં રોજગારીની સંખ્યા લગભગ બમણી કરવાનું લક્ષ્ય સેવી રહ્યું છે. વર્ષ 2050 સુધીમાં નવીનીકરણીય ઊર્જા અવકાશમાં, સોલાર અને બાયોમાસ પેટા ક્ષેત્રોમાં સંશોધન દ્વારા 2 મિલિયન અને 1.1 મિલિયન કર્મચારીઓ સુધી રોજગાર અને યોગદાન આપવામાં સૌથી મોટો ફાળો આપવાનો અંદાજ છે. તાજેતરનાં વર્ષોમાં, ભારત નવીનીકરણીય ઊર્જાક્ષેત્રે વિશ્વના અગ્રણી તરીકે ઊભરી આવ્યું છે અને એ ક્ષેત્રની અંદર ઉત્પાદન વધારવાનું ચાલુ રાખે છે.* ●

# સ્વસ્થતાની સોનેરી કલમે લખાયો ગુજરાતનો વિકાસ...







✍ ઝીલ ઠક્કર

યજુર્વેદમાં કહેવામાં આવ્યું છે કે ધર્મ, અર્થ, કામ અને મોક્ષનું મુખ્ય સાધન છે મનુષ્ય શરીર. રાષ્ટ્રના વિકાસમાં તંદુરસ્ત માનવીનું મહત્ત્વપૂર્ણ યોગદાન રહેલું છે. મહર્ષિ ચરકની ચિકિત્સા પદ્ધતિ તથા આયુર્વેદની ચિકિત્સા પદ્ધતિ દ્વારા આરોગ્યલક્ષી સાંસ્કૃતિક વારસો ધરાવતા ભારતના જન સુરક્ષા અને સ્વાસ્થ્ય માટે વિશેષ કાળજી લેવામાં આવી રહી છે. રાજ્યના પ્રત્યેક નાગરિક સ્વાસ્થ્ય, નિરામય અને દીર્ઘાયુ જીવન પ્રાપ્ત કરે તે માટે રાજ્ય સરકારે જન સામાન્ય માટે અનેક આરોગ્યલક્ષી નીતિઓ અને યોજનાઓ ઘડી છે. તે પરિણામલક્ષી અમલ કરીને સામાજિક જવાબદારીનું વહન રાજ્ય સરકાર સુપેરે કરી રહી છે. રાજ્ય સરકાર છેક અંતરિયાળ અને છેવાડાના લોકો સુધી સ્વાસ્થ્યલક્ષી સેવાઓ પહોંચે એ માટે ઈ-સંજીવની, ઈ-ઓળખ જેવી ઈ-સેવાઓ ઊભી કરી આરોગ્ય ક્ષેત્રે વિકાસ સાધી રહી છે.

કોરોનાના કપરા કાળમાં ભારતે એની વિકાસની ગતિ બરકરાર રાખી એનું મુખ્ય કારણ ભારતને મળેલુ દીર્ઘદ્રષ્ટા અને સામર્થ્યવાન નેતૃત્વ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જન જનની ચિંતા કરી છે. મહામારી પહેલાંના સમયમાં માત્ર એક પરીક્ષણ લૅબોરેટરી હતી, જયારે હવે દેશમાં અંદાજે 3,000 પરીક્ષણ લૅબોરેટરીનું નેટવર્ક તૈયાર થઇ રહ્યું છે. ભારત માસ્ક અને કોવિડ-કિટના આયાતકાર દેશોમાં મોખરે છે. દેશમાં પૂરતા પ્રમાણમાં વેન્ટિલેટર સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. મેડ ઈન ઈન્ડિયા પૂર્ણ રસીનું ઝડપથી અને ખૂબ જ મોટા પાયે ભારતે ઉત્પાદન કર્યું છે, એથી જ ભારતે વિશ્વનું સૌથી મોટું અને ઝડપી રસીકરણ અભિયાન અમલમાં મૂક્યું છે.

રાજ્ય સરકાર નવજાત બાળકોથી લઇ વૃદ્ધ નાગરિકોમાં સ્વાસ્થ્યની દરકાર લઇ રહી છે. તમામ નાગરિકોના સ્વાસ્થ્ય સુખાકારી માટે અત્યાધુનિક સાધનો સાથે હૉસ્પિટલ કાર્યરત કરવામાં આવી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની આગેવાની હેઠળ રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ ઉત્કૃષ્ટ કામગીરી કરી રહ્યા છે. ‘મુખ્ય મંત્રી અમૃતમ માં વાત્સલ્યમ જન આરોગ્ય યોજના’ હેઠળ રાજ્યના કુલ 79.89 લાખ કુટુંબોને (આશરે 3.30 કરોડ વ્યક્તિઓ) રૂ. 5 લાખ સુધી વિનામૂલ્યે સારવાર આપવામાં આવી છે. રાજકોટમાં રૂ. 12,000 કરોડના ખર્ચે 800થી 1000 પથારીની સુવિધા ધરાવતી આધુનિક એઇમ્સ હૉસ્પિટલ ઑલ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ મેડિકલ સાયન્સમાં કાર્યાવિન્ત કરવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે.

### રાજ્યમાં ઉજ્જ્વળ ભવિષ્ય સાથે સ્વસ્થ વર્તમાનનો નિર્ધાર

- દેશની ટૉપ 30 મેડિકલ કૉલેજો ગુજરાતમાં, મેડિકલની 5700 સીટ ઉપલબ્ધ.
- નાણાકીય વર્ષ 2020-21માં સ્વાસ્થ્ય ક્ષેત્રના બજેટમાં થયો 137% વધારો.
- બાળકોના પોષણ અંગે ખાસ કાળજી રાખવામાં આવી, પરિણામે ગુજરાતમાં સંપૂર્ણ રસીકરણનો દર 97.2% છે. જ્યારે ભારતમાં 91% છે, જે લક્ષ્યાંક 100%નો છે.
- ખાસ માનસિક સ્વાસ્થ્યની અમદાવાદ, વડોદરા, જામનગર તથા ભુજમાં હૉસ્પિટલો છે.
- ટેક્નોલૉજીનો ઉપયોગ કરી મધર અને ચાઇલ્ડ ટ્રૅકિંગ સિસ્ટમ (MCTS) વિકસાવવામાં આવી.
- 24 કલાક બિનચેપી રોગો, માનસિક રોગોના નિવારણ માટે તાત્કાલિક સારવારની સુવિધા.

### PM આત્મનિર્ભર સ્વાસ્થ્ય ભારત યોજના અંતર્ગત....

- 17,788 ગ્રામીણ તથા 11,024 શહેરી હેલ્થ તથા વેલનેસ સેન્ટર શરૂ કરાયાં.

- 11 રાજ્યોમાં 3382 પબ્લિક હેલ્થ યુનિટ સ્થપાયા.
- 602 જિલ્લાઓમાં ક્રિટિકલ કેર બ્લૉગ્સ તથા 12 કેન્દ્રીય સંસ્થાઓ સ્થાપવામાં આવી.
- દરેક રાજ્ય તથા કેન્દ્રશાસિત પ્રદેશોમાં જાહેર સ્વાસ્થ્ય લૅબ સાથે જોડાણના ઉદ્દેશથી એકીકૃત સ્વાસ્થ્ય માહિતી પૉર્ટલનું વિસ્તરણ કરવામાં આવ્યું.
- નૅશનલ સેન્ટર ફૉર ડીસીસ કન્ટ્રોલ (NCDC)ને વધુ સશક્ત કરવા 5 પ્રાદેશિક શાખાઓ તથા 20 મેટ્રોપોલિટિન સ્વાસ્થ્ય નિરીક્ષણ યુનિટ વિકસિત કરાયા.
- 17 નવા પબ્લિક હેલ્થ યુનિટ તથા વિમાનમથક ખાતે 32 પબ્લિક હેલ્થ યુનિટ સશક્ત.

### આયુષ્માન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના :

સર્વે ભવન્તુ સુખિનઃ સર્વે સન્તુ નિરામયા: - જે સ્વપ્ન ભારતના ઋષિમુનિઓએ જોયું હતું, એ સ્વપ્ન ભારતના લોકલાડીલા તથા પનોતા પુત્ર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ હેઠળ સાકાર થયું છે. દેશના દરિદ્રનારાયણોની સેવા કરવાનો એક મહામૂલો સંકલ્પ એટલે આયુષ્માન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના. બાબાસાહેબ આંબેડકર જયંતીના દિવસે શરૂ થયેલા આ મિશન અંતર્ગત મેડિકલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર વધુ ગતિશીલ બન્યું છે, પરિણામે દેશમાં 90,000 હેલ્થ વેલનેસ સેન્ટર ચાલી રહ્યાં છે તથા 2024 સુધીમાં 1,50,000 નવા વેલનેસ સેન્ટર સશક્ત કરવામાં આવશે. ગામડે ગામડે કાર્યરત આ વેલનેસ સેન્ટરમાં નિ:શુલ્ક મેડિકલ સેવા તથા દવાઓની સુવિધા રહેશે. 600થી વધુ જિલ્લામાં ક્રિટિકલ કેર તથા 35,000થી વધુ નવા બેડ ગોઠવાશે. આ યોજના અંતર્ગત અત્યાર સુધી 2 કરોડથી વધુ દેશવાસીઓએ વિનામૂલ્યે ઇલાજની સુવિધાનો લાભ ઉઠાવ્યો છે. આયુષ્યમાન ભારત હેલ્થ ઇન્ફ્રાસ્ટ્રકચર મિશનના માધ્યમથી દેશમાં ઇલાજથી લઇ ક્રિટિકલ રિસર્ચ સુધીની એક સંપૂર્ણ ઇકો સિસ્ટમ વિકસિત કરવામાં આવી છે. આ મિશન ફક્ત સ્વાસ્થ્ય જ નહિ, પરંતુ દેશમાં રોજગારીની અનેક તકો પણ વધારી છે. PM-JAY યોજનાને ન્યૂ દિલ્હી ખાતે ‘સ્કોચ ગવર્નન્સ ઍવૉર્ડ કૅશલેસ અને પેપરલેસ એક્સેસ ઍવૉર્ડ’ તથા ‘મા’ અને PM-JAY યોજનાને ‘six sigma excellence’ હેલ્થકૅર ઍવૉર્ડ 2019 અંતર્ગત ‘Best initiative of the year’ ઍવૉર્ડ પ્રાપ્ત થયો છે.




### આરોગ્ય ક્ષેત્રે ડિજિટલ ક્રાંતિ :

દેશના ભૂતપૂર્વ વડા પ્રધાન અટલ બિહારી વાજપેયી માનતા હતા કે ‘કનેક્ટિવિટીનો સીધો સંબંધ વિકાસ સાથે છે’ તેમની પ્રેરણાને કારણે જ આજે દેશમાં ડિજિટલ કનેક્ટિવિટી દ્વારા વિકાસની ગતિ બમણી થઇ છે. કોરોનાના કપરા કાળમાં ટૂંકા સમયગાળામાં જે પ્રકારે ભારત સુવિધાઓ ઊભી કરી છે તે આપણા દેશની ક્ષમતાઓ બતાવે છે. ડિજિટલ ઇન્ડિયા અભિયાન દ્વારા ભારતમાં સામાન્ય માનવીને ડિજિટલ ટેક્નોલૉજીથી કનેક્ટ કરી દેશની શક્તિમાં અનેકગણો વધારો કર્યો છે. વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા આયુષ્માન ભારત ડિજિટલ મિશન શરૂ કરવામાં આવ્યું. આ ઐતિહાસિક અવસર નિમિત્તે રાષ્ટ્રને સંબોધતાં વડા પ્રધાને કહ્યું કે છેલ્લાં સાત વર્ષથી અડીખમ આરોગ્ય સુવિધા વધુ મજબૂત કરવાનું અભિયાન આજે નવા તબક્કામાં પ્રવેશી રહ્યું છે. આ મિશન ભારતની આરોગ્ય સુવિધાઓમાં ક્રાંતિકારી પરિવર્તન લાવવાની ભરપૂર ક્ષમતા ધરાવે છે. આયુષ્માન ભારત ડિજિટલ મિશન હવે દેશવાસીઓ તથા ડિજિટલ હેલ્થ સોલ્યુશન કડીરૂપ બન્યું છે ભારત એક એવા સ્વાસ્થ્ય મૉડલ પર કામ કરી રહ્યું છે જે સર્વગ્રાહી અને સર્વસમાવેશક છે. એક મૉડલ જે નિવારક આરોગ્ય સંભાળ પર ભાર મૂકે છે અને રોગના કિસ્સામાં, સરળ, સસ્તું અને સુલભ સારવાર તે માટે સરકાર સતત કાર્યશીલ રહે છે.

### યોજના અંતર્ગત ગુજરાતની સર્વોત્તમ કામગીરી :

- રાજ્યના 63% પરિવારોને યોજનાનો મળ્યો લાભ.
- મુખ્યત્વે 4 લાખ કરતાં ઓછી આવક ધરાવતા તમામ પરિવારો આવરી લેવાયા.
- 2,519 હૉસ્પિટલ સૂચિબદ્ધ કરવામાં આવી, જેમાં જાહેર 1,872 ખાનગી 647 હૉસ્પિટલોનો સમાવેશ થયો.
- કિડની ટ્રાન્સપ્લાન્ટ તથા અંગદાન સંબંધી સારવારમાં ગુજરાત અગ્રેસર.

સ્વાસ્થ્ય સેવાને સહજ અને સુલભ બનવનાર આ અભિયાન આજે આખા દેશમાં થઇ રહ્યું છે. ભારત એક એવા હેલ્થ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પર કામ કરી રહ્યું છે, જે 24 કલાક ગતિશીલ રહે છે. ફક્ત મેનપાવર જ નહિ, પરંતુ હેલ્થથી જોડાયેલી આધુનિક પદ્ધતિ, બાયોટેક્નોલૉજિકલ રિસર્ચ, દવાઓ તથા ઉપકરણો ક્ષેત્રે આત્મનિર્ભર મિશન મોડમાં સતત કાર્યરત છે. આ ઉપરાંત ઇઝ રાઇટ ઇન્ડિયા 2019, ફિટ ઇન્ડિયા મૂવમેન્ટ, પોષણ-2.0, નિ:શુલ્ક રસીકરણનો લાભ પણ દેશના લોકોને આપવામાં સરકારે અગ્રિમ ભૂમિકા નિભાવી છે. આમ દેશનું હેલ્થ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સતત કાર્યશીલ અને ધબકતું રહ્યું છે. ●

# આકાશને આંબતું ઍરોસ્પેસ અને ડિફેન્સ ક્ષેત્ર







**રીના દક્ષિણી**

વિશ્વના કોઇ પણ દેશ માટે દેશની સરહદ સુરક્ષા અતિમહત્ત્વની છે. ભારત માટે સરહદી પરિપ્રેક્ષ્યમાં ગુજરાત આગવું સ્થાન ધરાવે છે. ભૌગોલિક દૃષ્ટિએ જોતાં જમીન સરહદની સાથોસાથ ગુજરાત ૧૬૦૦ કિ.મી. લાંબી દરિયાઇ સરહદ પણ ધરાવે છે. એની સુરક્ષા રાજ્ય અને દેશ માટે પડકારરૂપ છે. ભારતે આ પડકારને ઝીલ્યો છે. ભારત પાસે વિશ્વનું બીજું સૌથી મોટુ સશસ્ત્રદળ છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મેઇક ઇન ઇન્ડિયાનો નારો આપ્યો છે. ગુજરાતે આ દિશામાં મક્કમતાપૂર્ણ આગે કદમ કર્યું છે. આત્મનિર્ભર ભારત માટે ગુજરાતે ઍરોસ્પેસ અને ડિફેન્સ સેક્ટરને કેન્દ્ર બિંદુ બનાવ્યું છે. આ ક્ષેત્રમાં વિકાસ કરવા માટે સરકારે નવી યોજનાઓ બનાવવાનું નક્કી કર્યું છે. ભારતે હવે આ ક્ષેત્રમાં ખાનગી અને વિદેશી રોકાણકારોને આવકાર્યા છે, જેથી વધુમાં વધુ રોકાણકારો મળી શકે. ગુજરાતમાં યોજાતી વાઇબ્રન્ટ સમિટ પણ રોકાણકારોને આકર્ષવામાં સફળ રહી છે. જેનો લાભ ગુજરાતને મળ્યો છે. વર્ષ 2018-19માં ગુજરાતના ગ્રોસ સ્ટેટ ડોમેસ્ટિક પ્રોડક્ટ (GSDP)માં 13.1 ટકાનો વધારો થયો છે. ઉત્પાદન ક્ષેત્રે ગુજરાત રાજ્યનું યોગદાન 36% છે. ભારતના કુલ ઔદ્યોગિક ઉત્પાદનમાં ગુજરાત રાજ્યનો ફાળો 16.85 % છે. વર્ષ 2015-16ના 73મા રાઉન્ડ પ્રમાણે ગુજરાતમાં 3.3 મિલિયનથી વધુ MSME આવેલા છે. MSME સહિત ઉદ્યોગોના વિકાસ માટે 1450 કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે.

રાજ્યના ઍરોસ્પેસ ઍન્ડ ડિફેન્સ પ્લાન્ટને ટેકો આપવા માટે એન્જિનિયરિંગ ક્લસ્ટર અને MSMEને ઉત્તેજન આપવામાં આવ્યું છે. MRO પ્રવૃત્તિ અને દિલ્હી મુંબઇ ઇન્ડસ્ટ્રિયલ કૉરિડૉરની નિકટતા માટે પણ ગુજરાત વ્યૂહાત્મક સ્થાન ધરાવે છે. 17 ઑપરેશનલ ઍરપૉર્ટ તેમજ ઍરસ્ટ્રીપ્સ અને ધોલેરા ખાતે બની રહેલુ ઇન્ટરનૅશનલ ઍરપૉર્ટ પણ આ ક્ષેત્રે ફાયદો કરાવી શકે છે. ઍર હબ અને ઉડ્ડયન ઉદ્યોગના વિકાસ માટે GUJSAILની સ્થાપના કરવામાં આવી છે. વર્ષ 2018-19 પ્રમાણે ગ્લોબલ MRO ઇન્ડસ્ટ્રીનું મૂલ્ય 45 મિલિયન યુ.એસ. ડૉલર હતું, જ્યારે ભારતીય MROનું મૂલ્ય 750 મિલિયન ડૉલર હતું.

ગુજસેલે તાજેતરમાં જ ગુજરાતમાં જનરલ એવિયેશન MRO સેટ કર્યો છે. તેમાં બે ઍરક્રાફ્ટ માટેની પાર્કિંગ ફેસેલિટી છે, સાથે જ એક રિપેર-શૉપ છે તેમજ પાર્ટ્સ અને સાધનો રાખવા માટેની જગ્યા તેમજ ઑફિસ અને અલગ અલગ અન્ય ફેસેલિટી પણ છે. ખાનગી બિઝનેસ ઍરક્રાફ્ટ અને અન્ય હેતુઓ માટે ઉપયોગમાં લેવાતાં વિમાનોનું ઍરફ્રેમ હેવી મેઇન્ટેનન્સ, કમ્પોનન્ટ સેવાઓ, લાઇન મેઇન્ટેનન્સ અને નિરીક્ષણ સંભાળે છે. A LEGACY 650 એ આ MRO પર આવનાર પ્રથમ ઍરક્રાફ્ટમાંનું એક હતુ.


ધોલેરામાં સંરક્ષણ અને ઍરો ઉત્પાદન ક્લસ્ટરની સંભાવના છે. હેલીપેડની જોગવાઈ તેમજ ઍરસ્ટ્રીપના પરીક્ષણ માટે પૂરતી જગ્યા બનાવવાની જોગવાઈ છે. ધોલેરા આનુષંગિક ઉદ્યોગોનું વ્યૂહાત્મક સ્થાન છે અને અહીં ઉદ્યોગોનું ભાવી વિસ્તરણ થઈ શકે તેમ છે. ધોલેરા ઇન્ટરનૅશનલ ઍરપૉર્ટનું અંતર પણ ફાયદાકારક છે. અહીં ઇન્ટરનૅશનલ પેસેન્જર અને કાર્ગો ટર્મિનલની વ્યવસ્થા કરવામાં આવી છે. સરળ કામગીરી માટે બે રન-વેની જોગવાઈ છે. એમઆરઓ સેટ અપ કરવાની મોટી સંભાવના જોવાઈ રહી છે. મૅન્યુફૅક્ચરિંગ સેક્ટર પર ધ્યાન કેન્દ્રિત કરીને સમગ્ર રાજ્યમાં 35થી વધુ આર ઍન્ડ ડી સુવિધાઓ

ઊભી કરવામાં આવી રહી છે. ટેસ્ટિંગ રેન્જ માટે લૅન્ડ પાર્સલની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

ગુજરાતમાં ઍરોસ્પેસ ઍન્ડ ડિફેન્સનું ઉત્પાદન કરવા માટે ખાનગી કંપનીઓને 20 લાઇસન્સ પ્રાપ્ત થયાં છે, જેમાં લાર્સન ઍન્ડ ટુબ્રોનો સમાવેશ થાય છે, જેણે ગુજરાતના હજીરામાં ન્યૂ ગ્રીનફીલ્ડ-મૅન્યુફૅક્ચરિંગ-ટેસ્ટિંગ કૉમ્પ્લેક્સ સ્થાપ્યું છે. હાલમાં K9 - VAJRA-T સેલ્ફ પ્રોપેલ્ડ હોવિત્ઝર ગન્સ પ્રોગ્રામ ચાલી રહ્યો છે, જે મિનિસ્ટ્રી ઑફ ડિફેન્સ દ્વારા ખાનગી કંપનીને અપાયેલો સૌથી મોટો કૉન્ટ્રૅક્ટ છે, જેમાં કંપનીએ 250 કરોડથી વધુનું રોકાણ કર્યું છે અને જે 800 જેટલા કર્મચારીઓ ધરાવે છે. આ યાદીમાં બીજી કંપની જેવિયલ ઍરોસ્પેસ પ્રાઇવેટ લિમિટેડ છે કે જે એક મૅન્યુફૅક્ચરિંગ, ટેક્નોલૉજી, પ્રોસેસ અને ટૂલિંગ ઑર્ગેનાઇઝેશન છે, જે ગુજરાતના સાણંદમાં આવેલી છે. આ કંપનીએ 20 કરોડથી વધુનું રોકાણ કર્યું છે અને 140થી વધુ લોકોને રોજગારી આપે છે. આ યાદીમાં ત્રીજું નામ યુનિક ફોર્જ પ્રાઇવેટ લિમિટેડનું છે, જે બૉમ્બ બૉડી અને પિસ્તોલનું ઉત્પાદન કરે છે. આ કંપનીએ 3.5 કરોડનું રોકાણ કર્યું છે અને 35થી વધુ લોકોને રોજગારી આપે છે.

દેશવાસીઓ જડબેસલાક સુરક્ષા કવચને કારણે નિશ્ચિંત થઇને આરામની નીંદર માણી શકે છે. ગુજરાતનું ઍરોસ્પેસ અને ડિફેન્સ ક્ષેત્ર આકાશની ઊંચાઇ આંબી રહ્યું છે. ●

# ફાર્માસ્યુટિકલ્સ ઍન્ડ મેડિકલ ડિવાઇસીસ ક્ષેત્રે ગુજરાતની હરણફાળ


✎ **હર્ષદ રૂપાપરા**

ફાર્માસ્યુટિકલ્સ અને મેડિકલ ડિવાઇસ ક્ષેત્રે ગુજરાત આત્મનિર્ભર બની રહ્યું છે. એટલું જ નહિ, મેડિકલ ડિવાઇસીસની નિકાસ કરવામાં પણ ભારત આગળ વધી રહ્યું છે. ગુજરાતમાં મોટા પ્રમાણમાં મેડિકલ ડિવાઇસના ઉત્પાદન લાઇસન્સ જારી કરવામાં આવ્યાં છે. સરકારે આ માટે અનેક અલગ અલગ પગલાં પણ લીધાં છે, જેની સકારાત્મક અસર જોવા મળી રહી છે.

ભારતના ફાર્મા માર્કેટમાં ગુજરાતનો હિસ્સો 1/3 જેટલો રહેલો છે તેમજ ભારતની નિકાસલક્ષી કંપનીઓની સંખ્યામાં ગુજરાત બીજા સ્થાને છે. વર્ષ 2018-19 સુધીના સમયગાળાની વાત કરીએ તો ગુજરાતમાં 649 જેટલી કંપની હતી. ગુજરાતમાં અત્યાર સુધી ફાર્મા માટે 4.5 લાખથી વધુ ઉત્પાદન લાઇસન્સ જારી કરાયાં છે તેમજ ગુજરાતમાં 628 WHO GMP ઉત્પાદન એકમો છે. ફાર્મા કંપનીઓએ ગુજરાતમાં વર્ષ 2018 સુધીમાં 180 નવા એકમોની નોંધણી માટે અરજી કરી છે. આરોગ્ય અને કુટુંબ કલ્યાણ વિભાગમાં ગુજરાત સરકાર દ્વારા બજેટ 2021-22 માટે 1.6 બિલિયન યુ.એસ. ડૉલરની ફાળવણી કરવામાં આવી છે. ગુજરાત ફૂડ ઍન્ડ ડ્રગ કન્ટ્રોલ ઍડમિનિસ્ટ્રેશન (FDCA) દર મહિને બે હજાર પ્રોડક્ટ લાઇસન્સ જારી કરે છે. ભારતની 40% કૉન્ટ્રૅક્ટ રિસર્ચ ઑર્ગેનાઇઝેશન ગુજરાતમાં છે. ભારતની ફાર્મા સેક્ટર માટેની 40% મશીનરી ગુજરાતમાં છે. ભારતના કુલ રજિસ્ટર્ડ મેડિકલ ડિવાઇસ મૅન્યુફૅક્ચરર્સમાંથી 53% મૅન્યુફૅક્ચરર્સ ગુજરાતમાં આવેલા છે.

ગુજરાત ભારતમાં ફાર્મા ઉત્પાદનોનું સૌથી વધુ નિકાસ કરતું રાજ્ય છે. નાણાકીય વર્ષ 2021માં ભારતની ફાર્મા નિકાસમાં ગુજરાત 19.5% હિસ્સો ધરાવે છે. નાણાકીય વર્ષ 2017માં 1.98 બિલિયન યુ.એસ. ડૉલરની ફાર્મા પ્રોડક્ટની નિકાસ કરી હતી, વર્ષ 2018માં 2.87 બિલિયન

યુ.એસ. ડૉલર, વર્ષ 2019માં 2.72 બિલિયન યુ.એસ. ડૉલર, વર્ષ 2020માં 3.09 બિલિયન યુ.એસ. ડૉલર અને વર્ષ 2021માં 3.43 બિલિયન યુ.એસ. ડૉલરની નિકાસ કરી હતી.

ગુજરાતના વડોદરા, અમદાવાદ, વલસાડ/વાપી અને રાજકોટમાં ફાર્મા ક્લસ્ટર આવેલા છે તેમજ આવનારા દિવસોમાં ભરૂચમાં 1600 એકર જમીન પર ફાર્મા મેડિકલ ડિવાઈસ પાર્ક બનશે.

ફાર્મા ક્લસ્ટરથી ગુજરાતને અનેક ફાયદા થશે. ગુજરાતમાં ફાર્મા ક્લસ્ટરના કારણે મેડિકલ ડિવાઈસ અને ફાર્મા ઉત્પાદનને વર્લ્ડ ક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મળશે. નવી ટેક્નોલૉજીના વ્યાપારીકરણને વેગ મળશે. નિકાસને પ્રોત્સાહન મળશે. સર્જિકલ સ્ટાર્ટ-અપને ઉદ્યોગો સાથે સહયોગ કરવાની તક મળશે. વ્યવસાય માટે અનુકૂળ વાતાવરણ મળશે.

ભારતના 40% કૉન્ટ્રૅક્ટ રિસર્ચ ઑર્ગેનાઇઝેશન ગુજરાતમાં સ્થિત છે. ભારતની પ્રથમ ફાર્મસી કૉલેજ, એલ. એમ. ફાર્મસી કૉલેજ (1947) ગુજરાતમાં આવેલી છે. જ્યાં ડિપ્લોમા, ડિગ્રી અને માસ્ટર્સના અભ્યાસક્રમો થાય છે. આ ઉપરાંત ગુજરાતમાં ટોરેન્ટ રિસર્ચ સેન્ટર, ઝાયડસ રિસર્ચ સેન્ટર, સન ફાર્મા ઍડ્વાન્સ રિસર્ચ કંપની લિમિટેડ, જીટીયુ કૉલેજ ઑફ ફાર્મસી - અમદાવાદ, NIPER (નૅશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન ઍન્ડ રિસર્ચ ગાંધીનગર) MSU વડોદરા, નિરમા યુનિવર્સિટી, અમદાવાદ અને બી. કે. મોદી ગવર્નમેન્ટ ફાર્મસી કૉલેજ રાજકોટ ખાતે રિસર્ચ અને ડેવલપમેન્ટ અંગેના અભ્યાસક્રમો કાર્યરત છે.

મૅન્યુફૅક્ચરિંગ લાઇસન્સની સમયમર્યાદા 60 દિવસ કરવામાં આવી. જુદા જુદા ક્વૉલિટી કન્ટ્રોલ અપ્રૂવલ મેળવવા માટે ફીના 50% ખર્ચ ઉઠાવવામાં આવે છે. ગુજરાત રાજ્ય બાયોટેક્નોલૉજી નીતિ (2016-21) અંતર્ગત બાયોટેક્નોલૉજી ઉદ્યોગ માટે વિવિધ સહાયની યોજના બનાવવામાં આવી છે. ERP, ISO પ્રમાણપત્ર અને WHO GMP પ્રમાણપત્ર મેળવવાની પ્રક્રિયા સરળ બનાવવામાં આવી છે. FDCA દ્વારા અમલમાં મૂકવામાં આવેલ મૅન્યુફૅક્ચરિંગ લાઇસન્સ અને પ્રોડક્ટ લાઇસન્સ માટે સિંગલ વિન્ડો પૉર્ટલની વ્યવસ્થા કરવામાં આવી. 52થી વધારે દિનદયાળ પ્રધાનમંત્રી જન ઔષધિ કેન્દ્રો શરૂ કરવામાં આવ્યાં છે. આ ઉપરાંત 500થી વધુ જેનરિક દવાની દુકાન શરૂ કરવામાં આવનાર છે. સરકારી ખરીદીઓમાં જેનરિક દવાઓને પ્રાથમિકતા આપીને તેને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. આવાં અનેક પગલાઓના કારણે જ ફાર્માસ્યુટિકલ્સ ઍન્ડ મેડિકલ ડિવાઈસીસ ક્ષેત્રે ગુજરાત અગ્રેસર રહ્યું છે.●

# ગુજરાત ભારતનું ઓટોમોબાઇલ હબ





અલકા ભાગવાની

પ્રકૃતિનાં વિવિધ રૂપો ગુજરાતને મળ્યાં છે. વિશાળ દરિયો, અફાટ રણ, મેદાની પ્રદેશ, રળિયામણા ડુંગરાઓની સાથોસાથ સબળ નેતૃત્વ પણ ગુજરાતને સાંપડ્યું છે. વ્યૂહાત્મક સ્થાન અને વ્યવસાય-મૈત્રીપૂર્ણ નીતિઓના કારણે ગુજરાત ઝડપથી સ્થાનિક અને વિદેશી સીધા રોકાણ માટે પસંદગીના સ્થળ તરીકે ઊભરી આવ્યું છે. જે મુખ્ય ક્ષેત્રોમાં રોકાણ થયું છે તેમાં ફૂડ પ્રોસેસિંગ ઉપરાંત કાપડ, રસાયણો, ઑટોમોબાઇલ, પ્લાસ્ટિક, ઊર્જા અને પાવરનો સમાવેશ થાય છે. રાજ્ય સરકાર મજબૂત ઔદ્યોગિક ઈકોસિસ્ટમ, પારદર્શક અને રોકાણકાર-મૈત્રીપૂર્ણ નીતિઓ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વ્યવસાય કરવા માટેનાં સાહસોને અવિરત સમર્થન પૂરું પાડે છે. વર્ષોથી ગુજરાતનો વિકાસદર બે આંકડામાં

રહ્યો છે એટલે જ ગુજરાત વેપારીઓની પ્રથમ પસંદ રહ્યું છે.

છેલ્લાં કેટલાંક વર્ષોમાં ગુજરાત દેશના કેટલાક સૌથી મોટા ઑટો-ઉત્પાદકોના હબ તરીકે ઊભરી આવ્યું છે. ગુજરાત બહારના અનેક કાર-ઉત્પાદકો મોટી સંખ્યામાં કાર-ઉત્પાદનનાં કારખાનાઓ સ્થાપવા માટે ગુજરાતને પસંદ કરે છે. તેના મૂળમાં રાજ્ય સરકારની નીતિઓ કારણભૂત છે. આ ઉપરાંત શ્રેષ્ઠ માર્ગ-પરિવહન સુવિધા, 24 કલાક પાણી અને વીજળી પુરવઠાને કારણે





કાર-ઉત્પાદકો ગુજરાત તરફ આકર્ષાયા છે. ગુજરાતમાં બંદરો પણ છે, જેના કારણે પશ્ચિમી દેશો સાથે વેપાર સરળ બન્યો છે. આ ઉપરાંત ગુજરાતને દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રિયલ કૉરિડૉર હાઈવેનો મહત્તમ લાભ મળ્યો છે, જે તેને ફૅક્ટરીઓ સ્થાપવા માટે યોગ્ય સ્થળ બનાવશે જેથી ઉત્પાદિત વાહનોને દેશનાં બે મહાનગરોમાં સરળતાથી લઈ જઈ શકાય.

ઘણા ઑટો-ઉત્પાદકો ગુજરાત તરફ આકર્ષાયા છે અને ઑટો પ્લાન્ટ સ્થાપ્યા છે. જનરલ મોટર્સ, ટાટા મોટર્સ, મારુતિ સુઝુકી ઈન્ડિયા લિમિટેડ, ફોર્ડ, પ્યુજો, અતુલ ઑટો, ઓરેવા અને એશિયા મોટર વર્ક્સના ઉત્પાદકો ગુજરાત તરફ આકર્ષાયા છે. આ ઉપરાંત ઘણા ઑટો-ઉત્પાદકો આગામી થોડાં વર્ષોમાં રાજ્યમાં તેનો મૅન્યુફૅક્ચરિંગ પ્લાન્ટ સ્થાપવાની યોજના ધરાવે છે. સીએટ ટાયર અને એપોલો ટાયર પણ ગુજરાતમાં હાલોલ ખાતે છે.

જનરલ મોટર્સ ઈન્ડિયા, જેનું વડોદરામાં કાર-ઉત્પાદન એકમ છે, તે 1990ના દાયકામાં ગુજરાતમાં તેનો પ્લાન્ટ સ્થાપનારી પ્રથમ મોટી ઑટો-ઉત્પાદક કંપની હતી. જ્યારે ટાટા મોટર્સે તેના નેનો પ્લાન્ટને 2008માં પશ્ચિમ બંગાળના સિંગુરમાંથી ગુજરાતમાં ખસેડવાનું નક્કી કર્યું હતું. ત્યારે કંપનીએ ત્રણ દિવસમાં સાણંદ ખાતે 1,100 એકર જમીન મેળવી હતી જેથી ઑટો-ઉત્પાદક ત્યાં સરળતાથી પ્લાન્ટ સ્થાપી શકે. દેશમાં ઑટોમોબાઈલ હબ બનવા તરફ રાજ્યના ઈતિહાસમાં આ હરણફાળ સુવર્ણ અક્ષરે કોતરાયેલી રહેશે.

ગુજરાત સરકાર, રોકાણકારોને આકર્ષવા માટે, લઘુતમનું રોકાણ ધરાવતી કંપનીઓને કર લાભો આપે છે. આ અને આવા અનેક કારણોસર ગુજરાત દેશના સૌથી મોટા ઑટોમોબાઈલ હબ તરીકે ઊભરી આવ્યું છે અને આગામી થોડાં વર્ષોમાં વધુ સંખ્યામાં કંપનીઓ ગુજરાતમાં આવશે એ નિશ્ચિત છે. ●

## ગુજરાતની મુખ્ય ઑટો અને ઑટો-કમ્પોનન્ટ કંપનીઓ

| કંપનીનું નામ | સ્થળ | બનાવટ |
|---|---|---|
| TATA Motors | સાણંદ, અમદાવાદ | Cars (including EV) |
| Ford India Pvt. Ltd (FIPL) | સાણંદ, અમદાવાદ | Cars |
| Maruti Suzuki India Ltd. (MSIL | હાંસલપુર, બેચરાજી | Cars |
| MG Motor India (SAIC Motor Corp. Limited) | હાલોલ, વડોદરા | Cars |
| Honda Motorcycles and Scooters India (HMSI) | વિઠ્ઠલપુર | Two wheelers |
| Hero MotoCorp(HMCL) | હાલોલ, વડોદરા | Two wheelers |
| Maxxis Rubber India Pvt. Ltd (MRIPL | સાણંદ, અમદાવાદ | Tires & tubes |
| MRF | દહેજ, ભરૂચ | Tires & tubes |

# આત્મનિર્ભર ખેડૂત વડે આત્મનિર્ભર રાજ્ય અને દેશ...







✎ હરેશ્વરી રાબા

વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના 'આત્મનિર્ભર ભારત'ના સ્વપ્નને સાકાર કરવા માટે ગુજરાત ભારતનું નેતૃત્વ લેવા દૃઢ નિશ્ચયી છે. વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી આપણા ધરતીપુત્રોને ઋષિઓ સાથે સરખાવે છે અને કહે છે, "ખેતરમાં પોતાનો પરસેવો પાડનાર ખેડૂત તે ખરેખર તો કૃષિનો ઋષિ છે." આજે જ્યારે ખેતી સાથે સંલગ્ન સમગ્ર પ્રક્રિયામાં 'બૅક ટુ બેઝિક'-'બૅક ટુ નૅચર'નો વિચાર ખૂબ લોકપ્રિય થઈ રહ્યો છે ત્યારે ભારત દેશ આ દિશામાં સમગ્ર વિશ્વને રાહ ચીંધનારની ભૂમિકા સુપેરે નિભાવી શકે એટલી ક્ષમતા ધરાવે છે. વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કૃષિકારો અને વૈજ્ઞાનિકોને પાક-આધારિત આવકના બદલે મૂલ્યવર્ધિત કૃષિસુધાર માટેના સંમિલિત પ્રયાસો માટે આહ્વાન કર્યું છે કે જેથી કૃષિકારોની આવકને બમણી કરવાના ધ્યેયને સહાયતા મળે. કેન્દ્ર સરકાર દ્વારા વિવિધ કાર્યક્રમ જેવા કે એક્સલરેટેડ ઈરિગેશન પ્રોગ્રામ (AIBP), હર ખેત કો પાની (HKKP) અને પર ડ્રૉપ મોર ક્રૉપ (PDMC) અંતર્ગત દેશમાં કૃષિપેદાશોના સુધારને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

કૃષિ અને કૃષિ-આધારિત વસ્તુઓના વિશ્વબજારમાં ભારતીય કૃષિબજાર છઠ્ઠું સૌથી મોટું સ્થાન ધરાવે છે જેનું રીટેલ વેચાણમાં યોગદાન ૭૦% સુધીનું રહ્યું છે. ભારતીય ખાદ્ય ચીજવસ્તુઓનું બજાર ઉત્પાદનમાં, ઉપયોગમાં, આયાતમાં અને અપેક્ષિત વિકાસ સાધવામાં દેશના અન્ય ઉદ્યોગોની સરખામણીમાં પાંચમા નંબરે આવે છે. પ્રોસેસ્ડ ફૂડમાં ભારતમાંથી આયાત થતી ખાદ્યાન્નની વસ્તુઓ વર્ષ ૨૦૧૮-૧૯માં ૪.૪૫ અબજ અમેરિકન ડૉલર (USD 4.45 Billion)ની રહી હતી. 'રેડી ટુ ઈટ' ખાદ્યાન્નની આયાતની વસ્તુઓ વર્ષ ૨૦૧૯માં ૬૮૧.૯૫ દસ લાખ (681.95 million) સુધી પહોંચી છે. કેરીનો પલ્પ, પ્રોસેસ્ડ થયેલા શાકભાજી, વિવિધ અથાણાં, ફળોના જ્યૂસ, બદામ-અખરોટ, કાજુ-દ્રાક્ષ વગેરે સૂકામેવા આધારિત વિવિધ બનાવટો, મગફળીની બનાવટો, ગોળ તેમજ વિવિધ કંદમૂળ તેમજ મીઠાઈની બનાવટો અને કોકો પ્રોડક્ટ્સની ભારત બહાર ખૂબ માગ વધી રહી છે.

### ગુજરાત : વૈવિધ્યલક્ષી કૃષિ અર્થતંત્ર

રાજ્યના અર્થતંત્રના વિકાસ માટે કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોનો વિકાસ અત્યંત મહત્ત્વનું પરિબળ છે. રાજ્ય કૃષિ અર્થતંત્રમાં નિમ્ન કિંમત ધરાવતાં ધાન્ય અને બીજા પાકોને બદલે મહત્તમ કિંમત ધરાવતા પાકો જેવા કે કપાસ, મગફળી, ફળો શાકભાજી અને ગરમ મસાલાનો હિસ્સો વધતો જોવા મળે છે. કૃષિ-ઉત્પાદનમાં બાગાયતી પાકોનું મહત્ત્વનું યોગદાન રહેલ છે. બાગાયતી પાકો પ્રતિ હેક્ટર વધુ ઉત્પાદન આપતા હોવાથી એ તરફ કૃષિકારોનો ઝોક વધી રહ્યો છે. રાજ્યનો લક્ષ્યાંક 'નૅશનલ હૉર્ટિકલ્ચર મિશન'ના ભાગરૂપે માળખાગત સુવિધામાં વિકાસ અને બજારતંત્ર પૂરું પાડીને બાગાયતી ઉત્પાદન અને આવકને બે ગણો કરવાનો છે. આ મિશન અંતર્ગત રાજ્યના ૨૧ જિલાઓમાં એના અમલીકરણ દ્વારા ક્રૉપ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને બજારની સુવિધા પૂરી પાડવામાં આવી રહી છે.

દેશમાં ગુજરાતનો હિસ્સો ૩૧.૦૫% કપાસ, ૪૨.૫૫% મગફળી, ૯૦% વરિયાળી, ૨૦% મત્સ્ય-ઉત્પાદનમાં છે. ગુજરાત દિવેલ, જીરુંના ઉત્પાદનમાં પ્રથમ સ્થાને અને દૂધ ઉત્પાદનમાં ત્રીજા સ્થાને છે. આણંદ ખાતે આવેલી વિશ્વવિખ્યાત અમૂલ સહકારી ડેરી, લિજ્જત, ધનવંતરી વગેરે જેવા ગુજરાતના ફૂડ પ્રોસેસિંગ યુનિટ દ્વારા ગુજરાતનું નામ ઘરે ઘરે ગુંજતું થયું છે. જે આત્મનિર્ભર ભારત અને 'લોકલ ટુ ગ્લોબલ'ની વિભાવનાને સાકાર કરી રહ્યું છે.

### ગુજરાત : ફૂડ પ્રોસેસિંગ ક્લસ્ટર્સ

- ગુજરાતનાં મુખ્ય ઉત્પાદન કેન્દ્રો : કેરી, પપૈયાં, મગફળી, વરિયાળી, દૂધ, બાજરી, કેળાં, ટમેટાંના મુખ્ય ઉત્પાદન કેન્દ્ર

કચ્છ, પાટણ, બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, ખેડા, વડોદરા, નર્મદા, તાપી, સુરત, વલસાડ, આણંદ, નવસારી, ભરૂચ, ભાવનગર, જૂનાગઢ અને સુરેન્દ્રનગરમાં છે.

- ગુજરાતમાં ૩૦,૦૦૦થી વધુ ફૂડ પ્રોસેસિંગ કંપનીઓ આવેલી છે. અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, આણંદ, વડોદરા, ભરૂચ, સુરત, ભાવનગર, વેરાવળ, રાજકોટ, પાટણ ખાતે બેકરી પ્રોડક્ટ્સ, મિલ્ક પ્રોસેસિંગ, મત્સ્ય અને અન્ય ઉત્પાદન, રાઈસ મિલ્સ રેડી ટુ ઈટ ફૂડ, ઈસબગુલ પ્રોસેસિંગ, સીરીઅલ્સ પ્રોસેસિંગ, ફળો અને શાકભાજીની પ્રોસેસિંગ કંપનીસ આવેલી છે.
- માળખાગત સુવિધા : અમદાવાદ, બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, ખેડા, પંચમહાલ વડોદરા , સુરત , આણંદ, ભાવનગરમાં કોલ્ડ ચેઈન સ્થાપિત છે. મહેસાણા અને સુરત ખાતે ફૂડપાર્ક અને કચ્છ ખાતે ઈન્ડસ્ટ્રિયલ પાર્ક આવેલા છે.
- નવ ઈનલૅન્ડ કન્ટેનર ડેપો (ICD) પૈકી વડોદરા, અંકલેશ્વર અને ગાંધીનગરમાં ત્રણ સરકારી ICD છે. છ ખાનગી ICD કંડલા, અમદાવાદ, વડોદરા અને સુરતમાં છે.
- રાજ્યમાં ૧૧૯ ઈન્ડસ્ટ્રિયલ એરિયા છે. ૭૧૦ સ્ટોરેજ અને મત્સ્ય એકમો છે.
- ગુજરાતમાંથી નિકાસ થતી પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સમાં બાસમતી ચોખા, ગવારગમ, મગફળી, પ્રોસેસ્ડ શાકભાજી, ફળ, સૂકામેવા અને ફળોના રસનો સમાવેશ થાય છે.
- વર્ષ-૨૦૧૮-૧૯માં ગુજરાતમાંથી ૫.૧૪ બિલિયન યુએસ ડૉલર્સની કિંમતના પ્રોસેસ્ડ ફૂડની નિકાસ કરવામાં આવી હતી.
- દેશની પ્રોસેસ્ડ ફૂડની નિકાસમાં ગુજરાતનો હિસ્સો સૌથી વધુ છે. વર્ષ ૨૦૧૮-૧૯માં દેશમાં પ્રોસેસડ ફૂડ અને ડેરી પ્રોડક્ટ્સની નિકાસમાં ગુજરાતનો ૨૮.૬૨% હિસ્સો છે.

**પ્રોત્સાહક નીતિ : એગ્રો બિઝનેસ પૉલિસી ૨૦૧૬-૨૦૨૧ અંતર્ગત પ્રોત્સાહક પગલાં.**

- નવા એગ્રો અને ફૂડ પ્રોસેસિંગ યુનિટ્સ, કોલ્ડ ચેઈન, ફૂડ ઈરેડીએશન પ્રોસેસિંગ પ્લાન્ટ, પૅક હાઉસીસ, ગ્રામ્ય વિસ્તારમાં પ્રાઈમરી પ્રોસેસિંગ સેન્ટર / કલેક્શન સેન્ટર સ્થાપવા ૨૫% પ્રોજેક્ટ કૉસ્ટ સબસિડી આપવામાં આવી છે.
- એમએસએમઈ યુનિટ માટે ૨૫%થી ૪૦% સુધી ઍર ફ્રાઈટ સબસિડી અને ૨૫%થી ૪૦% સુધી સી-ફ્રાઈટ સબસિડી.
- એગ્રો અને ફૂડ પ્રોસેસિંગ યુનિટ્સ, કોલ્ડ ચેઈન, ફૂડ ઈરેડીએશન પ્રોસેસિંગ પ્લાન્ટ, પૅક હાઉસીસને ૭.૫%ની વ્યાજ સહાય.
- એસસી / એસટી, દિવ્યાંગજનો, મહિલા ઉદ્યોગ સાહસિકો, ૩૫ વર્ષથી નીચેની વયના ઉદ્યોગ સાહસિકો માટે ૧% વધારાની વ્યાજ સબસિડી.

**રાજ્યમાં એગ્રિકલ્ચરલ વૅલ્યુ ચેઇન માટે ખરીદ–વેચાણની સુવિધા :**

- રાજ્યમાં ૨૨૪ એપીએમસી માર્કેટ યાર્ડ્સ અને સબ-માર્કેટ યાર્ડ્સ છે.
- એક મિલિયન લોકોને રોજગારી પૂરી પાડતા ૩૦,૦૦૦થી વધુ ફૂડ પ્રોસેસિંગ યુનિટ્સ આવેલા છે.
- ૨૦ એગ્રો એક્સપૉર્ટ ઝોન છે.
- ૨.૦૩ મિલિયન મૅટ્રિક ટનની ક્ષમતા ધરાવતા ૭૧૦ કોલ્ડ સ્ટોરેજ અને ફિશ પ્રોસેસિંગ યુનિટ છે.
- ૪૫ કેન્દ્રોમાં ૨૦૭ વેરહાઉસ અને ચાર ઈરેડિએશન પ્લાન્ટ અને એક ઍર કાર્ગો કૉમ્પ્લેક્સ સ્થપાયાં છે.

**ગુજરાતમાં ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રે મૂડીરોકાણોની તકો :**

- **એગ્રિકલ્ચરલ / હોર્ટિકલ્ચરલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ :** ડુંગળી માટે કોલ્ડ સ્ટોરેજ, તાજાં ફળો માટે પૅક હાઉસ, શાકભાજી - પૅક હાઉસ, બંદરો ખાતે યાંત્રિક સંચાલન અને સંગ્રહની વ્યવસ્થા, ફૂડ પાર્ક, ટર્મિનલ માર્કેટ્સ, મસાલા અને ઈસબગુલ માટે ઈરેડીએશન સેન્ટરની વ્યવસ્થા છે.
- **વૅલ્યુ ઍડેડ પ્રોસેસિંગ :** ટમેટાં અને બટાટાનો પાઉડર અને ફલેક્સ, ગવારગમ પાઉડર, રિફાઈન્ડ સુગર , ઈંડાં પાઉડર, બેકર્સ યીસ્ટ, ફિશ ઑઈલના પ્રોસેસિંગ યુનિટો છે.
- **નવીનતમ ટેક્નોલૉજી આધારિત પ્રોજેક્ટ્સ અને તકો :** સ્પાઈસીસ ક્રાયો ગ્રાઈન્ડિંગ, ફ્રીઝ ડ્રાઈડ ફ્રૂટ પ્રોસેસિંગ યુનિટ, પાઉચમાં ઈન્સટન્ટ વેજિટેબલ્સ, પૉટેટો ફેબ્રિકેટેડ ચિપ્સ માટેના યુનિટો છે.
- **નિકાસ આધારિત પ્રોસેસિંગ :** પીનટ બટર, તલનાં બીજ અને તેલ, કપાસ, દિવેલનું વિકાસ આધારિત પ્રોસેસિંગ કરવામાં આવે છે.
- **નવીન તકો :** ઑર્ગેનિક દૂધ અને એની બનાવટો, આઈસક્રીમ બૉલ્સ, દિવેલ આધારિત રો-મટીરિયલ, કેળાના રેસાનું નિષ્કર્ષણ અને ટેક્સટાઈલ પ્રોડક્શનની નવી તકો રોકાણકારો માટે છે.
- **પ્રાકૃતિક સ્રોત આધારિત તક :** પ્રાકૃતિક ખાદ્ય રંગો, લીમડા અને તમાકુનાં તેલ આધારિત જૈવ કિટનાશકો, ફૂડ પ્રોસેસિંગ માટેના ઉત્સેચકો, ફિશ મિલ આધારિત જૈવિક ખાતરની ઉપલબ્ધિ.

વૈજ્ઞાનિક કૃષિપદ્ધતિની પહેલ થકી ગુજરાત દેશના કૃષિ અને બાગાયત ક્ષેત્રે મહત્ત્વનું સ્થાન ધરાવે છે. માર્ચ - ૨૦૨૦થી ફેબ્રુઆરી-૨૦૨૧ દરમ્યાન ૯૧૦.૮૩મિલિયન યુએસ ડૉલર કિંમતના પ્રોસેસ્ડ ફૂડની નિકાસની સાથે ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રે રાજ્ય નવાં સોપાનો સર કરી રહ્યું છે. રાજ્ય ફૂડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીઝ ક્ષેત્રે નવી તકો, નેનો ફર્ટિલાઈઝર, પર ડ્રૉપ મોર ક્રૉપ અને પ્રાકૃતિક કૃષિપદ્ધતિને અપનાવી અને એને પ્રોત્સાહન આપવા તત્પર છે. ગુજરાતનું એગ્રો અને ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્ર સહકારના એક નવા યુગમાં પ્રવેશ કરી રહ્યું છે. ●

# ગુજરાત પેટ્રોકેમિકલ ક્ષેત્રે અગ્રેસર







✎ નિલય રાવલ

ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓમાંની એક છે અને ભારતમાં ગુજરાત વ્યવસાય કરવા માટે અંત્યત લાભદાયી છે. ગુજરાત સરકારની પ્રોત્સાહક અને સાનુકૂળ નીતિ તથા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને માર્ગદર્શનમાં ગુજરાત ચોતરફી વિકાસથી આગળ ધપી રહ્યું છે. ગુજરાતનો કેમિકલ અને પેટ્રોકેમિકલ ઉદ્યોગ 13.048 મિલીયન ટનના ઉત્પાદન સાથે દેશમાં 62 ટકાની હિસ્સેદારી ધરાવે છે.

દહેજમાં આવેલા પીસીપીઆઈઆર(પેટ્રોલિયમ કેમિકલ એન્ડ પેટ્રોકેમિકલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન)ના કારણે એક લાખથી વધુ નાગરિકોને રોજગારી મળી છે. એક અંદાજ પ્રમાણે પીસીપીઆઈઆર સંપૂર્ણ રીતે વિકસિત થશે તો, આઠ લાખ લોકોને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે રોજગાર મળશે. ગુજરાતમાં વડોદરા, જામનગર,વાપી, અંકલેશ્વર, હજીરા જેવા વિવિધ સ્થળોએ પેટ્રો પ્રોડક્ટ તથા પેટ્રો કેમિકલ પ્રોડક્ટના ઉત્પાદનનું હબ છે.

દહેજ અને PCPIR વિસ્તારમાં આવેલ ONGC પેટ્રો એડિશન્સ લિમિટેડ- ઓપેલ પ્લાન દેશનો સૌથી મોટો પેટ્રોકેમિકલ પ્લાન્ટ છે. રૂ.30 હજાર કરોડના રોકણથી સ્થપાયેલા આ પ્લાન્ટના કારણે હજારો લોકોને રોજગારી પ્રાપ્ત થઈ છે. પાઇપ નેચરલ ગેસ નેટવર્કમાં રાજ્યનો દરેક જિલ્લો આવરી લેવામાં આવ્યો છે. 22.19 લાખ ઘરો સુધી પાઈપલાઈન નેચરલ ગેસ કનેકશન આપી પીએનજી જોડાણમાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે છે.

Gujarat State Petronet Ltd. (GSPL) દ્વારા સમગ્ર રાજ્યમાં તેના ગેસ ગ્રીડ નેટવર્કનું વિસ્તરણ કરવામાં આવી રહ્યું છે. ૨૬૮૨ કિ.મી. લંબાઈની પાઈપલાઈન નાખવામાં આવી છે. પાઈપલાઈન નેટવર્ક ગુજરાતના ૨૫ જિલ્લાઓમાંથી પસાર થાય છે. હાલમાં આ કંપનીઓ ગુજરાતમાં ૧૬૪૦૦૦ થી વધુ ઘરેલું ગ્રાહકો, ૫૦૯ C.N.G સ્ટેશનો, ૧૩૧૦૦ વાણિજ્યક અને નોન કોમર્શિયલ ગ્રાહકો અને ૩૯૫૦ ઔદ્યોગિક ગ્રાહકોને PNG સપ્લાય કરી રહી છે. આ કંપનીઓ અંદાજે ૫૦૯ C.N.G સ્ટેશનો દ્વારા ઓટોમોબાઈલ સેક્ટર માટે કમ્પ્રેસ્ડ નેચરલ ગેસ પણ પૂરો પાડી રહી છે.

### ગુજરાતની અગણિત સિદ્ધિઓ

- 17.4 બિલિયન યુ.એસ ડોલર સાથે ગુજરાત કેમિકલ ક્ષેત્રે વિકાસના પંથે.
- રાજ્યમાં 2500થી વધુ મેન્યુફેક્ચરિંગ યુનિટ કાર્યરત.
- ભારતમાં પેટ્રો કેમિકલ ક્ષેત્રે અભૂતપૂર્વ રોકાણ કરનાર પ્રથમ રાજ્ય ગુજરાત.
- ભારતનો પ્રથમ કેમિકલ પોર્ટ ગુજરાતના દહેજમાં.
- ઓર્ગેનિક કેમિકલ, ઈન-ઓર્ગેનિક કેમિકલ યુ.એસ.એ, ચાઈના, યુ.કે, નેધરલેન્ડ, સાઉથ આફ્રિકા તથા બેલ્જીયમ જેવા દેશોમાં નિકાસ
- ભારતના કુલ કેમિકલ અને પેટ્રો કેમિકલના નિકાસમાં ગુજરાતનો હિસ્સો 14% છે જે અનુક્રમે ભારતની કુલ નિકાસના 5% અને ગુજરાતની કુલ નિકાસમાં 27%નો હિસ્સો ધરાવે છે.
- રાજ્યમાં 102 MMTPAની સંયુક્ત ક્ષમતાના 41% હિસ્સો
- વિશ્વનું સૌથી મોટું પેટ્રોલિયમ રિફાઈનિંગ હબ ગુજરાતના જામનગર ખાતે આવેલ છે

**ઑટોમોટિવ કેમિકલ્સ :** ઑટોમોબાઈલ ક્ષેત્રે ગુજરાત હરણફાળ ભરી રહ્યું છે. ટેક્નોલોજીના ઉપયોગ દ્વારા રાજ્યના ઓટોમોબાઈલ સેક્ટરમાં હાઈટેક્નોલોજી વિકસિત કરવામાં આવી છે. આજે ગુજરાત વિકાસનું રોલ મોડલ બની ગયું છે. ઑટોમોબાઈલ સેક્ટરનો વિકાસ થતા ઑટોમોટિવ કેમિકલની માંગમાં વધારો થયો છે. જે અંતર્ગત વિકસે પુરઝડપ પકડી છે. ●

# 'સુશાસન સ્પર્ધા'માં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ





સુશાસન એ સ્વરાજ સમયથી નાગરિકોની ઝંખના હતી. આઝાદી મળી ત્યારથી દેશને સ્વરાજ મળ્યું હતું પરંતુ સુરાજ નહીં. પૂર્વ વડાપ્રધાન સ્વ. અટલ બિહારી વાજપેયીજીએ સુરાજની વ્યાખ્યા કરી હતી. આપણા લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દરેક આયામોમાં સુશાસનની કલ્પના દેશ સમક્ષ પ્રસ્તુત કરી છે. ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં વિકાસકાર્યોનાં લોકાર્પણ માટે આવેલા કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઇ શાહે જણાવ્યું હતું કે, દેશના તમામ રાજ્યો વચ્ચે રહેલી સુશાસન સ્પર્ધાની કોમ્પિટેટીવ રેન્કમાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ રહ્યું છે જે દરેક ગુજરાતીઓ માટે ગૌરવની વાત છે. ગુજરાતે દસમાંથી પાંચ ક્ષેત્રો ઇકોનોમિકલ ડેવલોપમેન્ટ, માનવ સંસાધન વિકાસ, સાર્વજનિક બુનિયાદી માળખું અને ઉપયોગિતા, સમાજ કલ્યાણ, ન્યાય અને સાર્વજનિક સુરક્ષામાં ખૂબ જ સુંદર પ્રદર્શન કર્યું છે.

ગાંધીનગર સંસદીય વિસ્તારના ગાંધીનગર મહાનગરપાલિકાના બગીચાઓ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ઈ-લોકાર્પણ તેમજ બાવળા નગરપાલિકા વિસ્તારના એફોર્ડેબલ હાઉસિંગ પ્રોજેક્ટના ઈ-ખાતમુહૂર્ત કરતા કેન્દ્રિય મંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતુ કે, વર્ષ ૨૦૨૧માં ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં રૂ.૨૩૪૨ કરોડના ખર્ચે ૧૩૬૭ જેટલા વિકાસ કામો થયા છે. આ બધા વિકાસ કામો નાગરિકોની સુખાકારીમાં વધારો કરી રહ્યા છે. લોકાર્પણ થઈ રહેલા બગીચાઓ તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો જરૂરી સુવિધાયુકત છે. નાગરિકોને કોરોના સામે હજુ પણ સાવચેતી રાખી કેન્દ્ર અને રાજ્ય સરકારની ગાઇડલાઇનનું અચૂક પાલન કરવા અપીલ કરી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, દેશના સુશાસનનો પાયો આપણા સૌના પ્રેરણા સ્ત્રોત એવા સ્વ.શ્રી અટલ બિહારી વાજપેયીજીએ નાંખ્યો હતો. તેમના જન્મ દિને દેશભરમાં "ગુડ ગવર્નન્સ" દિનની ઉજવણી કરવામાં આવે છે. ગુડ ગવર્નન્સ એટલે સર્વ સમાવેશક વિકાસ સાથે સંકળાયેલું વહીવટી તંત્ર. દેશને સ્વરાજ્ય વર્ષ ૧૯૪૭માં મળ્યું પરંતુ સુરાજ્ય ગુડ ગવર્નન્સનું સ્વપ્ન અધૂરું જ રહ્યું હતું. સ્વ.શ્રી વાજપેયીજીએ તેમના શાસનકાળમાં સુશાસનનો પાયો નાખ્યો હતો. રાષ્ટ્રનિર્માણના તેમના સંકલ્પને આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહ બંનેની જોડી દેશભરમાં ગુડ ગવર્નન્સની ઉજવણી થકી વધુ સુદ્રઢતાથી સાકાર કરી રહ્યા છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઉમેર્યું હતું કે, 'વિકાસ સિવાય કોઈ વાત નહીં અને વિકાસમાં વિવાદ નહિ' એ ગુજરાતનો હંમેશથી ધ્યેયમંત્ર રહ્યો છે. જેમાં ગ્રામ પંચાયતના સભ્ય, સરપંચથી લઈને મહાનગરોના મેયર, ધારાસભ્યો, મંત્રી અને સાંસદ સુધી સૌ પરિશ્રમની પરાકાષ્ઠા સર્જીને જનહિતને સમર્પિત રહ્યા છે. તેથી જ આજે સમગ્ર દેશ-વિદેશમાં ગુજરાત રાજ્ય વિકાસ મોડેલ તરીકે પ્રસ્થાપિત થયું છે, એટલું જ નહિ, ગાંધીનગર સંસદીય વિસ્તારને ઉત્તમ સંસદીય વિસ્તાર બનાવવા કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી તેમજ ગાંધીનગર સાંસદ શ્રી અમિતભાઇ શાહે કરોડો રૂપિયાની ભેટ આપી છે.

આ લોકાર્પણમાં ગાંધીનગર શહેરના સેક્ટર-૧૪ અને સેક્ટર- ૨૯ના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું નવીનીકરણ તેમજ શહેરના કુલ ૧૪ બગીચાઓનો સમાવેશ થાય છે. આ સાથે, ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારના ૧૪ બગીચાઓ અને બે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના નવીનીકરણ માટે મળી કુલ રૂ.૧૫.૨૨ કરોડના ઈ-લોકાર્પણ કરવામાં આવ્યા હતા. તે ઉપરાંત બાવળા નગરપાલિકા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ તૈયાર થનાર કુલ ૪૬૮ રહેણાંક એકમોના એફોર્ડેબલ હાઉસિંગ પ્રોજેક્ટનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર, મેયર શ્રી હિતેશ મકવાણા, ડેપ્યુટી મેયર શ્રી પ્રેમલસિંહ ગોલ સહિત શહેરના પદાધિકારીશ્રીઓ અને અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતા.●

# સુરતમાં 'વિવિંગ ગ્રોથ ફોર ટેક્ષટાઈલ' વિષયક પ્રિ-વાયબ્રન્ટ સમિટ યોજાઈ




'ગુજરાત વ્યક્તિ કેન્દ્રી નહીં, પણ પોલિસી ડ્રિવન રાજ્ય છે. ગુજરાતમાં વિવિધ પ્રકારની ઈન્ડસ્ટ્રીયલ ફ્રેન્ડલી પોલિસી અમલી છે, તેના કારણે ગુજરાત 'બેસ્ટ ડેસ્ટીનેશન ફોર ઈન્વેસ્ટમેન્ટ' બન્યું છે. રાજ્ય સરકારે ટેક્ષટાઇલ પોલિસીના માધ્યમથી ટેક્ષટાઇલ ઊદ્યોગમાં ટેકનોલોજી અપગ્રેડેશન, સ્કીલ એન્હાન્સમેન્ટ-ડેવલપમેન્ટ અને ટેક્ષટાઇલ પાર્કસ-કલસ્ટરના વિકાસ માટે અનેક પ્રોત્સાહનો પૂરા પાડયા છે', એમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સુરત ખાતે તાજેતરમાં યોજાયેલા 'વિવિંગ ગ્રોથ ફોર ટેક્ષટાઈલ' વિષય પર પ્રિ-વાયબ્રન્ટ સમિટમાં સંબોધન કરતાં જણાવ્યું હતું.

'વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૨'ના ભાગરૂપે પ્રિ-વાયબ્રન્ટ સમિટના વિવિધ તબક્કાનું આયોજન કરવામાં આવી હતું. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ટેક્ષટાઈલ ઉદ્યોગ માનવીની 'રોટી, કપડા અને મકાન'ની મૂળભૂત ત્રણ જરૂરિયાતોમાંથી એક જરૂરિયાત પૂરી કરવામાં મહત્વનું યોગદાન આપી રહ્યો છે. ગુજરાતમાં ટેક્ષટાઈલ સહિતના ઉદ્યોગો માટે સાનુકૂળ વાતાવરણ છે. ફાર્મ ટુ ફાયબર, ફાયબર ટુ ફેબ્રિક, ફેબ્રિક ટુ ફેશન, ફેશન ટુ ફોરેન એમ ફાઈવ 'F'ની વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ફોર્મ્યુલાથી ગુજરાતે કાપડ ઉદ્યોગમાં ઉલ્લેખનીય પ્રદાન કર્યુ છે. નવી ટેકનોલોજી, નવી પેટર્ન અને સ્કીલ અપગ્રેડેશનના સહારે રાજ્યનો કાપડ ઉદ્યોગ ગતિ પકડી રહ્યો છે, જેમાં સુરતનો ફાળો વિશેષ છે.

દેશનું કુલ ૩૭ ટકા સૂતરનું ઉત્પાદન કરનારૂં ગુજરાત દેશના ટેક્ષટાઇલ ઉદ્યોગનું કેપિટલ છે. ભારતમાં વણાયેલા ફેબ્રિક્સમાં ગુજરાતનો હિસ્સો ૩૭ ટકા છે, મેનમેડ ફાઈબર અને મેનમેઈડ ફાઈબર ઉત્પાદનમાં ગુજરાત અગ્રેસર છે. રાજ્યનું યુવાધન આઈ.ટી.આઈ.માં ટેક્ષટાઈલનો અભ્યાસ કરી આ ક્ષેત્રમાં ઉજ્જવળ કારકિર્દી બનાવે એ હેતુથી રાજ્યની ૨૫ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં ટેક્ષટાઈલનો અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે.

મુખ્યમંત્રીશ્રીએ માત્ર મોટા ઉદ્યોગો માટે જ નહીં, પરંતુ નાના અને મધ્યમ કક્ષાના ઉદ્યોગોના વિકાસ માટે નક્કર આયોજન કર્યું હોવાનું જણાવતાં ઉમેર્યું કે, ફાર્મ ટુ ફેશનની સંપૂર્ણ વેલ્યુ ચેઈન સુરતના ટેક્ષટાઈલ ઉદ્યોગમાં ઉપલબ્ધ છે, જેના થકી વૈશ્વિક ફલક પર સુરતનો ટેક્ષટાઈલ ઉદ્યોગ વિકાસના સીમાચિહ્નો સર કરશે, તેનો માતબર લાભ રાજ્ય અને દેશના અર્થતંત્રને થવાનો છે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

કેન્દ્રીય ટેક્ષટાઈલ રાજયમંત્રી શ્રી દર્શનાબેન જરદોશે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીએ દેશમાં ૪૪૪૫ કરોડના ખર્ચે ૭ ટેક્ષટાઈલ પાર્ક બનાવવાની જાહેરાત કરી છે. PLI સ્કીમનો સૌથી વધુ ફાયદો રેડીમેડ ગારમેન્ટ, મેનમેડ ફાઈબર, ટેકનિકલ ફાઈબર ક્ષેત્રને થશે. 'વોકલ ફોર લોકલ'ના મંત્ર થકી કેન્દ્ર સરકાર અંત્યોદયની વિચારધારાને વેગવાન બનાવી છે.

ઉદ્યોગ રાજ્યમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, ટેક્ષટાઈલ, ગારમેન્ટ, સિલ્ક, જેમ્સ એન્ડ જવેલરી જેવા ક્ષેત્રોમાં સુરત શહેર તેજ ગતિએ વિકાસના સિમાચિહ્નો સર કર્યા છે. આવનારા સમયમાં ટેકનિકલ ટેક્ષટાઈલ ક્ષેત્રનું ભાવિ ઉજળુ હોવાનું જણાવીને આ ક્ષેત્રના વિકાસમાં આગળ વધવાનો અનુરોધ તેમણે કર્યો હતો. સાંસદ શ્રી સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, રાજય સરકાર કાપડ ઉદ્યોગકારોની જી.એસ.ટી. અંગેની માંગણીને ધ્યાને લઈને કેન્દ્ર સરકાર સમક્ષ રજુઆત કરશે. આ પ્રસંગે માર્ગ અને મકાનમંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદી, કૃષિ રાજ્યમંત્રી શ્રી મુકેશભાઈ પટેલ, ગૃહ રાજયમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રી વિનોદભાઈ મોરડીયા, GIDCના ચેરમેન શ્રી બળવંતસિંહ રાજપૂત, મેયર શ્રીમતી હેમાલી બોઘાવાલા, કેન્દ્રીય ટેક્ષટાઈલ મંત્રાલયના સેક્રેટરી શ્રી ઉપેન્દ્ર પ્રસાદ સિંઘ, સહિત ધારાસભ્યશ્રીઓ, પદાધિકારીઓ, ટેક્ષટાઈલ ઉદ્યોગકારો ઉપસ્થિત રહ્યા હતા. ●

# ટૂરિઝમ સેક્ટરનો હોલિસ્ટિક અને ઇન્કલુઝિવ ગ્રોથ સાકાર કરતું ગુજરાત




ગુજરાતમાં ટૂરિઝમ-પ્રવાસન સેક્ટરનો હોલિસ્ટિક અને ઈન્કલુઝિવ ગ્રોથ સાકાર થયો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતની સંસ્કૃતિ-પરંપરાઓને પ્રવાસન સાથે જોડીને રાજ્યના ટૂરિઝમને નવો આયામ આપ્યો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તાજેતરમાં ઇન્ડિયન ઍસોસિયેશન ઑફ ટૂર ઓપરેટર્સ IATO દ્વારા ગાંધીનગરમાં આયોજિત ૩૬મા વાર્ષિક સંમેલનમાં ઉપસ્થિત રહ્યા હતા.

ટૂરિઝમ સેક્ટરના સર્વગ્રાહી વિકાસ સાથે સ્થાનિક રોજગાર અવસર પણ વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ થાય છે. ગુજરાતમાં અપાર પ્રવાસન વૈવિધ્ય છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના સેવાકાળ દરમ્યાન ઉત્સવોને પણ પ્રવાસન સાથે જોડવાનો ફેસ્ટિવલ ટૂરિઝમનો નવતર કન્સેપ્ટ દેશ અને દુનિયાને ગુજરાતની ધરતી પરથી બતાવ્યો છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે IATOના આ વાર્ષિક સંમેલનની થીમ બ્રાન્ડ ઇન્ડિયા-અ રોડ ટુ રિકવરી રાખવામાં આવી છે, એ સમય સાથે સુસંગત છે. કોરોના મહામારીને કારણે ટૂરિઝમ ઇન્ડસ્ટ્રીને માઠી અસર પડી હતી, એમાં હવે ઝડપથી રિકવરી આવી રહી છે. એટલું જ નહિ, આ ક્ષેત્રના ભાવિ રોડ મેપ માટે પણ આ સંમેલન દિશાસૂચક બનશે.

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાતમાં ડેઝર્ટ ટૂરિઝમમાં રણોત્સવ, સ્પિરિચ્યુઅલ ઍન્ડ રિલિજિયસ ટૂરિઝમ, ક્રૂઝ ટૂરિઝમ અને સ્ટેચ્યુ ઑફ યુનિટિથી પેટ્રિઓટિક ટૂરિઝમ જેવી પ્રવાસન વૈવિધ્યની ભૂમિકા આપી હતી.

**ગાંધીનગરમાં ઇન્ડિયન ઍસોસિયેશન ઑફ ટૂર ઓપરેટર્સ-IATOનું ૩૬મું વાર્ષિક સંમેલન**

**પ્રવાસન ધામોમાં હવે પર્યાવરણ જાળવણી ઈ-વ્હીકલનો ઉપયોગ-સોલાર એનર્જીનો વ્યાપ જેવા સમયાનુરૂપ નવા આયામો ગુજરાતમાં વિકસ્યા**

પ્રવાસન ધામોમાં હવે પર્યાવરણ જાળવણી, ઈ-વ્હીકલનો ઉપયોગ અને સોલાર એનર્જીના વ્યાપથી સમયાનુરૂપ નવા આયામો ગુજરાતે વિકસાવ્યા છે. આ નવા આયામો સાથે ગુજરાતને ઑલરાઉન્ડ ટૂરિઝમ હબ બનાવવાની નેમ તેમણે દર્શાવી હતી.

ગુજરાતની પહેલરૂપ પ્રથમ હેરિટેજ ટૂરિઝમ પૉલિસી દ્વારા પ્રાચીન ધરોહર, ઐતિહાસિક વિરાસતો-ઇમારતોને હેરિટેજ ટૂરિઝમ ડેસ્ટિનેશન તરીકે પ્રોત્સાહન મળ્યું છે. પ્રવાસન ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી માટેના હોલ ઑફ ફેમ ઍવોર્ડ્ઝ પણ મુખ્યમંત્રીશ્રીએ એનાયત કર્યા હતા. આ અવસરે ઍસોસિયેશનના પ્રમુખ શ્રી રાજીવ મહેરા, પદાધિકારીઓ તેમ જ પ્રવાસન સચિવ શ્રી હારિત શુક્લા અને ઍસોસિયેશનના સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા. ●



# આત્મનિર્ભર ગ્રામયાત્રા



ગાંધીજીએ કહેલું કે સાચું ભારત ગામડાઓમાં વસે છે. ગામડાઓ ભારતના હૃદય સમાન છે. આવો જ સંકલ્પ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે કર્યો છે. આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે આત્મનિર્ભર ગુજરાત હોવું જરૂરી છે. ગામડાઓ સુવિધાઓ સાથે સ્વાવલંબી બને અને છેવાડાના માનવીઓને પણ શહેરો જેવી સુવિધાઓ પ્રાપ્ત થાય એવો રાજ્ય સરકારનો પ્રયાસ છે. પ્રજાકલ્યાણની યોજનાઓ છેવાડાના માનવી અને ગામડાઓ સુધી પહોંચાડવાના પ્રયાસરૂપે આત્મનિર્ભર ગ્રામ વિકાસયાત્રા યોજાઇ હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે દેશની આઝાદીનાં ૭૫ વર્ષ પૂર્ણ થવા અવસરે ઊજવાઈ રહેલા 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત ત્રિદિવસીય આત્મનિર્ભર ગ્રામયાત્રાનો ઐતિહાસિક ખેડા જિલ્લાના મહેમદાવાદથી રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો હતો. ગામડાઓના સર્વાંગી વિકાસ થકી ગુજરાતને આત્મનિર્ભર બનાવવાનો રાજ્ય સરકારનો સંકલ્પ છે.

આ અવસરે મુખ્યમંત્રીશ્રીએ ખેડા જિલ્લામાં વિવિધ વિભાગોના રૂ. ૫૩.૩૯ કરોડના ૧,૯૩૬ જેટલાં કામોનું લોકાર્પણ - ખાતમુહૂર્ત કરવા સાથે વિવિધ ૩,૪૦૬ લાભાર્થીઓને રૂ. ૨.૮૨ કરોડના યોજનાકીય લાભોના ચેક, લોન સહાયનું વિતરણ કર્યું હતું.

દેશ કેવી રીતે આત્મનિર્ભર બની શકે તેનું ઉત્તમ ઉદાહરણ કોરોનાની મહામારીમાંથી મળી રહે છે. કોરોના જ્યારે આવ્યો ત્યારે દેશમાં પૂરતી પીપીઇ કિટ્સ પણ નહોતી. આવા કપરા સંજોગોમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ દેશને દિશાદર્શન કર્યું અને જ્યારે દુનિયાના બીજા દેશો આ મહામારી સામે થાકી ગયા તેવા સંજોગોમાં ભારતે આ રોગનો મજબૂતાઇથી સામનો કર્યો.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે વધુ પડતાં રાસાયણિક ખાતરો, દવાઓના વપરાશના કારણે એની વિપરીત અસરો પડી રહી છે. તેના નિવારણ માટે રાજ્ય સરકાર મહત્તમ ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવે એ માટે આયોજનબદ્ધ રીતે આગળ વધી રહી છે.

આત્મનિર્ભર ગ્રામયાત્રા રાજ્યના ૯૯૩ રૂટ ઉપર પરિભ્રમણ કરી ૧૦૯૦ જિલ્લા પંચાયતોને આવરી લેવાઇ હતી. આ યાત્રા ગ્રામજનોને વિવિધ યોજનાકીય બાબતો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું. જેમાં વિવિધ વિકાસકામોના લોકાર્પણ, ખાતમુહૂર્ત, યોજનાકીય લાભોના ચેક સહાય વિતરણ, વિવિધ કૅમ્પ, નિદર્શન શિબિર, હરીફાઇનું આયોજન કરાયું હતું. આ રથ દ્વારા સરકારના વિવિધ વિભાગોની યોજનાઓનો પ્રચાર-પ્રસાર ફિલ્મો, ક્વિકી, પેમ્ફલેટ વગેરેના માધ્યમથી કરવામાં આવ્યું હતું. આ યાત્રા ગામડાંઓની કાયાપલટ કરવામાં ઉદ્દીપકરૂપ બની રહી. આ ત્રિદિવસીય આત્મનિર્ભર ગ્રામયાત્રામાં સ્વચ્છતા રૅલી તેમ જ શાળાઓ, પંચાયત ઘર, આંગણવાડી, પોસ્ટ ઑફિસ, બૅન્ક, દૂધ મંડળીઓ, સામૂહિક શૌચાલય તથા વ્યક્તિગત શૌચાલયની સમજ આપવા સાથે વ્યક્તિલક્ષી યોજનાઓની સમજ આપવામાં આવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ સમગ્રતયા રાજ્ય સરકારના ૧૨ વિભાગોના રૂ. ૪૭૧.૮૯ કરોડના ૧૯,૬૩૦ જેટલા વિકાસ કામોના લોકાર્પણ તેમ જ રૂ. ૯૬૭.૮૨ કરોડના ૨૩,૩૨૦ જેટલાં વિકાસકામોનું ખાતમુહૂર્ત કર્યું હતું અને ૧,૯૨,૫૭૫ લાભાર્થીઓને રૂ. ૧૬૭.૫૫ કરોડ જેટલી નાણાકીય સહાય વિતરણનો પ્રારંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રીશ્રી આત્મનિર્ભર ગ્રામયાત્રાને લીલી ઝંડી આપી તે પૂર્વે યોજનાકીય સ્ટૉલ અને પ્રદર્શનોનું ઉદ્ઘાટન કર્યું હતું. તેમણે વિવિધ સ્ટૉલની મુલાકાત લઈ જાતમાહિતી મેળવી હતી. ●

# સાઇક્લોથોન-2021
# ખેડા સત્યાગ્રહીઓની અડગ ભાવનાને અંજલિ




સામાજિક ઉત્તરદાયિત્વનાં ક્ષેત્રોમાં કાર્યરત રહી આયકર વિભાગ રાષ્ટ્રનિર્માણમાં પોતાનું યોગદાન વિભાગ આપી રહ્યો છે. આયકર વિભાગ દ્વારા આયોજિત 'સાઇક્લોથોન' 2021ને અમદાવાદથી પ્રસ્થાન કરાવતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, આવકવેરા વિભાગે ખેડા સત્યાગ્રહની સ્મૃતિને આઝાદીના અમૃત મહોત્સવના આ વર્ષે સાઇક્લોથોનથી ફરી જીવંત કરવાનો સરાહનીય પ્રયોગ કર્યો છે.

**આઝાદીના અમૃત મહોત્સવમાં ખેડા સત્યાગ્રહની સ્મૃતિને સાઇક્લોથોન થકી જીવંત કરવાનો પ્રયાસ અત્યંત સરાહનીય**

**મુખ્યમંત્રીશ્રીએ આયકર વિભાગ દ્વારા આયોજિત 'સાઇક્લોથોન 2021'નું અમદાવાદથી કરાવ્યું પ્રસ્થાન.**

આ સાઇક્લોથોનનો પ્રારંભ કરાવતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, 1918માં જે માર્ગ પર સત્યાગ્રહીઓ દ્વારા ખેડા સત્યાગ્રહ કરાયો હતો, તે જ માર્ગ પર અમદાવાદથી ખેડા જિલ્લાના નડિયાદ સુધી આયકર વિભાગ દ્વારા સાઇક્લોથોન-2021 ખેડા સત્યાગ્રહીઓની અડગ ભાવનાને એક ઉમદા શ્રદ્ધાંજલિ છે.

ખેડા સત્યાગ્રહ ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામમાં એક ક્રાંતિકારી પગલું અને ખેડા જિલ્લાના ખેડૂતોએ દુષ્કાળની પૃષ્ઠભૂમિમાં દમનકારી કરવ્યવસ્થા સામે કરેલું શાંતિપૂર્ણ આંદોલન હતું.

કાયદા હેઠળ મહત્તમ આવકની વસૂલાત માટે અનુરૂપ વાતાવરણ પૂરું પાડવું એ જ આવકવેરા વિભાગનું ધ્યેય છે. કરવસૂલાત સિવાયના પણ સામાજિક ઉત્તરદાયિત્વનાં ક્ષેત્રોમાં કાર્યરત રહી રાષ્ટ્રનિર્માણમાં પોતાનું યોગદાન આયકર વિભાગ આપી રહ્યો છે.

આઝાદીના અમૃત મહોત્સવના આ વર્ષમાં આયકર વિભાગ પોતાના શ્રેષ્ઠ પ્રદાનથી આત્મનિર્ભર ભારતની વડાપ્રધાનશ્રીની નેમ પાર પાડશે એવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ મહાત્મા ગાંધી, સરદારસાહેબ, શ્યામજી કૃષ્ણ વર્મા, મૅડમ કામા, સરદારસિંહ રાણા, વીર સાવરકર, મદનલાલ ધીંગરા, ભગતસિંહ જેવા રાષ્ટ્રવીરોની તપસ્યા, ત્યાગ અને બલિદાનને યાદ કર્યા હતા. ગાંધીજીના નેતૃત્વમાં સાબરમતી આશ્રમથી દાંડીની યાત્રા હોય કે ૧૯૧૮માં દુકાળના કપરા કાળમાં પણ ખેડૂતો પાસેથી કર વસૂલવાની અંગ્રેજોની નીતિ સામેનો ખેડા સત્યાગ્રહ હોય ગુજરાતે આઝાદીના આંદોલનમાં નિર્ણાયક ભૂમિકા ભજવી છે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત શ્રી રવીન્દ્ર કુમાર, પ્રધાન મુખ્ય આયકર આયુક્ત શ્રી પ્રવીણ કુમાર તેમ જ આયકર મહાનિર્દેશક શ્રી એસ. એમ. રાણા ઉપસ્થિત રહ્યા હતા. ●

## મહેસાણાનાં હિરપુરામાં બૅરેજ બનવાથી
# વિજાપુર - હિંમતનગરની ૩૨૦૦ હેક્ટર જમીન નવપલ્લવિત થશે



ખેડૂતો એ સરકારની પ્રાથમિકતા છે અને હંમેશાં રહેવાની છે. તેની પ્રતીતિ પ્રત્યેક નાગરિકને થતી જ રહે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ સંઘર્ષ કરીને નર્મદા યોજના પૂર્ણ કરાવી અને તેમના દૃષ્ટિવંત આયોજનથી સૂકા, અછતવાળા વિસ્તારો હરિયાળા બન્યા છે. વડાપ્રધાનશ્રીના પથ પર આગળ વધતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના હિરપુરા ખાતે સાબરમતી નદી બેરેજ નિર્માણ અન્વયે રૂ. ૨૧૪ કરોડના અંદાજિત ખર્ચે ૩.૪૭ મિલિયન ઘનમીટર સંગ્રહક્ષમતાના આકાર પામનારા હિરપુરા બેરેજનું ખાતમુહૂર્ત સંપન્ન કર્યું હતું. આ યોજના પૂર્ણ થવાથી વિજાપુર તાલુકાના બે અને હિંમતનગર તાલુકાના ચાર ગામોના ૩૨૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઇ સુવિધા મળતી થશે.

મુખ્યમંત્રીશ્રીએ આ બેરેજના ખાતમુહૂર્ત ઉપરાંત મહેસાણા જિલ્લાના વિવિધ વિકાસ પ્રકલ્પોના ઈ-ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યા હતા. શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે કહ્યું કે, ખેડૂતોને પૂરતું પાણી મળ્યું છે. હવે પ્રાકૃતિક ખેતી તરફ વિશેષ ઝોક આપી લોકોને રાસાયણિક ખાતરમુક્ત અને વધુ સ્વાસ્થ્યપ્રદ ખોરાક અને અન્ન આપવાની દિશા ખેડૂતોએ લેવાની છે.

આ સરકાર ખેડૂતો, ગ્રામીણ લોકો, નાનામાં નાના માણસને પડતી મુશ્કેલીઓ ત્વરાએ નિવારવા સંકલ્પબદ્ધ છે. તેનો ઉલ્લેખ કરતાં મુખ્યમંત્રીશ્રીએ લોકોની રજૂઆતોનો ઝડપથી ઉકેલ આવે અને તેમને યોગ્ય મદદ અને સહાય મળે તેવા જનહિત અભિગમથી કર્તવ્યરત રહેવા તંત્રવાહકોને ભાર મૂક્યો હતો.

સંસદસભ્ય સી. આર. પાટીલે જણાવ્યું હતું કે, પાણીની સમસ્યાના નિવારણ માટે પાણીનો સદુપયોગ કરવો હિતાવહ છે. આ પ્રકારની યોજનાથી ગામડાઓ સમૃદ્ધ બને તે દિશામાં સરકાર પ્રયત્નો કરી રહી છે. પાણીપુરવઠા મંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, લોકોની સુખાકારી માટે લીધેલાં પગલાઓ એટલે ગુજરાત મૉડલ. રાજ્યમાં છેવાડાના માનવીનો વિકાસ થાય તે દિશામાં સરકાર કામ કરી રહી છે. રાજ્યમાં પીવાની અને સિંચાઈની સવલતોથી ખેડૂતોને સીધો ફાયદો થયો છે. રાજ્યમાં આરોગ્યની સુખાકારી સવલતોથી નાગરિકો નિરામય બન્યા છે.

પૂર્વ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજ્યમાં પ્રાથમિક અને માળખાકીય સુવિધાઓથી નાગરિકો સજ્જ થાય તે દિશામાં સરકારે કામ કર્યું છે. મુખ્યમંત્રીશ્રી સહિત મહાનુભાવો દ્વારા વિવિધ વિકાસ પ્રકલ્પોના ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જેમાં બ્રાહ્મણવાડા સબયાર્ડ ૫૦૦૦ ટન ગોડાઉનનું ઈ-ખાતમુહૂર્ત કરાયું હતું. જે અંદાજિત ૩,૨૫,૦૦,૦૦૦ના ખર્ચે તૈયાર થનાર છે, જેમાં સરકાર દ્વારા રૂ. ૧,૬૨,૫૦,૦૦૦ની સહાય આપવામાં આવેલી છે. આ ઉપરાંત મહેસાણા પ્રાથમિક શાળા નંબર ૭ ના ૨૦ નવીન વર્ગખંડોનું ઈ-લોકાર્પણ કરાયું હતું.

મુખ્યમંત્રીશ્રીએ શ્યામા પ્રસાદ મુખર્જી રૂર્બન મિશન અંતર્ગત બેચરાજી તાલુકાના સાત પ્રાથમિક શાળાઓના પરિસરના અપગ્રેડેશન કામોનું ઈ-લોકાર્પણ કર્યું હતું. જેમાં કાલરી, એદલા, ગણેશપુરા, ચડાસણ અને બેચરાજી પ્રાથમિક શાળાના વર્ગખંડો સહિત મધ્યાહન ભોજન રસોડુ અને શૌચાલયની સુવિધાનું ઈ-લોકાર્પણ કરાયું હતું. આ સુવિધાઓ રૂ. ૧૪૪.૪૭ લાખના ખર્ચે પૂર્ણ કરવામાં આવી છે. શ્યામા પ્રસાદ મુખર્જી રૂર્બન મિશન અંતર્ગત એસેસ ટુ વિલેજ વિથ સ્ટ્રીટ ગટર લાઈન તેમ જ સી.સી. રોડનાં કામોનું ઈ-લોકાર્પણ પણ કરાયું હતું. ●

# 'રાષ્ટ્રપુરુષ ડૉ. બાબાસાહેબ આંબેડકર' પુસ્તકનું વિમોચન




ડૉ. બાબાસાહેબ આંબેડકરે રાષ્ટ્રની હંમેશાં ચિંતા કરીને એક નવું જ ચિંતન રજૂ કર્યું હતું. તેમણે રાષ્ટ્રને શક્તિશાળી બનાવવા રાષ્ટ્રના પ્રત્યેક વ્યક્તિને સ્વતંત્રતા, સમતા અને બંધુત્વ વ્યવહારનો અનુભવ કરી એને અનુસરવા પ્રેરણા આપી છે.

તાજેતરમાં શ્રી કિશોરભાઈ મકવાણા લિખિત પુસ્તક રાષ્ટ્રપુરુષ ડૉ. બાબાસાહેબ આંબેડકરનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વિમોચન કર્યું હતું. આ સાથે બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (બીએઓયુ- BAOU) દ્વારા સંચાલિત રાજ્યના દરેક પ્રાદેશિક કેન્દ્ર પર અદ્યતન કૉમ્પ્યુટર સેન્ટરનું લોકાર્પણ, સાઇન લેંગ્વેજ વેબલિંકનું ઉદ્ઘાટન, ગાર્ગી રિસર્ચ પ્રપોઝલ અન્વયે અનુદાન પ્રદાન, રાજ્યવ્યાપી પ્રતિભાશોધ સ્પર્ધા તેજતૃષાના તેજસ્વી તારલાઓનું અભિવાદન-ઈનામ વિતરણ કરવા જેવા કાર્યક્રમો યોજાયા હતા.

સમાજમાં વ્યાપ્ત અસમાનતાઓ અને વિષમતાઓ સામે ડૉ. આંબેડકરનું જીવન-લક્ષ્ય સામાજિક ક્રાંતિ બની જતાં તેઓ વ્યક્તિ મટી સમષ્ટિ બની ગયા.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, ડૉ. બાબાસાહેબ આંબેડકરનું સમગ્ર વ્યક્તિત્વ પ્રેરણા આપનારું છે. ડૉ. બાબાસાહેબના વિચારો આજે પણ મૂલ્યવાન છે. મૂલ્યવાન વિચારોને વર્તમાન શિક્ષણવ્યવસ્થા સાથે જોડીને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ 'સાર્થકતાના પંચામૃત'નો જે આયામ ઉપાડયો છે તેમને મુખ્યમંત્રીશ્રીએ બિરદાવ્યા હતા.

વયના બાધ વગર ભણતા ગુજરાતના વિદ્યાર્થીઓને આગળ વધવાની સુવર્ણ તક મળે છે તો ભણતરથી વંચિત રહી ગયેલા લોકોને શિક્ષણ મેળવવા માટેનું પ્રોત્સાહન મળે તે માટેના આ પ્રયાસ શિક્ષણના સ્તરને વધારવા અને ગુણવત્તાયુક્ત બનાવવામાં ચોક્કસ ફાળો આપશે તેવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો.

**મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનો 'સાર્થકતાનું પંચામૃત' કાર્યક્રમ યોજાયો.**

સાંસદ શ્રી સી. આર. પાટીલે જણાવ્યું કે ડૉ. બાબાસાહેબ આંબેડકરનું જીવન સંઘર્ષમય રહ્યું હતું. તેમની વિદ્વતાના કારણે આજે સમગ્ર રાષ્ટ્ર તેમને ઓળખે છે. આ પ્રખર કોઠાસૂઝ અને વિદ્વતાના કારણે જ બંધારણની રચનામાં તેમનો સિંહફાળો રહ્યો છે.

સાર્થકતાના પંચામૃત કાર્યક્રમમાં સામાજિક અગ્રણી શ્રી કિશોરભાઈ મકવાણા દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકરના જીવન પર લિખિત રાષ્ટ્રપુરુષ ડૉ. બાબાસાહેબ આંબેડકરના પુસ્તકનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહિતના મહાનુભાવો દ્વારા વિમોચન કરવામાં આવ્યું હતું.

આ પંચામૃત કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીના હસ્તે BAOU દ્વારા સંચાલિત રાજ્યના દરેક પ્રાદેશિક કેન્દ્ર પર અદ્યતન કૉમ્પ્યુટર સેન્ટરનું ઈ-લોકાર્પણ, સાઇન લેંગ્વેજ વેબલિંકનું ઈ-ઉદ્ઘાટન, ગાર્ગી રિસર્ચ પ્રપોઝલ અન્વયે અનુદાન-પ્રદાન, રાજ્યવ્યાપી પ્રતિભાશોધ સ્પર્ધા તેજતૃષાના તેજસ્વી તારલાઓનું અભિવાદન-ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું.

સાર્થકતાના પંચામૃત પાવન અવસરે ડૉ. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટીના કુલપતિ શ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય, સામાજિક અગ્રણી શ્રી દિલીપભાઈ દેશમુખ, શ્રી કિશોરભાઈ મકવાણા, રાજ્યના ભૂતપૂર્વ શિક્ષણમંત્રી સર્વે શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા, રમણલાલ વોરા, શ્રી પ્રદીપસિંહ વાઘેલા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ●

## દેવભૂમિ દ્વારકાના વાડીનારમાં

# નયારા એનર્જીના પેટ્રોકેમિકલ્સ પ્રોજેક્ટનો શિલાન્યાસ



ગુજરાત સરકારની સાનુકૂળ નીતિ અને પ્રોત્સાહક યોજનાઓને લીધે ગુજરાત ફોરેન ડાયરેક્ટ ઇન્વેસ્ટમાં સમગ્ર દેશમાં નંબર વન છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને માર્ગદર્શનમાં ગુજરાત રાજ્ય ચોતરફી વિકાસથી આગળ ધપી રહ્યું છે. સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌના વિશ્વાસ થકી ગુજરાતમાં વિદેશી મૂડીરોકાણ આવી રહ્યું છે. આ દિશામાં નક્કર કદમ ઉઠાવતાં તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે દેવભૂમિ દ્વારકા જિલ્લાના વાડીનારમાં નયારા એનર્જી દ્વારા નિર્મિત પેટ્રોકેમિકલ પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો હતો.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ ગુજરાત વિકાસની દિશામાં હરણફાળ ભરી રહ્યું છે ત્યારે વાઇબ્રન્ટ ગુજરાત 2019 અંતર્ગત કરાયેલ સમજૂતી કરાર મુજબ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલી નયારા એનર્જીના 450 KTPA પેટ્રોકેમિકલ્સ પ્રોજેક્ટનું નિર્માણ કરી રહી છે. આ પ્રોજેક્ટ રૂ. 6500 કરોડના ખર્ચે પૂર્ણ થશે અને જેના થકી 4 હજાર જેટલા લોકોને રોજગારી પ્રાપ્ત થશે.

મુખ્યમંત્રીશ્રીએ નયારા એનર્જી સહિતના ઔદ્યોગિક ગ્રુપને સ્થાનિક યુવાનોને વધુ ને વધુ રોજગારી આપવાનું આહ્વાન કર્યું હતું. આત્મનિર્ભર ભારતના સપનાને સાકાર કરવા ગુજરાત અગ્રેસર છે.

આ પ્રસંગે કેન્દ્રીય પેટ્રોલિયમ નૅચરલ ગૅસ અને શહેરી તથા આવાસ બાબતોના મંત્રી શ્રી હરદીપસિંઘ પુરીએ પ્રોજેક્ટનો વર્ચ્યુઅલી શિલાન્યાસ કરતાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પાંચ ટ્રિલિયન ડૉલર ઇકૉનૉમીના અભિયાનમાં પેટ્રોકેમિકલ્સ સેક્ટરનું મહત્ત્વનું યોગદાન છે. આત્મનિર્ભર ભારતના સપનાને સાકાર કરવા દેશમાં રાજ્યો અને કેન્દ્ર સામૂહિક પ્રયાસો કરી રહ્યા છે.

આ પ્રસંગે કેબિનેટ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે, સરકારની યોગ્ય નીતિ-રીતિ તથા પ્રોત્સાહનને કારણે કૃષિક્ષેત્રે અગ્રેસર રહેલું ગુજરાત હવે ઔદ્યોગિક ક્ષેત્રે પણ નંબર વન બન્યું છે. આ પ્રસંગે સાંસદ શ્રી પૂનમબહેન માડમે જણાવ્યું હતું કે, આ માત્ર નયારાનો જ નહીં, પરંતુ સમગ્ર વિસ્તારને સ્પર્શતો કાર્યક્રમ છે. સરકાર દ્વારા વિદેશી નિવેશકોને ઉચિત વાતાવરણ પૂરું પાડવામાં આવી રહ્યું છે. આ પ્રોજેક્ટ થકી અનેક લોકોને રોજગારી મળશે તેમ જ સમગ્ર વિસ્તાર સમૃદ્ધિ અને વિકાસની દિશામાં આગળ વધશે.

નયારા એનર્જીના ચૅરમૅનશ્રી ટોની ફાઉન્ટેને જણાવ્યું હતું કે, ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓમાંની એક છે અને ભારતની અંદર ગુજરાત વ્યવસાય કરવા માટે અત્યંત લાભદાયી છે. અમારા વ્યવસાયને ટેકો આપવા બદલ અમે રાજ્ય તથા કેન્દ્ર સરકારના આભારી છીએ.

આ કાર્યક્રમમાં નયારા એનર્જી દ્વારા સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત 500 હૅન્ડ વૉશિંગ સ્ટેશનોનો પ્રારંભ થવા જઈ રહ્યા છીએ, જેના ભાગરૂપે જિલ્લાનાં બે ગામોનાં સ્ટેશનોનું મુખ્યમંત્રીશ્રી દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું હતું. તેમ જ મુખ્યમંત્રીશ્રીએ આ તકે C.S.R. ઍક્ટિવિટીનું પણ નિરીક્ષણ કર્યું હતું.

આ પ્રસંગે સામાજિક અગ્રણી શ્રી ભીખુભા વાઢેર તરફથી જામનગરની સમર્પણ હૉસ્પિટલને 1.25 કરોડનો ચેક મુખ્યમંત્રીશ્રીને એનાયત કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે કંપનીના સી.ઇ.ઓ. શ્રી ડૉ. એલોઇસ વિરાગ, ધારાસભ્ય શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા, ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડના ચૅરમૅન શ્રી મૂળુભાઈ બેરા, દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી, રાજીબહેન મોરી, જામનગર જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી ધરમશીભાઈ ચનિયારા, શ્રી ખીમજીભાઈ જોગલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ●

# અમદાવાદના નગરજનોને મળી જનસુખાકારીનાં કાર્યોની ભેટ

રાજ્યના સર્વાંગી વિકાસની પ્રતિબદ્ધતા સાથે રાજ્યને આંતરરાષ્ટ્રીય સ્તરે મૉડલ સ્ટેટ બનાવવાની દિશામાં સરકાર કટિબદ્ધ છે. આ કટિબદ્ધતા રાજ્ય સરકાર દ્વારા કરાતાં વિવિધ વિકાસકામોમાં ઝલકાય છે. તાજેતરમાં અમદાવાદના આંગણે વિકાસની વણથંભી વણઝાર વરસાવતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદના નગરજનોને ૭૧૧ કરોડનાં વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્તની ભેટ અર્પણ કરી હતી. જેમાં ૫૨૧ કરોડનાં ૨૧ પ્રજાલક્ષી કામોના લોકાર્પણ અને ૧૯૦ કરોડના ખર્ચે ૧૩ જનહિતલક્ષી કાર્યોનું ખાતમુહૂર્તનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સર્વાંગી વિકાસના ધ્યેયને વરેલી રાજ્ય સરકારે શહેરો અને ગામડાઓને સુવિધાયુક્ત બનાવવા અનેકવિધ પગલાં ભર્યાં છે. લઘુત્તમ સાધનોનો મહત્તમ ઉપયોગ કરીને જ્યાં માનવી ત્યાં સુવિધા પહોંચાડવા સરકારે કમર કસી છે. પ્રવર્તમાન સરકારે નિર્ધારિત સમય પહેલાં વિકાસકાર્યો પૂર્ણ કરવા પ્રતિબદ્ધ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જોયેલા આત્મનિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરવા ગુજરાતનાં શહેરો અને ગામોને આત્મનિર્ભર બનાવી આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારતના સંકલ્પને પૂર્ણ કરવાની નેમ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કરી હતી. લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરાયેલા વિવિધ વિકાસ પ્રકલ્પોમાં એ ઈ-બસોનું લોકાર્પણ ટકાઉ વિકાસના નિર્ધારને વેગવંતું બનાવશે તેવો ભાવ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો.

લોકાર્પણ કરાયેલાં વિવિધ વિકાસકાર્યોમાં ઐતિહાસિક વિક્ટોરિયા ગાર્ડનનું રીડેવલપમેન્ટ અને ૧૦૦ કરોડના ખર્ચે વિકસાવેલી ૬૦ નવી બી.આર.ટી.એસ. બસ અને ચાર્જિંગ સ્ટેશનને પણ નગરજનોની સેવામાં ખુલ્લાં મૂકવામાં આવ્યાં હતાં.

આ વિકાસકાર્યોમાં અમદાવાદ શહેરના નરોડા અને નિકોલ વિસ્તારમાં નવાં બે ફાયર સ્ટેશનોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રીશ્રીના હસ્તે પી.એમ. સ્વનિધિ યોજનાના લાભાર્થીઓને પ્રતીકરૂપે સહાયવિતરણ કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે હેરિટેજ સિટી અમદાવાદથી અવગત કરાવતી 'સ્માર્ટ હેરિટેજ મોબાઈલ' ઍપનું લૉન્ચિંગ અને અમદાવાદ શહેર વિષે મહત્ત્વની માહિતી આપતાં કૅટલૉગનું અનાવરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમાર, ધારાસભ્ય સર્વ શ્રી વલ્લભભાઈ કાકડિયા, સુરેશભાઈ પટેલ, અરવિંદભાઈ પટેલ, મેયર શ્રી કિરીટભાઈ પરમાર, સ્ટૅન્ડિંગ કમિટી ચૅરમૅન શ્રી હિતેશભાઇ બારોટ, મ્યુનિસિપલ કમિશનર શ્રી મુકેશ કુમાર, પૂર્વ મેયર શ્રી અમિતભાઈ પોપટલાલ શાહ, કૉર્પોરેટરશ્રીઓ, અમ. મ્યુ. કૉર્પો.ના અધિકારીશ્રીઓ, શહેરના અગ્રણીઓ, શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા. ●



# તાલીમાર્થી પોલીસ ઇન્સ્પેક્ટર્સની દીક્ષાંત પરેડ યોજાઈ



ગુજરાત એટલે સુખ, શાંતિ અને સલામતીનું પર્યાય. ગુજરાતની આ છબી પાછળ રાજ્ય સરકારનો પ્રજાના રક્ષણ માટેનો દૃઢ નિર્ધાર રહેલો છે. રાજ્ય સરકારે નાગરિકોની સલામતી માટે અનેકવિધ પ્રકલ્પ શરૂ કર્યા છે. તેમજ પારદર્શી પ્રક્રિયા દ્વારા પોલીસ તંત્રમાં યુવાનોની ભરતી કરવામાં આવી છે. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને ગુજરાત પોલીસ અકાદમી કરાઇ ખાતે ૧૦૫ તાલીમાર્થી પોલીસ ઈન્સ્પેક્ટર્સની દીક્ષાંત પરેડ યોજાઈ હતી. એમાં અધ્યક્ષસ્થાનેથી સંબોધન કરતાં મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતનું પોલીસ દળ ટેક્નોસેવી નવયુવાઓની પોલીસ સેવામાં નવનિયુક્તિથી ટેક્નોલૉજી સભર બન્યું છે.

ડિજિટલ ટેક્નોલૉજીના આ યુગમાં સાયબર ક્રાઇમ જેવા ગુનાઓ સહિતની બદલાઇ રહેલી ક્રાઇમ પેટર્નને જાણવા-સમજવા આવા નવયુવાન પોલીસકર્મીઓની સજ્જતાને આપણે વધુ સંગીન બનાવવી છે. ગુજરાત શાંત, સલામત અને સુરક્ષિત રાજ્ય બનવા સાથે વિકાસના મૉડલ સ્ટેટ તરીકે ખ્યાતિ પામ્યું છે, એના પાયામાં સમાજ જીવનની રક્ષા-સુરક્ષા માટેની પોલીસ દળની કર્તવ્ય પરાયણતા અને ફરજપરસ્તી પડેલાં છે.

મુખ્ય મંત્રીશ્રીએ ગુજરાત પોલીસ દળમાં નવનિયુક્ત થઇ રહેલા પોલીસ ઈન્સ્પેક્ટર્સને પ્રેરણા આપતાં કહ્યું કે, વિકાસના મૂળમાં સુરક્ષા-સલામતી માત્ર જરૂરિયાત નથી રહી, પરંતુ પ્રથમ શરત પણ બની ગઇ છે. વિકાસની ગતિને અડીખમ-અણનમ રાખવા રક્ષાશક્તિનાં બાવડાંને શક્ય એટલાં વધુ મજબૂત બનાવવા સરકારની નેમ છે. નવા પડકારો, બદલાતી જતી ક્રાઇમ પેટર્નને પહોંચી વળવા રાજ્ય સરકાર પણ વિશ્વાસ પ્રોજેક્ટ, સાયબર આશ્વસ્ત પ્રોજેક્ટ, CCTV નેટવર્ક તથા બૉડી વૉર્ન કૅમેરા વગેરેથી પોલીસ દળને સમયની માગ મુજબ સુસજ્જ કરી રહી છે.

મુખ્ય મંત્રીશ્રીએ પોલસ દળમાં નવનિયુક્ત થઇ રહેલા આ પોલીસકર્મીઓ ઉચ્ચ શિક્ષા-પદવી ધરાવે છે એની સરાહના કરતાં ઉમેર્યું કે, તેમની ક્ષમતા અને રાષ્ટ્ર-રાજ્ય રક્ષા માટેની કર્તવ્ય પરાયણતાને સમાજની શાંતિ-સલામતી કાજે ઉજાગર કરવા રાજ્ય સરકાર સપોર્ટ આપશે. સમાજ હિત - સમાજ રક્ષાના બોનાફાઇડ ઈન્ટેન્શનથી થયેલા કોઇ પણ કામમાં આ સરકાર તમારી પડખે રહેશે એવો વિશ્વાસ પણ મુખ્ય મંત્રીશ્રીએ આપ્યો હતો.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ રક્ષાશક્તિ, જ્ઞાનશક્તિ, જલશક્તિ, જનશક્તિ અને ઊર્જાશક્તિની શક્તિ પંચામૃત ધારાથી ગુજરાતની વિકાસ બુનિયાદ બુલંદ બનાવી છે. એને વધુ ઉન્નત બનાવીને નિર્દોષ દંડાય નહિ, પ્રજાને રંજાડનારા છૂટે નહિ એવી સંવેદના સાથે હવે આ નવનિયુક્ત અધિકારીઓ ખાખી વર્દીની આન-બાન-શાન વધારે એ અપેક્ષા છે. ગુજરત બિટ પોલીસિંગથી સ્માર્ટ પોલીસિંગ તરફ આગળ વધ્યું છે. ટેક્નોલૉજીના વ્યાપક ઉપયોગ સાથોસાથ પોલીસ દળને પૂરતું માનવસંસાધન બળ આપવાના પણ શ્રેણીબદ્ધ આયોજનો થયાં છે. એક હજાર ઉપરાંત પી.એસ.આઇ. અને ૧૦ હજાર જેટલા લોકરક્ષકની ભરતી પ્રગતિમાં છે, એની ભૂમિકા પણ તેમણે આપી હતી.

મુખ્ય મંત્રીશ્રીએ તાલીમ દરમ્યાન ઉત્કૃષ્ટ દેખાવ કરનારા આઠ જેટલા તાલીમાર્થીઓની સફળતા અને સિદ્ધિને ટ્રૉફી તથા પુરસ્કારથી બિરદાવ્યા હતા. કરાઇ પોલીસ અકાદમીમાંથી તાલીમ પૂર્ણ કરી પોલીસ દળમાં નવનિયુક્ત થઇ રહેલા આ પોલીસ ઈન્સ્પેક્ટર્સમાં ૩૫ બહેનો સહિત ૧૦૫ યુવાઓનો સમાવેશ થાય છે. મુખ્ય મંત્રીશ્રીએ આ સૌ નવનિયુક્ત કર્મીઓને રાજ્ય-રાષ્ટ્રહિત સર્વોપરી રાખવાની શીખ આપતાં ઉજ્જ્વળ ભાવિની શુભેચ્છાઓ આપી હતી.

અકાદમીના આચાર્ય શ્રી ચૌધરીએ આ તાલીમ પૂર્ણ કરી પોલીસ સેવામાં જોડાઇ રહેલા યુવા અધિકારીઓને સેવા-કર્તવ્યનિષ્ઠાના શપથ લેવડાવ્યા હતા. અધિક પોલીસ મહાનિદેશક (તાલીમ) શ્રી વિકાસ સહાયે અકાદમીનો તાલીમ અહેવાલ પ્રસ્તુત કર્યો હતો.

આ પ્રસંગે ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી રાજકુમાર, પોલીસ મહાનિદેશક શ્રી આશિષ ભાટિયા સહિતના વરિષ્ઠ પોલીસ અધિકારીઓ તેમજ તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરી અકાદમીમાંથી પાસ આઉટ થઇ રહેલા નવનિયુક્ત પોલીસ ઈન્સ્પેક્ટર્સના પરિવારજનો પણ આ ગૌરવશાળી દીક્ષાંત પરેડ સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા. ●

# ગુરુદ્વારા લખપત સાહિબ ખાતે પ્રકાશ પર્વ સમાપન સમારોહ



ગુજરાત શીખોનું બીજું ઘર છે. ગુજરાતની ધરતી શીખોને પ્રેમ, ઈજ્જત આપનારી ધરતી છે. શીખ ગુરુઓનું યોગદાન સમાજ અને આધ્યાત્મિક પૂરતું જ નથી. આપણું રાષ્ટ્રચિંતન, રાષ્ટ્ર-આસ્થા અને રાષ્ટ્ર-અખંડિતતા આજે સુરક્ષિત છે એની પાછળ પણ શીખ ગુરુઓની મહાન તપસ્યા રહેલી છે. ગુજરાતમાં પહેલી પાતશાહી ગુરુદ્વારા લખપતમાં છે. પહેલી પાતશાહી ગુરુદ્વારાનો મતલબ થાય છે 'પ્રથમ ગુરુનો ગુરુદ્વારા'. ગુરુનાનક દેવજીએ તેમની ધર્મપ્રચાર યાત્રા દરમ્યાન અનેક વખત આ સ્થળની મુલાકાત લીધી હતી. ૧૫મી સદીમાં સાઉદી અરેબિયાના મક્કા-મદિનાની ધર્મપ્રચાર યાત્રા દરમિયાન ગુરુ નાનક દેવજી લખપત પધાર્યા હતા અને થોડા દિવસ રોકાયા હતા. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી વર્ચ્યુઅલ માધ્યમથી કચ્છમાં ઐતિહાસિક લખપત સાહિબ ગુરુદ્વારા ખાતે શ્રી ગુરુનાનક દેવજીના પ્રકાશ પર્વ સમાપન સમારોહમાં જોડાયા હતા.

લખપત સાહિબ સમયની દરેક ગતિવિધિનું સાક્ષી રહ્યું છે. ભૂતકાળમાં લખપત સાહિબે ઘણા ઝંઝાવાતો જોયા છે. વ્યાપારનું મુખ્ય કેન્દ્ર રહેલા લખપતના ગૌરવને સાચવવા દેશના શિલ્પીઓએ પ્રાચીન લેખનશૈલીની દીવાલો પર ગુરુવાણી અંકિત કરેલી છે. જેનાથી ગુરુનાનક દેવનો સંદેશો નવી ઊર્જા સાથે સમગ્ર દુનિયામાં પહોંચાડવાનો પ્રયાસ થયો છે. વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, દસકાઓથી કતારપુર કૉરિડૉરની પ્રતીક્ષા હતી, એ ૨૦૧૯માં અમારી સરકારે પૂર્ણ કરી છે. અમેરિકાએ ભારતને ૧૫૦થી વધુ ઐતિહાસિક વસ્તુઓ પરત કરી છે, એમાં એક નાની તલવાર પણ હતી, જેમાં ફારસીમાં ગુરુ હરગોવિંદજીનું નામ લખ્યું હતું અને આ પાછી લાવવાનું સૌભાગ્ય પણ મારી સરકારને મળ્યું છે. અફઘાનિસ્તાનથી ગુરુગ્રંથ સાહેબનાં સ્વરૂપોને ભારત લાવવામાં પણ અમે સફળ રહ્યા છીએ. ગુજરાત માટે ગૌરવની વાત એ છે કે ખાલસા પંથની સ્થાપનામાં મુખ્ય ભૂમિકા ભજવનાર પંજ પ્યારેના ચોથા ગુરુ શીખ મોહકમ સિંઘ ગુજરાતના જ હતા. દેવભૂમિ દ્વારકામાં તેમની સ્મૃતિમાં ગુરુદ્વારા બેટ દ્વારકા મોહકમ સિંઘનું નિર્માણ કરાયું છે. ગુરુનાનક દેવજી અને તેમની પછી થયેલા અલગ અલગ ગુરુઓએ ભારતની ચેતનાને તો પ્રજ્જ્વલિત રાખી છે, ભારતને સુરક્ષિત રાખવાના માર્ગ પણ બનાવ્યા છે.

સર્વધર્મ સમભાવની સંસ્કૃતિને વરેલા ગુજરાતના વૈશ્વિક વિકાસમાં શીખ સમુદાય ખભેખભા મિલાવી ભાગીદાર થઈ રહ્યો છે, એમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું.

કોમી એખલાસના તીર્થ ગુરુદ્વારા લખપત સાહિબને સ્ટેટ પ્રોટેક્ટ મોન્યુમેન્ટ જાહેર કરાયું છે. ૨૦૦૧ના ભૂકંપ બાદ તત્કાલીન મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની દેખરેખ હેઠળ પુનઃનિર્માણ પામેલા ગુરુદ્વારાને યુનેસ્કોએ એશિયા પૅસિફિક હેરિટેજ ઍવૉર્ડ પણ આપ્યો છે.

જ્યાં ગુરુનાનક દેવનાં પગલાં પડ્યાં છે એ ગુજરાતની ઐતિહાસિક ભૂમિ લખપતમાં પ્રકાશ પર્વની ઉજવણીમાં સહભાગી થવાનો આનંદ વ્યક્ત કરી તેમણે જણાવ્યું હતું કે, ગુરુદ્વારાને વિશ્વકક્ષાના યાત્રાધામ તરીકે નિખારવા પ્રવાસન વિભાગે રૂ. પાંચ કરોડ ફાળવ્યા છે. પ્રવાસન વિકાસ અને પ્રાથમિક સુવિધાના પગલે શ્રદ્ધાળુઓને ઉત્તમ સુવિધાઓ મળશે.

સર્વધર્મ સમભાવ સાથોસાથ એક ભારત, શ્રેષ્ઠ ભારતના મંત્રને વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરતારપુર સાહિબ કૉરિડૉરનો વિકાસ કરી લાખો શીખ આસ્થાળુઓની મહેચ્છાપૂર્ણ કરી છે. સમરસતા અને સામાજિક એકતાના તાંતણે બંધાયેલા શીખ સમુદાયને મુખ્ય મંત્રીશ્રીએ પ્રકાશ પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી.

આ સમારોહમાં રાષ્ટ્રીય અલ્પસંખ્યક આયોગના અધ્યક્ષ શ્રી ઇકબાલસિંહ લાલપુરા, સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડા, વિધાનસભાનાં અધ્યક્ષા શ્રી ડૉ. નીમાબહેન આચાર્ય, અગ્રણી શ્રી મહેન્દ્રભાઈ પટેલ, શ્રી કેશુભાઈ પટેલ, અનિરુદ્ધભાઈ દવે, પદાધિકારીઓ, શીખ તેમજ સર્વ ધર્મના અનુયાયીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

## દેશનાં ૧૦૦ સ્માર્ટ શહેરોના વિકાસની યોજનામાં

# ધોલેરા અને ગિફ્ટ સિટીનો સમાવેશ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ધોલેરાને વૈશ્વિક સ્તરે સ્માર્ટ સિટી બનાવવાનું જે વિઝન આપ્યું હતું તે સાકાર થઇ રહ્યું છે. વડાપ્રધાનશ્રી દ્વારા દેશમાં ૧૦૦ સ્માર્ટ શહેરોના વિકાસ માટેની કેન્દ્ર સરકારની યોજનામાં ગુજરાતના ધોલેરા SIR (Special Investment Region) અને ગિફ્ટ સિટીનો પણ સમાવેશ કર્યો છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજિયનની મુલાકાત લઇ નિર્માણાધીન પ્રકલ્પોને નિહાળ્યા બાદ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ આત્મનિર્ભર ભારત - 'મેઇક ઇન ઇન્ડિયા'નો જે મંત્ર આપ્યો છે. એને દેશ-વિદેશના ઉદ્યોગ-રોકાણકારોને ગુજરાતમાં આકર્ષિત કરીને ૧૦૦ ટકા ચરિતાર્થ કરવા ગુજરાત સરકાર કૃતસંકલ્પ છે.

શહેરોની વધતી વસ્તી અને ગીચતાના વિકલ્પરૂપે મોટાં શહેરોને સેટેલાઇટ સિટી તરીકે તેમ જ મધ્યમ કદનાં શહેરોને આધુનિક બનાવવાનું જે વિઝન શ્રી નરેન્દ્રભાઇએ આપ્યું છે તે પરિપાટી પર ચાલીને ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસની સાતત્યપૂર્ણ પરંપરામાં પર્યાવરણ જાળવણીનો પણ ખ્યાલ રાખીને ધોલેરાને ઔદ્યોગિક સિટી તરીકે વિકસિત કરવાની સાથે ગ્રીન ફીલ્ડ ઈન્ડસ્ટ્રિયલ સિટી બનાવવા પણ સરકાર કાર્યરત છે. ૯૨૦ ચોરસ કિ.મી. વિસ્તારમાં વિકસી રહેલા ધોલેરા સૌથી મોટું ગ્રીન ફીલ્ડ ઈન્ડસ્ટ્રિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજિયન અને ઈન્ડિયન ગ્રીન બિલ્ડિંગ કાઉન્સિલ દ્વારા પ્લૅટિનમ રેટિંગ મેળવનાર ભારતનું સૌપ્રથમ ગ્રીન ફીલ્ડ ઈન્ડસ્ટ્રિયલ સ્માર્ટ સિટી છે. ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજિયન સિંગાપોર જેવા દેશના વિકસિત વિસ્તાર કરતાં પણ મોટું છે.

**ધોલેરા સૌથી મોટું ગ્રીન ફીલ્ડ ઇન્ડસ્ટ્રિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજિયન અને ઇન્ડિયન ગ્રીન બિલ્ડિંગ કાઉન્સિલ દ્વારા પ્લૅટિનમ રેટિંગ મેળવનાર ભારતનું સૌપ્રથમ ગ્રીન ફીલ્ડ ઇન્ડસ્ટ્રિયલ સ્માર્ટ સિટી છે.**

આર્થિક અને સામાજિક દૃષ્ટિએ સંતુલિત એવા આ વર્લ્ડ ક્લાસ, ન્યુએજ ઈન્ફ્રાસ્ટ્રક્ચર્ડ સિટીના આયોજન અને વિકાસ માટે ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજિયન ડેવલપમેન્ટ ઑથૉરિટીની રચના કરી છે તેની ભૂમિકા મુખ્યમંત્રીશ્રીએ આપી હતી. ધોલેરા SIR ઍરોસ્પેસ, ડિફેન્સ, એન્જિનિયરિંગ, ઑટોપાર્ટ્સ, ફાર્માસ્યુટિકલ, ઈન્ફોર્મેશન ટેક્નોલોજી, ઈલેક્ટ્રોનિક, એગ્રો-ફૂડ પ્રોસેસિંગ, રિન્યુએબલ એનર્જી ક્ષેત્રના ઉદ્યોગો માટે બેસ્ટ પૉટેન્શિયલ ધરાવે છે.

તદુપરાંત એક હજાર એકર વિસ્તારમાં અહીં ગ્લોબલ એજ્યુકેશન પૂરું પાડતો સ્પેશિયલ એજ્યુકેશન રિજિયન પણ આકાર પામવાનો છે. ધોલેરામાં માત્ર ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ જ નહિ, સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટને પણ મહત્ત્વ આપ્યું છે.

ધોલેરા SIR થી સાડા ત્રણસો કિલોમીટરની રેડિયસમાં આવેલા અમદાવાદ શહેર, પીપાવાવ પૉર્ટ, કંડલા પૉર્ટ, મુન્દ્રા પૉર્ટ, નિર્માણાધીન ભાવનગર CNG પૉર્ટ વગેરે ધોલેરા SIRને સીમલેસ લૉજિસ્ટિક ઍન્ડ સપ્લાય ચેઇન પૂરી પાડવામાં આવશે તેમ જ ઍરપૉર્ટ ઑથૉરિટી ઑફ ઇન્ડિયાએ ધોલેરા ઇન્ટરનૅશનલ ઍરપૉર્ટ માટેની કામગીરી પણ કાર્યરત હોવાનું મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

ધોલેરામાં આધુનિક આંતરમાળખું, શ્રેષ્ઠ કનેક્ટિવિટી, સસ્ટેનેબિલિટીને કેન્દ્રમાં રાખીને કરાયેલું ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્લાનિંગ, સ્વાયત્તતા, ફાસ્ટટ્રેક એપ્રૂવલ સહિતની અનેક વિશેષતાઓ 'ધોલેરા અ ન્યૂ એરા'ની પરિકલ્પનાને ચરિતાર્થ કરે છે.

ધોલેરા SIR, ગિફ્ટ સિટી, વાઇબ્રન્ટ ગુજરાત સમિટ જેવા અનેક પ્રકલ્પો અને આયોજનોથી ગુજરાતને ન્યૂ એરા-નવા યુગમાં લઈ જવાનો પ્રયાસ સફળ થયો છે. 'આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત' તરફની વિકાસયાત્રામાં સહભાગી બનવા ૧૦મી વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં સૌને ઉપસ્થિત રહેવા મુખ્યમંત્રીશ્રીએ ભાવભીનું આમંત્રણ પાઠવ્યું હતુ.

કુટીર ઉદ્યોગ રાજ્યમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ ધોલેરામાં વર્લ્ડ ક્લાસ કોર ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેમાં ફોર લેનનો ૩૨ કિ.મી. ઈન્ટરનલ રોડ, ૧૫૦ એમ.એલ.ડી. વૉટર સપ્લાય જેવી સુવિધા વિસ્તારવાનો ખ્યાલ આપ્યો હતો.

પૂર્વ શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ ચૂડાસમાએ ધોલેરા SIR ની મુલાકાત અંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલનો આભાર વ્યક્ત કર્યો હતો. ગૃહ અને ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી રાજીવ ગુપ્તાએ વડાપ્રધાનશ્રીના ડ્રીમ પ્રોજેક્ટને પૂર્ણતા તરફ લઇ જવા માટેની કટીબદ્ધતા પણ મુખ્યમંત્રીશ્રી સમક્ષ વ્યક્ત કરી હતી.

આ મુલાકાતમાં મુખ્ય કારોબારી અધિકારી શ્રી હરિત શુક્લા, ધારાસભ્ય શ્રી બાબુભાઇ પટેલ, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવ શ્રી કે. કૈલાસનાથન, અમદાવાદ જિલ્લા કલેક્ટર શ્રી સંદીપ સાગલે, જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનિલ ધામેલિયા સહિત ઉદ્યોગકારો, પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●




# સંપૂર્ણ રસાયણમુક્ત ખેતી કરતા જિલ્લા તરીકેનું ડાંગને મળ્યું બહુમાન

ખેડૂત જગતનો તાત છે. શિયાળો હોય, ઉનાળો હોય કે ચોમાસું હોય રાત-દિવસ મહેનત કરી અન્ન ઉત્પન કરી દેશના કોઠારો ભરે છે. ગુજરાત સરકારની ખેડૂત હિતલક્ષી નીતિના કારણે ખેડૂતોને વીજળી, સિંચાઈ, ખાતર, પાકધિરાણ સહિતની સુવિધાઓ પ્રાપ્ત થઈ છે. સાથે રોકડિયા પાક, બાગાયત પાકો, મસાલા પાકોની ખેતી કરી ગુજરાતના ખેડૂતોની આવકમાં વધારો થયો છે. આજના સમય પ્રમાણે સાતત્યપૂર્ણ વિકાસ માટે પ્રકૃતિને ઓછામાં ઓછી હાનિ થાય અને લોકોનું આરોગ્ય સારું રહે એ જરૂરી છે. આ દિશામાં આગળ વધતાં ગુજરાતના ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે. તાજેતરમાં 'આપણું ડાંગ, પ્રાકૃતિક ડાંગ' અભિયાન અન્વયે ગુજરાતના છેવાડાના વનવાસી પ્રદેશ ડાંગને, સંપૂર્ણ પ્રાકૃતિક ખેતીયુક્ત જિલ્લો જાહેર કરવા રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્ય મંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં ડાંગના મુખ્ય મથક આહવામાં ખેડૂતોને પ્રોત્સાહિત કરી સંબોધિત કરવામાં આવ્યા હતા.

ડાંગના ખેડૂતો સામે રાજ્ય અને દેશના લોકો આશાની મીટ માંડી રહ્યા છે, એમ જણાવતાં ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ 'આપણું ડાંગ, પ્રાકૃતિક ડાંગ' કાર્યક્રમ બાદ ડાંગના ખેડૂતો અને તેમના ખેત-ઉત્પાદનની માગ વધવા સાથે દેશના લોકો પ્રાકૃતિક ખેતી કરતા ડાંગી ખેડૂતોને સન્માનની દૃષ્ટિએ જોશે એમ જણાવ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે વનવાસી બંધુઓની પ્રાકૃતિક કૃષિથી થયેલી ક્રાંતિ જોવા દેશ અને દુનિયાના લોકો ડાંગ આવશે એ દિવસો હવે દૂર નથી. આપણો કિસાન અત્યાર સુધી રાસાયણિક ખાતરયુક્ત ખેતી કરતો હતો. આના પરિણામે એની જમીનને પણ અસર પહોંચી હતી. હવે કિસાનો પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે, ત્યારે એનો વ્યાપક પ્રચાર-પ્રસાર થાય અને ડાંગના વનબંધુ ખેડૂતોમાંથી અન્ય કિસાનો પ્રેરણા લઈ, આવી પ્રાકૃતિક ખેતી કરતા થાય એ સમયની માગ છે.

'સંપૂર્ણ રસાયણ મુક્ત ડાંગ જિલ્લા' હેઠળ પ્રાકૃતિક ખેતી કરતા કુટુંબો માટે રૂ. ૩૧ કરોડની નાણાકીય સહાય યોજના જાહેર કરવામાં આવી છે. જેમાં ખેડૂત કુટુંબોને ખેત-ઉત્પાદનની સંભવિત ઘટ સામે વળતર પેટે રૂ. ૧૦ હજાર પ્રતિ હેક્ટર વાર્ષિક સહાય માટે રૂ. ૨૦ કરોડની જોગવાઈ, ઉપરાંત ખેડૂતોના થર્ડ પાર્ટી ઑર્ગેનિક સર્ટિફિકેશન અને હેન્ડ હોલ્ડિંગ માટે રૂ. ૧૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ યોજના હેઠળ ડાંગ જિલ્લાના ૧૨,૫૨૭ ખેડૂતો કુટુંબોને રૂ. ૬.૫૦ કરોડની સહાય ચૂકવવામાં આવી છે.

'આપણું ડાંગ, પ્રાકૃતિક ડાંગ' કાર્યક્રમ

## પ્રાકૃતિક ખેતી શું છે?

*ઝીરો બજેટ પ્રાકૃતિક કૃષિએ ખેતીની એવી પદ્ધતિ છે, જેમાં રાસાયણિક ખાતરો અને દવાનો ઉપયોગ કર્યા વગર કે વધારાનાં નાણાં ખર્ચ કર્યા વગર ખેતી કરવામાં આવે છે. આ ખેત-પદ્ધતિમાં ખેતરની આજુબાજુમાં મળતાં પ્રાકૃતિક સંસાધનોનો ઉપયોગ કરીને ખેત-ઉત્પાદનના ખર્ચમાં લગભગ સાવ ઘટાડો કરવામાં આવે છે. આ પદ્ધતિમાં ખેડૂતો દ્વારા પાકના ઉત્પાદન માટે ગાયનું ગોબર, ગૌમૂત્ર, અળસિયાં તથા અન્ય જૈવિક પદાર્થોનો ઉપયોગ કરવામાં આવે છે.*

દરમિયાન રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્ય મંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે પ્રતીકરૂપે પાંચ ખેડૂતોને સહાયના ચેકોનું વિતરણ કરવા સાથે, ભારત સરકારની FPO યોજના હેઠળ ૩૦૦ ખેડૂતોને આ યોજના હેઠળ મૅનેજમેન્ટ કૉસ્ટ માટે રૂ. ૧૮ લાખ અને રૂ. ૨ કરોડની ગૅરંટી લોન, 'આપણું ડાંગ, પ્રાકૃતિક ડાંગ' વિષયક નવ મિનિટના વીડિયો દસ્તાવેજીકરણનું લૉન્ચિંગ, પ્રાકૃતિક ખેતપેદાશોનાં પ્રદર્શનો અને વેચાણ-સ્ટૉલ, સરદાર પટેલ ઍવૉર્ડ વિજેતા બે ખેડૂત કુટુંબોને ઍવૉર્ડ, અને પ્રમાણપત્ર તથા પ્રાકૃતિક ખેતી કરતી જિલ્લાની ૩૦૦ બહેનો દ્વારા ૬૦૦ કિલો ચોખા કુપોષિત બાળકો માટે આંગણવાડીઓને અર્પણ કરાયા હતા.

પ્રાકૃતિક કૃષિના પ્રચારક શ્રી સાંઇરામ દવે, ગૌદાન કરનાર ગૌશાળાના સંચાલકો અને ગાય મેળવનારા લાભાર્થીઓનું પણ અહીં અભિવાદન કરવામાં આવ્યું હતું. મહાનુભાવોએ પ્રાકૃતિક ખેતપેદાશના નિદર્શન અને વેચાણ-સ્ટૉલ્સની મુલાકાત લઈ જરૂરી જાણકારી મેળવવા સાથે ઉપયોગી માર્ગદર્શન પણ પૂરું પાડ્યું હતું.

ડાંગ જિલ્લામાં અંદાજે ૧૯ હજાર હેક્ટરમાં પ્રાકૃતિક ખેતી થાય છે. ડાંગના ૧૨ હજાર જેટલા ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરતા થાય એવા પ્રયાસો થઈ રહ્યા છે એ સરાહનીય છે. ડાંગ જિલ્લાનો ૭૦ ટકા વિસ્તાર જંગલ ધરાવે છે. ડાંગમાં ૧૦થી વધુ જાત ચોખા, ચણા, નાગલી, રાજગરો, અડદ, મગ, મગફળી, ચા, વટાણા, તુવેરની ખેતી વધુ પ્રમાણમાં થાય છે. તેમજ બે હજાર પ્રકારનાં ફૂલો અને ૨૨ જાતનાં વૃક્ષો છે. સાથે ૪૫૦ જાતની જુદી જુદી વનસ્પતિઓ ઊગે છે. ડાંગ જિલ્લાના કુલ ૧,૭૯૬ ચો.કિ.મી. વિસ્તારમાં ૧,૩૬૮ ચો. કિ.મી.માં જંગલ છે.

ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે અને તેમને સારા ભાવ મળી રહે એ માટે રાજ્ય સરકાર દ્વારા પ્રાકૃતિક કૃષિનાં ઉત્પાદનોનું વેચાણ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે. રાજ્યપાલ અને મુખ્ય મંત્રીશ્રીની પ્રેરક ઉપસ્થિતિમાં તાજેતરમાં ૧૦,૦૦૦ જેટલા ખેડૂતો-અધિકારીઓ માટે એક દિવસીય પ્રાકૃતિક કૃષિ કાર્યશાળાથી ઝુંબેશ શરૂ કરવામાં આવી. ગુજરાત રાજ્યમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધે એ માટે સાત દિવસીય તાલીમનું આયોજન કરવામાં આવ્યું, જેમાં ૨૧,૮૬૧ માસ્ટર ટ્રેનર તૈયાર કરવામાં આવ્યા.

ગુજરાત પ્રાકૃતિક ખેતીના જન ચેતનાને કારણે છેલ્લાં બે વર્ષમાં બે લાખ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરતા થયા છે. પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોનાં ઉત્પાદનો ગ્રાહકો સુધી સીધાં પહોંચે એ માટે વેચાણની વ્યવસ્થા કરવામાં આવી છે. બાગાયત ખાતા હસ્તકની શાકમાર્કેટ સેક્ટર ૨૧, ગાંધીનગર ખાતેની જગ્યા આત્માને ફાળવવામાં આવી છે. જે આત્મા દ્વારા SPNFના ઍસોસિયેશનને વિનામૂલ્યે ફાળવવામાં આવી છે.

પ્રાકૃતિક કૃષિ-ઉત્પાદનના વેચાણ કેન્દ્ર દ્વારા લોકોને રાસાયણિક ખાતર, જંતુનાશકોથી મુક્ત એવાં પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનો મળી શકે તથા ખેડૂતોને આવાં ઉત્પાદનોની યોગ્ય કિંમતો મળી શકે એ હેતુથી રાજ્યમાં આવા દરેક જિલ્લા મથકે વેચાણ કેન્દ્રો શરૂ કરવાનું આયોજન છે. ●



## પ્રાકૃતિક ખેત-ઉત્પાદનના નિદર્શન સ્ટૉલ્સની મુલાકાત લેતા રાજ્યપાલશ્રી તથા મુખ્ય મંત્રીશ્રી

ડાંગને આંગણે યોજાયેલા 'આપણું ડાંગ, પ્રાકૃતિક ડાંગ' કાર્યક્રમના મુખ્ય સ્ટેજ પાસે કાર્યક્રમના હાર્દને સ્પષ્ટ કરતાં પ્રદર્શન અને વેચાણ માટેના સ્ટૉલ્સ પણ લગાવાયા હતા. ડાંગ જિલ્લાના પ્રાકૃતિક ખેત-ઉત્પાદનો અને એની બનાવટો પ્રદર્શિત કરાઇ હતી. અહીં દેશી ગાય સહિત નડગખાદીના રિદ્ધિસિદ્ધિ સખી મંડળ દ્વારા, નાગલીની વિવિધ બનાવટો, ધાન્ય અને કઠોળ પાકો સાથે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-વઘઇના હલકા ધાન્ય સંશોધન કેન્દ્ર દ્વારા જુદા જુદા પાકો, સાપ્રો-સાપુતારાની વિવિધ બનાવટો, મોખામાળના સંકેત ઑર્ગેનિક ફાર્મ દ્વારા વિવિધ ખેત-ઉત્પાદનો, આત્મા પ્રોજેક્ટ અને GOPCA (ગુજરાત ઑર્ગેનિક પ્રોડક્ટ સર્ટિફિકેશન એજન્સી)ના મસાલા પાકો, પ્રાકૃતિક ખેતપેદાશોની વાનગી અને એકતા બચત ગ્રૂપ-આહવા દ્વારા વિવિધ ચીજવસ્તુઓનું નિદર્શન અને વેચાણ કરાયું હતું. આ પ્રદર્શન સ્ટૉલ્સની મહાનુભાવોએ મુલાકાત લઈને વિસ્તૃત જાણકારી મેળવવા સાથે, ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. મહાનુભાવોએ અહીં પ્રદર્શિત ચીજવસ્તુઓની ખેતી, ઉત્પાદન, મૂલ્યવર્ધિત ઉત્પાદન, વેચાણ વ્યવસ્થા, સ્વરોજગારી, જેવા મુદ્દે સ્ટૉલધારકો સાથે વિચારવિમર્શ કર્યો હતો. ●

# દેશના ફાર્માસ્યુટિકલ ઉદ્યોગોનું સેન્ટર પોઇન્ટ છે ગુજરાત

દેશના કુલ વિસ્તારનો છ ટકા ભૂ-ભાગ ધરાવતું ગુજરાત ભારતના ફાર્માસ્યુટિકલ પ્રોડક્શનમાં ૧/૩ એટલે કે ૩૩ ટકા જેટલું યોગદાન આપીને અગ્રેસર બન્યું છે. ગુજરાત દેશના ફાર્માસ્યુટિકલ ઉદ્યોગોનું સેન્ટર પૉઇન્ટ છે. તાજેતરમાં વાઇબ્રન્ટ ગુજરાત-2022 અંતર્ગત ગાંધીનગરમાં પંડિત દીનદયાળ એનર્જી યુનિવર્સિટી ખાતે પ્રિ-વાઇબ્રન્ટ ઈવેન્ટ અન્વયે આયોજિત હોલિસ્ટીક હેલ્થકૅર : ફોક્સ ઑન ફાર્માસ્યુટિકલ્સ ઍન્ડ મેડિકલ ડિવાઇસીસ સમિટના ઉદ્ઘાટન અવસરે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે ગુજરાતમાં ઉત્પાદિત થતી દવાઓ અને ફાર્માસ્યુટિકલ સેક્ટરે લોકોનો સંપૂર્ણ ભરોસો અને વિશ્વાસ સંપાદિત કર્યો છે. એટલું જ નહિ, ગુજરાત તબીબી ઉપકરણોના ઉત્પાદનમાં પણ અગ્રેસર છે. કાર્ડિયાક સ્ટેન્ટનું ૭૦ ટકાથી વધુ તથા ઑર્થોપેડિક ઈમ્પ્લાન્ટ્સનું ૬૦ ટકા જેટલું ઉત્પાદન રાજ્યમાં થાય છે.

મુખ્ય મંત્રીશ્રીએ ફાર્માસ્યુટિકલ, મેડિકલ ડિવાઇસીસ સેક્ટરના ઉદ્યોગકારો-નિવેશકોને વાઇબ્રન્ટ સમિટમાં સહભાગી થવાનું નિમંત્રણ પાઠવ્યું હતું. તેમણે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા આત્મનિર્ભર ભારતના આહ્વાનને સાકાર કરવા ફાર્મા ઉદ્યોગો માટે આ સમિટ ઉપયુક્ત બનશે. ગુજરાતનું આ ક્ષેત્ર ગુણવત્તા, શ્રેષ્ઠતાના માનાંક પર ખરું ઊતર્યું છે, એની ભૂમિકા આપતાં શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઉમેર્યું હતું કે, ભરૂચ નજીક અત્યાધુનિક બલ્ક ડ્રગ પાર્ક કેન્દ્ર સરકારના સહયોગથી સ્થપાવાની કાર્યવાહી ગતિમાં છે.

એટલું જ નહિ, કોરોના મહામારીમાં દવાઓ-ઔષધિઓની જે માગ ઊભી થઇ એની આપૂર્તિ પણ ગુજરાતે કરી છે. દવાઓ ઉપરાંત વેક્સિન અને એ.પી.આઇ. ઉત્પાદન જેવાં ક્ષેત્રોમાં પણ ગુજરાતનું ઉલ્લેખનીય પ્રદાન છે.

મુખ્ય મંત્રીશ્રીએ રાજ્યના ફૂડ ઍન્ડ ડ્રગ કંટ્રોલ ઍડ્મિનિસ્ટ્રેશનની છ દાયકાની સફળતાની ગાથા આલેખતા પુસ્તકનું વિમોચન પણ કર્યું હતું. તેમણે જણાવ્યું કે દવાઓની ગુણવત્તાને લઇને રાજ્ય સરકારનું તંત્ર સતર્ક છે. દવા જેવી જીવનરક્ષક બાબતમાં કોઇ ચેડાં સરકાર ચલાવી લેવા માગતી નથી. પ્રધાનમંત્રી જન ઔષધિ યોજના તેમજ રાજ્યમાં કાર્યરત દીનદયાળ જન ઔષધિ સ્ટોર્સને પરિણામે સૌને સરળતાથી તથા સસ્તી, ગુણવત્તાયુક્ત જેનેરિક દવાઓ મળી રહે છે.

મુખ્ય મંત્રીશ્રીએ હેલ્થકૅર અને ફાર્મા ઉદ્યોગોને હજુ આગળ લઇ જવાની નેમ દર્શાવતાં જણાવ્યું કે, આવનારા બે દાયકાના ભવિષ્યને ધ્યાનમાં રાખી લોકોને વાજબી ભાવે, ગુણવત્તા સભર દવાઓ અને આરોગ્ય સેવા પ્રદાન કરવાનું આયોજન ઘડવાનો હવેનો સમય છે. તેમણે આ દિશાના વિચાર-મંથન માટે હોલિસ્ટીક હેલ્થકૅર-ફોક્સ ઑન ફાર્માસ્યુટિકલ્સ ઍન્ડ મેડિકલ ડિવાઇસીસ વિષયક સમિટ એક સક્ષમ પ્લૅટફૉર્મ બનશે એવી આશા વ્યક્ત કરી હતી.

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયાએ ફાર્માસ્યુટિકલ ઉત્પાદકોને આહ્વાન કરતાં કહ્યું કે, દેશના જવાનો જેમ સીમાની સુરક્ષા કરે છે એ રીતે આપ સૌ નાગરિકોને સસ્તી અને ગુણવત્તાલક્ષી દવાઓનું ઉત્પાદન કરીને ઉત્તમ સેવાનું માધ્યમ બનાવીને જનસેવાનું અપ્રતિમ કાર્ય કરશો એવો મને દ્દઢ વિશ્વાસ છે. આ સમિટના આયોજન માટે રાજ્ય



સરકારને અભિનંદન પાઠવતાં મંત્રી શ્રી માંડવિયાએ કહ્યું હતું કે, ગુજરાતને રોલ મૉડલ પ્રસ્થાપિત કરવાના આશયથી તત્કાલીન મુખ્ય મંત્રીશ્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નૉલેજ શૅરિંગના માધ્યમ દ્વારા શરૂ કરાયેલી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની આગામી સમયમાં દશમી શૃંખલા યોજાનાર છે એ માટે આ પ્રિઈવેન્ટ સમિટ મહત્ત્વની પુરવાર થશે.

મંત્રીશ્રી માંડવિયાએ કહ્યું હતું કે નાગરિકોને સસ્તી અને ગુણવત્તાલક્ષી દવાઓ મળી રહે એ માટે ૮,૫૦૦ જેટલાં જન ઔષધિ કેન્દ્રો કાર્યરત કરી દેવાયાં છે. ભારતમાં બનતી જેનરિક દવાઓ પૈકીની ૪૦ ટકા દવાઓ અમેરિકામાં વપરાય છે. જેનરિક દવાઓનો ફાળો આજે દેશભરમાં આઠ ટકાથી વધુ છે. દેશમાં ફાર્માસ્યુટિકલ ક્ષેત્રે આગળ વધવા અને ઉત્પાદન વધારવા માટે કેન્દ્ર સરકારે પારદર્શી નીતિ સાથે મંજૂરીઓ માટે વધુ સરળીકરણની નીતિ અપનાવી છે. દેશમાં ૧૦ હજારથી વધુ એમ.એસ.એમ.ઇ. એકમો દ્વારા દવાઓનું ઉત્પાદન થઇ રહ્યું છે. આત્મનિર્ભર ભારત માટે આપણી જરૂરિયાતો પૂરી કરીને દેશ અને દુનિયાની જરૂરિયાતો પૂર્ણ કરવા સૌએ પ્રયાસ કર્યો છે એ અભિનંદનને પાત્ર છે. કોવિડ-૧૯ની વૈશ્વિક મહામારી સમયે વેક્સિનની શોધ કરી ટૂંકા ગાળામાં વેક્સિન ઉપલબ્ધ બનાવીને ૧૫૦થી વધુ દેશોને આપણે રસી પૂરી પાડીને મદદ કરી છે.

ફાર્મા ઉત્પાદકોએ રિસર્ચ કરી ભારતની પેટન્ટ ઊભી કરી દુનિયાને પહોંચાડી છે, એ માટે કેન્દ્ર સરકાર રિસર્ચ પૉલિસીની દિશામાં કામ કરી રહી છે, ત્યારે આવનાર સમયમાં ભારત આ ક્ષેત્રે પણ વિશ્વને રાહ ચીંધશે. આત્મનિર્ભર ભારત માટે, રોકાણકારો માટે ભારત બેસ્ટ ડેસ્ટિનેશન બન્યું છે. કોવિડ બાદ રોકાણ માટે ભારતની પ્રથમ પસંદગી લોકો કરી રહ્યા છે. ભારત મોટી લોકશાહી સાથે મજબૂત નેતૃત્વ અને મજબૂત જસ્ટિસનું માળખું છે, જેના લીધે હિન્દુસ્તાન પર લોકોનો વિશ્વાસ વધ્યો છે. એ તાકાતનો આપણે ઉપયોગ કરી ઉત્તમ સેવા કરવાના અવસરને આપણે ઉચ્ચત્તમ રીતે નિભાવવાનો છે.

આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે કહ્યું હતું કે, ભારત વૈશ્વિક સ્તરે ફાર્માસ્યુટિકલ ક્ષેત્રમાં આગવું સ્થાન ધરાવે છે. ભારત વૈશ્વિક સ્તરે જેનરિક દવાઓનો સૌથી મોટો પ્રદાતા છે. દેશમાં 10,000થી વધુ ફાર્માસ્યુટિકલ ઉત્પાદન એકમો છે. ભારત 60 થેરાપ્યુટિક કૅટૅગરીમાં 60,000થી વધુ જેનરિક ડ્રગ બ્રાન્ડ ઑફર કરે છે. વધુમાં, ભારત વિવિધ રસીઓ માટેની વૈશ્વિક માગના 60%થી વધુ અને વૈશ્વિક સ્તરે ઉપયોગમાં લેવાતી એન્ટિરેટ્રોવાયરલ દવાઓના લગભગ બે તૃતીયાંશ ભાગનો પુરવઠો પૂરો પાડે છે. દેશમાં વૈજ્ઞાનિકો અને ઇજનેરોનું એક મોટું વ્યાવસાયિક સંગઠન પણ છે, જે ઉદ્યોગને વધુ ઊંચાઈએ લઈ જવાની ક્ષમતા ધરાવે છે.

ભારતમાં 3,300થી વધુ ફાર્માસ્યુટિકલ એકમો કાર્યરત છે, જેમાં 130થી વધુ USFDA મંજૂર એકમો અને લગભગ 700 WHO GMP ઉત્પાદન એકમોનો સમાવેશ થાય છે. રાજ્ય સરકાર દ્વારા ભરૂચમાં હોલસેલ ડ્રગ્સ પાર્ક સ્થાપવામાં આવી રહ્યો છે. આ પ્રોજેક્ટમાં રૂ. 11,000 કરોડથી વધુના રોકાણની અપેક્ષા છે. ગુજરાત ફાર્માસ્યુટિકલ ઉત્પાદનમાં અગ્રેસર છે. બલ્ક ડ્રગ પાર્ક મુખ્ય પ્રારંભિક સામગ્રી અને કાચા માલની આયાત પરની આપણી નિર્ભરતાને ઘટાડવામાં ફાળો આપશે.

ભારતના ડ્રગ કન્ટ્રોલર ડૉ. વી. જી. સોમાનીએ કહ્યું હતું કે ગુણવત્તાયુક્ત અને પરવડે એવી હેલ્થકૅર સુધી પહોંચ એ કેન્દ્ર સરકાર માટે પ્રાથમિકતા છે. દવાઓ પરનો ખર્ચ ઘટાડવા માટે, ભારત સરકારની પ્રધાનમંત્રી જન ઔષધિ પરિયોજના (PMBJP) અને ગુજરાત સરકારના દીનદયાળ પ્રધાન મંત્રી જન ઔષધિ સ્ટોર દર્દીઓને જેનરિક દવાઓ પૂરી પાડે છે. જેનરિક દવાઓની કિંમત તેમના બ્રાન્ડેડ વર્ઝન કરતાં 30%થી 80% જેટલી ઓછી હોય છે. જેનરિક દવાઓ તેમની સલામતી અને અસરકારકતાના સંદર્ભમાં બ્રાન્ડેડ દવાઓ જેટલી જ અસરકારક છે. આજે ગુજરાત આ ક્ષેત્રે પોતાની કુશળતા પુરવાર કરી રહ્યું છે. આગામી દિવસોમાં ગુજરાત દવાઓનું પ્રમુખ સપ્લાયર બની જશે.

આરોગ્ય વિભાગના અધિક મુખ્ય અગ્રસચિવ શ્રી મનોજ અગ્રવાલે કહ્યું હતું કે, નૉલેજ શૅરિંગ અને ઇન્ડ્સ્ટ્રીઝ ક્ષેત્રને મજબૂત બનાવી સામાજિક વિકાસના આશયથી શરૂ કરાયેલ વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટે આજે વૈશ્વિક ઓળખ મેળવી છે.

કેન્દ્રીય આરોગ્ય સચિવશ્રી એસ. અપર્ણાએ કહ્યું હતું કે આ સમિટના કારણે રોકાણકારો ગુજરાત તરફ આકર્ષાયા છે. નાગરિકોને સસ્તી અને ઉત્તમ ગુણવત્તાવાળી દવાઓ મળી રહે એ દિશામાં ગુજરાત કાર્ય કરી રહ્યું છે. ગુજરાત આવનારા દિવસોમાં વધુ ને વધુ સંશોધનો કરી દવાઓના ઉત્પાદન ક્ષેત્રે નવી સિદ્ધિઓ હાંસલ કરશે એવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

USFDAના કન્ટ્રી ડાયરેક્ટર સારાહ મેકમુલને કહ્યું કે ગુજરાત મેડિકલ અને ફાર્મા ક્ષેત્રે એક હબ તરીકે ઊભરી આવ્યું છે, કારણ કે અહીં નિષ્ણાત તબીબો, અદ્યતન સાધનો, હેલ્થકૅરનું સમૃદ્ધ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ જનહિતલક્ષી યોજનાઓ, વાજબી કિંમતે દવાઓ અને નજીવો તબીબી ખર્ચ છે. ફૂડ ઍન્ડ ડ્રગ્સ કમિશનર શ્રી એચ. જી. કોશિયાએ કહ્યું હતું કે, ભારત સરકારની સૂચિત પ્રોડક્શન લિંક્ડ ઇન્સેન્ટિવ સ્કીમ અને આગામી બલ્ક ડ્રગ પાર્ક રાજ્યની ઉત્પાદનક્ષમતાઓમાં વધારો કરવા અનુકૂળ સ્થિતિ આપે છે. આમ આ સમિટમાં ફાર્મા ઉદ્યોગકારોના વ્યાપક સામાજિક-આર્થિક વિકાસ માટે પૂરતી તક રહેલી છે. ●



## સરધારધામમાં નિર્માણ પામેલા ભવ્ય મંદિરનો મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ

સેવા-સદાચાર અને સંસ્કાર સિંચન સદીઓથી સ્વામિનારાયણ સંપ્રદાયની ઓળખાણ બન્યા છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તાજેતરમાં ભગવાન સ્વામિનારાયણની ચરણરજથી પાવન બનેલા રાજકોટના સરધાર ધામની પવિત્ર ભૂમિ પર નિર્માણ પામેલા ભવ્ય મંદિરના મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવમાં સહભાગી થઈ સંતોના આશીર્વાદ મેળવ્યા હતા.

રાજકોટ રાજ્યની એક વેળાની રાજધાની એવા આ સરધારનગર સાથે ભગવાન સ્વામિનારાયણનો વિશિષ્ટ સબંધ રહ્યો છે. ભગવાન સ્વામિનારાયણે ચિંધેલા સંસ્કાર-શિક્ષણ-સદાચારના સિંચનનું કાર્ય કરીને આ મંદિર રાષ્ટ્ર નિર્માણ માટે યુવા પેઢીમાં નેશન ફર્સ્ટનો ભાવ પણ પાર પાડી રહ્યું છે, તેનો તેમણે વિશેષ ઉલ્લેખ કર્યો હતો.

આ પ્રસંગે નવસારીના સાંસદ શ્રી સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, ધર્મ અને રાજકારણ બંને એકબીજાથી અળગા ક્યારેય ન હોય કારણ કે ધર્મ વગરનું રાજકારણ અનીતિ નોતરે છે. સામાજિક જીવનમાં જ્યારે પણ સમસ્યાઓ ઉદ્ભવે છે ત્યારે નીતિવિષયક નિર્ણયો લેવાના થાય છે. રાજકોટના સરધાર ખાતે આયોજિત મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવમાં મંદિરના સિંહાસન માટે ૪૦ કિલો સોનાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ મહોત્સવમાં વાહન વ્યવહાર રાજય મંત્રી શ્રી અરવિંદભાઈ રૈયાણી, ધારાસભ્ય શ્રી ગોવિંદભાઈ પટેલ, શ્રી લાખાભાઈ સાગઠીયા, શ્રી મનસુખભાઈ ખાચરીયા, શ્રી ભરતભાઈ બોઘરા, સંપ્રદાયના સંતો શ્રી માધવપ્રિયદાસજી સ્વામી, કલેકટર શ્રી અરૂણ મહેશ બાબુ તેમજ અન્ય મહાનુભાવો હરીભકતો ઉપસ્થિત રહયા હતા. ●

## 'વીર સાવરકર : ધ મેન હૂ કુડ હેવ પ્રિવેન્ટેડ પાર્ટિશન' પુસ્તકનું વિમોચન

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કેન્દ્રીય માહિતી કમિશનર શ્રી ઉદય માહુરકર અને લેખક શ્રી ચિરાયુ પંડિત દ્વારા લિખિત 'વીર સાવરકર : ધ મૅન હૂ કુડ હેવ પ્રિવેન્ટેડ પાર્ટિશન (The Man Who Could Have Prevented Partition)' પુસ્તકનું વિમોચન કર્યું હતું.

પુસ્તકનું વિમોચન કર્યા બાદ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, રાષ્ટ્ર પુરુષ વીર સાવરકર શસ્ત્ર અને શાસ્ત્ર બંનેના ઉપાસક હતા. વીર સાવરકર બહુમુખી પ્રતિભા સાથેની જીવંત યુનિવર્સિટી હતા. મુખ્યમંત્રીશ્રીએ વીર સાવરકરના વીરતાના કિસ્સા લોકો સમક્ષ રજૂ કરતાં કહ્યું કે શહીદ વીર સાવરકર દ્વારા ૧૮૫૭ના સ્વાતંત્ર્યસંગ્રામને આઝાદ ભારત માટેની પ્રથમ લડત હોવાનું ગણાવવામાં આવ્યું હતું. સમગ્ર દેશમાં આઝાદીનાં ૭૫ વર્ષની ઉજવણીને 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત વિવિધ કાર્યક્રમો દ્વારા ઉજવણી કરવામાં આવી રહી છે, ત્યારે રાષ્ટ્ર પુરુષ વીર સાવરકર ઉપર લખાયેલું આ પુસ્તક પણ મહત્ત્વનું બની રહેશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા પણ વીર સાવરકરની સંઘર્ષયાત્રા અને સ્વતંત્ર ભારતની ચળવળમાં તેમના અતિમહત્ત્વના યોગદાનને ભાવિ પેઢી સમક્ષ મૂકવા માટે આંદામાન-નિકોબાર ઍરપૉર્ટને વીર સાવરકર ઍરપૉર્ટ નામ આપવામાં આવ્યું છે. શહીદ વીર સાવરકર દ્વારા માભોમની રક્ષા કાજે શરૂ કરેલી સ્વાતંત્ર્ય ચળવળ બદલ અંગ્રેજો દ્વારા તેમને બે વખત જન્મટીપની સજા કરવામાં આવી હતી. પુસ્તકના વિમોચન પ્રસંગે સ્વાતંત્ર્યસેનાની વિનાયક દામોદર સાવરકરના જીવનચરિત્રને રજૂ કરતી દૃશ્ય-શ્રાવ્ય ટૂંકી ફિલ્મ પણ બતાવવામાં આવી હતી. કેન્દ્રીય માહિતી કમિશનર અને વીર સાવરકર પુસ્તકના મુખ્ય લેખક શ્રી ઉદય માહુરકરે આ પુસ્તક વિશે વિસ્તૃત માહિતી રજૂ કરી હતી. 'વીર સાવરકર'ના પુસ્તક વિમોચન પ્રસંગે પૂજ્ય સ્વામી પરમાત્માનંદ સરસ્વતીજી, લાયન્સ ક્લબ પાસ્ટ ઈન્ટરનૅશનલના ડાયરેક્ટર શ્રી પ્રવીણ છાજેદ, ડિસ્ટ્રિક ગવર્નર શ્રી જગદીશચંદ્ર અગ્રવાલ, અગ્રણી શ્રી જયંતીભાઈ ભાડેશિયા ઉપસ્થિત રહ્યા હતા. ●



# કર્ણાવતી યુનિવર્સિટી દ્વારા યુથ પાર્લામેન્ટનું આયોજન

લોકતંત્ર ભારતનો આત્મા છે. લોકતાંત્રિક રાજ્યવ્યવસ્થાઓ સૌ પહેલા ભારતમાં અસ્તિત્વમાં આવી હોવાનું અનુમાન છે. વિદેશી આક્રમણખોરોની ગુલામીના લાંબા કાળખંડ બાદ ભારતે લોકતાંત્રિક શાસનવ્યવસ્થા કાયમ કરી છે. ભારતીય સમાજે - ભારતનાં નાગરિકોએ આઝાદીનાં જે સપનાં જોયાં હતાં, સ્વતંત્ર સમૃદ્ધ અને સુખી થવા માટેની જે ઝંખના કરી હતી એ આ લોકતાંત્રિક વ્યવસ્થાએ સાકાર કરી આપી છે.

યુવાનોને લોકશાહીનાં મૂલ્યોનું મહત્ત્વ સમજાવવાનાં હેતુસર કર્ણાવતી યુનિવર્સિટી ખાતે 'યુથ પાર્લામેન્ટ ઑફ ઇન્ડિયા ૨૦૨૧' યોજાઇ હતી.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કહ્યું કે, યુથ પાર્લામેન્ટ યુવાશક્તિ માટે મોટી તક લઈને આવી છે. યુવાનોએ રાષ્ટ્રહિત માટે આગેવાની લેવામાં પાછા પડવાનું નથી. યુવાન ઊર્જાવાન હશે તો બીજાને પ્રભાવિત કરી શકશે.

યુથ પાર્લામેન્ટનો ઉદ્દેશ્ય દેશની યુવા પેઢીને કાયદા નિર્માણની લોકતાંત્રિક પ્રક્રિયાથી પરિચિત કરવાનો છે. યુથ પાર્લામેન્ટમાં મનોમંથન અને સંવાદ દ્વારા યુવાનોને જ્ઞાનરૂપી અમૃત પ્રાપ્ત થશે. ઉત્કૃષ્ટ યુવાશક્તિના જાગરણથી ઉન્નત રાષ્ટ્રનિર્માણની નેમમાં યુથ પાર્લામેન્ટ એક અગત્યનું પરિબળ બનશે. મુખ્યમંત્રીશ્રીએ ઝાલર વગાડીને આ યુથ પાર્લામેન્ટની વિધિવત્ શરૂઆત કરાવી હતી, સાથે જ તેની ભવ્ય સફળતા માટે શુભકામનાઓ પાઠવી હતી.

નવસારીના સાંસદ શ્રી સી. આર. પાટીલે જણાવ્યું કે, જીવનમાં પ્રગતિ કરવી હોય તો બીબાઢાળ પદ્ધતિઓમાંથી બહાર આવી નવીન અને રચનાત્મક કાર્યો તરફ વળવું પડશે. યુથ પાર્લામેન્ટ આવો જ એક રચનાત્મક અભિગમ છે. યુથ પાર્લામેન્ટમાં વર્તમાન સ્થિતિના પ્રશ્નો-મુશ્કેલીઓના ઉકેલ માટેની ચર્ચા થાય તે ઇચ્છનીય છે.

ભારત સરકારના પાર્લામેન્ટરી અફેર્સ વિભાગના રાજ્યમંત્રી શ્રી અર્જુનરામ મેઘવાલે આ પ્રસંગે વીડિયો સંદેશ દ્વારા શુભેચ્છાઓ પાઠવી હતી.

જાણીતા વક્તા સંત શ્રી જ્ઞાનવત્સલ સ્વામીજીએ પ્રેરક પ્રવચન દ્વારા યુવાનોને જીવનઘડતર અંગેનું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સ્વામીજીએ યુથ પાર્લામેન્ટમાં સહભાગી બનેલા યુવાનોને ચારિત્ર્યવાન, નિર્વ્યસની, સંયમી અને ઈશ્વરમાં શ્રદ્ધાપૂર્વક જીવન જીવવાની પ્રેરણા પોતાની રસાળ શૈલીમાં આપી હતી.

આ પ્રસંગે સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમાર, કુટીર ઉદ્યોગ રાજ્યમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, કાર્યક્રમની ગવર્નિંગ કાઉન્સિલના અધ્યક્ષ અને યુનાઈટેડ ગ્રુપના ચૅરમૅન કમલકિશોર હાંડા, ડીએ ગ્રુપના ચૅરમૅન અનિલ અગ્રવાલ, કર્ણાવતી યુનિ.ના ઉપકુલપતિ એ. કે. સૂર્યવંશી અને દેશભરમાંથી આવેલા યુવાનો ઉપસ્થિત રહ્યા હતા. ●

# ડાંગના ગોંડલવિહિરની મુલાકાતે રાજ્યપાલશ્રી અને મુખ્યમંત્રીશ્રી



રાજ્ય સરકારની 'હર ઘર દસ્તક' કોવિડ વેક્સિનેશન ઝુંબેશ અંતર્ગત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ડાંગ જિલ્લાના ગોંડલવિહિર ગામની મુલાકાત લીધી હતી.

મુખ્યમંત્રીશ્રીએ કોરોના વેક્સિન સંદર્ભે ગોંડલવિહિર ગામના પંડિત સુકરભાઈ ચૌર્યાના ઘરની મુલાકાત લઈ, પરિવારજનોની વેક્સિન અંગેની જાગૃતિ બાબતે પૃચ્છા કરી પ્રથમ અને બીજા ડોઝની વિગતો મેળવી હતી.

તેમની સાથે પધારેલા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ગામના સરપંચ શ્રી ધર્મેશભાઈ ગાંગુર્ડેને ગામની એક પણ વ્યક્તિ વેક્સિન વિના રહી ન જાય, તેની તકેદારી રાખવા જણાવ્યું હતું. શ્રી ચીમનભાઈ પાંડુભાઇ કામડી અને તેમનાં ધર્મપત્ની હીરાબહેન બાલુભાઈ કામડીએ રાજ્યપાલશ્રી અને મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં રસીનો બીજો ડોઝ લીધો હતો.

અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. હિમાંશુ ગામીતે ગાઢવી PHCના ગોંડલવિહિર ગામે ૩૧૩ ઘર અને ૧,૭૫૭ની વસ્તીને સો ટકા પ્રથમ ડોઝ આપી દેવાયો છે. જ્યારે બીજા ડોઝમાં માત્ર ૪૬ વ્યક્તિઓ જ બાકી રહે છે તેમ જણાવ્યું હતું. ●

# RTOની ૨૦ જેટલી કેશલેશ સેવાઓનો શુભારંભ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ડિજિટલ ઇન્ડિયાના સંકલ્પને પગલે ગુજરાતમાં સરકારી કચેરીઓમાં નાગરિક સુવિધાઓ વધુ સરળ બની છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તાજેતરમાં અમદાવાદ અને રાજકોટની પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરીના ખાતમુહૂર્ત કર્યાં. મુખ્યમંત્રીશ્રીએ આ અવસરે સરકારી સેવાઓમાં ડિજિટલાઈઝેશનની ગતિને વધુ વેગવાન બનાવવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો

સરકારી સેવાઓમાં લઘુતમ હ્યુમન ઈન્ટરફેસ થાય એ પ્રકારની સુવિધાઓ વ્યવસ્થાઓ સરકાર વિકસાવી રહી છે.



વાહનવ્યવહાર કચેરીમાં 20 જેટલી સેવાઓ કૅશલેસ બનતાં રાજ્યના 63 લાખથી વધુ નાગરિકોને લાભ થશે. અમદાવાદમાં નિર્માણ થનારી વાહનવ્યવહાર કચેરી 39.40 કરોડના ખર્ચે બનશે. એટલું જ નહિ, ચાર માળનું આ ભવન 600 લોકોની ક્ષમતા ધરાવતો A\C હૉલ, 1000 વાહનોની ટેસ્ટની સુવિધાયુક્ત હશે. રાજકોટમાં આશરે 9 કરોડના ખર્ચે આ કચેરી નિર્માણ થશે. મુખ્યમંત્રીશ્રીએ આ સેવાઓ વિકસાવવા બદલ અધિકારીગણને અભિનંદન પાઠવ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ સામાન્ય નાગરિકની હાલાકીમાં ઘટાડો થાય અને સુખાકારી વધે તે માટેની રાજ્ય સરકારની કટિબદ્ધતા ફરી વાર દોહરાવી હતી. આ અવસરે રાજકોટ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીની કચેરી ખાતેથી રાજ્યકક્ષાના વાહનવ્યવહાર મંત્રી શ્રી અરવિંદભાઈ રૈયાણી પણ જોડાયા હતા. વાહનવ્યવહાર મંત્રી શ્રી પૂર્ણેશભાઇ મોદીએ જણાવ્યું હતું કે ગુજરાતમાં દરેક જિલ્લા મથકે વ્હીકલ ફિટનેસ સર્ટિફિકેટ સેન્ટર પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપ (PPP) ના ધોરણે ઊભાં કરવામાં આવશે. આ કાર્યક્રમમાં ધારાસભ્ય સર્વશ્રી અરવિંદભાઈ પટેલ, રાકેશભાઈ શાહ, અમદાવાદ મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર શ્રી ગીતાબહેન પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં. ●

# ભૂચરમોરીની શૌર્યભૂમિમાં શહીદ શૂરવીરોને વીરાંજલિ



જામનગર જિલ્લાના ભૂચરમોરીમાં અખિલ ગુજરાત રાજપૂત યુવા સંઘ દ્વારા આયોજિત શૌર્યકથામાં સહભાગી થઈ શહીદોને વીરાંજલિ આપતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, મહાન વીરો - યોદ્ધાઓને યાદ કરવા અને તેઓનાં પરાક્રમને, બલિદાનોને લોકો સમક્ષ રજૂ કરવા એ આપણું પરમ કર્તવ્ય છે. દેશ અને સ્વધર્મ માટે પોતાના જીવનની પરવા કર્યા વગર બલિદાનો આપનારા ગુજરાતના વીર સપૂતોની યશગાથા ગાવાની આ ધન્ય ઘડી છે. શરણે આવેલાની રક્ષા કરવી એ ક્ષાત્ર ધર્મ છે. ગુજરાત અને તેમાંય સૌરાષ્ટ્રનો ઇતિહાસ આવા અનેક પ્રસંગોની સાક્ષી પૂરે છે.

અપ્રતિમ શૌર્ય, બલિદાન, સાહસ અને પરાક્રમની ઘટના એટલે જામ સતાજીની આગેવાનીમાં લડાયેલું ભૂચરમોરીનું યુદ્ધ કાઠિયાવાડના કુરુક્ષેત્ર સમાન છે. ભૂચરમોરીના યુદ્ધમાં આશરા ધર્મ નિભાવવાને કાજે અનેક ક્ષત્રિયો અહીં શહીદ થયા હતા. સત્ય, ન્યાય અને ધર્મ માટે લડવાની આપણી ઊજળી પરંપરા રહી છે તેમ જણાવતાં મુખ્ય મંત્રીશ્રીએ જામ રાવલ, જામ સત્તાજી, જામ દિગ્વિજયસિંહજી, જામ અબડા અળભંગ, જામ ઉન્નડ વગેરે શૂરવીરોને યાદ કરી તેમની શૌર્યતાને બિરદાવી આદરાંજલિ અર્પણ કરી હતી.

ભારતના ભૂતપૂર્વ વડા પ્રધાન સ્વર્ગસ્થ અટલ બિહારી વાજપેયજીની સ્મૃતિમાં તા સુશાસન સપ્તાહ ઊજવાઇ રહ્યું છે, ત્યારે ભારતમાંના સપૂત એવા વાજપેયીજીના શૌર્યને પણ મુખ્ય મંત્રીશ્રીએ યાદ કર્યું હતું. વીર યોદ્ધાઓના શૌર્યથી દેશની રક્ષા થાય છે અને એટલે જ દેશમાં સુશાસન, શાંતિ અને વિકાસ સંભવ બને છે. ભારતમાતાના આવા વીર, સાહસી અને પરાક્રમી સપૂતોની કથાઓનું વાંચન, ગાયન અને રસપાન થતું જ રહેવું જોઇએ તેમ મુખ્ય મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. આ પ્રસંગે રાજ્યમંત્રીશ્રી કીર્તિસિંહ વાઘેલા, પૂર્વ મંત્રી અને ધારાસભ્યશ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ધરમશીભાઈ ચનીયારા, મેયર શ્રીમતી બીનાબહેન કોઠારી સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ●

# ગુજરાતમાં 500 કેએલડીનો બાયોઈથેનોલ પ્લાન્ટ સ્થપાશે

ગુજરાત સરકારનું સાહસ ગુજરાત આલ્કલીઝ ઍન્ડ કેમિકલ્સ લિમિટેડ-GACL અને ભારત સરકારનું સાહસ ગૅસ ઑથૉરિટી ઑફ ઇન્ડિયા લિમિટેડ-GAIL વચ્ચે રાજ્યમાં બાયોઇથેનોલ પ્લાન્ટ સ્થાપવાના MoU ગાંધીનગરમાં સંપન્ન થયા હતા. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતીમાં થયેલા આ MoU અંતર્ગત ગુજરાતમાં અંદાજે ૧,૦૦૦ કરોડના રોકાણ સાથે ૫૦૦ કિલોલિટર પ્રતિદિનની ક્ષમતાનો બાયોઇથેનોલ પ્લાન્ટ સ્થપાશે.

આ MoU ૫ર GACLના મૅનેજિંગ ડિરેક્ટર શ્રી મિલિંદ તોરવણે અને GAILના બિઝનેસ ડેવલપમેન્ટ ડિરેક્ટર શ્રી એમ. વી. ઐયરે હસ્તાક્ષર કર્યા હતા. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ આત્મનિર્ભર ભારતના સંકલ્પ સાથે દેશમાં ક્રૂડ ઑઇલની આયાત ઘટાડીને ફૉરેન એક્સચેન્જની બચતના ઉદ્દેશથી આગામી ૨૦૨૫ સુધીમાં પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલ બ્લેન્ડિંગ માટેનો રોડ મૅપ લૉન્ચ કર્યો છે. ગુજરાતમાં GACL અને GAILના સંયુક્ત સહયોગથી સ્થપાનારો આ બાયોઇથેનોલ પ્લાન્ટ વડા પ્રધાનના આ લક્ષ્યને સિદ્ધ કરી આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારતની નેમ સાકાર કરવામાં મહત્ત્વપૂર્ણ પરિમાણ બનશે.

આ પ્લાન્ટમાં ફીડસ્ટૉક તરીકે મકાઈ કે ચોખાના ભૂસાંનો ઉપયોગ કરીને ઈકોફ્રેન્ડલી ટેક્નોલૉજી દ્વારા 500 કેએલડી (કિલો લિટર પ્રતિદિવસ) બાયોઈથેનોલનું ઉત્પાદન કરવામાં આવશે. બાય-પ્રોડક્ટ તરીકે અંદાજે 135 કેટીપીએ જેટલું પ્રોટીન-રીચ ઍનિમલ ફીડ અને 16.50 કેટીપીએ જેટલું કૉર્ન-ઑઇલ પ્રાપ્ત થશે.

આ બાયોઈથેનોલ પ્લાન્ટથી અંદાજિત વાર્ષિક રૂ. 1500 કરોડનું ટર્ન ઓવર થશે અને અંદાજે 700 લોકોને પ્રત્યક્ષ કે પરોક્ષ રોજગારી મળશે. આ ઉપરાંત ક્રૂડ ઑઇલની આયાત ઘટવાને લીધે ફૉરેન એક્સચેન્જમાં દર વર્ષે અંદાજે 70 મિલિયન યુએસ ડૉલર જેટલી બચત પણ થશે. એટલું જ નહિ, ખેડૂતો પાસે મોટા પાયે મકાઈની ખરીદી કરવામાં આવતા તેમના માટે આવકના નવા દ્વાર ખૂલશે તથા મકાઇ પકવતા ખેડૂતોની આર્થિક સમૃદ્ધિ પણ વધશે.

આ MoU સાઇનિંગ પ્રસંગે મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવ શ્રી કૈલાશનાથન, અધિક મુખ્ય સચિવશ્રી પંકજ જોષી, GAILના સીએમડી શ્રી મનોજ જૈન તથા વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. ●

# રાજકોટ સ્વામિનારાયણ ગુરુકુળમાં અમૃત સંકલ્પ સમારોહ



સમગ્ર દેશમાં ચાલી રહેલી ૨૮૦થી વધુ કાર્યરત ગુરુકુળોની માતૃસંસ્થા એવી રાજકોટસ્થિત સ્વામિનારાયણ ગુરુકુળ સંસ્થાને ૭૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે આયોજિત 'અમૃત સંકલ્પ સમારોહ'માં ઉપસ્થિત રાજ્યના મહામહિમ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના હસ્તે ગુરુકુળના નૂતન છાત્રાલય ભવનનું ભૂમિપૂજન કરાયું હતું.

પ્રાચીન સમયથી ભારત વર્ષમાં ભારતીય સંસ્કૃતિના જતન અને સંવર્ધન માટે કાર્યરત ગુરુકુળ પરંપરાને વર્ણવતાં રાજ્યપાલશ્રીએ ઉમેર્યું હતું કે, સુસંસ્કૃત સમાજના નિર્માણ અને વિદ્યાર્થીઓમાં ચારિત્ર્યવાન ગુણો અને કૌશલ્યોના સિંચન સાથે, સમાજ માટે ઉપયોગી થવાના જીવનધ્યેયને સમર્પિત નાગરિકોનું નિર્માણ હાલ પણ કરી રહી છે તે અભિનંદનને પાત્ર છે.

આ તકે ઉદ્યોગપતિ શ્રી ધીરુભાઇ કોટડિયા દ્વારા રાજકોટ ખાતે કન્યાઓ માટે સૌપ્રથમ ગુરુકુળ પ્રારંભ કરવાના સંકલ્પ સાથે રૂ. ૫૧ લાખના યોગદાનને આવકારી આ કાર્ય થકી રાષ્ટ્રની માતાઓ અને બહેનોમાં પણ ભારતીય સંસ્કૃતિના ઉચ્ચ સંસ્કારોના સિંચન થકી ભારતીય પરંપરા અને સંસ્કૃતિના જતન અને સંવર્ધનમાં અનેરું યોગદાન સિદ્ધ થશે તેવા શુભાશિષ રાજ્યપાલશ્રી દેવવ્રતજીએ પાઠવ્યા હતા. આચાર્યશ્રી દેવવ્રતજીએ સંસ્થાનાં ૭૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે અમૃત સંકલ્પ મહોત્સવના મોનોગ્રામના લૉન્ચિંગ સાથે રાષ્ટ્રના નિર્માણમાં આર્થિક, સામાજિક કલ્યાણ અને શૈક્ષણિક યોગદાન આપી સમાજ માટેના ઋણને ચૂકવવા તત્પર રહેવા ઉપસ્થિત સૌને અનુરોધ કર્યો હતો.

આ તકે રાજ્યપાલ શ્રી દેવવ્રતજીએ સંસ્થાની મુલાકાત લઇ સંસ્થાની કામગીરી જોઇ સંતોષ વ્યક્ત કરતા રૂ. ૫ લાખ ૫૧ હજાર રૂપિયાનું અનુદાન જાહેર કર્યું હતું. આ ઉપરાંત તેઓએ સંસ્થાના નૂતન છાત્રાલયનું ભૂમિપૂજન કર્યું હતું અને સંસ્થા ખાતે ગૌમાતાનું પૂજન પણ કર્યું હતું. ●

# વાલસુરામાં વિદ્યુત વિશેષજ્ઞતા ટ્રેનિંગની પાસિંગ આઉટ પરેડ



ભારતીય નૌસેના વાલસુરા ખાતે વિદ્યુત વિશેષજ્ઞતા પાઠ્યક્રમ O175નો દીક્ષાંત સમારોહ 'પાસિંગ આઉટ પરેડ' કાર્યક્રમ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ પરેડ કાર્યક્રમમાં ૩૬ અધિકારીઓને વિદ્યુતીય વિશેષજ્ઞતા પાઠ્યક્રમની ૯૪ સપ્તાહની પ્રોફેશનલ ટ્રેનિંગ પૂર્ણ કર્યા બાદ એમટેકની ઉપાધિ આપવામાં આવી હતી.

આ તકે રાજ્યપાલશ્રીએ પરેડમાં સંમિલિત જવાનોને ઉત્કૃષ્ટ અભ્યાસ માટે તેમ જ તેમની કારકિર્દીમાં આ મહત્ત્વપૂર્ણ ઉપાધિ મેળવવા બદલ અભિનંદન પાઠવ્યાં હતાં, સાથે જ રાજ્યપાલશ્રીએ ટ્રેનિંગ પ્રાપ્ત કરનાર સર્વે અધિકારીઓને પોતાના જ્ઞાનને રાષ્ટ્રસેવા માટે સમર્પિત કરવા, સત્યના માર્ગ પર ચાલવા તેમ જ ધર્મના આચરણ સાથે પોતાની જવાબદારીને સમર્પણ ભાવનાથી નિભાવવાની અભ્યર્થના વ્યક્ત કરી હતી.

રાજ્યપાલશ્રીએ નૌસેના વાલસુરાના સેનાનીઓની અદમ્ય રાષ્ટ્રભાવનાની પ્રશંસા કરતાં covid-19 મહામારીના સમયમાં પણ પ્રતિબંધો સાથે શિક્ષણ પ્રાપ્ત કરનાર સર્વે તાલીમાર્થીઓને સર્વોત્તમ વ્યાવસાયિક કૌશલ્ય અને નેતૃત્વ વિશેષતાઓને દેશસેવામાં ન્યોછાવર કરવા તથા શૌર્ય, વીરતા, સાહસ દ્વારા આ જવાનોને કર્મયોગી બનાવવા અને પ્રાપ્ત જ્ઞાનને રાષ્ટ્રસેવા માટે સમર્પિત કરવા રાજ્યપાલશ્રીએ સૈનિકોને હાકલ કરી હતી.

આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ શિક્ષણ, ખેલ અને ઈતર પ્રવૃત્તિઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર અધિકારીઓને પુસ્તક તેમ જ ટ્રૉફી દ્વારા સન્માનિત કર્યા હતા. આ ટ્રેનિંગમાં ભારતીય નૌસેનાના ૩૦ અધિકારી તેમ જ મિત્ર દેશો બાંગલાદેશ, મ્યાનમાર, ઘાના, મોરેશિયસના છ આંતરરાષ્ટ્રીય અધિકારીઓ પણ સામેલ હતા. સમારોહમાં નૌસેનાના ૫૦ જવાનો દ્વારા રાજ્યપાલશ્રીને ગાર્ડ ઑફ ઑનર પ્રદાન કરવામાં આવ્યું હતું. રાજ્યપાલશ્રીએ વૉર મેમોરિયલ ખાતે શ્રદ્ધા સુમન અર્પણ કર્યા હતા. ●

# ગાંધીનગરમાં IITEનો ચોથો દીક્ષાંત સમારોહ યોજાયો



ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન, ગાંધીનગરના ચોથા દીક્ષાંત સમારોહમાં ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે પદવીધારક વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી ઉજ્જવળ ભાવિ જીવનની કામના કરી હતી. રાજ્યપાલશ્રીએ શિક્ષકના કર્મને સૌથી વધુ કઠિન અને સૌથી વધુ જરૂરી કાર્ય ગણાવતાં જણાવ્યું હતું કે, શિક્ષક જ સમાજ નિર્માણ અને ચરિત્ર નિર્માણનું કાર્ય કરે છે. ભારતના વડાપ્રધાન અને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ શ્રેષ્ઠ-કૌશલ્યવાન, જ્ઞાનસંપન્ન શિક્ષકોના નિર્માણ માટે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટીચર્સ એજ્યુકેશન IITEની સ્થાપના કરી સપનું સેવ્યું હતું. આ સપનાને સાકાર કરી શ્રેષ્ઠ શિક્ષક નિર્માણનું કાર્ય આ સંસ્થા દ્વારા થાય તેવો ભાવ વ્યક્ત કર્યો હતો.

રાજ્યપાલશ્રીએ શતપથ બ્રાહ્મણ ગ્રંથનો ઉલ્લેખ કરી જણાવ્યું હતું કે, બાળકના જીવનમાં ત્રણ ગુરુ છે. માતા-પિતા અને આચાર્ય. આ ત્રણેય ગુરુ બાળકનો શારીરિક-માનસિક સ્તરે વિકાસ સાધી શ્રેષ્ઠ, જ્ઞાન સંપન્ન, સંસ્કારવાન અને ચારિત્ર્યવાન નાગરિકોનું નિર્માણ કરે છે. બાળકની ગ્રહણશક્તિ સૌથી તેજ હોય છે. આચાર-વિચારથી બાળક શિક્ષકનું અનુસરણ કરે છે ત્યારે શિક્ષકોની જવાબદારી અત્યધિક વધી જાય છે. શિક્ષકનો જીવનવ્યવહાર જ વિદ્યાર્થીઓ માટે સૌથી મોટો ઉપદેશ છે.

આ પ્રસંગે મહત્ત્વની જાહેરાત કરતાં શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઇ વાઘાણીએ જણાવ્યું હતું કે, ધો. ૯થી ધો. ૧૨ના અભ્યાસક્રમમાં પ્રાકૃતિક ખેતી વિષય સામેલ કરવામાં આવશે. વિદ્યાર્થી પોતાના અભ્યાસક્રમમાં અલગથી પ્રોફેશનલ અભ્યાસક્રમ પસંદ કરતા હોય છે, ત્યારે સ્વરોજગાર મેળવી શકાય તેવા સાત અભ્યાસક્રમો સામેલ કરવાનું આયોજન રાજ્યના શિક્ષણ વિભાગે રાજ્યપાલશ્રીના માર્ગદર્શન અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ કર્યું છે. જે પૈકી કૃષિ અંતર્ગત પ્રાકૃતિક ખેતી એટલે કે ગાય આધારિત ખેતી વિષયનો ઉમેરો કરવામાં આવ્યો છે. રાજ્યના ખેડૂતોનો ખર્ચ ઘટાડી આવક બમણી કરવાની દિશામાં આ અભ્યાસક્રમ ખૂબ ઉપયોગી સાબિત થશે. આવનારા સમયમાં રાજ્યપાલશ્રી અને મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ રાજ્યની વિવિધ કૉલેજો-યુનિવર્સિટીઓમાં પ્રાકૃતિક ખેતી સંદર્ભે વિવિધ સેમિનાર યોજાશે. 'શોધ' યોજના અંતર્ગત વિવિધ વિષયોના સંશોધકોને નવાં-નવાં સંશોધનો માટે સહાય આપવામાં આવે છે. હવેથી પ્રાકૃતિક ખેતી શાખાના સંશોધકોને પણ 'શોધ' યોજના અંતર્ગત સહાય મળે તેવું આયોજન કરવામાં આવ્યું છે.

રાજ્ય શિક્ષણ મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોરે પદવી પ્રાપ્ત કરનારા સૌ વિદ્યાર્થીઓને શુભેચ્છા આપતાં કહ્યું કે, આ એક ઐતિહાસિક અવસર છે. મુખ્યમંત્રીશ્રી અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૃષ્ટિવંત આયોજન અને નેતૃત્વના પરિણામે વર્ષ ૨૦૦૦માં સ્થપાયેલ આ સંસ્થાન આજે વટવૃક્ષ બની ગયું છે. આ યુનિવર્સિટી સામાન્ય યુનિવર્સિટી નહીં, પણ અભ્યાસક્રમ સાથે ઈન્ટિગ્રેટેડ અભ્યાસક્રમ પૂરો પાડીને વ્યક્તિત્વ ઘડતર માટે પણ ઉમદા સેવાઓ આપી રહી છે તેમ આપ એક ઉત્તમ ઉદાહરણ છો.

આ સમારોહમાં રાજ્યપાલશ્રીના હસ્તે ૭૨૫ જેટલા વિદ્યાર્થીઓને બી.એ., બીએડ., બી.એસસી., બીએડ., એમ.એ., એમ.એસસી., એમ.એડ., એમ.એ. અને એમ.એસસી. ઇન એજ્યુકેશનની પદવી એનાયત કરાઇ હતી. આ ઉપરાંત IITEમાંથી શિક્ષણ વિદ્યાશાખામાં સંશોધન અભ્યાસ પૂર્ણ કરનાર સૌપ્રથમ 3 રિસર્ચ સ્કૉલરને પીએચ.ડી.ની પદવી એનાયત કરવામાં આવી હતી. તેમ જ તમામ ફેકલ્ટીમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ વિજેતાને મેડલ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે વાઇસ ચાન્સેલર ડૉ. હર્ષદ પટેલ, ડીન ડૉ. કલ્પેશ પાઠક, IITEના રજિસ્ટ્રાર ડૉ. હિમાંશુભાઈ પટેલ, IITEના ઍકેડૅમિક અને એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્યો, વિવિધ યુનિવર્સિટીના કુલપતિશ્રીઓ, શિક્ષણવિદો, અધ્યાપકો તેમ જ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

નીરવ રાવલ

## વડોદરા શહેરને જેટિંગ મશીન્સ અર્પણ

કોરાનાકાળમાં લોકોને સ્વચ્છતાનું મહત્ત્વ સમજાયુ છે. સફાઇકર્મીઓની જહેમતને લીધે જ કોરોના પર નિયંત્રણ રાખી શકાય છે. આવા સમયે સફાઇ માટે આવશ્યક સાધન-સુવિધાઓમાં વધારો કરીને શહેરની સ્વચ્છતા વધારવામાં આવી રહી છે.



સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમારે વડોદરા મ્યુનિસિપલ કૉર્પોરેશન દ્વારા રૂ. ૧.૩૨ કરોડના ખર્ચે ખરીદવામાં આવેલા ત્રણ જેટિંગ મશીન વાહનોનું લોકાર્પણ કર્યું હતું. તેમણે 'મારી બીટ, સ્વચ્છ બીટ' અંતર્ગત સફાઇ કામદારો અને યોગ શિબિરના યોગગુરુઓને સન્માનિત કર્યા હતા.

મંત્રીશ્રીએ જણાવ્યું કે કોરોનાના સમયે કોઇ કોઇના સંપર્કમાં નહોતું આવી શકે એમ છતાં ત્યારે સફાઇ કામદારોએ શહેરને સ્વચ્છ રાખી નાગરિકોના આરોગ્યની ચિંતા કરી છે. યોગગુરુએ યોગ દ્વારા લોકોને નીરોગી રહેવાનું માર્ગદર્શન પૂરું પાડ્યું છે.

આ કાર્યક્રમમાં મહિલા અને બાળવિકાસ રાજ્યમંત્રી શ્રીમતી મનીષાબહેન વકીલ, સાંસદ શ્રીમતી રંજનબહેન ભટ્ટ, સફાઇ કામદારો અને યોગગુરુઓ ઉપસ્થિત રહ્યાં હતાં. ●

## ગુજરાતે ડ્રગ્સ રિવૉર્ડ પોલિસી બનાવી

રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા જાળવવામાં પોલીસ વિભાગ રાઉન્ડ ધી ક્લૉક કામ કરે છે. ટાઢ, તડકો કે વરસાદ હોય તેમની ફરજ નિષ્ઠાપૂર્વક બજાવે છે. વાસ્તવમાં પરિવારની તુલનામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવાને પ્રાથમિકતા આપવા બદલ અને જનસામાન્ય સુખની નીંદર માણી શકે એવું વાતાવરણ ઊભું કરવા માટે પોલીસ કર્મચારીઓનું સન્માન કરવું ઘટે. તાજેતરમાં ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી અને સાંસદ શ્રી સી. આર. પાટીલના હસ્તે સુરતમાં શ્રેષ્ઠ કામગીરી કરનારા પોલીસ જવાનોને પોલીસ શૌર્ય પુરસ્કારથી સન્માનિત કરાયા હતા.




સમગ્ર દેશમાં સૌપ્રથમ ગુજરાતે ડ્રગ્સ રિવૉર્ડ પૉલિસી બનાવી હોવાનો ઉલ્લેખ કરતાં ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં ૬૩ દિવસમાં ૬૭ કેસોમાં ૧,૩૫૦ કરોડનું ડ્રગ્સ પકડીને ગુજરાત પોલીસે શ્રેષ્ઠ કામગીરી કરી છે. રાજ્યની શાંતિ, સલામતી અને સુરક્ષાએ ગુજરાતની પોલીસને આભારી છે. આગામી સમયમાં પોલીસ કર્મયોગીને રહેવા માટે મકાનો મળી રહે તે માટે હાઉસિંગ પૉલિસી બનાવવાની દિશામાં આગળ વધી રહ્યા છીએ. આ પ્રસંગે સાંસદ શ્રી સી. આર. પાટીલે જણાવ્યું હતું કે, સાયબર ક્રાઇમ ડિટેક્શન કરવા માટે અદ્યતન ટેક્નોલૉજી સાથેનાં સાધનો સુરતને મળે તે માટે વ્યવસ્થા કરવામાં આવશે.

આ પ્રસંગે કોરોનાકાળ દરમ્યાન કોરોના સંક્રમણના કારણે શહીદ થયેલા પરિવારજનોને સન્માનિત કરાયા હતા. આ ઉપરાંત શહેરના શ્રેષ્ઠીઓને પણ સન્માનિત કરાયા હતા.

આ પ્રસંગે કૃષિમંત્રી શ્રી મુકેશભાઈ પટેલ, ધારાસભ્ય સર્વ શ્રી ઝંખનાબહેન પટેલ, સંગીતાબહેન પાટીલ, અરવિંદભાઈ રાણા, પ્રવીણભાઈ ધોધારી, કાંતિભાઈ બલર, પોલીસ કમિશનર શ્રી અજય તોમર, અધિક પોલીસ કમિશનરશ્રી શરદ સિંઘલ તથા પ્રવીણ મલ તેમ જ ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

# ટોક્યો પૅરાલિમ્પિક વિજેતા ભાવિના પટેલનું વિશેષ સન્માન





ગુજરાતમાં રમતગમતને સવિશેષ મહત્ત્વ રાજ્ય સરકારે આપ્યું છે. રમતગમતને પ્રોત્સાહિત કરવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'ખેલ મહાકુંભ'નો આરંભ કર્યો. જેનાં ફળ સ્વરૂપે ગુજરાતના ખેલાડીઓ વિવિધ રમતોમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી રહ્યા છે. તાજેતરમાં ટોકયો પૅરાલિમ્પિક્સમાં - 2020 ટેબલ ટેનિસની સ્પર્ધામાં દેશનું ગૌરવ વધારનાર અને ઇતિહાસ રચનાર ગુજરાતી ખેલાડી શ્રી ભાવિનાબહેન પટેલને દિવ્યાંગ ખેલ પ્રતિભા ઍવૉર્ડ અંતર્ગત ત્રણ કરોડ રૂપિયાનો ચેક આપીને વિશેષ સન્માન કર્યું હતું.

આ પ્રસંગે રમતગમત મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે "કોઇ દિવ્યાંગ મહિલા ખેલાડીએ ટેબલ ટેનિસમાં મેડલ જીત્યો હોય તેવું પ્રથમવાર બન્યું છે. પૅરા ટેબલ ટેનિસ સ્પર્ધામાં (ક્લાસ-૪) ફાઈનલ મૅચમાં ગુજરાતની ટેબલ ટેનિસ સ્ટાર ભાવિના પટેલે ચીનના ખેલાડીને હરાવીને સિલ્વર મેડલ જીત્યો હતો અને રાજ્ય અને દેશનું નામ સમગ્ર વિશ્વમાં ગુંજતુ કર્યું હતું.

આ પ્રસંગે ભાવિનાબહેન પટેલે ખલાડીઓને શીખ આપતાં જણાવ્યું હતું કે, તમે જે ધ્યેય પર પહોચવા માગો છો એ લક્ષ્ય પર પહોચવા માટે હંમેશાં કટિબદ્ધ રહો. ●

# સુરતમાં ઓપન જેલનું નિર્માણ કરાશે





ક્ષણિક આવેશમાં ગુનો આચરી જેલમાં આવ્યા બાદ જેલ તંત્રના સંવેદનાત્મક કાર્યને લીધે અનેક કેદીઓના જીવનમાં આમૂલ પરિવર્તનો આવ્યાં છે. તેમને નવી ચેતના આપવા સાથે સમાજમાં ઉન્નત મસ્તક રાખી જીવી શકે તે રીતે કેદીઓને જેલમાં પ્રોત્સાહિત કરવામાં આવે છે. તાજેતરમાં લાજપોર મધ્યસ્થ જેલના બંદીવાનો માટે ઍમ્બ્યુલન્સ તથા લાજપોરથી સુરતની સિટી બસસેવાને ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી તથા કૃષિ રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલે લાજપોર મધ્યસ્થ જેલ ખાતેથી લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. મંત્રીશ્રીઓએ નવસારી સબ-જેલ ખાતે જેલ આવાસો તથા બગીચાના લોકાર્પણની તકતીઓનું અનાવરણ કર્યું હતું.

આ પ્રસંગે ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, આગામી સમયમાં સુરત જિલ્લામાં ઓપન જેલનું નિર્માણ કરવામાં આવશે. મંત્રીશ્રીના હસ્તે જેલના બંદીવાનોના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટે જિમ્નેશિયમ તથા રાજ્ય સરકારની પેપરલેસ પદ્ધતિ દ્વારા સીધી હાઈ કોર્ટમાં અરજી થઈ શકે તે માટે નવનિર્મિત ઈ-ફાઈલિંગ સેન્ટરનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ●

# લોકો સુધી પહોંચવાનો હેતુ 'સેવા સેતુ'

સાચો લાભાર્થી સરકારી સહાયથી વંચિત ન રહે એવા હેતુથી કામ કરતી રાજ્ય સરકારે લોકો સુધી પહોંચવા સેવાને સેતુ બનાવ્યો છે. રાજ્ય સરકારે વિવિધ સેવાઓને એક જ છત્ર હેઠળ લોકોના ઘરઆંગણે પહોંચાડવી શરૂ કરી છે. આ પારદર્શી પ્રશાસનની પ્રતીતિ લાભાર્થીની જીભે રમી રહી છે. તાજેતરમાં સુરતના પુણા ગામે કૃષિ રાજ્યમંત્રી શ્રી મુકેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને સેવા સેતુ કાર્યક્રમ આયોજિત આયોજિત કરાયો હતો.

સરકારે પ્રજાહિતમાં લીધેલા નિર્ણયો વિષે કૃષિ રાજ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ૧૦૦ દિવસના રોડ મેપ મુજબ સમગ્ર રાજ્યમાં ૨૫૦૦થી વધુ સેવા સેતુ કાર્યક્રમ થકી લોકોની સમસ્યાઓનું નિરાકરણ લાવીશું.

પુણામાં રહેતા ધનજીભાઈ વાણીએ પ્રતિભાવ આપતાં જણાવ્યું હતું કે સેવા સેતુ કાર્યક્રમ થકી આવકનો દાખલો માત્ર ૪૦ મિનિટમાં જ મળતાં સમયનો વ્યય થતા બચી ગયો. માર્ગદર્શન સાથે ઓછા સમયમાં કામ પણ થઈ ગયું. હું સંવેદનશીલ સરકારનો આભારી છું કે





તેમણે મારી અનેક દિવસોની મજૂરી બચાવી, જેથી હું પરિવારનું ગુજરાન ચલાવી શકું છું.

જ્યારે સેવા સેતુમાં સ્ટ્રીટ વેન્ડર્સ આત્મનિર્ભર નિધિ યોજનામાં અરજીને સ્થળ પર જ મંજૂરી મળતાં આનંદિત લક્ષ્માબહેન સપકાળેએ ઋણસ્વીકાર કરતાં જણાવ્યું હતું કે હું પુણા ગામમાં ફળો વેચી ૮ સભ્યોના પરિવારનું ભરણપોષણ કરું છું. સેવા સેતુમાં પ્રધાનમંત્રી સ્ટ્રીટ વેન્ડર્સ આત્મનિર્ભર નિધિ યોજના થકી રાજ્ય સરકાર ૧૦ હજારની ૭% સબસિડી સાથે લોન આપશે. આ આર્થિક સહાયથી ફળ વેચાણના વ્યવસાયમાં ઉપયોગી સાધનોની ખરીદી કરવામાં અને પરિવારનું ગુજરાન ચલાવવામાં મને આર્થિક સહાય મળશે.

આ કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી કિશોરભાઈ કાનાણી સહિત શહેરીજનો અને લાભાર્થીઓ હાજર રહ્યા હતા. ●

# નગરરચનાની કામગીરી વેગવંતી બનાવાશે

શહેરી વિકાસ અર્થતંત્રનું ચાલકબળ છે. શહેરોમાં જેમ સુવિધા વધુ તેમ તેનો અર્થતંત્રમાં ફાળો વધુ. તેથી જ રાજ્ય સરકાર શહેરોમાં વિકાસલક્ષી કામગીરી ઉપર સવિશેષ ધ્યાન આપી રહી છે. તાજેતરમાં ગાંધીનગરમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ રાજ્ય મંત્રી શ્રી વિનોદભાઇ મોરડિયાના અધ્યક્ષસ્થાને રાજ્યના મહાનગરોના ટી.પી.ઓ.ની કામગીરી અંગે સમીક્ષા બેઠક યોજાઇ હતી.



નગરરચના યોજનાઓની કામગીરી વધુ વેગવંતી બનાવાશે તેમ જણાવી મંત્રી શ્રી વિનોદભાઇ મોરડિયાએ રાજ્યના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તાબા હેઠળના નગર આયોજન અને મૂલ્યાંકન ખાતાના રાજ્યનાં સાત મહાનગર અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, જામનગર અને ગાંધીનગરના નગરરચના અધિકારીઓ સાથે કામગીરીની સમીક્ષા કરી હતી. ●

## માંગરોળમાં સરકારી સેવાઓનો ઘરઆંગણે લાભ



ગુજરાતનાં ઘરેણાં સમાન ગામડાના લોકોને વિવિધ સરકારી સેવાઓ અને પ્રમાણપત્રો માટે શહેર કે તાલુકા જિલ્લા મથકના ધક્કા ખાવા ન પડે તેની દરકાર રાજ્ય સરકારે લીધી છે. જૂનાગઢના માંગરોળ તાલુકાના કાલેજ ગામે પાંચ ગામોનો સેવા સેતુ કાર્યક્રમ પશુપાલન અને ગૌસંવર્ધન રાજ્યમંત્રી શ્રી દેવાભાઇ માલમની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

સાતમા તબક્કાના સેવાસેતુનો પ્રારંભ કરાવતાં પશુપાલન અને ગૌસંવર્ધન રાજ્યમંત્રી શ્રી દેવાભાઇ માલમે જણાવ્યું હતુ કે ઘરઆંગણે વિવિધ ૫૬ સેવાઓનો લાભ આપવામાં આવી રહ્યો છે, જેના માટે સેવાસેતુનો લાભ લેવા જણાવ્યું હતુ. ●

## કેમ્બ્રિજ પાર્ટનરશિપ ફોર એજ્યુકેશન સાથે સમજૂતી કરાર

વિદ્યાર્થીઓને આંતરરાષ્ટ્રીય કક્ષાનું શિક્ષણ મળે તે માટે રાજ્ય સરકાર વિદેશી યુનિવર્સિટીને ઘરઆંગણે લાવી રહી છે. તાજેતરમાં ગાંધીનગરમાં મિશન સ્કૂલ ઑફ એક્સલન્સ માટે સર્વોત્તમ અભ્યાસક્રમ ઘડવા રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ અને કૅમ્બ્રિજ પાર્ટનરશિપ ફૉર એજ્યુકેશન વચ્ચે સમજૂતી કરાર કરવામાં આવ્યો હતો.

શિક્ષણમંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ કહ્યું કે, એમઓયુનો હેતુ આંતરરાષ્ટ્રીય શૈક્ષણિક ધોરણોને ધ્યાને રાખી ધોરણ-૬થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે સર્વોત્તમ અભ્યાસક્રમ તૈયાર કરવાનો છે. વિદ્યાર્થીઓ વધુ કૌશલ્યવાન બને તે માટે અંગ્રેજીનું શિક્ષણ તેમ જ દ્વિભાષી માધ્યમથી શિક્ષણ આપવામાં આવશે.

તદુપરાંત વર્લ્ડ બૅન્કની મિશન ટીમે મિશન સ્કૂલ્સ ઑફ એક્સલન્સ દ્વારા આવનારાં પાંચ વર્ષમાં રાજ્યની લગભગ 20,000 સરકારી શાળાઓનું આમૂલ રૂપાંતરણ કરવા માટે અને વૈશ્વિક સુવિધાઓ આપવા માટે શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણી અને રાજ્યકક્ષાના મંત્રી શ્રી કીર્તિસિંહ વાઘેલા સાથે ચર્ચાવિચારણા કરી હતી. ●

## વાંસદામાં આદિજાતિ ખેડૂતોને ખેતીલક્ષી સાધનસહાય




સરકારે આદિવાસી સમાજના ઉત્થાનની સાથે અન્ય વિકસિત સમાજ સમકક્ષ બનાવવા વનબંધુ કલ્યાણ યોજના-2 અમલી બનાવી છે. તાજેતરમાં નવસારીના વાંસદા તાલુકાના કાવડેજ ગામે આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ તથા કલ્પસર અને મત્સ્યોદ્યોગ મંત્રી શ્રી જિતુભાઈ ચૌધરીએ આદિવાસી કલ્યાણની જુદી જુદી યોજનાઓ અંતર્ગત આદિવાસી વિસ્તારના ખેડૂતોને ખેતીલક્ષી યોજનાની કિટ, દુધાળા પશુસહાય મંજૂરી પત્ર અને ચેક વિતરણ કર્યા હતા.

આ પ્રસંગે આદિજાતિ વિકાસમંત્રી શ્રી નરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, અંબાજીથી ઉમરગામ સુધીના આદિવાસી વિસ્તારમાં વનબંધુ યોજના થકી રાજ્ય સરકારે સર્વાંગી વિકાસ કર્યો છે. તેમણે રાજ્ય સરકારની આદિજાતિ કલ્યાણલક્ષી અનેકવિધ યોજનાઓની જાણકારી આપી હતી. આ પ્રસંગે મંત્રી શ્રી જિતુભાઈ ચૌધરીએ આદિવાસી બાંધવોને સરકારની યોજનાઓનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. આ અવસરે અગ્રણીઓ તેમ જ લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

## ગુજરાત મહેસૂલ પંચની કચેરીનું ભૂમિપૂજન



મહેસૂલ એ સરકારનો પાયાનો વિભાગ છે. આ વિભાગ સૌથી વધુ રોજગારી આપતા ખેતીવાડી અને બાંધકામ ઉદ્યોગમાં સેતુરૂપ છે, જેથી તેને વધુ સુદૃઢ બનાવવા પર રાજ્ય સરકાર ધ્યાન આપી રહી છે. ગુજરાત મહેસૂલ પંચની અમદાવાદના લાલ દરવાજા રાજ્યકક્ષાની કચેરી ખાતે ટ્રાફિક અને પાર્કિંગની સમસ્યાને ધ્યાને લઈ રાજ્ય સરકારે એસ. જી. હાઈ-વે પર તેના નિર્માણનો નિર્ણય કર્યો છે. જેનું ભૂમિપૂજન મહેસૂલમંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીએ કર્યું હતું. આ પ્રસંગે મહેસૂલમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, મજબૂત લોકશાહી માટે સત્ય અને ન્યાય પાયાનાં તત્ત્વો છે. અમદાવાદના સરખેજ-ગાંધીનગર હાઈવે પર ગોતા વિસ્તારમાં રૂ. ૨૬.૧૧ કરોડના ખર્ચે આ નવી કચેરીનું નિર્માણ થશે. ●

## અમદાવાદ-રાજકોટ રોડ પર અન્ડરપાસનું લોકાર્પણ



ગુજરાતનાં પ્રમુખ શહેરોને જોડતા માર્ગોને વધુ પહોળા કરી સિક્સ લેન બનાવવા તેમ જ વધુ સુવિધાસભર બનાવવાના આયોજન રાજ્ય સરકાર પાર પાડી રહી છે. તાજેતરમાં અમદાવાદ-રાજકોટ રોડ પર ભામસરા પાસે રૂ. ૧૫ કરોડના ખર્ચે તૈયાર કરાયેલા અન્ડરપાસનું લોકાર્પણ માર્ગ અને મકાનમંત્રીશ્રી પૂર્ણેશભાઈ મોદીએ કર્યું હતું. ગુજરાતનાં ચાર મહાનગરો પૈકી અમદાવાદ અને રાજકોટને જોડતા ૨૦૧ કિ.મી રોડને ચાર માર્ગીયમાંથી હવે છ માર્ગીય બનાવવામાં આવ્યો છે. ટ્રાફિકની સમસ્યા નિવારવા બાવળાના ભામસરા પાસે અન્ડરપાસ બ્રિજ બનવાથી અવરજવરની સુવિધાઓ વધશે સાથે સલામતી, સમય તથા ઈંધણનો બચાવ થશે. ●

## પાણીપુરવઠાની રૂ. ૨૮૨ કરોડની યોજનાઓનું લોકાર્પણ



કચ્છની વાત આવે એટલે આંખો સમક્ષ રણનું ચિત્ર ઊપસી આવે, માટે જ ગુજરાત સરકાર કચ્છની કાયાપલટ કરવા માગે છે. કચ્છને પાણીદાર કરવા ભુજના રુદ્રમાતામાં આરોગ્ય અને પાણી પુરવઠા મંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલની ઉપસ્થિતિમાં રૂ. ૨૮૨ કરોડના ખર્ચે પાણીપુરવઠા વિભાગની વિવિધ યોજનાઓનું ગુજરાત વિધાનસભાનાં અધ્યક્ષા ડૉ. નીમાબહેન આચાર્યે લોકાર્પણ તેમ જ ખાતમુહૂર્ત કર્યું હતું.

આ તકે ડૉ. નીમાબહેન આચાર્યે જણાવ્યું હતુ કે ટપ્પર સિંચાઇ યોજના થકી અંજાર તાલુકા ઉપરાંત ભુજને પણ લાભ થશે. મંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલે જણાવ્યું હતું કે રાજ્ય સરકારની નેમ છે કે વર્ષ ૨૦૨૪ સુધીમાં રાજ્યના તમામ ઘરોને નલ સે જલ યોજનાથી જોડી દેવા. જે અંતર્ગત કચ્છ જિલ્લામાં માર્ચ ૨૦૨૨ સુધીમાં એક પણ ઘર નળ વગરનું નહિ રહે.

લોકાર્પણ કરવામાં આવેલાં વિવિધ યોજનાકીય કામોમાં ટપ્પર ડૅમ આધારિત યોજનામાં વધારાનું ૧૫૦ એમએલડી પાણી પૂરું પાડવાની યોજના, ભુજ માટે સિવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટના લોકાર્પણનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત નર્મદા પાઈપલાઈન આધારિત યોજનાકીય ખાતમુહૂર્ત અંતર્ગત બન્ની સુધારણા જૂથ પાણીપુરવઠા યોજના અંતર્ગત માંડવી ભાગ-૧ સુધારણા જૂથ પાણીપુરવઠા યોજના અને માંડવી-૩ સુધારણા જૂથ પાણીપુરવઠા યોજના ઉપરાંત વાસ્મો આધારિત નલ સે જલ યોજના અંતર્ગત આંતરિક પાણીવિતરણ યોજનાનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ●



# ભાવનગર શહેરને ખાદ્ય ખોરાક ટેસ્ટીંગ વાનની ભેટ



ફૂડ સેફ્ટી ઍન્ડ સ્ટાન્ડર્ડ ઑથૉરિટી ઑફ ઇન્ડિયાના માધ્યમથી ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગાંધીનગર દ્વારા ભાવનગર મ્યુનિસિપલ કૉર્પોરેશનને ખાદ્ય પદાર્થોના ચેકિંગ માટે ફાળવવામાં આવેલી ટેસ્ટિંગ વાનનું શિક્ષણમંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ લોકાર્પણ કર્યું હતું. આ અવસરે મંત્રીશ્રીએ જણાવ્યું કે, રાજ્યમાં આ પ્રકારની ૨૦ ફૂડ સેફ્ટી વાન કાર્યરત છે. આ ફૂડ સેફ્ટી વાનથી ભાવનગર શહેરના વિવિધ વિસ્તારોમાં સ્થળ પર જે-તે ખાદ્ય પદાર્થો તેમજ દૂધના નમૂના લઈને એમાં ભેળસેળ છે કે કેમ એની સ્થળ પર જ ચકાસણી કરી શકાશે અને એનું પ્રમાણપત્ર પણ તરત જ ઉપલબ્ધ બનશે.

આ ઉપરાંત શિક્ષણમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં સ્વામી વિવેકાનંદ હોમિયોપથી મેડિકલ કૉલેજ તેમજ તાપીબાઈ સરકારી આયુર્વેદિક હૉસ્પિટલ તેમજ પી. એન. આર. સોસાયટીના સહયોગથી દરેક જાતના રોગો તેમજ 'બેતાળા' ચશ્માંનું વિનામૂલ્યે વિતરણ તેમજ નિઃશુલ્ક સારવાર કૅમ્પનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. એ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આ મેડિકલ કૅમ્પથી કુંભારવાડા વિસ્તારના લોકોને આયુર્વેદિક, હોમિયોપથિક દવાઓનો લાભ મળશે. તેમણે આ સેવાકાર્યમાં સહકાર આપનાર ડૉક્ટરો, સ્થાનિક આગેવાનોનો આભાર માન્યો હતો. ●

# નવસારીમાં વણથંભી વિકાસયાત્રા

રાજ્ય અને કેન્દ્ર સરકારે પ્રાપ્ત થયેલી સત્તાને સેવાનું માધ્યમ બનાવ્યું છે. સરકાર દ્વારા છેવાડાના માનવી સુધી અનેકવિધ યોજનાઓનો લાભ તેમજ સુવિધાઓ કેવી રીતે પહોંચે એના પર કામ થઈ રહ્યું છે. એટલું જ નહીં, નાનામાં નાની યોજનાઓનો જેને લાભ મળવાપાત્ર છે તેને લાભ આપવામાં આવી રહ્યો છે. નવસારીવાસીઓની સુવિધામાં વધારો થયો જેના કારણમાં છે નવસારીમાં યોજાયેલી વણથંભી વિકાસયાત્રા.

ચીખલી તાલુકાના ખુડવેલ ખાતે મુખ્ય મંત્રી ગ્રામ સડક યોજના હેઠળ રસ્તાઓ તેમજ પુલના કામના રૂ. ૭૭૦ લાખના વાયડનિંગ ઍન્ડ સ્ટ્રેન્થનિંગ ઑફ પીરખાડી, દાદરા, સ્યાદા, કણભઈ, અગાસી રોડ તથા ઘેજ, વાંજરીફળિયા ટુ ખુશાલ ફળિયા જૉઇનિંગ રોડ જૉઇનિંગ ખેરગામ વાવ રોડનું લોકાર્પણ તથા કન્સ્ટ્રક્ટિંગ સ્લેબડ્રેઇન ઍટ વેલણપુર એપ્રોચ રોડનું ખાતમુહૂર્ત માર્ગ અને મકાન, વાહનવ્યવહાર મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદીના હસ્તે કરવામાં આવ્યું હતું.



મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્ય અને કેન્દ્ર સરકારે અટકેલાં વિકાસકામો, પ્રજાહિતને સ્પર્શતા પ્રોજેક્ટોને ઝડપભેર પૂર્ણ કરવામાં વિશેષ ધ્યાન આપ્યું છે.

રાજ્યભરમાં સારી રોડ કનેક્ટિવિટી એ સરકારની પ્રાથમિકતા છે એમ જણાવતાં મંત્રીશ્રીએ વિકાસકામોને વેગ આપનારી મહત્ત્વની જાહેરાતો કરતાં જણાવ્યું કે પૂર, વરસાદ જેવી કુદરતી આફતમાં ઘણાં ગામો વિખૂટાં પડી જતાં હોય છે, રાજ્ય સરકારે આવાં ૨૯૫ ગામોને આઈડેન્ટિફાય કર્યાં છે, આ તમામ ગામોમાં આવેલાં નદી, નાળાં અને ખાડીઓ પર રાજ્ય સરકાર કોઝવે કમ વિયર, પુલ બનાવશે.

આઝાદી પછી પ્રથમવાર રાજ્યભરમાં પરા વિસ્તારોમાં રૂ. ૫૦૦ કરોડના ખર્ચે રસ્તાઓનું નિર્માણ કરાશે. છેવાડાના લોકો સુધી સરકારની યોજનાઓના મીઠાં ફળો મળી રહે એ માટેના અવિરત પ્રયાસો વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં થઈ રહ્યાં છે.●

# ગાંધીનગરથી 'પા પા પગલી પ્રોજેક્ટ'નો રાજ્યવ્યાપી પ્રારંભ



રાજ્ય સરકાર ગરીબો, ખેડૂતો, વંચિતો, પીડિતો, મહિલાઓ, બાળકોના સર્વાંગી વિકાસ માટે વિશેષ પ્રયાસ કરી રહી છે. ગુજરાત અને દેશની ભાવિ પેઢી સમાન બાળકોના આરોગ્ય અને પોષણ માટે રાજ્ય સરકારે અનેક યોજના અમલી બનાવી છે. આ દિશામાં આગળ વધતાં રાજ્યનાં બાળકોનો સર્વાંગી વિકાસ થાય તેમજ બાળકો શાળાકીય શિક્ષણ માટે સજ્જ થાય તે હેતુથી ગાંધીનગર ખાતેથી મહિલા અને બાળવિકાસ મંત્રી શ્રી મનીષાબહેન વકીલે 'પા પા પગલી પ્રોજેક્ટ'નો રાજ્યવ્યાપી શુભારંભ કરાવ્યો હતો.

મહિલા અને બાળ વિકાસ વિભાગ રાજ્યનાં છ વર્ષ સુધીનાં આંગણવાડીમાં આવતાં બાળકો તેમજ સગર્ભા બહેનો, ધાત્રી માતાઓ, કિશોરીઓના સર્વાંગી વિકાસની જવાબદારી વહન કરી રહ્યું છે. બાળક આપણી ઉજ્જવળ આવતી કાલ છે. બાળકના સર્વાંગી વિકાસ માટે વિવિધ પ્રકારે બાળકો 'પા પા પગલી' યોજનાનો મહત્તમ લાભ લે તે પ્રકારના આયોજન સરકાર દ્વારા સતત કરવામાં આવી રહ્યાં છે.

ગુજરાત સરકારે આંગણવાડીમાં આવતાં બાળકોનો સર્વાંગી વિકાસ થાય અને બાલવાટિકા માટેની સજ્જતા કેળવી શાળાપ્રવેશ મેળવે તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની નેતૃત્વવાળી સરકાર દ્વારા 'પા પા પગલી' પ્રોજેક્ટ અંતર્ગત રૂ. પાંચ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જેના પરિણામે આંગણવાડીમાં આવતાં ૩થી ૬ વર્ષના રાજ્યભરના અંદાજિત ૧૮ લાખથી વધુ બાળકોને આ પ્રોજેક્ટ-યોજનાનો લાભ મળશે, તેમ મહિલા અને બાળ વિકાસમંત્રીશ્રી મનીષાબહેન વકીલે જણાવ્યુ હતું.

નવી શિક્ષણનીતિ ૨૦૨૦ અંતર્ગત પૂર્વ પ્રાથમિક શિક્ષણને બાળકના આગળના શાળાકીય શિક્ષણ માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ ગણવામાં આવ્યાં છે. આંગણવાડીમાં ૩થી ૫ વર્ષનાં બાળકોને મળતા અનુભવો તેમના આગળના જીવન તેમજ પ્રાથમિક શિક્ષણ મેળવવા માટેનો પાયો નખાય છે. આ મહત્ત્વને સમજતાં આંગણવાડીમાં આવતાં બાળકોનો સર્વાંગી વિકાસ થાય અને બાલવાટિકા માટેની સજ્જતા કેળવી શાળાપ્રવેશ મેળવે તે માટે રાજ્ય સરકાર દ્વારા 'પા પા પગલી' પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. જેને વધુ અસરકારક બનાવવા અલાયદું અને તાલીમબદ્ધ માનવબળની જોગવાઈ પણ કરવામાં આવી છે.

મંત્રીશ્રીએ વધુ વિગતો આપતાં જણાવ્યું હતું કે બાળકોના સર્જનાત્મક વિકાસ માટે ૩થી ૬ વર્ષનાં બાળકોની ભણતરની ચિંતા કરીને અંદાજે ૧૬ લાખ બાળકોને તેમના ઘરે જ પ્રવૃત્તિ પુસ્તિકા તેમજ ચિત્રપોથીનું વિતરણ કરવામાં આવ્યું છે. આ વર્ષે ખાસ પૂર્વ પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે અને બાળકોને આંગણવાડીમાં આવવા માટે પ્રોત્સાહિત કરવા રાજ્યના અંદાજે ૩થી ૬ વર્ષનાં ૧૪ લાખ બાળકોને રૂ. ૩,૬૨૮ લાખના ખર્ચે યુનિફૉર્મ પણ આપવામાં આવ્યા છે.

આ ઉપરાંત રાજ્યના ૭ જિલ્લાઓમાં આંગણવાડીમાં આવતી તમામ સગર્ભા, ધાત્રીમાતાઓ અને બાળકોના પોષણસ્તરમાં સુધારા માટે પરંપરાગત પૌષ્ટિક વાનગીઓને ધ્યાને લઈ અને આયુર્વેદિક પદ્ધતિઓના સહયોગથી હાલમાં આપવામાં આવતા ટેક હોમ રૅશન બાલશક્તિ અને માતૃશક્તિનું આયુર્વેદિક ઔષધો દ્વારા મૂલ્યવર્ધન કરવામાં આવ્યું છે, જે લાભાર્થીઓને વિનામૂલ્યે આપવામાં આવનાર છે. દેશમાં ગુજરાત એકમાત્ર રાજ્ય છે, જ્યાં સગર્ભા, ધાત્રીમાતા અને કિશોરીઓમાં આયર્ન અને આયોડિનની ઊણપ દૂર કરવા 'સત્ત્વ' ડબલ ફોર્ટિફાઇડ મીઠું આપવામાં આવે છે.

આ પ્રસંગે મહિલા અને બાળ વિકાસ વિભાગના સચિવ અને કમિશનર શ્રી કે. કે. નિરાલા, ICDSના નિયામક શ્રી ડી. એન. મોદી સહિત અધિકારીઓ, યુનિસેફ ગુજરાતના હોદ્દેદારો તેમજ આંગણવાડીની બહેનો અને લાભાર્થી બાળકો ઉપસ્થિત રહ્યાં હતાં. ●

# આયુર્વેદિક ડ્રગ લાઇસન્સ પોર્ટલનું લોકાર્પણ



ગુડ ગવર્નન્સ સપ્તાહના ભાગરૂપે મહેસાણામાં ખોરાક અને ઔષધ નિયમન તંત્રના આયુષ ઑનલાઇન લાઇસન્સ સૉફ્ટવેર-ayudmla.gujarat.gov.inનું આરોગ્ય મંત્રીશ્રી હૃષીકેશભાઇ પટેલના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. NIC દ્વારા તૈયાર કરવામાં આવેલું આ સૉફ્ટવેર ઑનલાઇન થવાથી આયુર્વેદિકના નાના-મોટા ઉત્પાદકોને લાઇસન્સને લગતી, વધારાની બનાવટની તેમજ વિવિધ સર્ટિફિકેટ મેળવવાની કામગીરી ઑનલાઇન થઈ શકશે. ઉપરાંત અરજદાર અરજી-ફી પણ ઑનલાઇન સાયબર ટ્રેઝરી મારફત ભરી શકશે. આ પોર્ટલની મદદથી અરજદારોને મંજૂર થયેલી અરજીની જાણ ઈ-મેઇલ/એસ.એમ.એસ. દ્વારા થશે અને QR કોડ થકી લાઇસન્સની પ્રિન્ટ કાઢી શકશે.


અગાઉ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા બનાવેલી દવાના વેચાણના પરવાના મેળવવાનું પોર્ટલ XLN Indiaને નૅશનલ ઈ-ગવર્નન્સનો ગોલ્ડ ઍવૉર્ડ એનાયત થયો છે. આ સૉફ્ટવેર દેશનાં વિવિધ ૧૯ રાજ્યો અનુસરી રહ્યાં છે. આમ થવાથી અરજદારોને ગાંધીનગરના બિનજરૂરી ધક્કામાંથી મુક્તિ મળશે આમ કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે.

મહત્ત્વપૂર્ણ છે કે હાલ રાજ્યમાં આશરે ૮૭૫ જેટલી આયુર્વેદિક દવાઓનું ઉત્પાદન કરતી પેઢીઓ આવેલી છે. જે આશરે સવા લાખ જેટલી વિવિધ બનાવટોની પરવાનગી ધરાવે છે. આ ઉત્પાદક પેઢીઓને જી.એમ.પી, ફ્રી-સેલ, નૉન-કન્વિક્શન જેવાં વિવિધ પ્રકારનાં સર્ટિફિકેટ આપવાની કામગીરી હાલમાં ઑફલાઇન થાય છે. આ ઑનલાઇન લાઇસન્સ સૉફ્ટવેર કાર્યરત થવાથી વિવિધ પ્રકારનાં સર્ટિફિકેટ મેળવવાની કામગીરી વધુ સરળ અને ઝડપી બનશે. ●

# ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળની વેબસાઇટ લૉન્ચ

ગુજરાત સરકાર દ્વારા પારદર્શી રીતે તમામ કેડરમાં ભરતી પ્રક્રિયા કરવામાં આવે છે. રાજ્ય સરકારના પંચાયત વિભાગ હસ્તકના સેવા વર્ગ-૩ના વિવિધ સંવર્ગોની ભરતી કરતાં ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળની વેબસાઇટ https://gpssb.gujarat.gov.inનું રાજ્યકક્ષાના પંચાયત વિભાગનો સ્વતંત્ર હવાલો ધરાવતા મંત્રી શ્રી બ્રિજેશ મેરજાના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આગામી સમયગાળામાં પંચાયત સેવા વર્ગ-૩ના વિવિધ સંવર્ગોની ભરતીપ્રક્રિયા આવી રહી છે, ત્યારે ઉમેદવારોને એક જ જગ્યાએથી તમામ જાહેરાતની તબક્કાવાર માહિતી તથા અન્ય તમામ માહિતી સરળતાપૂર્વક મળી રહે તે હેતુથી ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળની વેબસાઇટ બનાવવામાં આવી છે.

આ વેબસાઇટ યુઝર ફ્રેન્ડલી છે જેમાં રાજ્ય સરકારની પંચાયત સેવાને લગતા ભરતીલક્ષી નિયમો, ઠરાવો વગેરેની માહિતી તેમજ ભરતીપ્રક્રિયામાં ઑનલાઇન અરજી કઈ રીતે કરવી તેની વિગતો તથા પરીક્ષાનો અભ્યાસક્રમ,દરેક સંવર્ગની જાહેરાત અન્વયે પરીક્ષાની તારીખ, પ્રોવિઝનલ રિઝલ્ટ, પ્રોવિઝનલ મેરિટ લિસ્ટ, પ્રમાણપત્ર ચકાસણી, ફાઇનલ સિલેક્ટ લિસ્ટ અને જિલ્લા ફાળવણી સુધીની વિગતવાર માહિતી એક જ જગ્યાથી ઉમેદવારોને સરળતાથી ઉપલબ્ધ થઇ શકશે.



સીધી ભરતી માટેની સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા ઉમેદવારોને ધ્યાનમાં રાખીને આ વેબસાઇટનું નિર્માણ કરવામાં આવ્યું છે. જે પંચાયત સેવા વર્ગ-૩ના સંવર્ગો માટેની તૈયારી કરતા દરેક ઉમેદવારને ઉપયોગી અને લાભદાયી થઈ પડશે તેવો વિશ્વાસ મંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો. ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગુજરાત પંચાયત અધિનિયમની કલમ ૨૩૫ હેઠળ રચાયેલ વૈધાનિક સત્તામંડળ છે. જેનું મુખ્યત્વે કામ પંચાયત સેવા વર્ગ-૩ના કર્મચારીઓની સીધી ભરતી પ્રક્રિયા કરવાનું છે તેમજ પંચાયત સેવા વર્ગ-૩ની બઢતીની અને શિક્ષાની બાબતોમાં જિલ્લા પંચાયતોને સલાહ આપવાનું છે. ●

# સરકારની આર્થિક પાંખથી સફળતાના આકાશમાં વિહરતી ખુશ્બૂ

**સોનાલી મિસ્ત્રી / જિજ્ઞેશ પરમાર**

સખત પરિશ્રમનો એક જ વિકલ્પ છે એ વિકલ્પ એટલે સફળતા. આ વાતને જરા જુદી રીતે કહેવી હોય તો કહી શકાય કે પરિશ્રમ + દ્રઢ ઇચ્છાશક્તિ = સફળતા. આપણી સફળતા માટે આપણી મહેનત તો જવાબદાર છે જ પરંતુ મુશ્કેલીના સમયમાં મળતો ટેકો પણ એટલો જ કારણભૂત છે. આજે એવી જ એક વ્યક્તિની વાત કરવી છે કે જેને રાજ્ય સરકાર તરફથી આર્થિક ટેકો મળતા આકાશને આંબવાનું સ્વપ્ન સાકાર કરી શકી. રાજ્ય સરકાર છેક છેવાડાના માનવીનું ધ્યાન રાખી રહી છે તેનો વધુ એક પુરાવો ખુશ્બૂએ આપ્યો. આપણે જ આપણા ઘડવૈયા છીએ. મહેનત, સંઘર્ષ અને સફળતા એ એક સીડીના પ્રથમ ત્રણ ચઢણિયા છે અને એક બીજાના પૂરક છે. આ વાતની પ્રતીતિ ખુશ્બુ પરમાર નામની એક યુવતી કરાવે છે. બાલ્યાવસ્થામાં પિતાનું છત્ર ગુમાવી ચૂકેલી આ યુવતીને તેમની માતાએ ભણાવી અને કમર્શિયલ પાઇલટ બનાવી છે. ગુજરાત સરકારે આપેલી આર્થિક સહાયરૂપી પાંખથી ખુશ્બુ આજે સફળતાના આકાશમાં વિહરી રહી છે.

ગુજરાત સરકાર યુવાઓને કારકિર્દી ઘડવામાં દરેક સહાય પૂરી પાડવાના ઉત્તમ પ્રયાસો કરી રહી છે. સરકારની વિવિધ યોજનાઓ યુવાનોનું ભાવિ ઉજ્જવળ બનાવવામાં મદદરૂપ થાય છે. વિદ્યાર્થીઓ, યુવાઓ અને વંચિત સમાજને મદદરૂપ થવા સરકારની વિશેષ યોજનાઓ સામાજિક વિકાસમાં મહત્વનો ફાળો આપે છે.આજે વંચિતો મુખ્ય ધારામાં આવી ગયા છે. શિક્ષણથી માણસને આંખ અને પાંખ બંને મળે છે. આંખ એટલે નવી દ્રષ્ટિ મળે છે અને પાંખ એટલે નવી દિશા પ્રાપ્ત થાય છે.જે ગુજરાતનાં વંચિતોને મળી છે.

**ગુજરાત સરકાર દ્વારા રૂ. ૨૪.૭૨ લાખની આર્થિક સહાય મેળવી કમર્શિયલ પાઇલટ લાઇસન્સ મેળવનાર વડોદરાની યુવતી યુવાઓ માટે પ્રેરણાદાયી**

વડોદરાના મધ્યમવર્ગ પરિવારમાં ઉછરેલી ૨૮ વર્ષીય ખુશ્બુ અંબાલાલ પરમારનું બાળપણથી એકમાત્ર સ્વપ્ન હતું આકાશમાં ઉડવાનું. નાનપણમાં પિતાના અવસાનને પરિણામે નબળી આર્થિક પરીસ્થિતિ ખુશ્બુના સપનાઓ વચ્ચે મુશ્કેલીના પહાડ સમાન હતી. માતા એક છાત્રાલયમાં ગૃહમાતા તરીકે નોકરી કરે છે અને તેમણે પોતાની દીકરીના આંખના સપનાના આંજણને ઝાંખુ પડવા દીધું નહીં. ધોરણ ૧૨ સાયન્સ સુધી લગનથી અભ્યાસ કરાવ્યો. ખુશ્બુનું દૃઢ મનોબળ, પરિશ્રમ અને ગુજરાત સરકારની કમર્શિયલ પાઇલટ લાઇસન્સ યોજના તેનું સપનું સાકાર કરવામાં જોડાઈ ગયા.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા ખુશ્બુનું પાઇલટ બનવાનું સ્વપ્ન સાકાર થયું. ગુજરાત સરકારની યોજના હેઠળ રૂ. ૨૪,૭૨,૦૦૦ ની લોન દ્વારા ખુશ્બુનું કમર્શિયલ પાયલટ લાયસન્સ મેળવવાનું અને ઉજ્જવળ કારકિર્દી ઘડવાનું સફળ થયું. તદુપરાંત, ખુશ્બુની હાલમાં એક નામાંકિત એરલાઈન કંપનીમાં આસિસ્ટન્ટ પાયલટ તરીકે પસંદગી થઈ છે.

ગુજરાત સરકારની કમર્શિયલ પાઇલટ લાઇસન્સ યોજના અનુસૂચિત જાતિના યુવાઓની નબળી આર્થિક પરિસ્થિતિમાં મદદ કરી તેજસ્વી કારકિર્દી ધરાવતા વિદ્યાર્થીને સમાન તક આપવાના પ્રયાસો કરે છે. કમર્શિયલ પાઇલટ લાઇસન્સ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીઓએ હાયર સેકન્ડરી અથવા તેના સમકક્ષ પરીક્ષા પાસ કરેલી હોવી જરૂરી છે. ટ્રેનીંગ અર્થે ગુજરાત સરકાર દ્વારા રૂ. ૨૫ લાખની લોન ૪% વ્યાજના દરે આપવામાં આવે છે. લાભાર્થીએ તાલીમ પૂર્ણ કર્યા બાદ ભારતમાં પાંચ વર્ષ સુધી સેવાઓ આપવાની રહેશે. વધુમાં, લાભાર્થીને લોનની ચુકવણી થયાની તારીખથી એક વર્ષ પછી લોનની વસુલાત શરૂ કરવામાં આવે છે.



દેશના યુવાધનને સતત પ્રોત્સાહન અને નવી તકો આપવા ગુજરાત સરકાર પ્રયત્નશીલ છે. કમર્શિયલ પાઇલટ લાઇસન્સ મેળવીને ખુશ્બુએ પોતાના પરિવાર અને સમાજને ગર્વિત કર્યા છે. ખુશ્બુ હાલની યુવા પેઢી માટે પ્રેરણારૂપ છે. ●

# દેવર્ષનો 'અશુદ્ધ લોહી સામેના જંગ'માં વિજય

હિમાંશુ ઉપાધ્યાય



જીવન માટે ઑક્સિજન (પ્રાણવાયુ)નું શું મહત્ત્વ છે તે કોરોનાની બીજી લહેરમાં સૌને સમજાયું. હૃદય ધબકતું રહે તો માણસ જીવંત રહે છે, પરંતુ શરીરમાં ઑક્સિજનનું પ્રમાણસર વહન પણ એટલું જ મહત્ત્વનું છે. મહેસાણા જિલ્લાના ૭ વર્ષના દેવર્ષ પટેલના શરીરમાં ઑક્સિજનનું પ્રમાણ જ અપ્રમાણસર બન્યું. સામાન્ય બાળકમાં ૯૫ ટકાથી વધુ જોવા મળતું ઑક્સિજનનું પ્રમાણ આ બાળકમાં ૬૦થી ૭૦ ટકા જેટલું જ રહેતું હતું. માસૂમ બાળકની આ ગંભીર સમસ્યાનો ઈલાજ ખાનગી હૉસ્પિટલોમાં લાખોમાં થાય એમ હતો, પરંતુ ગુજરાત સરકારના શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ અમદાવાદ સિવિલની યુ. એન. મહેતા હાર્ટ હૉસ્પિટલમાં ઈલાજ વિનામૂલ્યે સંપન્ન થયો છે.

મહેસાણા જિલ્લાના દેવર્ષના શરીરમાં ઑક્સિજનનું પ્રમાણ અપ્રમાણસર રહેતાં તેના પરિવારજનો ચિંતિત રહેતા હતાં. પરિવારજનો બાળકને સ્થાનિક હૉસ્પિટલમાં લઈ ગયા, સ્થાનિક તબીબોને આ સમસ્યા જટિલ લાગતાં અમદાવાદ સિવિલ હૉસ્પિટલ મેડિસીટિસ્થિત યુ. એન. મહેતા હાર્ટ હૉસ્પિટલમાં બાળકને રિફર કરાયું હતું.

આ અંગે વિગતો આપતાં યુ. એન. મહેતા હાર્ટ હૉસ્પિટલના બાળહૃદયરોગ વિભાગના તબીબ ડૉ. ભાવિક ચાંપાનેરી કહે છે કે આ બાળકને કન્જેનાઈટલ પોર્ટો-સિસ્ટેમિક શંટ્સ (Congenital Porto-Systemic Shunts) નામની બીમારી હતી. સામાન્યપણે અશુદ્ધ લોહીનું લીવરમાં શુદ્ધીકરણ થાય છે. લીવરમાં શુદ્ધ થયેલ લોહીનું હૃદય અને ફેફસાંમાં વહન થાય છે. દેવર્ષના કિસ્સામાં લીવરમાં શુદ્ધ લોહી પહોંચાડતી નળી અને હૃદયમાં શુદ્ધ લોહી પહોંચાડતી નળી વચ્ચે ઍબનૉર્મલ જોડાણ હતુ. જેથી અશુદ્ધ થયેલું લોહી માર્ગ બદલીને હૃદય અને ફેફસાંમાં પહોંચતું. જે કારણોસર ફેફસાંની નળીઓ પહોળી થવા લાગી અને એ જ કારણોસર બાળકનું ઑક્સિજનનું પ્રમાણ ઘટવા લાગ્યું.

બાળકને આ તમામ તકલીફોથી ઉગારવા સઘન સારવાર આપવામાં ન આવે તો બાળકનું મૃત્યુ થવાની પણ સંભાવના હતી. જેથી ડૉક્ટર્સની ટીમે આ બાળકનું ઑપરેશન હાથ ધર્યું. જેમાં કી-હૉલ ટેક્નિકની મદદથી મેટલ ડિવાઈસનો ઉપયોગ કરીને સર્જરી સફળતાપૂર્વક પાર પાડવામાં આવી. આવા કિસ્સામાં સર્જરી કર્યા બાદ આ હૉલને બંધ કરવાની જરૂર પડતી હોય છે. જ્યારે ઘણાં બાળકોમાં આવા કિસ્સામાં લીવર ડેમેજ થઈ જવાથી લીવરનું પ્રત્યારોપણ કરવાની પણ ફરજ પડી શકે છે. તમામ પરિસ્થિતિને જોતાં અને અગાઉ પણ આ પ્રકારની 8થી 10 સર્જરીના અનુભવના આધારે બાળકને નહિવત્ નુકસાન પહોંચે તે માટે મેટલ ડિવાઈસનો ઉપયોગ કરીને જ આ સર્જરી હાથ ધરવામાં આવી, જે સંપૂર્ણપણે સફળ રહી છે. હાલ બાળક સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યું છે.

આ સમગ્ર સર્જરી શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત નિ:શુલ્ક કરવામાં આવી હતી. સિવિલ મેડિસિટીની યુ. એન. મહેતા હૉસ્પિટલમાં પાંચ વર્ષમાં 11 હજાર બાળકોની સારવાર સ્કૂલ હેલ્થ કાર્યક્રમ હેઠળ કરવામાં આવી છે.

દેવર્ષના પરિવારજનો કહે છે કે અમારા પરિવાર માટે ખાનગી હૉસ્પિટલ્સમાં રૂ. 3 લાખની તોતિંગ રકમની ખર્ચાળ સર્જરી કરાવીને દેવર્ષને સાજો કરવો લગભગ અસંભવ હતું. રાજ્ય સરકારના સ્કૂલ હેલ્થ કાર્યક્રમની મદદથી યુ. એન. મહેતા જેવી સુવિખ્યાત હૉસ્પિટલમાં ઍડ્વાન્સ ટેક્નોલૉજીની મદદથી દેવર્ષને કોઈપણ જાતની અન્ય પીડા વગર સર્જરી સફળતાપૂર્વક પાર પડી છે. જેમાં અમારે કોઈપણ જાતનો ખર્ચ ભોગવવો પડ્યો નથી. જે માટે અમારો સમગ્ર પરિવાર રાજ્ય સરકારનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે. ●

### શું છે કી-હોલ સર્જરી ?

*કી-હોલ સર્જરી એક એડ્વાન્સ ટ્રીટમેન્ટ પદ્ધતિ છે, જેમાં હાથ, પગ અથવા ગળા વાટે શરીરમાં ખામીયુક્ત ભાગ સુધી મેટલ ડિવાઈસ પહોંચાડીને હોલને પૂરવામાં આવે છે. આ પદ્ધતિમાં શરીરમાં ઓપન સર્જરી કરવી પડતી નથી. તેમ જ શરીરના કોઈપણ જગ્યાએ કાપો મૂકવો પડતો નથી કે ટાંકા લેવાની જરૂરિયાત રહેતી નથી.*

# એમેઝોનના જંગલમાં લાગેલી આગે
# આર્યાના હ્રદયમાં 'ક્લાયમેટ ચેન્જ ક્રાંતિ'ની જ્વાળા પ્રગટાવી

અંજલિ શુક્લ

નવસર્જનની શરૂઆત નાનાં કાર્યો અને પહેલથી જ થાય છે. ક્યારેક તમારા દ્વારા કરાયેલી નાની પહેલ ક્રાંતિનું સ્વરૂપ પણ ધારણ કરી લે છે. આ વિચારો છે અમદાવાદ શહેરની બાર વર્ષની લેખિકા આર્યા ચાવડાના.

અમદાવાદ શહેરના થલતેજ વિસ્તારમાં રહેતી આર્યા પાંચમા ધોરણમાં અભ્યાસ કરે છે. હરવાફરવા, મોજમસ્તી કરવાની ઉંમરમાં આર્યાએ વિવિધ જનકલ્યાણ અને સમાજકલ્યાણ અને કહીએ તો વિશ્વ કલ્યાણના વિષયો ઉપર ૮ જેટલાં પુસ્તકો લખ્યાં છે. એટલું જ નહિ આર્યા એક સારી ચિત્રકાર અને વક્તા પણ છે.



આર્યાએ પોતાના પુસ્તક 'seeds of hope' અને 'seeds to sow'માં આજે સમગ્ર વિશ્વ જે 'ક્લાઈમેટ ચેન્જ' અને 'ગ્લોબલ વૉર્મિંગ' જેવી સમસ્યાનો સામનો કરી રહ્યું છે તેના વિશે ખૂબ જ ઊંડાણપૂર્વક વાતને રજૂ કરી છે.

આર્યા જણાવે છે કે જ્યારે કોવિડ-૧૯ની શરૂઆત થઇ ત્યારે તેણે એમેઝોન અને ઑસ્ટ્રેલિયાનાં જંગલોમાં લાગેલી આગના કારણે લાખો નિર્દોષ વન્ય જીવ માર્યા ગયાના અહેવાલ સમાચારમાં વાંચ્યા. આ વાંચતાની સાથે જ આર્યાને પ્રશ્ન ઉદ્ભવ્યો કે કદાચ પર્યાવરણને થતા નુકસાન માટે મનુષ્યનો પ્રકૃતિમાં હસ્તક્ષેપ જવાબદાર છે અને યોગ્ય પગલાં અને નિર્ણયો દ્વારા તેને રોકી શકાય છે. આ વિચાર બિંદુની સાથે 'seeds of hope' પુસ્તકનું નિમાર્ણ થયું.

આટલેથી અટકી ન જતાં આર્યાએ લોકોને પર્યાવરણનું મહત્ત્વ સમજાવવા માટે 'ઇકો - સિસ્ટમ' ઉપર 'seeds to sow' પુસ્તક લખ્યું છે. એનું વિમોચન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

માત્ર પર્યાવરણ જ નહિ, પરંતુ અત્યારના આધુનિક સમાજને સ્પર્શતા વિષયો ઉપર આર્યા પોતાનાં પુસ્તકો લખી ચૂકી છે. વર્ષ ૨૦૧૭માં યુનેસ્કો દ્વારા અમદાવાદને વિશ્વનું પ્રથમ હેરિટેજ સિટી જાહેર કરવામાં આવ્યું. પરિણામે આર્યા પોતાના પિતા સાથે અમદાવાદની હેરિટેજ વૉક માટે નીકળી હતી, ત્યારે તેને થયું કે મારે આ સ્થાપત્ય અને કલાને લોકો સુધી પહોંચાડવી જોઈએ. આ વિચારની સાથે જ આર્યાનો લેખિકા તરીકે જન્મ થયો. માત્ર આઠ વર્ષની ઉંમરે પોતાનું પ્રથમ પુસ્તક 'અમદાવાદ માય સિટી માય હેરિટેજ' લખ્યું.

આર્યાનાં પુસ્તકોની વિશેષતા એ છે કે તેનાં તમામ પુસ્તકોમાં આર્યાએ પોતાનાં દોરેલાં ચિત્રોનો સમાવેશ કર્યો છે. આર્યા અનેક સરકારી અને ખાનગી શાળાઓ, કૉલેજો તથા વિવિધ સંસ્થાઓમાં વ્યાખ્યાન આપી ચૂકી છે. આ ઉપરાંત અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્લૅટફૉર્મ્સ પર ભારતીય સંસ્કૃતિ અને વારસાના પ્રચાર-પ્રસાર અંગે ભારતનું પ્રતિનિધિત્વ કરી ચૂકી છે. આર્યાની પ્રકૃતિ જાળવણીની વિવિધ પહેલથી પ્રભાવિત થઈને UNICEF દ્વારા પણ આર્યાના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતુ.

જૂન 2019માં ફક્ત નવ વર્ષની ઉંમરે આર્યાએ પૅરિસસ્થિત વર્લ્ડ હેરિટેજ કમિટી અઝરબૈજાનના બાકુમાં ૪૩મા સમારોહમાં 180 દેશના ૨૫૦૦ રાજદ્વારીઓ સામે પોતાની હેરિટેજ અંગેની કલા અને કૌશલ્યની પ્રતિભા દેખાડી હતી. કોવિડ-19ના મુશ્કેલ સમયમાં એપ્રિલ 2020માં વર્લ્ડ હેરિટેજ સેન્ટર પૅરિસ ખાતે આર્યાને વિશ્વવ્યાપી અભિયાન શૅર યૉર હેરિટેજ અંતર્ગત સ્પર્ધામાં ભાગ લઈ રહેલાં વિશ્વનાં ૫૫ જેટલાં રાષ્ટ્રના બાળપ્રતિનિધિઓને સંબોધ્યા હતા અને વૈશ્વિક સાંસ્કૃતિક વિવિધતા વિશે અને તેમનામાં આશાનો સકારાત્મક સંદેશો ફેલાય એવો અદ્ભુત સંદેશો આર્યાએ આપ્યો હતો.

આ ઉપરાંત રાષ્ટ્રીય કક્ષાએ કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ, ગુજરાતના ભૂતપૂર્વ રાજ્યપાલ શ્રી ઓ. પી. કોહલી, અને વિવિધ મંત્રીઓએ આર્યાના પર્યાવરણ અને સાંસ્કૃતિક વારસાની જાળવણીના અનોખા કાર્યને બિરદાવ્યું છે. આર્યા સૌ કોઈને પોતાનો સંદેશો આપતાં જણાવે છે, "મારી આઠ વર્ષની ઉંમરથી શરૂ થયેલી સફરથી લઈ આજ દિન સુધી મને હંમેશાં રાજ્ય સરકારનો સંપૂર્ણપણે ટેકો રહ્યો છે અને હંમેશાં સતત આગળ રહેવા પ્રોત્સાહન અને પીઠબળ પૂરું પાડ્યું છે એ માટે હું ગુજરાત સરકારની આભારી છું." ●

# 'માહિતી ખાતા'ની માહિતીએ આશિષભાઈનું જીવન બદલ્યું

અમિતસિંહ ચૌહાણ

ઘણી વખત આપણને આપણી આસપાસના એવા સ્રોતમાંથી અચાનક એવી પ્રેરણા મળે છે કે જેની આપણને કલ્પના પણ ન હોય! આવી અચાનક ઉદભવેલી પ્રેરણા માણસ માટે ઘણી આશાઓ લાવતી હોય છે. અમદાવાદમાં રહેતા અને વર્ષોથી એન્કાઇલોઝિંગ સ્પોન્ડિલાઇટિસ નામની બીમારીથી પીડાતા એક ભાઈએ અચાનક આ બીમારીની સિવિલ હૉસ્પિટલમાં સફળ સર્જરી થઈ હોવાના સમાચાર વાંચ્યા અને તેમને પણ આ સર્જરી કરાવવાની પ્રેરણા મળી. સિવિલ હૉસ્પિટલમાં આ સર્જરી કરાવ્યા બાદ હવે આ ભાઈ ખૂબ જ ઝડપથી સુખી જીવન તરફ આગળ ધપી રહ્યા છે.

રસપ્રદ વાત એ છે કે અખબારમાં છપાયેલી એ સક્સેસ સ્ટોરીનો મૂળ સ્રોત એ બીજું કોઇ નહીં, પણ ગુજરાત સરકારનું માહિતી ખાતું હતું.



કેસની વિગત એવી છે કે અમદાવાદ શહેરમાં વસતા ૩૪ વર્ષના આશિષભાઈ ચૌહાણ કૉમ્પ્યુટર ઓપરેટર તરીકે નોકરી કરે છે. છેલ્લાં છથી સાત વર્ષથી એન્કાઇલોઝિંગ સ્પોન્ડિલાઇટિસ નામની બીમારીથી પીડાઈ રહ્યા હતા. આ બીમારીના કારણે કરોડરજ્જુના મણકા એકબીજા સાથે ચોંટી જતા હોય છે અને કરોડરજ્જુ વાંકી વળી જતી હોય છે, જેના કારણે તેમને બેસવામાં, ચાલવામાં કે ડોક ઊંચી કરીને જોવામાં તકલીફ પડતી હતી. દિવસ દરમ્યાન તેઓને આ પીડા દૂર કરવા ત્રણથી ચાર વખત પેઇન કિલર લેવી પડતી હતી, જેના કારણે તેમની ઇમ્યુનિટી સિસ્ટમ પણ ખૂબ જ નબળી પડી ગઈ હતી. તેઓએ આ છથી સાત વર્ષમાં ૨૫થી ૩૦ જેટલાં ખાનગી દવાખાનામાં બતાવ્યું, પરંતુ આવી બીમારીનો કોઈ ઇલાજ ન હોવાનું જાણવા મળ્યું અને ખાનગી દવાખાનામાં ઘરના ઘર વેચાઈ જાય એટલા લાખના ખર્ચે સર્જરી કરાવવા આશિષભાઈ સક્ષમ નહોતા, કેમ કે નાણાકીય ભીંસનો પ્રશ્ન ઊભો થતો હતો.

આશિષભાઈએ એક દિવસ એક અખબારમાં તન્વીબહેન નામના દર્દી આ બીમારીમાંથી સર્જરી બાદ સાજાં થયાં હોવાના વિષયની સક્સેસ સ્ટોરી વાંચી હતી, જેના બાદ તેમણે વિચાર્યું કે જો સરકારી હૉસ્પિટલમાં આ બહેન સાજાં થઈ શકતાં હોય તો હું કેમ ન સાજો થઈ શકું? આ જ વિચારધારા સાથે આશિષભાઈએ સિવિલ હૉસ્પિટલમાં આવીને સંબંધિત તબીબોનો સંપર્ક કર્યો અને કહ્યું કે મારે પણ આ બહેનની જેમ સાજા થવું છે. અમદાવાદ સિવિલ હૉસ્પિટલમાં તો PMJAY જનઆરોગ્ય યોજનાના કારણે આશિષભાઈને ખર્ચની સમસ્યા પણ નડે તેમ નહોતી. તબીબોએ તેમને દાખલ કરીને સર્જરીની તૈયારીઓ અને પરીક્ષણો શરૂ કર્યાં.

જુદા જુદા ટેસ્ટ પરથી તબીબોને જણાયું કે આશિષભાઈમાં તન્વીબહેન કરતાં તકલીફ વધારે હતી, પરંતુ હારે તો એ અમદાવાદ સિવિલના તબીબો નહીં! સિવિલ હૉસ્પિટલના સિનિયર સ્પાઇન સર્જન ડૉ. પીયૂષ મિત્તલ અને તેમની ટીમે વિચારવિમર્શ બાદ આશિષભાઈ ઉપર જવલ્લે જ થતી પેડિકલ સબસ્ટ્રેક્શન ઓસ્ટિઓટોમી નામની જટિલ સર્જરી કરવાનો નિર્ધાર કર્યો. ડૉક્ટર્સે ન્યૂરો મોનિટરિંગની પણ ઑપરેશનમાં મદદ લીધી. સર્જરી બાદ દર્દીને કોઇ પણ તકલીફ ન પડે, તે ઘરનું ગુજરાન ચલાવવા ઉપરાંત સ્નાન, બેસવું, ઊઠવું, ચાલવું કે આડા સૂવા જેવી રોજિંદી ક્રિયાઓ આસાનીથી કરે અને તેના જીવનની ગુણવત્તા ન જોખમાય તેનું પણ ડૉક્ટર્સે ઑપરેશનમાં ખાસ ધ્યાન રાખ્યું.

આખરે ડૉક્ટર્સની મહેનત ફળી અને આશિષભાઈ ઉપર કરાયેલી સર્જરી સફળ રહી અને એ સાથે જ આશિષભાઈને છેલ્લાં સાત વર્ષથી ચાલી આવતી સમસ્યામાંથી છુટકારો મળ્યો. હવે આશિષભાઈ સર્જરી બાદ ધીરે ધીરે રિકવર થઈ ગયા છે.

આ સર્જરીના સંદર્ભમાં પ્રતિક્રિયા આપતાં સિવિલ સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. રાકેશ જોષી જણાવે છે કે સિવિલ હૉસ્પિટલમાં ગુજરાત ઉપરાંત પડોશી રાજ્યો રાજસ્થાન, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ સહિતનાં ૧૩થી વધુ રાજ્યોના જરૂરિયાતમંદ દર્દીઓ સિવિલ હૉસ્પિટલમાં થનાર વિવિધ સર્જરીની અખબારી માધ્યમો, સોશિયલ મીડિયાના માધ્યમ થી વિગતો વાંચી હૉસ્પિટલમાં સારવાર અર્થે આવતા હોય છે અને અહીંયા શ્રેષ્ઠ સારવાર લઈ હસતામુખે સ્વગૃહે પરત થાય છે. ●



### દ્વારકાની વૃધ્ધાનું પરિવાર સાથે પુનઃમિલન કરાવતું

# જામનગર “સખી” વન સ્ટોપ સેન્ટર

✎ દિવ્યા ત્રિવેદી

મહિલા વિકાસ અને મહિલા ઉત્થાન માટે સરકાર અનેક યોજનાઓ થકી કામગીરી કરી રહી છે, ત્યારે ગુજરાત સરકારનું મહિલા સુરક્ષા અને મહિલાઓની સહાય હેતુ કામગીરી કરતું સખી વનસ્ટોપ સેન્ટર અનેક મહિલાઓની સખી બની તેમના જીવનના સંઘર્ષમય પડાવોમાં સાચી સખી બની છે. જામનગરમાં પણ સખી વન સ્ટોપ સેન્ટરની સખીઓએ આવી જ ઉમદા ફરજ બજાવી દ્વારકાના માનસિક અસ્વસ્થ ૭૦ વર્ષીય વૃધ્ધાનો પરિવાર સાથે મેળાપ કરાવ્યો છે.

થોડાં દિવસો પહેલા એક જાગૃત નાગરિક દ્વારા ૧૮૧ માં કોલ કરીને જામનગર બસ-સ્ટેશન પર અંદાજે ૭૦ વર્ષીય એક અજાણી વૃધ્ધ મહિલા મળી હોવાની માહિતી આપવામાં આવી હતી. ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનની ટીમ દ્વારા આ મહિલાની માનસિક સ્થિતિ અને હાલની શિયાળાની ઠંડીને ધ્યાને લઈ જામનગર “સખી” વન સ્ટોપ સેન્ટર પર આશ્રય અપાવવામાં આવ્યો હતો.



“સખી” વન સ્ટોપ સેન્ટર દ્વારા આ વૃધ્ધ મહિલાનું કાઉન્સેલિંગ કરતા તેમનું નામ રંભાબેન કેશવજીભાઈ નકુમ, ઉંમર-૭૦ વર્ષ હોવાનું જાણવા મળ્યુ. તેઓ દ્વારકાના વતની છે. રંભાબેનએ જણાવેલ કે, તેમને સંતાનમાં ૬ દિકરા છે, તેના દિકરા અને પુત્રવધુ યોગ્ય રીતે રાખતા ન હોવાથી તેઓ ઘરેથી નીકળી ગયા અને છેલ્લા ૧૨ મહિનાથી જામનગર બસ સ્ટેશન પર રહેતા હતા. સેન્ટર દ્વારા બહેનનું નિરીક્ષણ કરતા તેઓની માનસિક સ્થિતિ અસ્વસ્થ હોવાથી અને શારીરિક સ્થિતિ પણ સારી ન હોઇ, બહેન યોગ્ય રીતે ચાલી પણ નહોતા શકતા.

જિલ્લા મહિલા અને બાળ અધિકારી શ્રી ચંદ્રેશ ભાંભીની સૂચના અને માર્ગદર્શન હેઠળ “સખી” વન સ્ટોપ સેન્ટરના કેન્દ્ર સંચાલક હેતલબેન અમેથીયા દ્વારા સોશ્યલ મીડિયાના માધ્યમથી વૃધ્ધાના ભાઈનો સંપર્ક થઈ જતા, જામનગર “સખી” વન સ્ટોપ સેન્ટરની ટીમ દ્વારા મહિલાને દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના ખાખરડા ગામમા પોતાના ભાઈ સાથે પુનઃમિલન કરાવ્યું હતું. મહિલાના ભાઈએ કહ્યું હતું કે, વૃધ્ધાનાં દિકરાઓ સરખી રીતે સાચવતા ન હોવાથી તેઓ છેલ્લા અઢી મહિનાથી ઘરેથી નીકળી ગયા હતા. સેન્ટર દ્વારા બહેનના ભાઈને યોગ્ય સંભાળ લેવા જણાવેલ હતું અને બહેનના પરીવારજનોએ જામનગર “સખી” વન સ્ટોપ સેન્ટરનો આભાર માન્યો હતો. આમ, વૃધ્ધ મહિલાનું જામનગર “સખી” વન સ્ટોપ સેન્ટર દ્વારા વૃધ્ધ મહિલાનું તેમના પરિવાર સાથે પુનઃમિલન કરાવવામાં આવ્યું હતું. ●





# ટેક્નોલોજી અને ખેતીના સમન્વયથી કૃષિની નવી દિશા ચિંધતા યુવા એન્જિનીયર ખેડૂત

✎ **પીનલ પટેલ**

વર્ષોથી રાસાયણીક ખેતી થતી હોય એવા પરિવારના વ્યવસાયે એન્જિનિયર યુવાન ખેડૂતને વિચાર આવે કે, કૃષિ ક્ષેત્રે અદ્યતન ટેક્નોલોજીના ઉપયોગ અને અવનવા સંશોધનોના કારણે કૃષિ ઉત્પાદન તો મબલખ મળે પણ સામે ખર્ચનું પ્રમાણ કેટલું મોટું ? આ રીતે ખેડૂત ખેતીમાં કઈ રીતે લાંબા ગાળા સુધી ટકી શકે.

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના સગરામપુરા કંપાના યુવાન એન્જિનીયર પણ ખેતીમાં વિશેષ રસ ધરાવતા દીક્ષિતભાઈ પટેલ આવું જ વિચારે છે, એટલે જ દીક્ષિતભાઈ પોતાનો ધીકતો એન્જિનીયરીંગનો ધંધો છોડી, ગાંધીનગરની પોતાની ઓફીસને ખેડૂત તાલીમ કેંદ્રમાં ફેરવી પ્રકૃતિ ખેતી તરફ ખેડૂતો વળે તે માટે સુભાષ પાલેકરજીની સાથે સાથે પોતે પણ ગુજરાતના ગામડાઓ ખુંદી પ્રાકૃતિક ખેતીનો પ્રચાર-પ્રસાર કરવામાં લાગી ગયા છે.

**હું એન્જિનીયરીંગનો વ્યવસ્થા છોડી સંપૂર્ણ ખેડૂત બની ગયો છું. ગુજરાતના ખેડૂતો સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટે તાલીમ આપી રહ્યા છીએ.**

દીક્ષિતભાઈ કહે છે કે, વ્યવસાયે મારા પિતા ખેડૂત, પરંતુ હું વ્યવસાયે એન્જિનિયર છું એન્જિનિયરિંગમાં ભણ્યા પછી એન્જિનીયરિંગ ક્ષેત્રમાં વ્યવસાયે ગયો, પરંતુ ખેતી મારા બાપ-દાદાનો વ્યવસાય હોવાથી ખેતીમાં પણ મને એટલો જ રસ હતો. હું રાસાયણિક ખેતી જ કરતો પરંતુ તેમાં ખર્ચ વધુ અને નફો ઓછો મળતો હોવાથી મને એમ થયું કે આપણે બહુ ખોટા રસ્તે છીએ. શોધ કરતા કરતા રાજીવ દીક્ષિતના પ્રવચનો મારા સાંભળવામાં આવ્યા તેમાંથી મને ઘણી પ્રેરણા મળી ત્યારબાદ મને સુભાષ પાલેકરજીનો ઓનલાઈન સંપર્ક થયો. તેમનું કૃષિ સંબંધિત તમામ સાહિત્ય ઓનલાઇન વાંચ્યા પછી વર્ષ ૨૦૧૫માં ત્રણ દિવસની વર્કશોપમાં જોડાયો. વર્ષ ૨૦૧૬થી હું સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી તરફ વળ્યો છું જેના મને ખૂબ જ સુંદર પરિણામો મળ્યા છે.

આ પરિણામો બાદ ખેતી તરફનો મારો અભિગમ બદલાયો પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવાના કાર્યમાં હું પોતે પણ લાગી ગયો. આજે મેં મારો એન્જિનિયરીંગનો વ્યવસાય છોડી સંપૂર્ણ ખેડૂત બની ગુજરાતના ખેડૂતો સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટે અમે વર્કશોપ યોજીને તાલીમ આપી રહ્યા છીએ.

આજે મારા ખેતરમાં અંદાજે ૩૦થી ૪૦ કિલો સુધીની કેળાની લુમ છોડ પર ઝૂલી રહી છે. હાલ અઢી એકરમાં કેળાની ખેતી કરી છે અને બાકીના અઢી એકરમાં શાકભાજીનું વાવેતર કર્યું છે. કેળાના ખેતરમાં ૩૦૦૦ છોડ છે. ૧૬ કિલોની લૂમ સહેજે મળે છે એ જોતા અંદાજે ૨૦ મેટ્રિકટન કેળાનું ઉત્પાદન થાય જે હોલ સેલ બજારમાં રૂ. ૩૦ના કિલોના ભાવે વેચાય છે. રિટેલમાં રૂ. ૪૦-૪૫ના ભાવે વેચાય આ ગણતરી કરતાં રૂ. અઢી એકરમાં રૂ. ૧૨ થી ૧૩ લાખની કેળાની ખેતીની આવક થાય છે.

દિક્ષિતભાઇ હાલ ગાંધીનગર ખાતે રહે છે. ખેતી માટે દસેક દિવસે ગામડે આવે છે.પોતાની જમીનમાં સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી કરે છે. આ ખેતી પ્રકૃતિ, પાણી, આરોગ્ય, પર્યાવરણ તમામ સમસ્યાઓનું સમાધાન છે. દીક્ષિતભાઈએ અત્યાર સુધીમાં ગુજરાતના ૨૫ હજારથી વધુ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ તરફ વાળવા તાલીમ અને માર્ગદર્શન આપ્યું છે તેમનું કૃષિ ઉત્પાદન જોઈ આસપાસના ખેડૂતો પણ આ ખેતી તરફ વળ્યા છે, પ્રાકૃતિક ખેતી હાલની તમામ સમસ્યાઓનું સમાધાન કરનારી અને નીરોગી તંદુરસ્ત જીવન આપનારી ખેતી બનશે. . ●



## કુદરતને કંકોતરી લખતા હો તો એક કંકોતરી

# જાંબુઘોડા અભયારણ્યના કડા ડેમના નામે અવશ્ય લખજો

**અહીં કોઇ ડૅમ નથી, પણ સિંચાઈ માટે બનાવવામાં આવેલું આ તળાવ વન્ય જીવો અને પક્ષીઓને તરસ્યાં રહેવા દેતું નથી**

✎ **બી. પી. દેસાઇ**

કુદરતનું સરનામું એટલે ડુંગર, જંગલો, નદીઓ, સરોવરો, ઝરણાં, વન્ય જીવો અને ભાત ભાતનાં પક્ષીઓ. વડોદરા નજીક પંચમહાલ જિલ્લામાં અંદાજે રસ્તા માર્ગે ૭૦થી ૮૦ કિમીના અંતરે આવું જ એક કુદરતનું મસ્ત સરનામું છે જાંબુઘોડા અભયારણ્યમાં આવેલું કડા જળાશય, જે અહીં કોઈ ડૅમ (બંધ) ન હોવા છતાં બહુધા કડા ડૅમના નામે ઓળખાય છે. કદાચ એની ત્રણ બાજુ નાની ટેકરીઓની કુદરતી દીવાલ હોવાથી આ નામ પડ્યું હશે. મૂળભૂત રીતે આ ખૂબ નાનું, સિંચાઇ વિભાગના તાબા હેઠળનું તળાવ છે, જેની સિંચાઇનો લાભ નજીકના ધનપરી અને કડા ગામના ખેડૂતોને મળે છે.

આ વિસ્તારના વન અધિકારી શ્રી એચ. ડી. રાઉલજીએ આ અંગે વધુ માહિતી આપતાં જણાવ્યું હતું કે નાનીમોટી ડુંગરીઓ પરથી રેલાતું વરસાદી પાણી આ તળાવનો મુખ્ય જળ સ્રોત છે. આ વિસ્તારમાં આ વર્ષે ચોમાસું નબળું રહ્યું છે. એટલે નબળા ચોમાસે જ્યારે પાણી ખૂટી જાય ત્યારે ઉનાળામાં એને સુખી કૅનાલની મદદથી ભરવામાં આવે છે, જે ખેતીની સાથે વન્ય જીવોની તરસ છિપાવે છે અને પક્ષીઓને પોષે છે. તળાવના કાંઠે વનકેડી અને ટાવર પણ છે.

વડોદરાથી હાલોલ - શિવરાજપુર થઈને અને ડભોઇ - બોડેલીના રસ્તે જાંબુઘોડા પહોંચી શકાય છે. જાંબુઘોડા ગામની બહારના બે પેટ્રોલ પંપ વચ્ચેની કેડી પર થઈને કડા ડૅમ સાઇટ પહોંચાય છે. રસ્તા બહુધા પાકા છે.

કડા ડૅમ, સાદરાના જંગલમાં આવેલું ધનપરી પ્રકૃતિ પ્રવાસન કેન્દ્ર, નજીકમાં આવેલા પ્રાચીન અને વિશાળકાય, જંગલના રખેવાળ ઝંડ હનુમાનદાદા અને તરગોળ સિંચાઇ તળાવ એકબીજા સાથે સંકળાયેલા છે અને લગભગ ૨૫થી ૩૦ કિલોમીટરના વનભ્રમણ માટે મસ્ત ગણાય એવા છે.

કડા અને ધનપરી પ્રકૃતિ પ્રવાસન કેન્દ્ર ખાતે ટેન્ટ, કૉટેજ, ડૉરમિટરી જેવી રહેવાની વ્યવસ્થાઓ છે. ધનપરીની નિવાસીવ્યવસ્થામાં વીજપુરવઠો ખોરવાય તો કામ લાગે એવા ઈનવર્ટર, સોલર ગીઝર, જંગલમાં ફરવા માટે ભાડેથી સાઇકલની વ્યવસ્થા, વનભ્રમણ માટે વાન, બેઠક યોજવા માટે સભાખંડ જેવી સુવિધાઓ ઉપલબ્ધ છે.

સિંચાઇનો લાભ આપતા કડા ડૅમની આસપાસ નાનકડા



પક્ષીતીર્થનો કુદરતી વિકાસ થયો છે એવી જાણકારી આપતાં વન અધિકારી શ્રી વનરાજસિંહ પરમાર કહે છે કે આ વિસ્તારમાં બારેમાસ વિવિધતાસભર દેશી પક્ષીઓ જોવા મળે છે, એની સાથે આ તળાવથી બનતા વેટલૅન્ડને લીધે શિયાળામાં અહીં યાયાવર પક્ષીઓના નાના સમૂહો પણ આવે છે.

આમ તો જંગલનો રાજા સિંહ કહેવાય, પણ અહીંનાં જંગલોમાં દીપડાનું રાજ્ય છે. તેની સાથે લોંકડી, ઝરખ, કીડીખાઉ, રીંછ, નીલગાય જેવા વન્ય જીવો અહીં વસે છે. જોકે સિંહ રાજવી જીવ છે એટલે ગીરમાં સિંહદર્શન જેવું આયોજન શક્ય છે. દીપડો ખૂબ ચપળ, આક્રમક જીવ છે એટલે દીપડાદર્શનનું આયોજન શક્ય નથી.

જાંબુઘોડા વિસ્તારને અભયારણ્ય તરીકેની માન્યતા અહીંના પૂર્વ રાજવીએ ખૂબ અભ્યાસપૂર્ણ રજૂઆતો દ્વારા અપાવી હતી. તેમને આ કામમાં વડોદરાના વનસ્પતિશાસ્ત્રી અને પર્યાવરણવિદ સ્વ. ડૉ. ગુણવંત ઓઝાએ ઘણી મદદ કરી હતી.

આ જંગલવિસ્તારમાં સરિસૃપ વિવિધતા છે. અહીં ટ્રૅકિંગ ખૂબ સાવચેતી રાખીને કરવું જરૂરી છે. હાલોલથી જાંબુઘોડાના રસ્તે ભાટ ખાતે પ્રકૃતિ પ્રવાસન કેન્દ્ર છે. નજીકમાં હાથણી માતા નામના સ્થળે ચોમાસા પૂરતો મર્યાદિત ધોધ છે.

કુદરત સાથે આંખ મિલાવી શકતા હો તો જ અહીં આવવું. આ મોટા અવાજે ગીતો વગાડી, નાચગાન અને ધમાચકડી માટેનું સ્થળ નથી. વન કેડીઓ પર ફરીને કુદરતને માણવાની અને ઓળખવાની આ જગ્યા છે એટલે પ્લાસ્ટિકનો કચરો પોતાની સાથે જ બહાર લઈ જવાની માનવતા દાખવવી અહીં ખૂબ જરૂરી છે.

અહીંનાં પ્રકૃતિ પ્રવાસન કેન્દ્રો ગામલોકોની મંડળીઓ દ્વારા સંચાલિત છે. સાદું સ્વદેશી ભોજન અને નાસ્તો તેઓ ઉપલબ્ધ કરાવે છે. સોલરનો વિનિયોગ વન વિભાગે કર્યો છે. હરિયાળીનું પ્રમાણ લોકોના સહયોગ અને વન વિભાગની કાળજીથી સારું એવું વધ્યું છે. આ જંગલનાં મુખ્ય વૃક્ષો ઘેઘૂર મહુડા, ઊંચા ઊંચા સાગ અને પાઘડીપને પથરાયેલા વાંસનાં ઝુંડ છે. ધનપરીના પરિસરમાં લીલા વાંસનાં ઝુંડથી બનાવેલું વાંસઘર મસ્ત છે.

અહીં વન વિભાગના એક ભૂતપૂર્વ ચોકીદાર જંગલના ભોમિયા તરીકે સેવા આપે છે, જેમની સાથે વનકેડીઓ પર વિહરવા જેવું છે. તાજેતરમાં જ વન વિભાગે પ્રવાસીઓ જંગલના રસ્તા અને કેડીઓ પર ફરી શકે એવું વાહન રૂ. દશ લાખના ખર્ચે વસાવ્યું છે, જેનો ભાડું ચૂકવીને લાભ લઈ શકાય છે.

કડા અને ધનપરી, બંને જગ્યાઓએ વન શિબિરો યોજવાની પણ સુવિધા છે. જાંબુઘોડા અભયારણ્યની ખાસિયત એ છે કે આરક્ષિત જંગલ વચ્ચે ગામો અને ખેતરો આવેલાં છે. એટલે માનવ અને પ્રકૃતિના સહજીવનનું ઉત્તમ વાતાવરણ અહીં જોઈ શકાય છે.

આ જંગલનું સંચાલન વન્ય જીવ વિભાગ, વડોદરા દ્વારા વન્ય જીવ વર્તુળ, કેવડિયાના માર્ગદર્શન હેઠળ થાય છે. આ વન વિસ્તારની મુલાકાત લેવા માટે શરદથી લઈને શિયાળા સુધીનો સમય ઉત્તમ ગણાય. ઉનાળો કદાચ આકરો લાગે, તો તમે પણ ક્યારેક જાંબુઘોડાના સંરક્ષિત વનના મહેમાન બનવાનું વિચારજો. કુદરતમાં રસ હશે તો અવશ્ય મજા આવશે. ●

## વડોદરા વન્ય જીવ વિભાગની પ્રવાસી સુરક્ષા માટે અનોખી પહેલ...

**વડોદરા વન્ય જીવ વિભાગે જાંબુઘોડા અને રતન મહાલ અભયારણ્યની જાંબુઘોડા, શિવરાજપુર અને કંજેટા રેન્જ હેઠળ આવેલા પ્રકૃતિ પ્રવાસન કેન્દ્રોમાં આવતા મહેમાનોની સલામતી માટે વીમા સુરક્ષા છત્રનું આયોજન કર્યું છે. અધિકૃત પરમિટ સાથે જંગલમાં પ્રવેશ કરનાર અને આ કેન્દ્રો માટે આરક્ષણ કરાવનાર સહુ પ્રવાસીઓને તેનો લાભ મળી શકે છે. અહીં પ્રવાસીઓના માથે કોઈ મોટાં જોખમો તોળાય છે એવું નથી એવી સ્પષ્ટતા કરતાં કાર્યકારી મદદનીશ વનસંરક્ષક શ્રી એચ. ડી. રાઉલજી કહે છે કે જંગલ છે અને દીપડો, રીંછ જેવાં પ્રાણીઓ છે એટલે ક્યારેક કોઈ પ્રવાસી પર હુમલા કે સર્પદંશ જેવી ઘટના બની શકે. મારી જાણમાં હજુ આવી કોઈ ઘટના બની નથી. તેમ છતાં પ્રવાસીઓની સુરક્ષા અને સલામતીની કાળજી લેવાના અભિગમ હેઠળ વીમા સુરક્ષા છત્રની પહેલ કરી છે. જંગલની શિસ્ત પાળો તો વન્ય પ્રાણીઓ ક્યારેય હુમલો કરતાં નથી. આ લાભ માત્ર અધિકૃત પ્રવેશ કરનાર પ્રવાસીઓને જ મળવાપાત્ર છે.**

# રાજ્યની બાર ટાઉન પ્લાનિંગ સ્કીમને મંજૂરી



શહેરોમાં ભવિષ્યમાં ઉભી થનારી જરૂરીયાતોને ધ્યાને લઈને ગુજરાત સરકારે દીર્ઘદ્રષ્ટીપૂર્ણ નિર્ણયો કરી વિકાસ કામો હાથ ધર્યા છે. શહેરોમાં ટ્રાફિકોના પ્રશ્નના ઉકેલ માટે ઓવર બ્રીજ, અંડરબ્રીજનું નિર્માણ કરવામાં આવ્યુ છે. તેમજ શહેરીજનોની સુખાકારી માટે ભૂગર્ભ ગટર, બાગબગીચાઓ, પાકા રસ્તાઓ, આવાસની સુંદર વ્યવસ્થા કરાવામા આવી છે. રાજ્યમાં નવા રોકાણકારોના આગમનના કારણે ગુજરાત રોજગારી માટેનું કેન્દ્ર બન્યુ છે. રાજ્યના શહેરોનો વ્યાપ વધતો જાય છે. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ગુજરાતનાં શહેરોની વિકાસવૃદ્ધિની દિશામાં વધુ એક કદમ ભરતાં રાજ્યમાં બાર ટાઉન પ્લાનિંગ સ્કીમને મંજૂરી આપી છે.

મુખ્ય મંત્રીશ્રીએ મંજૂર કરેલી ફાઇનલ ટીપી સ્કીમમાં અમદાવાદ અંતર્ગત નારોલ ટીપી સ્કીમ નં. ૫૭, વેજલપુર ટી. પી. સ્કીમ નં. ૨૪, ચાંદખેડા ટી.પી. સ્કીમ નં. ૭૫, વટવા-૫ ટી.પી. સ્કીમ નં. ૮૫, અમદાવાદમાં ઔડા અંતર્ગત સાણંદમાં આવેલી ટીપી સ્કીમ નં. 9 અને સુરતના વેસુ- મગદલ્લા વિસ્તારમાં આવેલી ટીપી સ્કીમ નં. 7 જહાંગીરાબાદ ટી.પી. સ્કીમ નં. ૪૪ અને ટી.પી. સ્કીમ નં. ૪૬નો સમાવેશ થાય છે.

મુખ્ય મંત્રીશ્રીએ મંજૂર કરેલી ડ્રાફ્ટ ટી.પી સ્કીમમાં સુરતની સ્કીમ નં. ૧૫ (ફુલપાડા) (ત્રીજો ફેરફાર) અને વડોદરા (બિલ) ની ટી.પી સ્કીમ નં. ૨૭-Aનો સમાવેશ થાય છે. મુખ્ય મંત્રીશ્રીએ વડોદરા શહેરની ડ્રાફ્ટ સ્કીમ નં. ૨૭-Aને મંજૂરી આપતાં સંપ્રાપ્ત ૫૫.૫૨ હેક્ટર જમીન પર સામાજિક અને આર્થિક રીતે નબળા વર્ગના લોકોનાં રહેઠાણ, ખુલ્લી જગ્યા, બાગ-બગીચાનું નિર્માણ થઇ શકશે તેમજ આંતરમાળખાકીય સવલતોના ખર્ચને પહોંચી વળવા વેચાણ માટેની જમીન પણ ઉપલબ્ધ બનશે.

આ ઉપરાંત મુખ્યમંત્રીશ્રીએ મંજૂર કરેલી 2 ડ્રાફ્ટ ટીપી સ્કીમમાં ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન અંતર્ગત અકવાડા વિસ્તારમાં આવેલી ટીપી સ્કીમ નં. 29 અને ભાવનગર વિસ્તાર વિકાસ સત્તા મંડળ અંતર્ગત અધેવાડા વિસ્તારમાં આવેલી ટીપી સ્કીમ નં. 17નો સમાવેશ થાય છે. આ બંને ડ્રાફ્ટ ટીપી સ્કીમ મંજૂરી થવાથી અનુક્રમે 39.6 હેક્ટર જમીન અને 105.12 હેક્ટર જમીન સંપ્રાપ્ત થશે. આમ ભાવનગર શહેર માટે કુલ 144.72 હેક્ટર જમીન સંપ્રાપ્ત થશે. મુખ્યમંત્રીશ્રીએ ભાવનગર શહેરની ડ્રાફ્ટ સ્કીમોની મંજૂરી આપતા સંપ્રાપ્ત જમીન પર સામાજિક અને આર્થિક રીતે નબળા વર્ગના લોકોના રહેઠાંણ, ખૂલ્લી જગ્યા, બાગ-બગીચાનું નિર્માણ થઇ શકશે તેમજ આંતરમાળખાકીય સવલતોના ખર્ચને પહોંચી વળવા વેચાણ માટેની જમીન પણ ઉપલબ્ધ બનશે.



ગુજરાત રાજ્ય શહેરી વિકાસના ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યું છે. શહેરોના આયોજન માટે સરકાર દ્વારા ખૂબ જ ઝડપી નિર્ણયો લેવાયા છે. તેથી નાગરિકલક્ષી સુવિધાઓ પુરી પાડવા માટેની કામગીરીમાં અકલ્પનીય ગતિશીલતા આવી છે. મુખ્યમંત્રીશ્રીએ ત્વરિત નિર્ણાયક નેતૃત્વનો પરિચય આપતાં વિકાસના કામ માટે એક પળનો પણ વિલંબ કર્યા વિના મંજૂરી આપવાની કાર્યરીતી અપનાવી છે. મુખ્યમંત્રીશ્રી એ સંલગ્ન અધિકારીઓને પણ નાગરિકલક્ષી અભિગમ અપનાવવા સ્પષ્ટ સુચના આપેલ છે.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના નગરોમાં આંતરમાળખાકીય સવલતો જેવી કે બ્રિજ, રસ્તા કે ફાયર સર્વિસથી લઇ ડી.પી./ટી.પી. માટેના દરેક પ્રશ્નો માટે જરૂર જણાય ત્યાં ત્વરીત નિષ્ણાંતો, અધિકારીઓ, પ્રજાના પ્રતિનિધિઓ અને સંસ્થાઓ સાથે વિચાર વિમર્શ કરી-બેઠકો યોજી નિર્ણય લેવાનો નવતર અભિગમ અપનાવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકારના પારદર્શી વહિવટ, નિર્ણાયકતાના કારણે શહેરોનો વિકાસ ઝડપી બન્યો છે. ઓનલાઈન એન.એ., મહેસુલી સુધારા, નાગરિકહિતલક્ષી નીતિ, સિંગલ વિંડો સિસ્ટમના કારણે લોકોના નાણા અને સમયની બચત થઈ છે. ગુજરાતના લોકોને વિકાસ પરવાનગી માટે કચેરીના ધક્કા ન ખાવા પડે અને પોતાના ઘેર બેસી ૨૪ કલાકમાં જ અધિકૃત નકશા અને રજા ચિઠ્ઠી મળે તેવી ઓનલાઇન ડેવલપમેન્ટ પરમીશન સિસ્ટમ (ODPS) ૨.૦ પણ લોન્ચ કરી છે. આ દિશામાં આગળ વધતા મુખ્યમંત્રીશ્રીએ બાર ટાઉન પ્લાનીંગ સ્કીમો મંજૂર કરી ગુજરાતના શહેરોનો વિકાસ વેગવંતો રાખવાનો રાજ્ય સરકારનો સંકલ્પ ફરી સાકાર કર્યો છે. ●

# બેંકો દ્વારા ધિરાણને લગતા દસ્તાવેજો પર ડિઝીટલ ઇ-સ્ટેમ્પીંગથી સ્ટેમ્પ ડ્યૂટી ભરી શકાશે

ડિજિટલ સ્વરૂપે રજૂ થતા બિન નોંધણીપાત્ર લેખોમાં સ્ટેમ્પ ડ્યુટી ભરવા માટે ડિજિટલ ઈ - સ્ટેમ્પિંગ પધ્ધતિનો અમલ કરવાનો રાજય સરકારે મહત્ત્વનો નિર્ણય કર્યો છે. જેના પરિણામે બેંકો દ્વારા ધિરાણને લગતા વિવિધ દસ્તાવેજો માટેના લેખ ઉપર ડિઝીટલ ઇ - સ્ટેમ્પીંગ પધ્ધતિથી સ્ટેમ્પ ડ્યૂટી ભરી શકશે.

આ અંગે વિગતવાર માહિતી આપતાં મહેસૂલ મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ડિજિટલ ઈન્ડીયાના સપનાને સાકાર કરવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ વાળી સરકારે ડિજિટલ ગુજરાતના નિર્માણ માટે અનેક નવતર આયામો હાથ ધર્યા છે, જેના પરિણામે જનસુખાકારીના લાભો લોકોને ઝડપથી અને પારદર્શિતાથી મળતા થયા છે એ ક્ષેત્રે પણ આ નિર્ણય મહત્ત્વનો પુરવાર થશે.




**બેંકો અને નાણાકીય સંસ્થાઓને લોન વ્યવહારો માટે ડિજિટલ સ્વરૂપે રજૂ થતા બિન નોંધણીપાત્ર લેખોમાં સ્ટેમ્પ ડ્યુટી ભરવા માટે ઇ - સ્ટેમ્પિંગ પધ્ધતિનો શુભારંભ કરાવતા મહેસૂલ મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી**

મહેસૂલ વિભાગના સ્ટેમ્પ પ્રભાગ દ્વારા NSL પ્લેટફોર્મ ઉપર સ્ટોક હોલ્ડીંગ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડની ડિઝીટલ ઇ - સ્ટેમ્પીંગની સુવિધાનો શુભારંભ કરાવતા મંત્રીશ્રીએ ઉમેર્યુ કે, ડિજિટલ ઇ-સ્ટેમ્પિંગ પદ્ધતિ ભારત સરકાર દ્વારા બેંકની ધિરાણને લગતી વિવિધ સેવાઓ માટે ડિઝીટલ ડોક્યુમેન્ટ એક્ઝિક્યુશન (DDE) પ્લેટફોર્મ તૈયાર કર્યુ છે.આ માટે ભારત સરકારની નેશનલ ઈ ગવર્નન્સ સર્વિસ લિમિટેડ (NeSL) દ્વારા નેશનલાઈઝ બેંકો તથા રાષ્ટ્રીય કક્ષાએ ધિરાણકરતી ૨૩૪ જેટલી નાણાકીય સંસ્થાઓ સાથે મળી રાષ્ટ્રીય કક્ષાએ Insolvency & Bankruptcy Code - 2016 (IBC-2016) તથા Information Utility (IU) માહિતી ઉપયોગિતાની જોગવાઇ મુજબ ડીઝીટલ લોન ડોક્યુમેન્ટ એક્ઝિક્યુશન પ્રક્રિયા ઉપલબ્ધ કરવામાં આવી છે. DDE પ્લેટફોર્મએ પેપરલેસએક્ઝિક્યુશન અને નાણાકીય કોન્ટ્રાક્ટના સંગ્રહ માટેનું એક શ્રેષ્ઠ માધ્યમ છે, જેનાથી ખાસ કરીને વ્યવસાયો માટે ઝડપી ધિરાણની જરૂરિયાતના આજના સમયમાં "Ease of Doing Business" વેગવંતુ બનશે.

આ સુવિધાના પરિણામે લોન આપનાર અને લેનાર બંનેને પૈસા અને સમયની બચત થશે. ઉપરાંત લોનની પ્રક્રિયાની કાર્યદક્ષતામાં વધારો થશે. આ આખી પ્રક્રિયા પેપરલેશ હોવાની સાથે સાથે ઓનલાઇન રીયલ ટાઇમ થી ડિજિટલ ઇ સ્ટેમ્પિંગ દ્વારા સ્ટેમ્પ ડ્યુટી પણ ભરપાઈ થઇ જશે.આધાર કાર્ડની સહી સાથે ઇ- સાઈન વાળો લોનનો ડિજિટલ ડોક્યુમેન્ટ બનશે . આ દસ્તાવેજનું ઓનલાઇન ડિજિટલ સ્વરૂપમાં રેકોર્ડ/ સંગ્રહ થશે. આ માટે રાજ્ય સરકાર દ્વારા ડિજિટલ ઇ-સ્ટેમ્પિંગની પદ્ધતિને ભારત સરકાર દ્વારા અધિકૃત કરેલ સ્ટોક હોલ્ડીંગ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડની NeSLના પ્લેટફોર્મ પર બેંકો અને નાણાકીય સંસ્થાઓ દ્વારા લોન વ્યવહારો માટેના ડિજિટલ સ્વરૂપે રજૂ થતા બિન નોંધણીપાત્ર લેખોમાં સ્ટેમ્પ ડ્યુટી ભરપાઈ કરવાની ડિજિટલ ઈ-સ્ટેમ્પિંગ પધ્ધતિ કાર્યરત કરાઈ છે.

આ ઈ સ્ટેમ્પીગ સુવિધા ઉપલબ્ધ થતાં મુખ્યત્વે બેંકો દ્વારા ધિરાણને લગતા દસ્તાવેજો જેવા કે, સોગંદનામું, કરાર/ કબૂલાત (અન્ય જોગવાઇ કરી ન હોય ત્યારે), હક્ક પત્રો અનામત મૂકવા (જંગમ મિલ્કત સંબંધિત),બોન્ડ, બોટમરી બોન્ડ(વહાણ ગીરોખત), પતાવટ ખત, હામીખત, બાંહેધરી પત્ર, લાયસન્સ પત્ર, પાવર ઓફ એટર્ની (જંગમ મિલ્કત સંબંધિત), રિસ્પોન્ડેન્શિયા બોન્ડ, જામીન ખત અથવા ગીરો ખત જેવા લેખ ઉપર ડિઝીટલ ઇ-સ્ટેમ્પીંગ પધ્ધતિથી સ્ટેમ્પ ડ્યૂટી ભરી શકાશે.

સ્ટેમ્પીંગ કૌભાંડ જેવી નાણાંકીય ગેરરીતિઓ ન થઇ શકે તેવા ઉમદા હેતુથી તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાનશ્રીએ ગુજરાતમાં ઇ-સ્ટેમ્પીંગની પહેલ કરાવી હતી. આજે રાજ્યમાં ઈ-સ્ટેમ્પિંગના ૪૫૦૦ થી વધુ સેન્ટરો કાર્યરત છે. આ સેન્ટરોને વધુ સુદ્રઢ કરવાની આ નવી વ્યવસ્થા છે. ડિજિટલ ડોક્યુમેન્ટ એક્ઝીક્યુશન પ્લેટફોર્મ ઉપરથી બેંકો તથા નાણા ધિરાણ કરતી સંસ્થાઓ દ્વારા જંગમ મિલકતો માટે લેવામાં આવતી લોન જેવી કે, કાર ફાઇનાન્સ, મોબાઇલ ફાઇનાન્સ, ટુ વ્હીલર ફાઇનાન્સ અને બેંક ગેરંટીને લગતા વ્યવહારો માટે આ પધ્ધતિ ખૂબ જ સરળ, સુરક્ષિત અને ઝડપી પુરવાર થશે અને સામાન્ય નાગરિકને પણ ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસના લાભો મળશે. ●

## રાજ્યના ત્રણ મહાનગરોના રૂ.૬૦૭ કરોડના વિકાસ કામો મંજૂર

રાજ્યના શહેરી ક્ષેત્રો સહિતના વિસ્તારોમાં સર્વગ્રાહી વિકાસની નેમ સાથે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે સુરત, રાજકોટ અને ગાંધીનગર એમ ત્રણ મહાનગરોમાં કુલ ૬૦૭ કરોડના ૧૨૪ કામો માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. મુખ્યમંત્રીશ્રીએ સુરત મહાનગરમાં ૫૮૧.૪૦ કરોડ રૂપિયાના ખર્ચે આકાર પામનારા વિવિધ ૧૦૯ કામો માટે મંજૂરી આપી છે.

તદ્અનુસાર, ભૌતિક આંતરમાળખાકીય વિકાસના કામોમાં ડ્રેનેજ, સ્ટ્રોમ વોટર ડ્રેનેજ તથા પાણી પૂરવઠાના અને સી.સી. રોડના ૬૦ કામો માટે રૂ. ૪૦૭.૪૩ કરોડ, સામાજિક આંતરમાળખાકીય વિકાસના ૪૨ કામોમાં લાયબ્રેરી, ફાયર સેફટી સિસ્ટમ ઇન્સ્ટોલેશન, વોર્ડ ઓફિસ, સિવીક સેન્ટર, કોમ્યુનિટી હોલ, હેલ્થ સેન્ટર મલ્ટીલેવલ પાર્કીંગ, પબ્લીક હેલ્થ લેબોરેટરી વગેરે માટે ૧૪૯.૬૪ કરોડ રૂપિયા ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

સુરત મહાનગરમાં ફલાય ઓવર, બસ શેલ્ટર, કોરીડોર ડેવલપમેન્ટ જેવા અર્બન મોબિલીટીના ૬ કામો માટે રૂ. ૨૦ કરોડ અને આગવી ઓળખના કામ તરીકે ૧ સ્વીમીંગ પૂલના કામોને પણ શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. મુખ્યમંત્રીશ્રીએ રાજકોટ મહાનગરના આઉટગ્રોથ વિસ્તારોમાં પણ રસ્તાના ૫ કામો માટે રૂ. ૧૦.૪૫ કરોડ, પાણી પૂરવઠાના ૬ કામો માટે ૧૦.૧૪ કરોડ તથા આંગણવાડીના ૧ કામ માટે રૂ. ૨૦ લાખ એમ સમગ્રતયા ૧૨ કામો માટે ૨૦.૭૯ કરોડ રૂપિયા ફાળવવાનો સૈદ્ધાંતિક નિર્ણય કર્યો છે. એટલું જ નહિ, રાજ્યના પાટનગર ગાંધીનગર મહાનગરમાં પણ શહેરી સડક યોજનાના ૩ કામો માટે રૂ. ૫ કરોડની ફાળવણીની સૈદ્ધાંતિક મંજૂરી મુખ્યમંત્રીશ્રીએ આપી છે.

તદ્અનુસાર, ચાર ટી.પી સ્કીમમાં અસ્ફાલ્ટ રોડ બનાવવાના, નવા રોડ બનાવવાના તથા મહાનગરમાં સમાવિષ્ટ ઝૂંડાલ, ભાટ, કોટેશ્વર, કોબા, વાસણા હડમતીયા, સરગાસણ અને રાંધેજામાં હયાત ડામર રોડના રિસરફેસીંગના કામો સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત હાથ ધરાશે.

રાજ્યના નગરો, મહાનગરોમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત વિવિધ વિકાસ કામોની સંબંધિત નગરો-મહાનગરોની દરખાસ્તને ત્વરાએ સૈદ્ધાંતિક મંજૂરી આપવાના મુખ્યમંત્રીશ્રીના આ અભિગમથી શહેરી જનસુખાકારીના કામોમાં નવી દિશા મળી છે. ●

## મહેસૂલી રેકોર્ડના નમુના નં.૬, ૭/૧૨, ૮-અ હવે ઓન-લાઇન ઉપલબ્ધ



ગુજરાત સરકારે ડિજિટલ ગુજરાતના નિર્માણ માટે ઈ-ગવર્નન્સના માધ્યમ દ્વારા અનેકવિધ નવતર આયામો હાથ ધરીને પારદર્શી સેવાઓ નાગરિકો માટે ઉપલબ્ધ બનાવી છે. જેના ભાગરૂપે એક વધુ નક્કર કદમ રાજ્ય સરકારે ઉપાડીને ભેટ આપી છે. જે અંતર્ગત મહેસૂલી રેકોર્ડના નમુના નં.૬, ૭/૧૨, ૮-અ હવે ઓન-લાઈન ઉપલબ્ધ થશે. રાજ્ય સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની ગાઈડલાઈન મુજબ સીટીઝન સેન્ટ્રીક સર્વીસ ક્ષેત્રે ઈ સીલનો ઉપયોગ સૌ પ્રથમ વાર મહેસૂલ વિભાગે શરૂ કર્યો છે.

મહેસૂલ મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારે જનસુખાકારી અને નાગરિકોના જરૂરી મહેસૂલી દસ્તાવેજો સરળતાથી ઉપલબ્ધ બને તે માટે આ મહત્ત્વનો નિર્ણય કર્યો છે. જમીન માટેનું મહત્ત્વનું રેકર્ડ ગામ નમૂના નં.૬, ૭/૧૨, ૮-અની અધિકૃત નકલો હાલે જે તાલુકા ઇ-ધરા કેન્દ્રો / ઇ-ગ્રામ્ય કક્ષાએથી ઉપલબ્ધ થાય છે, તે હવે કોઇપણ વ્યકિત ડીજીટલી સાઇન્ડ (Digitally Signed) નકલ ઓન-લાઇન મેળવી શકશે તથા આ નકલ ઉપયોગ માટે અધિકૃત ગણાશે. આ માટે ભરપાઇ કરવાની થતી નકલ ફી પણ ઓન-લાઇન ભરવાની રહેશે. ડીજીટલી સાઇન્ડ નકલ AnyRoR (https://anyror.gujarat.gov.in) અથવા i-ORA (https://iora.gujarat.gov.in) પોર્ટલ પરથી મેળવી શકાશે. આ નકલ પર કયુઆર કોડ (QR Code) ઉપલબ્ધ હશે જેથી તેની અધિકૃતતાની ખાત્રી ઓન-લાઇન કોઇપણ વ્યકિત સંસ્થા કરી શકશે.

મહેસૂલી સેવાઓના દસ્તાવેજો રાજ્યના નાગરિકોને સરળતાથી અને પારદર્શીતાપૂર્વક મળી રહે એ માટે રાજ્ય સરકારે i-ORA પોર્ટલ સહિત અનેકવિધ નવતર આયામો હાથ ધરીને આ સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે જેના પરિણામે રાજ્યના નાગરિકોના સમયની સાથે નાણાંની બચત પણ થઈ રહી છે. ●

# રાજ્યમાં રીસર્વેની વાંધા અરજીઓ માટેની મુદ્દત એક વર્ષ લંબાવાઈ



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકારે ખેડૂતોના હિતમાં રાજ્યમાં જમીન રીસર્વેની વાંધા અરજીઓ માટેની મુદ્દત એક વર્ષ વધારીને એટલે કે ડિસેમ્બર ૨૦૨૨ સુધી લંબાવવાનો મહત્વનો નિર્ણય કરાયો છે

મહેસૂલ મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, રાજ્યના એક પણ ખેડૂતને જમીન રીસર્વેમાં અન્યાય થશે નહીં, તમામને સંતોષ થાય ત્યાં સુધી કામગીરી ચાલુ રહેશે. નેશનલ લેન્ડ રેકોર્ડ મોર્ડનાઈઝેશન પ્રોગ્રામ-NLRMP હેઠળ સમગ્ર દેશમાં રાજ્યની ખેતીની જમીનની ફિલ્ડમાં જઈ માપણી કરી DGPS-ETS જેવી આધુનિક પદ્ધતિ-સાધનોનો ઉપયોગ કરનાર ગુજરાત એકમાત્ર રાજ્ય છે. ગુજરાતમાં રીસર્વેના પ્રમોલગેશન બાદ પણ ખેડૂત ખાતેદારને વિનામૂલ્યે વાંધા નિકાલની સાદી અરજી કરવાની તક વર્ષ ૨૦૧૬થી આપવામાં આવી છે તેની મુદ્દત હાલમાં પણ ચાલુ છે જે સતત ચાલતી પ્રક્રિયા છે

મહેસૂલ વિભાગ દ્વારા રીસર્વેમાં ખાસ ઝુંબેશ તરીકે રાજ્યમાં ૪૦ હજારના લક્ષ્યાંક સામે ૩૮ હજાર અરજીઓનો નિકાલ અને ૬૪ હજારથી વધુ સર્વે નંબરની માપણીની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. જ્યારે આગામી સમયમાં વધુ ૪૦ હજાર અરજીઓનો ઝુંબેશના ભાગરૂપે નિકાલ કરવાનો લક્ષ્યાંક મહેસૂલ વિભાગ દ્વારા નક્કી કરાયો છે. ઝુંબેશના ભાગરૂપે ૧૦૦થી વધુ અરજીઓવાળા ગામોના કલસ્ટર બનાવીને ૬૮ ગામોની ૧૧,૮૮૪ અરજીઓની માપણી કામગીરી પૂર્ણ કરાઈ છે.

રાજ્યમાં રીસર્વેની આ કામગીરીમાં અંદાજે ૯૫ લાખ સર્વે નંબરોની સામે અત્યારસુધી મળેલી ૫.૨૮ લાખ એટલે કે માત્ર ૫ ટકા વાંધા અરજીઓમાંથી ૪.૧૩ લાખ અરજીઓની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી છે.

રીસર્વેના વાંધા નિકાલની ઝુંબેશના ભાગરૂપે વધુ અરજી ધરાવતા બનાસકાંઠા, મહેસાણા, દેવભૂમિદ્વારકા, જામનગર, સુરેન્દ્રનગર, સાબરકાંઠા, અરવલ્લી, વલસાડ, નવસારી અને જૂનાગઢ એમ કુલ ૧૦ જિલ્લાઓમાં મેનપાવર અને મશીનરી ઉપલબ્ધ કરાવવા ૯૬ સર્વેયરો, ૧૨ DGPS અને ૮૪ ETS મશીનો કાર્યરત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત અન્ય જિલ્લાઓમાંથી વધુ ૧૫ DGPS અને ૧૪ ETSની ફાળવણી કરવામાં આવી છે.

રાજ્યમાં જિલ્લા કક્ષાએ એક પથ્થર કે જેનુ DGPS મશીનથી ૭૨ કલાક સુધી ઓબ્ઝર્વેશન લઈને પૃથ્વીના અક્ષાંશ રેખાંશ નક્કી કરેલ છે. આવા ૨૭ પથ્થરો (ICONIK/ AREA OF INTEREST STONE) ઉભા કરવામાં આવ્યા છે. દરેક તાલુકા કક્ષાએ DGPS મશીનથી ૧૨ કલાક સુધી ઓબ્ઝર્વેશન લઈને પૃથ્વીના અક્ષાંશ-રેખાંશ નક્કી કરાયા છે. આવા ૧૩૧ પથ્થરો (REGIONAL STONE) ઊભા કરવામાં આવ્યા છે.

સમગ્ર રાજ્યની માપણી હાથ ધરવા માટે માપણીની ચોકસાઈ વધારવા રાજ્યમાં ૧૬ કિ.મી. X ૧૬ કિ.મી.નાં અંતરે પથ્થરો નાખીને ૭૪૭ પથ્થરો (PRIMARY CONTROL POINT) ઉપર ૮ કલાક ઓબ્ઝર્વેશન લઈને પૃથ્વીના અક્ષાંશ-રેખાંશ નક્કી કરવામાં આવ્યા છે. ઉપરાંત રાજ્યમાં ૪ કિ.મી. X ૪ કિ.મી.ના અંતરે પથ્થરો નાખીને ૮,૯૨૮ પથ્થરો (SECONDARAY CONTROL POINTS) ઉપર ૪ કલાક ઓબ્ઝર્વેશન લઈને પૃથ્વીના અક્ષાંશ-રેખાંશ નક્કી કરવામાં આવ્યા છે. ●

# અમદાવાદમાં ગર્ડર તૂટી પડવાની દુર્ઘટનાની ઉચ્ચ સ્તરીય તપાસ

મુખ્ય મંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદમાં સરદાર પટેલ રિંગ રોડ ઉપર મેમદપુરા રોડ ક્રૉસિંગ પરના બ્રિજના બોપલ સનાથલ તરફ જતા એક બોક્સ ગર્ડરના અચાનક તૂટી પડવા અંગેની દુર્ઘટનાની ગંભીરતા ધ્યાને લઈ ઘટનાની તપાસ માટે ઉચ્ચ કક્ષાની તપાસ સમિતિની રચનાની જાહેરાત કરી છે.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ સચિવશ્રી લોચન સહેરાની અધ્યક્ષતામાં આ તપાસ સમિતિમાં અન્ય ચાર સભ્યોની પણ સેવાઓ જરૂરિયાત મુજબ લઈ શકાશે.

આ તપાસ સમિતિ દુર્ઘટના થવાનાં કારણો, નુકસાનીની વિગતો તથા નિર્માણકાર્યને લગતી કામગીરીની ક્ષતિ-બેદરકારીની તપાસ કરશે. એટલું જ નહિ, ભવિષ્યમાં આવા બનાવો ના બને એ માટેનાં સુધારાત્મક પગલાંઓ સૂચવશે.

તપાસ સમિતિએ પોતાનો પ્રાથમિક અહેવાલ ૩૦ દિવસમાં રાજ્ય સરકારને સુપરત કરવાનો રહેશે. આ તપાસ સમિતિમાં ગુજરાત હાઉસિંગ બોર્ડના મુખ્ય ઈજનેર, માર્ગ અને મકાન વિભાગના ડિઝાઈન સર્કલના મુખ્ય અથવા અધીક્ષક ઈજનેર, GERI વડોદરાના એક પ્રતિનિધિ તેમજ ફોરેન્સિક સાયન્સ લૅબોરેટરીના એક પ્રતિનિધિની સેવાઓ જરૂર જણાયે લેવામાં આવશે. ●

### સુરતમાં તાપી રિવરફ્રન્ટનું નિર્માણ કરવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ

# ‘નદી ઉત્સવ’ નદીઓના કિનારે વિસરાયેલી ભવ્ય સંસ્કૃતિને સજીવન કરવાનો પ્રયાસ

ગુજરાતને ગ્રીન કવરથી આચ્છાદિત કરવા તેમજ ઉદ્યોગો દ્વારા ટ્રીટેડ વૉટર જ નદીઓમાં છોડવામા આવે એ દિશામાં રાજ્ય સરકાર નક્કર આયોજન કરશે, એમ તાપી નદીના તટેથી રાજ્યવ્યાપી 'નદી ઉત્સવ'નો શુભારંભ કરાવતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું. આ સાથે, તેમણે સુરતમાં 'તાપી નદી પર રિવરફ્રન્ટનું નિર્માણ કરવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ હોવાનું જણાવ્યું હતું.

દેશની આઝાદીને ૭૫ વર્ષ પૂર્ણતાના અવસરે દેશભરમાં ઊજવાઈ રહેલા ‘આઝાદી કા અમૃત મહોત્સવ’ના ભાગરૂપે દેશની પ્રગતિ અને પ્રકૃતિમાં મહત્ત્વનું યોગદાન આપતી નદીઓનું ગૌરવગાન અને સન્માન કરવાના હેતુથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં સુરતના સિંગણપોર વિયર કમ કોઝવે ખાતે રાજ્યકક્ષાનો ‘નદી ઉત્સવ’ યોજાયો હતો. જયાં તાપી નદીના પાવન તટે મુખ્ય મંત્રીશ્રીએ ભૂદેવોના વૈદિક મંત્રોચ્ચાર સાથે પુણ્યસલિલા તાપીમૈયાનું પૂજન-અર્ચન કર્યું હતું. તેમણે શ્રમદાન કરી નદીઓને સ્વચ્છ અને સુરક્ષિત રાખવાનો સંદેશ આપ્યો હતો.

મુખ્ય મંત્રીશ્રીએ 'નદી ઉત્સવ' નદીઓના કિનારે વિસરાયેલી ભવ્ય સંસ્કૃતિને સજીવન કરવાનો આ પ્રયાસ હોવાનું જણાવી વધુમાં ઉમેર્યું કે નદીઓ, પર્યાવરણ આપણી મહામૂલી સંપત્તિ છે. આપણી નદીઓ રાજ્યના અપ્રતિમ વિકાસની મૂક સાક્ષી છે. માનવજીવન સહિત અનેકવિધ સજીવો માટે નદીઓ શુદ્ધ મીઠાં પાણીનો એકમાત્ર સ્રોત છે. આપણી આવનારી પેઢીઓ સાથે પર્યાવરણની સુરક્ષા માટે જીવનદાતા નદીઓની જાળવણી કરવી આપણી ફરજ છે.

મુખ્ય મંત્રીશ્રીએ ભૂતકાળની સરકારના



# સુરતમાં 'ફિટ ઇન્ડિયા, ફિટ ગુજરાત સાઇક્લોથોન'ની ઉમંગભેર ઉજવણી



શાસનમાં જોવા મળતી સુવિધાઓનો ઉલ્લેખ કરતાં કહ્યું કે એક સમયે સાબરમતી નદીના પટ પર ક્રિકેટના મેદાનો અને સર્કસના ડેરા-તંબુ જોવા મળતાં હતાં, જ્યારે તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદૃષ્ટિના પરિણામે આજે આધુનિક સુવિધાઓથી સજ્જ રિવરફ્રન્ટ સાકાર થયો છે.

રાજ્યભરમાં 'નદી ઉત્સવ'ના માધ્યમથી નદીઓ, વૃક્ષો સહિતની કુદરતી સંપત્તિના સંરક્ષણની અહાલેક જગાવવામાં આવશે. ઉપરાંત, નદીઓને સિટી બ્યુટિફિકેશન સહિતના બહુવિધ વિકાસ-આયામો સાથે જોડીને લોકસુવિધા ઊભી કરવાની સરકારની નેમ છે. નર્મદાના કેવડિયા ખાતે એકતા ક્રૂઝ અને રિવરરાફ્ટિંગ જેવી આનંદ-પ્રમોદની સુવિધાઓ સરકારે વિકસાવી છે.

રાજ્ય સરકાર સુશાસનના પ્રણેતા પૂર્વ વડા પ્રધાન સ્વ. અટલ બિહારી વાજપેયીજીની સ્મૃતિમાં દરેક વ્યક્તિને સરળતાથી સરકારી સેવાઓના લાભ આપવા સાથે નાગરિકોની સમસ્યાઓ નિવારવાના અનેકવિધ પ્રયાસો કરી 'સુશાસન સપ્તાહ'ની ઉજવણી કરવા પણ સંકલ્પબદ્ધ હોવાનું મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

આ પ્રસંગે કેન્દ્રીય રેલવે અને ટેક્સટાઇલ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન જરદોશ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ પાણી પુરવઠામંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ રાજ્યમંત્રી શ્રી વિનોદભાઈ મોરડિયા, કૃષિ, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ રાજ્યમંત્રી શ્રી મુકેશભાઈ પટેલ, સાંસદ શ્રી સી. આર. પાટીલ, મેયર શ્રીમતી હેમાલી બોઘાવાલા, જિલ્લા કલેક્ટર શ્રી આયુષ ઓક, મ્યુ. કમિશનરશ્રી બંછાનિધિ પાની સહિત ધારાસભ્યશ્રીઓ, પદાધિકારીઓ, શહેરીજનો, મનપાના કર્મચારીગણ ઉપસ્થિત રહ્યાં હતાં. ●

રાજ્યના દરેક નાગરિકો નીરોગી અને સુખમય જીવનના ધ્યેય સાથે આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીમાં ભાગ લે એ માટે સરકારના આરોગ્ય વિભાગ અને સુરત જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજિત 'ફિટ ઇન્ડિયા, ફિટ ગુજરાત સાઇક્લોથૉન' સ્પર્ધાને મુખ્ય મંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ફ્લૅગ ઑફ આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ સાઇક્લોથૉનમાં સેંકડો સુરતીલાલાઓ ઉત્સાહભેર જોડાયા હતા.

મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, શારીરિક અને માનસિક સજ્જતા સાથે સંભવિત રોગચાળાને નાથવા માટે પ્રત્યેક જન સજ્જતા કેળવે એ આવશ્યક છે, કોરોનાની સંભવિત આપત્તિ સામે પ્રજાજનોને કોરોનાનો પ્રિકોશન ડોઝ આપવા માટે રાજ્ય સરકારે તૈયારીઓ આરંભી દીધી છે.

શહેરના હાર્દ સમા વેસુ વિસ્તારમાં તૈયાર કરાયેલા ૨.૫ કિ.મી. લાંબા નવનિર્મિત જોગિંગ ટ્રેકની પણ મુખ્ય મંત્રીશ્રીએ જાતમુલાકાત લીધી હતી. આ ટ્રેક વાહન પાર્કિંગ સહિત રમતગમત માટે શહેરીજનોને ઉપયોગી પુરવાર થશે.

સાઇકલચાલન થકી બિનચેપીરોગથી મુક્તિની થીમ પર સાઇક્લોથૉનની થીમ પર શહેરના ભગવાન મહાવીર કૉલેજ ખાતે ૧૦ અને ૩૦ કિ.મી.ના રૂટ પર યોજાયેલી સાઇક્લોથૉનમાં વિવિધ સાઇકલ ગ્રૂપો, પોલીસ જવાનો, મહાનગરપાલિકાના કર્મયોગીઓ, હજારો સાઇકલસવારો ઉત્સાહભેર જોડાયા હતા.

ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, 'ફિટ ઇન્ડિયા, ફિટ ગુજરાત'ના નારા સાથે સમગ્ર રાજ્યભરનાં વિવિધ સ્થળોએ યોજાયેલી સાઇક્લોથૉનમાં લાખો લોકોએ સાઇકલ રૅલીમાં ભાગ લીધો છે. સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં ૬૦ કિ.મી.નો સાઇકલ ટ્રૅક તૈયાર થઈ રહ્યો છે. આગામી સમયમાં પણ ગુજરાતીઓનું સ્વાસ્થ્ય સારું રહે એ માટે આવી ઈવેન્ટ કરવામાં આવશે.

સુરતની સાથે રાજ્યભરમાં ૭૫ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે પણ અંદાજિત ૭૫ હજાર લોકો સાઇક્લોથૉનમાં જોડાયા હતા. આ વેળાએ મુખ્ય મંત્રીશ્રી સહિતના મહાનુભાવો, સાઇક્લિસ્ટોએ ફિટનેસ જાળવણીના શપથ લીધા હતા. આ પ્રસંગે કેન્દ્રીય રેલવે અને કાપડ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન જરદોશ, આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, કૃષિ રાજ્યમંત્રીશ્રી મુકેશભાઈ પટેલ, મેયર શ્રીમતી હેમાલીબહેન બોઘાવાલા, સાંસદ શ્રી સી.આર. પાટીલ, ધારાસભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ તેમજ મોટી સંખ્યામાં સાઇક્લિસ્ટો ઉપસ્થિત રહ્યા હતા. ●

# સુરતમાં બુલેટ ટ્રેનની પ્રગતિનું નિરીક્ષણ કરતા મુખ્ય મંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ડ્રીમ પ્રોજેક્ટ અને દેશના પશ્ચિમ ભાગના વિકાસના ઉદ્દીપક એવા બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું કાર્ય ગુજરાતમાં પુરજોશમાં ચાલી રહ્યું છે. આ કાર્યનું નિરીક્ષણ કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તાજેતરમાં સુરત જિલ્લાના વક્તાણા ગામની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે તેમણે મુંબઈ-અમદાવાદ હાઈસ્પીડ રેલ કૉરિડોરના અધિકારીઓ સાથે આ કાર્યને લઈને તેમની સાથે મહત્ત્વપૂર્ણ ચર્ચા-વિચારણા કરી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને નૅશનલ હાઈસ્પીડ રેલ કૉર્પોરેશન લિ.ના મૅનેજિંગ ડિરેક્ટર શ્રી સતીશ અગ્નિહોત્રીએ આ વિસ્તારમાં વિકસાવવામાં આવેલા સેગમેન્ટલ કાસ્ટિંગ યાર્ડની સમગ્રલક્ષી કાર્યપદ્ધતિથી માહિતગાર કર્યા હતા. મુખ્ય મંત્રીશ્રી સાથે કેન્દ્રીય રેલવે અને ટેક્સટાઇલ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન જરદોશ, ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, કૃષિ રાજ્યમંત્રી શ્રી મુકેશભાઈ પટેલ પણ જોડાયાં હતાં.

સુરતના વક્તાણા ગામ (@Ch.૨૫૪) ખાતે સેગમેન્ટલ કાસ્ટિંગ યાર્ડ તૈયાર કરવામાં આવ્યું છે, જ્યાં ૩૦થી ૬૦ મીટર લંબાઈના ૨૯૪ સ્પાનનું ઉત્પાદન કરવામાં આવી રહ્યું છે. જેમાં ૫૨૯૨ સેગમેન્ટના કાસ્ટિંગનો સમાવેશ થાય છે. આ સ્પાન દ્વારા નૅશનલ હાઈસ્પીડ રેલ કૉર્પોરેશન લિ. દ્વારા બનાવવામાં આવી રહેલા મુંબઈ-અમદાવાદ HSR કૉરિડોરમાં નવ કિ.મી. લંબાઈના વાયાડક્ટ બનશે.

NHSRCL નૅશનલ હાઈસ્પીડ રેલ કૉર્પોરેશન લિ.એ સેગમેન્ટલ મેથડ સાથે ફુલ સ્પાન લૉન્ચિંગ મેથડ (૪૦ મીટર લંબાઈ) અપનાવી છે. સેગમેન્ટલ ગર્ડર્સની સરખામણીમાં ફુલ સ્પાન ગર્ડર્સ (૪૦ મીટર લંબાઈ) વધુ પસંદ કરવામાં આવે છે, કારણ કે એને ઊભા કરવાનું કામ સાત ગણું ઝડપી હોય છે. આ પ્રસંગે જિલ્લા કલેક્ટર શ્રી આયુષ ઓક, NHSRCLના એક્ઝિક્યુટિવ ડિરેક્ટરશ્રી પ્રમોદ શર્મા સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

# સુરતમાં વરસી વિકાસકામોની હેલી

સરકારના સતત પ્રયાસોથી આજે છેવાડાના માનવી સુધી પ્રાથમિક સુખ-સુવિધાઓ પહોંચી છે તેમજ ભવિષ્યમાં પણ હવાઈ માર્ગ, દરિયાઈ માર્ગ અને જમીનમાર્ગ એમ ત્રણેય ક્ષેત્રને જોડતી તમામ પ્રકારની કનેક્ટિવિટી છેવાડાના માનવી સુધી પહોંચે એ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રગતિશીલ સરકારનો મુખ્ય ઉદ્દેશ્ય છે. આ ઉદ્દેશની પૂર્તિ માટે સુરતમાં અનેક વિકાસકામોનાં ખાતમુહૂર્ત થયાં. માર્ગ અને મકાન વિભાગ, વાહનવ્યવહાર, નાગરિક ઉડ્ડયન, પ્રવાસન અને યાત્રાધામ વિકાસમંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદીના હસ્તે સુરત જિલ્લાના પાંચ તાલુકામાં રૂ. ૯.૫૬ કરોડના ખર્ચે કુલ ૧૦ વિકાસકામોનું ખાતમુહૂર્ત યોજાયું હતું. મંત્રીશ્રીએ સચિન ખાતે રૂ. એક કરોડના ખર્ચે અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ નવનિર્મિત વિશ્રામગૃહનું લોકાર્પણ કર્યું હતું. કૃષિ, ઊર્જા, પેટ્રોકેમિકલ્સ રાજ્યમંત્રી શ્રી મુકેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે આગામી સમયમાં રાજ્યનાં ૨૯૫ ગામડાંઓમાં રૂ. ૫૦૦ કરોડના ખર્ચે કોઝવેનું નિર્માણ



કરવામાં આવશે. ૧૮ જિલ્લાઓમાં રૂ. ૫૦૦ કરોડના ખર્ચે ૪૧૭ જેટલાં વિકાસકામો પરિપૂર્ણ કરાશે. તદુપરાંત, ૧૦૮ ઍમ્બ્યુલન્સની સુવિધાથી વંચિત રાજ્યના દુર્ગમ અને અંતરિયાળ વિસ્તારોમાં પણ હવે આ સુવિધા સુલભ બનાવવામાં આવશે. જ્યારે રાજ્ય સરકાર દ્વારા ઍરપૉર્ટની જેમ છ સ્થળ પર હેલિપૉર્ટ બનાવવામાં આવશે, જેમાંનું એક હેલિપૉર્ટ સાપુતારામાં નિર્માણ પામશે.

આ પ્રસંગે કૃષિ મંત્રી શ્રી મુકેશભાઈ પટેલે ડભારી અને ભાગીવાડીને જોડતા ૨.૭૦ કિ.મી.ના રસ્તાની સ્થાનિક લોકોની વર્ષોજૂની માગ પૂર્ણ થઈ છે એમ જણાવતાં કહ્યું હતું કે હવે ડભારી દરિયાકિનારે યાત્રીઓની સંખ્યામાં વધારો થશે, જેથી અનેક લોકો માટે રોજગારીની તકો સર્જાશે તેમજ યાતાયાતની સમસ્યાનું પણ નિરાકરણ થશે.

આ પ્રસંગે ધારાસભ્ય સર્વશ્રી ઈશ્વરભાઈ પરમાર, શ્રીમતી ઝંખનાબહેન પટેલ, મોહનભાઈ ઢોડિયા, અધિક ઇજનેર એ. જી. વસાવા, ડભારીના સરપંચ રજનીકાંતભાઈ, વિવિધ ગામના સરપંચ-ઉપસરપંચશ્રીઓ, અગ્રણીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ●



# કામરેજમાં ઓવરબ્રિજનું નિર્માણ થતાં સમય અને ઈંધણની બચત થશે

રાજ્ય અને કેન્દ્ર સરકારે સુવિધાજનક વિકાસકામો, પ્રજાહિતને સ્પર્શતા પ્રોજેક્ટ્સને ઝડપભેર પૂર્ણ કરવામાં વિશેષ ધ્યાન આપ્યું છે. રાજ્યના એક છેડેથી બીજા છેડે માત્ર છથી આઠ કલાકમાં પહોંચી શકાય એવી રોડ કનેક્ટિવિટી પૂરી પાડવી એ સરકારનું લક્ષ્ય છે. વર્ષોથી જેની લોકમાગણી હતી એવો ઉભેળ ખાતે નિર્માણ પામનાર ઓવરબ્રિજ એનું ઉત્તમ ઉદાહરણ છે. તાજેતરમાં માર્ગ અને મકાનમંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદીના હસ્તે નૅશનલ હાઈવે નં. ૪૮ પર કામરેજ તાલુકાના ઉભેળ ખાતે નૅશનલ હાઈવે ઑથૉરિટી દ્વારા રૂ. ૩૩.૪૬ કરોડના ખર્ચે સાકાર થનારા છ લેનના ઓવરબ્રિજનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

મંત્રીશ્રીએ રાજ્ય સરકારના નવા ભાવિ પ્રોજેક્ટ્સની રૂપરેખા આપતાં કહ્યું કે, નવા વર્ષ ૨૦૨૨ના પ્રારંભે હેલિકોપ્ટરમાં અમદાવાદ દર્શન માટેનો પ્રોજેક્ટ શરૂ કરાશે, જેમાં પ્રવાસીઓનો યોગ્ય પ્રતિસાદ મળ્યા બાદ સુરતમાં પણ હેલિકોપ્ટરથી સુરત દર્શન પ્રોજેક્ટ શરૂ કરાશે. ઉપરાંત સુરત સહિત દક્ષિણ ગુજરાતના લાખો સૌરાષ્ટ્રવાસીઓ વતન સૌરાષ્ટ્ર જતા હોય છે, ત્યારે નૅશનલ હાઈવે નં. ૪૮ પર ટ્રાફિકનું ભારણ ઘટે અને નવો હાઈવે નિર્માણ થાય એ માટે સુરતથી ભરૂચના હાંસોટ-જંબુસર-ખંભાતને જોડતા નવા હાઈવેનું નિર્માણ કરવાનું આયોજન છે, જેના કારણે સૌરાષ્ટ્ર જવા માટે ૧૦૦ કિ.મી.નું અંતર ઘટી જશે. સમય, ઈંધણ અને માનવકલાકોની પણ બચત થશે.

મંત્રીશ્રીએ સુરતના ચલથાણ-નવી પારડી પાસે પણ ઓવરબ્રિજ બનાવવા તેમજ સાપુતારાથી નર્મદાના કેવડિયાસ્થિત સ્ટૅચ્યુ ઑફ યુનિટીને જોડતા ફૉર લેન હાઈવેના નિર્માણ માટે માર્ગ અને મકાન વિભાગ આગળ વધી રહ્યા હોવાનું જણાવી ટૂંક સમયમાં રસ્તાઓનાં આ કામો હાથ ધરાશે એમ જણાવ્યું હતું. આગામી દિવસોમાં રાજ્ય વાહનવ્યવહાર વિભાગ વોલ્વો બસો સહિત નવી ૧૭૦૦ એસ. ટી. બસો ખરીદશે.

ઉભેળ બ્રિજના કારણે વાહનવ્યવહારમાં સરળતા વધશે, સમય અને ઈંધણના બચાવ સાથે ટ્રાફિકની વિકટ સમસ્યાનો અંત આવશે. ઝડપભેર બ્રિજ સાકારિત થતાં ગ્રામજનો, વાહનચાલકોને ટ્રાફિકના ભારણથી મુક્તિ મળશે.

આ પ્રસંગે ધારાસભ્યશ્રી વી. ડી. ઝાલાવાડિયા, તાલુકા પંચાયત પ્રમુખ શ્રી અજિતભાઈ આહીર, સરપંચશ્રી દર્શન પટેલ, NHAIના પ્રોજેક્ટ ડાયરેક્ટર સૂરજકુમાર સિંઘ સહિત માર્ગ અને મકાન વિભાગ, નૅશનલ હાઈવે ઑથૉરિટીના અધિકારીઓ, સામાજિક અગ્રણીઓ સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ●



# સુરતને રૂપિયા 200 કરોડથી વધુના વિકાસકાર્યોની ભેટ

સુરતીઓના ઝમીર અને ખમીરને ઉજાગર કરતા અને દેશભરમાં શ્રમિક પરિવારોને સુખ, શાંતિ અને સમૃદ્ધિ સાથે રોટલો અને ઓટલો પૂરો પાડતા સુરતને સોનાની મુરતની પરિભાષાને ચરિતાર્થ કરતાં વિકાસના શ્રેણીબદ્ધ પ્રકલ્પોનું તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું. આ વિકાસકાર્યોમાં સુરત શહેર, સુડા તથા જિલ્લા વહીવટી તંત્રનાં રૂ. 217 કરોડથી વધુનાં વિકાસકાર્યોનો સમાવેશ થાય છે.

સુરત સહિત રાજ્યભરના વિકાસલક્ષી પ્રોજેક્ટ્સ, વૈશ્વિક હરીફાઈમાં દેશમાં રોલ મૉડલ બની રહ્યા છે, તેમ જણાવતાં મુખ્ય પ્રધાનશ્રીએ સુરત શહેરને આગામી દિવસોમાં મેટ્રો ટ્રેન, રિવરફ્રન્ટ, ડ્રીમ સિટી, ડાયમંડ બુર્સ જેવા વૈશ્વિક સુવિધાઓના પ્રકલ્પો થકી નવી ઓળખ મળી રહેશે એમ જણાવ્યું હતું.

'શહેરી વિકાસ દિવસ'ની રાજ્યકક્ષાની ઉજવણીમાં ડાયમંડ સિટી ખાતે પધારેલા મુખ્યમંત્રીશ્રીએ સ્વરાજથી સુરાજ્યની દિશામા અગ્રેસર રાજ્ય અને કેન્દ્ર સરકાર, આપત્તિઓને અવસરમા પલટીને પરિશ્રમની પરાકાષ્ઠા સર્જી રહી છે એમ જણાવ્યું હતું.




શહેરી અને ગ્રામ્ય વિસ્તારના સમુચિત વિકાસની દિશામાં નક્કર રીતે આગળ વધી રહેલી રાજ્ય સરકાર શહેરી અને ગ્રામીણ આવાસો, વર્કિંગ કૅપિટલ લોન જેવા વડાપ્રધાનશ્રીના ડ્રીમ પ્રોજેક્ટમાં અદકેરી સિદ્ધિ મેળવીને ગુડ ગવર્નન્સની દિશામાં અગ્રેસર બની છે, તેમ ઉમેર્યું હતું.

સ્માર્ટ, સસ્ટેનેબલ અને હેલ્થી કૉમ્પિટિશનની દિશામાં અગ્રેસર સરકારે નાણાકીય સ્થિરતા સાથે વૈશ્વિક વિકાસની દિશામાં હરણફાળ ભરી છે, એમ જણાવતાં મુખ્ય મંત્રીશ્રીએ ગુજરાતે સર્વાંગીણ વિકાસનું વૈશ્વિક મૉડલ પ્રસ્થાપિત કર્યું છે તેમ જણાવ્યું હતું. શહેરી બસસેવા, મેટ્રો ટ્રેન પ્રોજેક્ટ જેવા પ્રકલ્પો વડાપ્રધાનશ્રીના ગતિશકિતના સંકલ્પને સાકાર કરશે. મુખ્ય મંત્રીશ્રીએ, સુરતના આંગણેથી જુદી જુદી યોજનાઓના લાભાર્થીઓને સુશાસનની પ્રતીતિ કરાવતા વિવિધ લાભો પણ એનાયત કર્યા હતા.

વડાપ્રધાન શહેરી આવાસ યોજનાના કૉમ્પ્યુટરાઇઝ્ડ ડ્રૉ સાથે વિકાસકામોનું ડિજિટલી ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરતાં મુખ્ય મંત્રીશ્રીએ સુરતની ક્ષિતિજે સતત વિકાસનો સ્વર્ણિમ સૂર્યોદય થઈ રહ્યો છે એમ જણાવ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સૌને રોટી, કપડાં, મકાન જેવી પાયાની સુવિધા સરળતાથી મળે અને ગ્રામીણ કે શહેરી હરેક વ્યક્તિને પોતીકી સરકાર લાગે, એ સુશાસનની સાચી દિશા ગુજરાતમાં આપણે અપનાવી છે, એમ ઉમેર્યું હતું.

સાંસદ શ્રી સી. આર. પાટીલે જણાવ્યું હતું કે, દેશભરમાં મૉડલરૂપ કામગીરી કરી રહેલી સુરત મહાનગરપાલિકાના પરિશ્રમનાં પરિણામો દેશ આખો જોઈ રહ્યો છે, દેશભરમાં સૌથી વધુ ઝડપથી વિકસી રહેલા સુરત શહેરમાં આવતા દેશભરના શ્રમિકો, પ્રજાજનોને ધ્યાને રાખીને સુચારુ વ્યવસ્થાઓ ઉપલબ્ધ કરાવી રહી છે.

સુરત સહિત રાજ્યભરનાં શહેરોમાંથી ભિક્ષુકો, રખડતાં ઢોરો જેવી સમસ્યાઓ બાબતે પણ સતત ચિંતિત મુખ્ય મંત્રીશ્રીની કાર્યપ્રણાલીનો ખ્યાલ આપી શ્રી પાટીલે સુરત શહેરમાં ૧૧૦૦થી વધુ ભિક્ષુકોને રહેવા માટે શેલ્ટર હોમનું નિર્માણ કરીને ભિક્ષુકમુકત શહેર બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે. સુરત શહેરની જળ વ્યવસ્થાપન નીતિનો ખ્યાલ આપતાં સાંસદ શ્રી સી. આર. પાટીલે સુરત સહિત દેશભરનો સ્વર્ણિમકાળ વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના વડપણ હેઠળ ચાલી રહ્યો છે તેમ જણાવ્યું હતું. ગુજરાત અને ગુજરાતીઓની તાસીરનો ખ્યાલ આપતાં શ્રી પાટીલે સુરતને સ્વચ્છતામાં ચૌદમા નંબરેથી બીજા નંબર સુધી અને હવે પહેલા નંબરે લઈ જવાનું સૌને આહ્વાન કર્યું હતું.

જો કોઈને વિકાસ મૉડલ જોવું હોય તો ગુજરાતના સુરતની મુલાકાત અવશ્ય લેવી પડે. આ શક્ય બન્યું છે અહીંના પદાધિકારીઓ-અધિકારીઓના સુભગ સમન્વય થકી. સુરત શહેર વિશ્વનાં શહેરો સાથે વિકાસની સ્પર્ધા કરી રહ્યું છે 'સુશાસન'ના પ્રણેતા ભૂતપૂર્વ વડા પ્રધાન અને ભારત રત્ન સ્વ. શ્રી અટલ બિહારી વાજપેયીના પગલે આગળ વધી રહેલા 'આત્મનિર્ભર ભારત'ના સ્વપ્નદ્રષ્ટા શ્રી નરેન્દ્રભાઇ મોદીના સંકલ્પને આગળ વધારતા ગુજરાતે વિકાસની હરણફાળ ભરી છે, કેન્દ્રીય રેલવે અને કાપડ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન જરદોશે, સુરતના વિકાસનો સ્વર્ણિમકાળ ચાલી રહ્યો છે તેમ જણાવ્યું હતું. પ્રાસંગિક ઉદ્બોધનમાં શ્રીમતી જારદોશે સુરતનો ભવ્ય ભૂતકાળ વર્ણવી, ઉજ્જવળ આવતી કાલની રૂપરેખા પણ વર્ણવી હતી.

પં. દીનદયાળ ઉપાધ્યાયના છેવાડાના માનવીઓ સુધી વિકાસનાં ફળ પહોંચાડવાનું ભગીરથ કાર્ય, વર્તમાન રાજ્ય અને કેન્દ્ર સરકાર સુપેરે કરી રહી છે તેમ જણાવતાં શહેરી વિકાસમંત્રી



શ્રી વિનોદભાઈ મોરડિયાએ રાજ્યની તમામ સુધરાઈઓમાં હાથ ધરાયેલી પ્રજાલક્ષી કાર્યોની વિગતો વર્ણવી હતી. શહેરી વિકાસનાં કામોમાં ગતિ સાથે આયોજનબદ્ધ કાર્યો હાથ ધર્યાં છે તેમ જણાવીને આગામી સમયમાં રાજ્યભરમાં નદી કે નાળાંમાં ગંદું પાણી ન જાય એ માટેનું સુનિયોજિત નેટવર્ક ઊભું કરવામાં આવશે તેમ તેમણે જણાવ્યું હતું.

મેયર શ્રીમતી હેમાલીબહેન બોઘાવાલાએ 'બહુજન હિતાય, બહુજન સુખાય'ના સૂત્રને ચરિતાર્થ કરતાં સુરત મહાનગરપાલિકાએ હાથ ધરેલાં કાર્યો, અને હાંસલ કરેલી સિદ્ધિઓની ઝાંખી વર્ણવી હતી. ભારતના બીજા નંબરના સૌથી સ્વચ્છ સુરત શહેરને સુશાસનની પરિભાષાને ચરિતાર્થ કરતા 'ગાર્બેજ ફ્રી સિટી ઍવૉર્ડ' સહિત 'સફાઈ મિત્ર સુરક્ષા ચૅલેન્જ ઍવૉર્ડ' તથા જળ સંરક્ષણ ક્ષેત્રનો 'વૉટર પ્લસ' ઍવૉર્ડ પણ મળી ચૂક્યો છે. સુશાસન માટે સજ્જ સુરત સુધરાઈ શહેરીજનોને માળખાગત સુવિધાઓ આપવામાં પણ અગ્રેસર છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સુરતના શહેરીજનોને જે નવા પ્રકલ્પોની ભેટ આપી છે, તેમાં પ્રધાનમંત્રી આવાસ યોજના (ફેઝ ૩-૪-૫) અંતર્ગત EWS-II ટાઈપના કુલ ૪,૮૮૮ આવાસોની ફાળવણીનો કૉમ્પ્યુટરાઇઝ્ડ ડ્રૉ તથા અંદાજિત રૂ. ૬૪.૬૬ કરોડના ખર્ચે સાકારિત પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આવાસો, દુકાનો, ભૂગર્ભ ટાંકી, આંગણવાડી, અને સિવિક સેન્ટર સહિતના પ્રકલ્પોનું લોકાર્પણ ઉપરાંત વિવિધ ઝોન વિસ્તારમા અંદાજિત રૂ. ૧૩૩.૨૨ કરોડના ખર્ચે સાકારિત થનાર પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળના આવાસો, દુકાનો, ફાયર સ્ટેશન તથા ફાયર સ્ટાફ ક્વાટર્સ, ખાડી બ્રિજ, સ્ટૉર્મ ડ્રેનેજ લાઇન અને વરસાદી ગટર લાઇન નાખવા સહિતના વિવિધ પ્રકલ્પોના ખાતમુહૂર્ત તથા સુરત શહેરી વિકાસ સત્તામંડળના EWS-II કક્ષાના ૮૧૨ આવાસોના કૉમ્પ્યુટરાઇઝ્ડ ડ્રૉ અને નગરપાલિકા વિસ્તાર સહિત સુરત જિલ્લાના અંદાજિત રૂ. ૧૯.૩૭ કરોડના ખર્ચે વિવિધ પ્રકલ્પોના લોકાર્પણ/ખાતમુહૂર્તની તકતીઓનું ઈ-લોકાર્પણ કરાયું હતું. આમ કુલ રૂ. ૨૧૭.૨૫ કરોડના વિકાસકામોનું લોકાર્પણ/ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં કેન્દ્રીય રેલવે અને ટેક્સટાઇલ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન જરદોશ, રાજ્યના નાણાં-ઊર્જા તથા પેટ્રોકેમિકલ્સ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, શહેરી વિકાસમંત્રી શ્રી વિનોદભાઈ મોરડિયા, ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, કૃષિ-ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ રાજ્યમંત્રી શ્રી મુકેશભાઈ પટેલ, મેયર શ્રીમતી હેમાલીબહેન બોઘાવાલા, સાંસદ શ્રી સી. આર. પાટીલ, સ્થાનિક ધારાસભ્યશ્રીઓ, કૉર્પોરેટરો, રાજ્યના શહેરી વિકાસ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી મુકેશ પુરી, મ્યુનિસિપલ કમિશનર શ્રી બંછાનિધિ પાની, સુરત જિલ્લા કલેક્ટર શ્રી આયુષ ઓક, પોલીસ કમિશનર શ્રી અજય તોમર, જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડી. એસ. ગઢવી તથા વહીવટી તંત્રના ઉચ્ચાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

### વર્લ્ડ બેન્ક વધારાના 250 મિલિયન ડૉલર સાથે કુલ 750 મિલિયન ડૉલર આપશે

# 'મિશન સ્કૂલ ઑફ એક્સલન્સ'માં વર્લ્ડ બેન્કે 500 મિલિયન ડૉલર ફન્ડિંગ મંજૂર કર્યું

ગુજરાત સરકારના શિક્ષણ ક્ષેત્રે અતિમહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટ 'મિશન સ્કૂલ ઑફ એક્સલન્સ'ના ક્ષેત્રે થયેલી કામગીરી અને પ્રગતિની સમીક્ષા તેમજ ગુજરાતના આ પ્રોજેક્ટને બેસ્ટ પ્રૅક્ટિસીસ તરીકે દેશમાં અને વિશ્વમાં અન્ય સ્થાનોએ પ્રસ્તુત કરી શકાય એના માર્ગદર્શન માટે રાજ્યની મુલાકાતે વર્લ્ડ બૅન્ક અને એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બૅન્ક - AIIBની આંતરરાષ્ટ્રીય ટીમ આવી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે આ ટીમના તજ્જ્ઞોએ શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણી અને રાજ્યમંત્રી શ્રી કીર્તિસિંહ વાઘેલાની ઉપસ્થિતિમાં બેઠક યોજી હતી.

સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓને સ્પર્ધાત્મક અને માળખાકીય રીતે શ્રેષ્ઠ બનાવવા તેમજ બાળકો માટે સ્માર્ટ ક્લાસ રૂમ, સ્ટેમ લૅબ જેવી અદ્યતન ભૌતિક સુવિધા આપવા આ મિશન સ્કૂલ ઑફ એક્સેલન્સ હાથ ધરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ અન્વયે આગામી પાંચ વર્ષમાં શાળા શિક્ષણ ક્ષેત્રે રૂ. 10,000 કરોડ ખર્ચ કરવામાં આવશે. વર્લ્ડ બૅન્ક દ્વારા 500 મિલિયન ડૉલરના ફંડિંગને મંજૂરી આપવામાં આવી છે અને સમગ્ર પ્રોજેક્ટને ઈફેક્ટિવ જાહેર કરાયો છે. એટલું જ નહીં, વર્લ્ડ બૅન્ક વધારાના 250 મિલિયન ડૉલર માટે કાર્યવાહી કરી રહ્યું છે આમ વર્લ્ડ બૅન્કના 750 મિલિયન ડૉલર આ પ્રોજેક્ટમાં મળશે. એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ બૅન્ક - AIIB સાથે 250 મિલિયન ડૉલર ફંડિંગ મેળવવાની પ્રક્રિયા અંતિમ ચરણમાં છે. સમગ્રતયા કુલ એક બિલિયન ડૉલરનું ફંડિંગ મેળવવામાં આવ્યું છે. સમગ્ર દેશમાં કોઈ રાજ્યમાં સોશિયલ સેક્ટર માટેનો અત્યાર સુધીમાં વર્લ્ડ બૅન્ક સહાયિત આ મોટોમાં મોટો પ્રોજેક્ટ છે. AIIB વિશ્વમાં પ્રથમવાર શિક્ષણ ક્ષેત્રનો પ્રોજેક્ટ એકમાત્ર ગુજરાત સાથે કરી રહી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યનાં બાળકોને શ્રેષ્ઠ શિક્ષણ આપવાની પ્રતિબદ્ધતામાં આ 'મિશન સ્કૂલ ઑફ એક્સલન્સ' પ્રોજેક્ટ બળ પૂરું પાડશે તેમ જણાવ્યું હતું. તેમણે આ પ્રોજેક્ટમાં સહાય માટે વર્લ્ડ બૅન્ક અને AIIBનો આભાર પણ વ્યક્ત કર્યો હતો. વર્લ્ડ બૅન્કના કન્ટ્રી ડાયરેક્ટરશ્રી જુનેદ કમાલે મુખ્ય મંત્રીશ્રીને જણાવ્યું હતું કે, તેઓ ગુજરાતની શિક્ષણપદ્ધતિ અને રાજ્ય દ્વારા લેવામાં આવી રહેલા શૈક્ષણિક સુધારણાનાં પગલાંઓ તથા ખાસ કરીને કોવિડ દરમિયાન થયેલી કામગીરીથી ખૂબ પ્રભાવિત થયા છે.

ગુજરાતના આ મૉડલને સ્ટડી કરવા માટે વિશ્વકક્ષાએ પ્રદર્શિત કરશે. આગામી સમયમાં વર્લ્ડ બૅન્ક વિશ્વકક્ષાની એક કૉન્ફરન્સ કરવા જઈ રહ્યું છે, ત્યારે આ કૉન્ફરન્સમાં વિશ્વભરમાંથી આવનારા પ્રતિનિધિઓને તેઓ ગુજરાતની મુલાકાતે લાવશે. વર્લ્ડ બૅન્ક માટે ગુજરાત ખૂબ મહત્ત્વનું પાર્ટનર છે અને આ પાર્ટનરશિપ વધુ ને વધુ આગળ વધારવાની ઈચ્છા તેમણે વ્યક્ત કરી હતી.

AIIBના ડાયરેક્ટર જનરલ કીમ હુને જણાવ્યું હતું કે, તેઓ દ્વારા વિશ્વમાં સર્વપ્રથમ વખત શિક્ષણ ક્ષેત્રે ફન્ડિંગ આપવામાં આવી રહ્યું છે અને આ ફંડ ગુજરાતની શિક્ષણ ક્ષેત્રે સિદ્ધિઓ અને ક્ષમતા જોઈને આપવામાં આવી રહ્યુ છે. આગામી પાંચથી છ વર્ષમાં આ 'મિશન સ્કૂલ ઑફ એક્સલન્સ' દ્વારા એક કરોડ જેટલા વિદ્યાર્થીઓને સીધો ફાયદો થશે.

ગુજરાતમાં આના પરિણામે પ્રાથમિક શિક્ષણનો પાયો મજબૂત બનશે. 'મિશન સ્કૂલ ઑફ એક્સલન્સ' એ રાષ્ટ્રીય કક્ષાએ આ પ્રકારનો મોટા પાયે શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે હાથ ધરવામાં આવેલો દેશનો સર્વ પ્રથમ પ્રોજેક્ટ છે, એ સમગ્ર દેશ માટે દિશાસૂચક સાબિત થશે.

'મિશન સ્કૂલ ઑફ એક્સલન્સ' અંતર્ગત બે તબક્કામાં



આગામી ૧૫૦૦ દિવસમાં ૧૫,૦૦૦ મોટી પ્રાથમિક શાળાઓ અને ૫,૦૦૦ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક મળીને કુલ ૨૦,૦૦૦ શાળાઓને સર્વાંગી રીતે અપગ્રેડ કરવામાં આવનાર છે. આ ૨૦,૦૦૦ એટલે કે આશરે ૫૦ ટકા શાળાઓમાં હાલ ૪૦ લાખ વિદ્યાર્થીઓ એટલે કે કુલ બાળકો પૈકી ૮૦ ટકા વિદ્યાર્થીઓ ભણે છે અને તે વધીને આવતાં પાંચ વર્ષમાં ૪૫ લાખ (૯૦ ટકા) સુધી પહોંચી શકે છે.

'મિશન સ્કૂલ ઑફ એક્સલન્સ' અંતર્ગત સ્કૂલ ટ્રાન્સફોર્મેશન - સ્કૂલ ટ્રાન્સફોર્મેશન અન્વયે તમામ પસંદ થયેલા પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં Civil Infrastructure, Digital Infrastructure, Smart Classrooms, Computer Labs, STEM Labs, Language Lab, Online Assessments, Remedial Classes, Holistic Education સ્કૂલ જેવાં અનેક આયોજનબદ્ધ કાર્યો થકી અપ્રત્યક્ષ અને પરોક્ષ રીતે આગામી પાંચથી છ વર્ષમાં એક કરોડ જેટલા વિદ્યાર્થીઓને સીધો ફાયદો થશે અને ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણના પાયા મજબૂત બનશે.

સિસ્ટમ ટ્રાન્સફોર્મેશન અંતર્ગત SSA, GCERT, STTI, GSHSEB, GIFT, Text Book Board સહિત શિક્ષણ વિભાગ તમામ સંસ્થાઓને જોડીને શિક્ષકોનું સતત તાલીમ અને મજબૂતીકરણ કરવામાં આવશે. Accountability સાથે ધોરણ પ્રમાણેની શૈક્ષણિક નિષ્પત્તિઓ (Grade Appropriate Learning Outcomes) સુનિશ્ચિત કરવામાં આવશે.

આ સમગ્ર પ્રોજેક્ટનું ઑનલાઈન રિયલ ટાઈમ મૉનિટરિંગ ગાંધીનગરમાં Artificial Intelligence અને Machine Learning સહિત અદ્યતન ટેક્નોલૉજીયુક્ત Command and Control Centre for Schools ખાતેથી કરવામાં આવશે. આ માટે ખાસ સ્કૂલ એક્સલન્સ ડેશબોર્ડ તૈયાર કરવામાં આવ્યું છે. આ કમાન્ડ ઍન્ડ કન્ટ્રોલ સેન્ટર શિક્ષણ ક્ષેત્રે સમગ્ર દેશમાં પ્રથમ પહેલ છે.

સમગ્ર પ્રોજેક્ટની જાણકારી શિક્ષણ સચિવ શ્રી વિનોદ રાવ અને વર્લ્ડ બૅન્કના ભારત ખાતેના એજ્યુકેશન સ્પેશિયાલિસ્ટ શ્રીમતી શબનમ સિંહ અને સાથેના અધિકારીશ્રીઓ દ્વારા આપવામાં આવી હતી. મુખ્યમંત્રીશ્રી સાથેની આ મુલાકાતમાં વર્લ્ડ બૅન્કના કન્ટ્રી ડાયરેક્ટરશ્રી નવી દિલ્હી તથા તેમના અન્ય પ્રતિનિધિઓ જાપાન, રશિયા, બૅન્ગકૉક, તાઈવાન અને AIIBના અધિકારીશ્રીઓ વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી જોડાયા હતા.●



### સુશાસન સપ્તાહનો પ્રારંભ કરાવતા મુખ્ય મંત્રીશ્રી

# નાગરિકોનો અવાજ સાંભળી, સમસ્યાઓ નિવારવા સરકાર પ્રજાની પડખે છે એવો ભાવ દરેક વ્યક્તિને જાગે એ જ ગુડ ગવર્નન્સ

દરેક વ્યક્તિને સરળતાથી સરકારી સેવાઓના લાભ મળે એ રાજ્ય સરકારનો ધ્યેય છે. નાગરિકોનો અવાજ સાંભળી, સમસ્યાઓ નિવારવા સરકાર પ્રજાની પડખે છે એવો ભાવ દરેક વ્યક્તિને જાગે એ જ સરકારની સફળતા અને ગુડ ગવર્નન્સ-સુશાસન છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સુશાસન સપ્તાહના પ્રથમ દિવસે ગાંધીનગર સચિવાલય ખાતે અદ્યતન ટેક્નોલૉજીયુક્ત માળખાકીય સુવિધા સાથેના જનસંપર્ક એકમ-સ્વાગત કક્ષનો અને રાજ્ય સરકારની વિવિધ ગુડ ગવર્નન્સ પહેલનો પ્રારંભ કરાવ્યા બાદ કહ્યું હતું કે, સામાન્યમાં સામાન્ય માનવીને શાસનમાં પોતીકાપણું અનુભવ થાય તે માટે રાજ્ય સરકારે આ વિવિધ પ્રકલ્પો આરંભ્યા છે. છેવાડાના માનવી - દરિદ્રનારાયણને પણ વિકાસના લાભ મળે તેવા અટલ બિહારી વાજપેયીજીના સંકલ્પને આ પ્રકલ્પો સાકાર કરશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે નાગરિકોની સુવિધામાં વૃદ્ધિ કરતાં જનહિત નિર્ણયોની જાહેરાત કરતાં કહ્યું કે, નિશ્ચિત સરકારી સેવાઓમાં કાયદાકીય રીતે જરૂરી કે બાધિત ન હોય તેવી બાબતોમાં એફિડેવિટ કરવામાંથી મુક્તિ આપવામાં આવી છે અને સેલ્ફ ડેક્લેરેશન માન્ય રાખવામાં આવશે. ડિજિટલી પ્રમાણિત પ્રૉપર્ટીકાર્ડ હવે ઑનલાઇન મળશે. બિનખેતી હુકમો બાદ ઑટો જનરેશનથી પ્રૉપર્ટીકાર્ડ ઉપલબ્ધ થશે, બિનખેતી હુકમોની મંજૂરી બાદ બાંધકામ અંગેની સમયમર્યાદા દૂર કરવામાં આવી છે અને વર્ષ ૨૦૧૯થી નોંધાયેલા દસ્તાવેજોની ડિજિટલી સાઇન્ડ નકલ ઑનલાઇન ઉપલબ્ધ થશે.

તેમણે વધુમાં જાહેરાત કરતાં જણાવ્યું હતું કે હુકમી નોંધ અને બૅન્ક દ્વારા બોજા દાખલ તથા દૂર કરવા અંગેની નોંધો માટેની ૧૩૫/ડી નોટિસની સમયમર્યાદા ૩૦ દિવસથી ઘટાડી ૧૦ દિવસ કરવામાં આવી છે, લૅન્ડ રેવન્યુ કોડની કલમ-૭૩એએની મંજૂરી પ્રક્રિયા હવે ઑનલાઇન થશે. ગણોતધારા કલમ-૩૨ એમ અંતર્ગત ખરીદ કિંમત ભરપાઇ કરવાની મુદતમાં ત્રણ વર્ષનો વધારો કરાયો છે. ગણોતધારા કલમ-૪૩ તથા કલમ-૬૩ની મુદત અનુક્રમે બે વર્ષથી વધારી પાંચ વર્ષ તથા પાંચ વર્ષથી વધારી ૧૦ વર્ષ સુધીની સત્તા કલેક્ટરશ્રીને આપવામાં આવી છે, PMJAY-MA યોજનાના લાભાર્થીઓને તલાટી દ્વારા અપાતા આવકનાં પ્રમાણપત્રો ત્રણ વર્ષ સુધી માન્ય રખાશે.

મુખ્ય મંત્રીશ્રીએ આ અવસરે રાજ્ય સરકારની વિવિધ ગુડ ગવર્નન્સ પહેલોનો પ્રારંભ કરાવ્યો હતો, જેમાં સરકારના વિભાગો વચ્ચે સંકલન અને સુદૃઢીકરણ માટે ઈ-સરકાર પૉર્ટલ, જાહેર વિતરણ વ્યવસ્થા વધુ પારદર્શક અને અસરકારક બનાવતી - My Ration Mobile App, સ્વરોજગારની ડિજિટલ સેવા આપતાં ઈ-કુટીર પોર્ટલ, વન વિભાગ દ્વારા ટિંબર ટ્રાન્ઝિટ પાસ મંજૂરી માટેના પોર્ટલ, પાણીપુરવઠા વિભાગની સુગ્રથિત વ્યાપક કાર્યપદ્ધતિ માટે એન્ટરપ્રાઇઝ ઍપ્લિકેશન પ્લૅટફૉર્મ અને મોબાઇલ ઍપનો સમાવેશ થાય છે.

મુખ્ય મંત્રીશ્રીએ આ પ્રસંગે વધુમાં જણાવ્યું હતું કે 'સુશાસન



દિવસે' 'સ્વાગત ઑનલાઇન કાર્યક્રમ'ને સમયાનુકૂળ વધુ અદ્યતન સુવિધાઓ સાથે સુદૃઢ બનાવી રહ્યા છીએ. રાજ્યમાં ઝડપી અને સરળ વહીવટની નેમ સાથે ગુજરાતની હાલની વહીવટી કાર્યપદ્ધતિને સંપૂર્ણપણે પેપરલેસ કરવા 'ઇ-સરકાર' ઍપ્લિકેશનનો પણ પ્રારંભ કર્યો છે. આ ઍપ્લિકેશન સચિવાલયના વિભાગો, ખાતાના વડાની કચેરીઓ તથા કલેક્ટર કચેરી ડી.ડી.ઓ. કચેરી જેવી જિલ્લા કક્ષાની કચેરીઓ અને તાલુકા કક્ષાની કચેરીઓ સુધી કાર્યરત થશે. મુખ્યમંત્રીશ્રીએ સ્વર્ગીય અટલ બિહારી વાજપેયીજીને યાદ કરતાં કહ્યું કે અટલજી દેશના મહાન કર્મયોગી અને આપણા સૌના પ્રેરણા પુરુષ છે. તેમની સ્મૃતિમાં દેશ આજે ગુડ ગવર્નન્સ ડે મનાવી રહ્યો છે. અટલજીએ પોતાનું સમગ્ર જીવન રાષ્ટ્રને સમર્પિત કર્યું હતું. અટલજીનું જીવન આપણને સ્વહિત પછી, પહેલા રાષ્ટ્રહિતનો સંદેશો આપે છે. અટલજીનું જીવન સુશાસનના સંદેશાથી ભરેલું છે. ગુજરાતે ગુડ ગવર્નન્સ-સુશાસનની દિશામાં શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ અને દિશાદર્શનમાં આજથી બે-અઢી દાયકા પહેલાં જ નક્કર પરિણામદાયી ડગ માંડી દીધાં હતાં.

મુખ્ય સચિવ શ્રી પંકજકુમારે સુશાસન સપ્તાહના શુભારંભ અવસરે મુખ્ય મંત્રીના દૃષ્ટિવંત અને જનકલ્યાણલક્ષી નેતૃત્વમાં રાજ્યનું વહીવટી તંત્ર વિવિધ પ્રકલ્પો સફળ બનાવવા સંપૂર્ણપણે સજ્જ છે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. તેમણે આ હેતુસર ૧૦ પૉઇન્ટનો કાર્ય એજન્ડા પણ પ્રસ્તુત કર્યો હતો. આ સંદર્ભમાં મુખ્ય સચિવશ્રીએ કહ્યું કે, ગુડ ગવર્નન્સને ગુડ-ગુડ ગવર્નન્સ તરફ લઈ જવા સમગ્ર તંત્ર પ્રતિબદ્ધ છે. તેમણે રાજ્ય સરકારની બધી જ યોજનાઓના લાભાર્થીઓના તથા ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફરનો વ્યાપ વધારવાની પણ તંત્રની સંકલ્પબદ્ધતા દર્શાવી હતી. શ્રી પંકજકુમારે સમરસતા સાથે સર્વગ્રાહી વિકાસમાં ગુજરાતે અગ્રેસરતા હાંસલ કરી છે એનો પણ ચિતાર આપ્યો હતો. કુપોષણ સામે જંગ છેડવા તથા વિવિધ યોજનાઓના લાભાર્થીઓની સફળ ગાથાઓ પણ પ્રકાશિત કરી વધુ ને વધુ વર્ગોને યોજનાકીય લાભો માટે પ્રેરિત કરવા હિમાયત કરી હતી. શ્રી પંકજકુમારે જિલ્લા તંત્ર અને વિવિધ વિભાગો ગુડ ગવર્નન્સના કન્સેપ્ટને વધુ સક્ષમ બનાવવા કટિબદ્ધ છે એવી ખાતરી પણ આપી હતી.



## મુખ્યમંત્રીશ્રીએ નાગરિકોની સુવિધામાં વૃદ્ધિ કરતાં જનહિતલક્ષી નિર્ણયોની જાહેરાત કરી

- નિશ્ચિત સરકારી સેવાઓમાં કાયદાકીય રીતે જરૂરી કે બાધિત ન હોય તેવી બાબતોમાં એફિડેવિટ કરવામાંથી મુક્તિ આપવામાં આવી છે અને સેલ્ફ ડેક્લેરેશન માન્ય રાખવામાં આવશે.
- ડિજિટલી પ્રમાણિત પ્રૉપર્ટીકાર્ડ હવે ઑનલાઇન મળશે.
- બિનખેતી હુકમો બાદ ઑટો જનરેશનથી પ્રૉપર્ટીકાર્ડ ઉપલબ્ધ થશે.
- બિનખેતી હુકમોની મંજૂરી બાદ બાંધકામ અંગેની સમયમર્યાદા દૂર કરવામાં આવી છે અને વર્ષ ૨૦૧૯થી નોંધાયેલા દસ્તાવેજોની ડિજિટલી સાઇન્ડ નકલ ઑનલાઇન ઉપલબ્ધ થશે.
- હુકમી નોંધ અને બૅન્ક દ્વારા બોજા દાખલ તથા દૂર કરવા અંગેની નોંધો માટેની ૧૩૫/ડી નોટિસની સમયમર્યાદા ૩૦ દિવસથી ઘટાડી ૧૦ દિવસ કરવામાં આવી.
- લૅન્ડ રેવન્યુ કોડની કલમ-૭૩એએની મંજૂરી પ્રક્રિયા હવે ઑનલાઇન થશે.
- ગણોતધારા કલમ-૩૨ એમ અંતર્ગત ખરીદકિંમત ભરપાઈ કરવાની મુદતમાં ત્રણ વર્ષનો વધારો કરાયો છે, ગણોતધારા કલમ-૪૩ તથા કલમ-૬૩ની મુદત અનુક્રમે બે વર્ષથી વધારી પાંચ વર્ષ તથા પાંચ વર્ષથી વધારી ૧૦ વર્ષ સુધીની સત્તા કલેક્ટરશ્રીને આપવામાં આવી છે.
- PMJAY-MA યોજનાના લાભાર્થીઓને તલાટી દ્વારા અપાતા આવકનાં પ્રમાણપત્રો ત્રણ વર્ષ સુધી માન્ય રખાશે.

## -: ગુડ ગવર્નન્સ પહેલ:-

- સરકારના વિભાગો વચ્ચે સંકલન અને સુદૃઢીકરણ માટે ઈ-સરકાર પૉર્ટલ.
- જાહેર વિતરણવ્યવસ્થા વધુ પારદર્શક અને અસરકારક બનાવતી : My Ration Mobile App.
- સ્વરોજગારની ડિજિટલ સેવા આપતા ઈ-કુટીર પૉર્ટલ
- વન વિભાગ દ્વારા ટિંબર ટ્રાન્ઝિટ પાસ મંજૂરી માટેના પૉર્ટલ
- પાણીપુરવઠા વિભાગની સુગ્રથિત વ્યાપક કાર્યપદ્ધતિ માટે એન્ટરપ્રાઇઝ ઍપ્લિકેશન પ્લૅટફૉર્મ અને મોબાઇલ ઍપ.

# ગુજરાતનાં સુશાસન ભણીનાં મક્કમ પગલાં

*ડિજિટલ અને ઑનલાઈન વ્યાપક વ્યવસ્થાઓ દ્વારા લોકોનાં કામ ઝડપથી અને પારદર્શક રીતે, સરળતાથી થાય તેવું આયોજન રાજ્ય સરકારે કર્યું છે. સુશાસન સપ્તાહ વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી દેશભરમાં ઊજવાય છે. તાજેતરમાં ગુજરાતમાં પણ સુશાસન સપ્તાહની ઉજવણી કરવામાં આવી. અત્રે આ ઉજવણીની આછેરી ઝલક પ્રસ્તુત કરવામાં આવી છે.*

## લોકોનાં કામ ઝડપથી અને પારદર્શકતા સાથે થાય એવી સરકારની નેમ



વડોદરામાં યોજાયેલા સુશાસન સપ્તાહમાં મહેસૂલમંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની સરકારની નેમ નવું કરવું, સારું કરવું અને લોકો માટે કરવું તથા લોકકલ્યાણ માટે સમગ્ર તંત્રને સતત કાર્યરત રાખવાની છે. છેવાડાના માનવી સુધી મળવાપાત્ર અધિકારો લાભના રૂપમાં પહોંચાડવામાં આવે છે એવી લાગણી વ્યક્ત કરતાં સુશાસનના પ્રણેતા ભૂતપૂર્વ વડા પ્રધાન સ્વ. અટલજીને આદર અંજલિ આપી હતી.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે મુખ્ય મંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સૂચનાથી સરકારી યોજનાઓના લાભો માટે ખર્ચાળ સોગંદનામાની જોગવાઇ નાબૂદ કરવામાં આવી છે અને મહેસૂલી કાયદાઓને સરળ બનાવી ગરીબ ગણોતિયા અને ખેડૂતોના અધિકારોનું રક્ષણ કરવામાં આવી રહ્યું છે.

ગુડ ગવર્નન્સ ઑફ અર્બન ડેવલપમેન્ટ હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં વડોદરા મહાનગરપાલિકા વિસ્તાર, જિલ્લાની ચાર નગરપાલિકાઓ અને વુડા વિસ્તારના લાભાર્થીઓને પ્રધાનમંત્રી સ્વનિધિ યોજના, મુખ્ય મંત્રી મહિલા ઉત્કર્ષ યોજના, આવાસ યોજનાઓ, નૅશનલ અર્બન લાઈવલી હૂડ મિશનની યોજનાઓનો લાભ આપવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં કુલ રૂ. ૪૫૮.૯૦ લાખના લાભો અને વિકાસલક્ષી ખાતમુહૂર્ત/લોકાર્પણ કરવામાં આવ્યાં હતાં.

સુશાસન સપ્તાહના ૭ દિવસમાં કરોડોનાં વિકાસકામોનો લોકોને લાભ થશે તેવી જાણકારી આપતાં મહિલા અને બાળ વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી મનીષાબહેન વકીલે જણાવ્યું કે, ડિજિટલ ઇન્ડિયા, ડિજિટલ ગુજરાત હેઠળ લોકોને યોજનાઓનો સીધો લાભ મળી રહ્યો છે એ સુશાસન છે. ૩૦૦ જેટલી રાત્રી ગ્રામસભાઓમાં અધિકારીઓએ પ્રજાની આશા-અપેક્ષાઓની નોંધ લીધી છે. સેવા સેતુ દ્વારા યોજનાઓનો લાભ લોકોને ઘરઆંગણે આપવામાં આવી રહ્યો છે. મુખ્ય મંત્રીશ્રીની પ્રેરણાથી બાળકના જન્મની સાથે જ આધારકાર્ડ બને અને જન્મથી મરણ સુધીની વિગતોનું સિંગલ પોર્ટલ બને એવું આયોજન કરવામાં આવી રહ્યું છે.

## સરકારે છેવાડાના માનવી સુધી યોજનાઓના લાભ પહોંચાડ્યા




સાબરકાંઠાના ગ્રામવિકાસ અને ગ્રામગૃહ નિર્માણમંત્રી શ્રી અર્જુનસિંહ ચૌહાણ અને અન્ન-નાગરિક પુરવઠામંત્રીશ્રી ગજેન્દ્રસિંહ પરમારની અધ્યક્ષતામાં સુશાસન સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સુશાસન સપ્તાહના દ્વિતીય દિવસે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા લાભાર્થીઓને વિવિધ યોજનાઓના લાભનું વિતરણ કરવામાં આવ્યું હતું.

મંત્રીશ્રી અર્જુનસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે, આપણા વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સુશાસનનું સ્વપ્ન જોયું છે. તેઓ અવિરત રાષ્ટ્ર અને નાગરિકોની સેવા કરી રહ્યા છે. તેમનું સ્વપ્ન છે કે ભારતના લોકો આર્થિક, સામાજિક અને શૈક્ષણિક રીતે સમૃદ્ધ બને. દેશ અને ગુજરાતનું હિત સદાય એમના હૈયે વસેલું છે. દેશના દરેક ગરીબનું પોતાનું ઘર, ગુણવત્તાયુક્ત તબીબી સેવાઓ અને ઉચ્ચ શિક્ષણ મળે એ માટે અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકી વડા પ્રધાનશ્રીએ સુશાસનનાં દર્શન કરાવ્યાં છે. કોરોના

મહામારીમાં લૉકડાઉન સમયે પણ ગરીબ લોકોની તેમને ચિંતા હોવાથી દરેક જરૂરિયાતમંદને નિ:શુલ્ક અન્ન પૂરું પાડ્યું હતું.

## શહેરીજનોને માળખાકીય સુવિધા પૂરી પાડવા રાજ્ય સરકાર કટિબદ્ધ



મોરબીમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ આયોજિત સુશાસન સપ્તાહ ઉજવણી કાર્યક્રમ શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર, પંચાયત(સ્વતંત્ર હવાલો), ગ્રામ વિકાસ ગૃહ નિર્માણ રાજ્યમંત્રીશ્રી બ્રિજેશભાઈ મેરજાની ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, શહેરી વિસ્તારમાં દરેક નાગરિકને રસ્તા, પાણી, આરોગ્ય, વીજળી, શિક્ષણ જેવી પ્રાથમિક સુવિધાઓ સરળતાથી મળી રહે તે માટે રાજ્ય સરકાર ચિંતિત છે. રાજ્ય સરકારે છેવાડાના માનવી સુધી પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડી રાજ્યના સર્વાંગી વિકાસની ગતિને અવિરત ચાલુ રાખી છે.

ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે પ્રધાનમંત્રી આવાસ યોજના લાભાર્થીઓને પ્રમાણપત્ર, એન.યુ.એલ.એમ. યોજનાના લાભાર્થીઓને બૅન્ક લોનના મંજૂરીપત્ર અને શહેરી શેરી ફેરિયાઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં હતાં.

## સુશાસન માટે સમાજના દરેક વર્ગની સક્રિયતા અને ભાગીદારી આવશ્યક

પંચમહાલ જિલ્લામાં ગોધરા ખાતેથી આદિજાતિ વિકાસ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ રાજ્યમંત્રીશ્રી નિમિષાબહેન સુથારના અધ્યક્ષસ્થાને સુશાસન દિનની ઉજવણી તેમજ સુશાસન સપ્તાહ ઉજવણીનો શુભારંભ સમારોહ યોજાયો હતો. સુશાસન અંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સરકારની સેવાઓ સમાજના દરેક માનવી માટે ઝડપી, ન્યાયી અને એકસમાન રીતે ઉપલબ્ધ કરાવવી, વિકાસનાં ફળો દરેકને સમાનપણે અને ન્યાયી રીતે વિતરિત થાય તે સુશાસન. શાસન સંપૂર્ણપણે પ્રજાલક્ષી,



પ્રજાભિમુખ, પ્રજાકેન્દ્રી હોવું જોઈએ અને આ પ્રકારનું શાસન મુખ્ય મંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની ગુજરાત સરકાર આપી રહી છે. છેવાડાના માનવી સહિત સમાજના દરેક વર્ગના માનવીને સુશાસનનો અનુભવ થાય એ માટે સરકાર ઉપરાંત પદાધિકારીઓ અને નાગરિકો પણ સક્રિય રીતે આ પ્રક્રિયામાં ભાગીદાર થાય એ આવશ્યક હોવાનું જણાવ્યું હતું.

## લાભાર્થી સરકારી યોજનાથી વંચિત ન રહે એ માટે સરકાર પ્રતિબદ્ધ



રાજકોટ મ્યુનિસીપલ કૉર્પોરેશન દ્વારા સુશાસન દિવસની ઉજવણી વાહનવ્યવહાર રાજ્યમંત્રી શ્રી અરવિંદભાઈ રૈયાણી અને મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના ચૅરમૅનશ્રી ધનસુખભાઈ ભંડેરીની પ્રેરક ઉપસ્થિતિમાં કરાઈ હતી. કોઈપણ જરૂરિયાતમંદ લાભાર્થી રાજ્ય સરકારની સહાયકારી યોજનાના લાભથી વંચિત ન રહે અને લાભાર્થીને તેના હકનો લાભ સુચારુ રીતે મળે એ જ સુશાસન દિવસની ઉજવણીનો મુખ્ય હેતુ છે. રાજ્ય સરકાર દ્વારા સેવા સેતુ અંતર્ગત અપાતી ૫૬ જેટલી સેવાઓ ઘરઆંગણે ઉપલબ્ધ કરાવાઈ રહી છે. જ્યારે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ઘરવિહોણા લોકોનું ઘરના ઘરનું સ્વપ્ન રાજ્ય સરકારે પરિપૂર્ણ કર્યું છે.

## લુણાવાડા અને બાલાસિનોરને વિવિધ વિકાસકામોની ભેટ



રાજ્યના ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, વૈધાનિક અને સંસદીય બાબતોના રાજ્યકક્ષાના મંત્રી શ્રી કુબેરભાઇ ડિંડોરના અધ્યક્ષસ્થાને મહીસાગર જિલ્લાના લુણાવાડામાં ગુડ ગવર્નન્સ ઑફ અર્બન ડેવલપમેન્ટ ડેની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું કે રાજ્ય સરકારે મુખ્ય મંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળ વિકાસના નવા આયામો રચીને ગરીબો-વંચિતો-શોષિતો અને ગામડાંઓના પ્રશ્નોને હલ કરીને પ્રજાજનોની આશા-અપેક્ષા અને આકાંક્ષાઓ પરિપૂર્ણ કરીને સુશાસનની પ્રતીતિ કરાવી છે. મહીસાગર જિલ્લામાં નગરપાલિકા વિસ્તારમાં કુલ ૨,૪૪૫ આવાસો મંજૂર કરવામાં આવ્યા છે, જે પૈકી ૭૨૪ આવાસો પૂર્ણ થયેલા છે.

આ પ્રસંગે મંત્રીશ્રી અને મહાનુભાવોના હસ્તે લુણાવાડા નગરપાલિકા વિસ્તારમાં રૂ. ૩૫.૭૪ લાખના અને બાલાસિનોર રૂ. ૫૧ લાખના ખર્ચે નિર્માણ પામનાર વિવિધ વિકાસકામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. સાથે સાથે પ્રધાનમંત્રી આવાસ યોજના સહાયના પ્રમાણપત્ર અને ગુજરાત શહેરી આજીવિકા મિશન અંતર્ગત શહેરી ફેરિયાઓને પી.એમ. સ્વનિધિ યોજના તેમજ વિવિધ યોજનાઓના લાભાર્થીઓને પ્રમાણપત્ર અર્પણ કરવામાં આવ્યાં હતાં.

## વેરાવળમાં વિવિધ યોજનાના લાભાર્થીઓને સહાય વિતરણ

સુશાસન સપ્તાહની ઉજવણી અંતર્ગત વેરાવળમાં સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના રાજ્યકક્ષાના મંત્રી શ્રી આર. સી. મકવાણાના અધ્યક્ષસ્થાને યોજનાકીય લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી), શહેરી એન.યુ.એલ.એમ. યોજના અને પી.એમ. સ્વનિધિ યોજનાના લાભાર્થીઓને યોજનાકીય લાભોનું મંત્રીશ્રી અને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત વેરાવળની મોટી શાકમાર્કેટ વિસ્તારમાં સી. સી. રોડ બનાવવાના કામનું મંત્રીશ્રીના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું



હતું. આ પ્રસંગે મંત્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ અને સતત પ્રયત્નશીલ છે. છેવાડાનો એક પણ માનવી રાજ્ય સરકારની યોજનાઓથી વંચિત ના રહે એ માટે અનેકવિધ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. માનસિક અને શારીરિક રીતે નબળા એવા નિરાધારો/ભિક્ષુકોની પણ ચિંતા કરી સરકારશ્રીએ નિરાધારો માટે આશાનું એક નવા ઘરની પણ વ્યવસ્થા કરી છે.

## જૂનાગઢના શહેરી વિસ્તારોમાં વિકાસકામોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત

સુશાસન સપ્તાહની ઉજવણી અંતર્ગત જૂનાગઢમાં પશુપાલન અને ગૌસંવર્ધન રાજ્યમંત્રી શ્રી દેવાભાઇ માલમના અધ્યક્ષસ્થાને જૂનાગઢ ઉપરાંત જિલ્લાની વિસાવદર, કેશોદ, વંથલી, સહિત સાત નગરપાલિકામાં કુલ ૮.૬૫ કરોડનાં વિકાસકામોનું ઈ-લોકાર્પણ ખાતમુહૂર્ત કરાયું હતું. આ તકે પ્રધાનમંત્રી શહેરી આવાસ યોજના અને બી.એલ.સી. ઘટક હેઠળ લાભાર્થીઓની સહાય સીધી બૅન્ક ખાતાઓમાં જમાં કરાઈ હતી. જૂનાગઢ અને જિલ્લાની નગરપાલિકા વિસ્તારના ૧,૫૧૨ ફેરિયાઓને પી.એમ. સ્વનિધિ યોજનાં હેઠળ રૂ. ૧.૧૫ કરોડની લોન મંજૂર કરી ૪૦ લાભાર્થીઓને રૂ. ૪.૧૦ લાખના ચેક અર્પણ કરાયા હતા. તેમજ સ્ટ્રીટ વેન્ડરનું પ્રમાણપત્ર અને એન.યુ.એલ.એમ. યોજના હેઠળ વ્યક્તિગત લોનના ૧૮ લાભાર્થીઓને ચેક અર્પણ કરાયા હતા.●



# LEADS ઇન્ડેક્સમાં ગુજરાત સતત ત્રીજા વર્ષે દેશભરમાં પ્રથમ ક્રમે

દેશમાં વિકાસના રોલ મૉડલ રહેલા ગુજરાતની ગૌરવગાથામાં વધુ એક સિદ્ધિનું સિમાચિહ્ન ઉમેરાયું છે. ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે પ્રસિદ્ધ કરેલા લોજિસ્ટિક્સ ઇઝ અક્રોસ ડિફરન્ટ સ્ટેટસ ઇન્ડેક્સ (LEADS)-2021માં ગુજરાતે માલ-સામાનની સરળતાએ હેરફેરની કાર્યદક્ષતામાં દેશભરમાં સતત ત્રીજી વાર પ્રથમ સ્થાન મેળવ્યું છે. ગુજરાતે આ અગાઉ ૨૦૧૮ અને ૨૦૧૯ એમ બેય વર્ષોમાં LEADS ઇન્ડેક્સમાં પ્રથમ ક્રમ મેળવવાની સિદ્ધિ મેળવેલી છે.

દેશમાં ઇન્ટિગ્રેટેડ લોજિસ્ટિક ઇકોસિસ્ટમને પ્રોત્સાહન આપવાના હેતુથી ભારત સરકાર દ્વારા દેશનાં વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં લોજિસ્ટિક્સ ક્ષેત્રે સંકળાયેલા સ્ટેક હોલ્ડર્સના અભિપ્રાયો, મંતવ્યો મેળવીને તથા ઑનલાઇન સર્વે હાથ ધરીને આ LEADS ઇન્ડેક્સ તૈયાર કરવામાં આવે છે. આ વર્ષે કોરોના વૈશ્વિક મહામારીના વ્યાપક સંક્રમણના સમયગાળા દરમ્યાનના આ ઇન્ડેક્સમાં ગુજરાતે કોરોના મહામારીની વિપદા છતાં પણ પોતાનો પ્રથમ ક્રમ જાળવી રાખવાની ગૌરવસિદ્ધિ પ્રાપ્ત કરી છે. મુખ્ય મંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારતની દિશાના આ વધુ એક સફળ કદમ માટે સંબંધિત વિભાગોને અભિનંદન પાઠવ્યાં હતાં.

લીડ્સ-૨૦૨૧ના ઇન્ડેક્સના પેરામીટર્સમાં ૨૧ ઇન્ડિકેટર્સનો સમાવેશ કરવામાં આવેલો છે, તેમાં રાજ્યના ઇન્ફ્રાસ્ટ્રક્ચર એટલે કે રોડ-રેલ નેટવર્ક, પૉર્ટ્સ ઍન્ડ ઍરપૉર્ટ્સ, વેર હાઉસ અને કોલ્ડ સ્ટોરેજ તેમજ સર્વિસ પ્રોવાઇડર દ્વારા અપાતી સેવાઓમાં નિર્ધારિત સમયમર્યાદામાં ડિલિવરી, લેબર લોઝ, મંજૂરીઓમાં પારદર્શિતા જેવા મહત્ત્વનાં ઇન્ડિકેટર્સનો સમાવેશ થાય છે.

ગુજરાતે આ બધાં ઇન્ડિકેટર્સમાં સતત ત્રીજા વર્ષે પ્રથમ રેન્કિંગ મેળવ્યું છે. ગુજરાત દેશના જી.ડી.પી.માં ૮ ટકાના યોગદાન સાથે અગ્રિમ ઔદ્યોગિક રાજ્ય છે. એટલું જ નહિ, એફ.ડી.આઇ. મેળવવામાં તથા આઇ.ઇ.એમ મેળવવામાં પણ દેશમાં પ્રથમ ક્રમે રહ્યું છે. ૧૬૦૦ કિ.મી લાંબો દરિયાકિનારો અને ૧ મેજર તથા ૪૮ નૉન-મેજર પૉર્ટ્સ સાથે દેશના ૪૦ ટકા એટલે કે ૫૧૪ મિલિયન મૅટ્રિક ટન કાર્ગો એકલું ગુજરાત વહન કરે છે.

માર્ગો-રસ્તાઓનું છેવાડાના વિસ્તારો સુધીનું વિશાળ નેટવર્ક, હાઇ-વે પર માલસામાનની સરળતાએ અવરજવર માટે ચેકપોસ્ટ નાબૂદી ઉપરાંત DMIC, DFC, અમદાવાદ ધોલેરા એક્સપ્રેસ વે, ૧૧ જેટલી જેટીનો વિકાસ અને ૭ જેટલા સૂચિત રેલ કનેક્ટિવિટી પ્રોજેક્ટ સાથે ગુજરાતે લોજિસ્ટિક્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચરની સર્વગ્રાહી શૃંખલા વૅલ્યુચેઇન ઊભી કરી છે.

રાજ્ય સરકારની પ્રો-ઍક્ટિવ પૉલિસીઝ, વેલ ડ્રીવન ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને સર્વિસીસ ડ્રીવન બાય અ રિસ્પૉન્સિવ ગવર્નમેન્ટની નીતિને સુસંગત ઇન્ટિગ્રેટેડ લોજિસ્ટિક્સ ઍન્ડ લોજિસ્ટિક્સ પાર્ક્સ-૨૦૨૧ પૉલિસી રાજ્યવ્યાપી લોજિસ્ટિક્સ નેટવર્ક ઇકોસિસ્ટમને નવું બળ પૂરું પાડે છે. લોજિસ્ટિક્સ સેવાઓની ગુણવત્તા વધારતી અને ટેક્નોલૉજીના ઉપયોગ પર વિશેષ ઝોક આપતી ડ્રાફ્ટ નૅશનલ લૉજિસ્ટિક પૉલિસીના પ્રાવધાનોને સુસંગત ગુજરાતની આ પૉલિસી બનાવવામાં આવી છે.

કોરોના મહામારીની સ્થિતિમાં ગ્લોબલ સપ્લાય ચેઇનમાં આવેલા બદલાવથી ગુજરાતમાં પોતાના વ્યવસાય-કારોબાર કરવા આવી રહેલા ઉદ્યોગોને રાજ્યના આ રોબસ્ટ લોજિસ્ટિક ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો લાભ મેળવવામાં લીડ્સ-LEADS ઇન્ડેક્સમાં ગુજરાતની આ સતત ત્રીજા વર્ષની અગ્રેસરતા પ્રોત્સાહક અને આકર્ષણ રૂપ બનશે. ●



## સુરત દેશનું બીજા નંબરનું સ્વચ્છ શહેર

કેન્દ્ર સરકારના મિનિસ્ટ્રી ઑફ હાઉસિંગ ઍન્ડ અર્બન એફર્સ દ્વારા યોજાયેલા સ્વચ્છતા સર્વેક્ષણમાં સુરતે દેશભરના સ્વચ્છ શહેરોમાં બીજો ક્રમ મેળવ્યો છે. રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદના હસ્તે નવી દિલ્હી ખાતે આયોજિત ઍવૉર્ડ સમારોહમાં સુરતને બીજો ક્રમ મેળવવા બદલ શહેરી વિકાસમંત્રી શ્રી વિનુભાઈ મોરડિયા તથા મેયર શ્રી હેમાલી બોઘાવાલાને સન્માન ઍવૉર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો. સુરતને દેશભરમાંથી બીજો ક્રમ મળવા બદલ સમગ્ર ગુજરાતને ગૌરવ પ્રાપ્ત થયું છે. સ્વચ્છતા સર્વેક્ષણમાં ૬૦૦૦ માર્ક્સ રાખવામાં આવ્યા હતા, જેમાંથી સુરતને ૫૫૧૯.૫૯ માર્ક્સ મળ્યા હતા.

નોંધનીય છે કે સતત પાંચમી વાર મધ્ય પ્રદેશનું ઇન્દોર દેશનું સૌથી સ્વચ્છ શહેર જાહેર થયું છે. દેશનું સૌથી સ્વચ્છ કેન્ટોન્મેન્ટ અમદાવાદ અને દેશનું સૌથી સ્વચ્છ રાજ્ય હોવાનું બહુમાન છત્તીસગઢ રાજ્યે મેળવ્યું છે. ●

# 'વહાલી દીકરી' યોજના

## મહિલા સશક્તિકરણ તરફ વધુ એક આગેકદમ



### શું લાભ મળશે ?

- લાભાર્થીને પ્રથમ હપ્તો દીકરીના પહેલા ધોરણમાં પ્રવેશ વખતે રૂ. ૪૦૦૦ (ચાર હજાર).
- બીજો હપ્તો દીકરી નવમા ધોરણમાં આવે ત્યારે રૂ. ૬૦૦૦ (છ હજાર).
- આખરી હપ્તો દીકરી ૧૮ વર્ષની ઉંમરે ઉચ્ચ શિક્ષણ માટે તેમજ તેના લગ્નપ્રસંગ સહાય તરીકે રૂ. ૧,૦૦,૦૦૦/- (એક લાખ) ની આર્થિક સહાય.

### કોને લાભ મળશે ?

- ગુજરાતમાં વસતા પરિવારો કે જેઓના પહેલા ત્રણ સંતાનો પૈકીની તમામ દીકરીઓને.
- દંપતીની વાર્ષિક આવક મર્યાદા રૂપિયા બે લાખ સુધીની હશે તેવાં કુટુંબોને.
- બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ-2006ની જોગવાઈ મુજબ પુખ્તવયે લગ્ન કરેલાં હોય તેવાં દંપતીઓની દીકરીઓને આ યોજનાનો લાભ મળશે.

રાજ્યની મહિલાઓનાં આરોગ્ય, પોષણ, શિક્ષણ, રોજગાર અને રક્ષણ માટે રાજ્ય સરકારની નીતિઓ, યોજનાઓ, અભિયાનો તથા કાર્યક્રમો ઘડવામાં આવે છે. ગુજરાતની દીકરીઓના શિક્ષણ માટે વિદ્યાલક્ષ્મી બૉન્ડ, કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય, સરસ્વતી સાધના યોજના જેવી અનેકવિધ યોજનાઓ કાર્યરત છે. મહિલાઓના સ્વાસ્થ્યની સુખાકારી માટે કસ્તુરબા પોષણ સહાય યોજના, ચિરંજીવી યોજના, બેટી વધાવો અભિયાન, સબલા યોજના, કિશોરી શક્તિ યોજના, જ્યારે સુરક્ષા માટે '૧૮૧-અભયમ્' તથા '૧૦૯૧' જેવી હેલ્પ લાઇનથી મદદ રાજ્યની માતાઓ-બહેનો અને દીકરીઓ સુધી પહોંચી રહી છે. આ અવિરત ચાલતી રાજ્ય સરકારની વિકાસયાત્રામાં એક નવતર પહેલ એટલે 'વહાલી દીકરી' યોજના સ્વરૂપે પ્રારંભ થયો.

ગુજરાત સરકાર સમાજના તમામ વર્ગોના સર્વાંગી વિકાસ માટે કટિબદ્ધ છે. એમાં પણ વંચિતો, પીડિતો, મહિલાઓ, ખેડૂતો અને બાળકોના વિકાસ માટે સરકાર વિશેષ પ્રયાસ કરે છે. 'સશક્ત ગુજરાત માટે સશક્ત મહિલા' એ ગુજરાતના સર્વસમાવેશક વિકાસનો મંત્ર રહ્યો છે. રાજ્ય સરકારની મોટાભાગની લોકકલ્યાણકારી યોજનાઓમાં મહિલાઓ પ્રત્યે વિશેષ કાળજી રાખવામાં આવે છે. મહિલા સશક્તિકરણ માટે સરકાર દ્વારા સામાજિક, આર્થિક, શૈક્ષણિક અને સુરક્ષાની દૃષ્ટિએ અથાગ પ્રયત્નો કરવામાં આવે છે, જેમાં મહિલાઓની જરૂરિયાતોને ધ્યાનમાં રાખી સમયાનુસાર સુધારા-વધારા પણ રાજ્ય સરકાર દ્વારા થયા છે.

'વહાલી દીકરી' યોજનાના પરિણામલક્ષી અમલથી રાજ્યમાં સ્ત્રીભ્રૂણહત્યાને અટકાવવામાં મદદ મળશે. સાથે શિક્ષણમાં દીકરીઓના ડ્રૉપઆઉટ રેશિયોમાં ઘટાડો થશે. બાળલગ્ન અટકશે તેમજ સમાજમાં સ્ત્રીઓને સર્વાંગી સશક્ત બનાવશે. સુકન્યા યોજના, કન્યા કેળવણી કાર્યક્રમ, બેટી બચાવો-બેટી પઢાવો અભિયાન અને નન્હી-પરી યોજના પછી રાજ્ય સરકારની 'વહાલી દીકરી' યોજના થકી રાજ્યમાં શિક્ષિત અને સશક્ત દીકરીઓના ઉછેરને પ્રોત્સાહન મળી રહ્યું છે.

મુખ્ય મંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા મહિલા અને બાળકલ્યાણમંત્રીશ્રી મનીષાબહેન વકીલના માર્ગદર્શન હેઠળ 'વહાલી દિકરી' યોજનાનો લાભ છેવાડાના લોકો સુધી પહોંચી રહ્યાં છે. નવેમ્બર-2021 સુધીમાં 92 હજારથી વધુ અરજીઓને 'વહાલી દિકરી' યોજના અંતર્ગત સહાય મંજૂર કરવામાં આવી છે. તેમજ યોજનાની જોગવાઈ મુજબ લાભાર્થીને ભવિષ્યમાં સહાયનું ચુકવણું કરવામાં આવશે. આ યોજનામાં ફંડ મૅનેજમેન્ટ એજન્સી તરીકે LICને નિયત કરવામાં આવી છે. તેમજ યોજનાના ફંડ સ્વરૂપે કુલ 72 કરોડ ચૂકવવામાં આવ્યા છે. ●

# દરેક ખેડૂતની દરકાર
# કરે છે ગુજરાત સરકાર



ગુજરાત સરકાર લાવી છે.

# ખેડૂતને સ્માર્ટ ફોન ખરીદીમાં સહાય યોજના
# સ્માર્ટ ફોન ખરીદવા પર ખેડૂતોને મળશે

## સ્માર્ટ ફોનની કિંમતના 10%
## અથવા
## રૂ. 1500/- સુધીની સહાય

### સહાયની રકમ સીધી ખેડૂતના બેંક ખાતમાં જમા થશે




### પાત્રતા અને અરજીની રીત

- જમીન ધારણ કરતા ખેડૂતોને ખાતાદીઠ મળવાપાત્ર
- અરજી આઈ ખેડૂત પોર્ટલ પર વિનામૂલ્યે ઓનલાઈન અરજી કરવીની રહેશે
- એક કરતાં વધુ ખાતા ધરાવતા ખેડૂતને એક જ ખાતા પર સહાય મળશે.
- રાજ્યમાં એક લાખ અરજીઓ વહેલા તે પહેલાના ધોરણે મંજૂરી આપવામાં આવશે.

### ખેડૂતે રજૂ કરવાના દસ્તાવેજો

- જીએસટી નંબરવાળું સ્માર્ટ ફોન બીલ
- મોબાઈલનો આઈએમઈઆઈ નંબર
- ૮-અ ની નકલ
- કેન્સલ ચેક અને આધાર કાર્ડ

**કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**
**ગુજરાત સરકાર**

આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારતનો સંકલ્પ થશે સાકાર...

# વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ




10 11 12

જાન્યુઆરી 2022

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી

VGGS સમિટની 10મી શ્રૃંખલાનો
10 જાન્યુઆરી 2022ના રોજ કરાવશે શુભારંભ



- ગુજરાતની ઔદ્યોગિક આત્મનિર્ભરતાને પ્રદર્શિત કરતો ગ્લોબલ ટ્રેડ શો, જેની મુલાકાત લેશે દેશ-વિદેશના વ્યાપારીઓ અને ઉદ્યોગકારો.
- VGGS 2022માં 25થી વધુ દેશો કન્ટ્રી પાર્ટનર તરીકે બનશે સહભાગી.
- USA, જર્મની, નેધરલેન્ડ, UK, ફ્રાન્સ, જાપાન અને મિડલ ઈસ્ટના દેશોમાં તેમજ 6 રાજ્યોના મેટ્રોપોલિટન સિટીમાં રોડ-શો.
- રાજ્ય સરકારે દર સોમવારે મહત્વના ક્ષેત્રોમાં MoU કરવાની નવી પહેલ શરૂ કરી.

**Published on Date 1-1-2022**. R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10/2021-23 Valid upto 31/12/2023, LPWP No. WPP PMG/NG/061/2021-23 Valid upto 31/12/2023
• Licensed to Post without Prepayment At Post : PSO/1 - Ahmedabad/Rajkot/Surat/Vadodara on every 3 to 11 and 18 to 26 E.M.,
Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50.
**120 + 4 Cover = Total 124 Pages • Editor and Published by** Director of Information on behalf of Directorate of Information,
Block No-19, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. **Printed by** Sahitya Mudranalaya Pvt Ltd, City Mill Compound, Ahmedabad &
Gujarat Offset Pvt Ltd, Vatva, Ahmedabad • If undeliverd pl. return to, Information Department, Sector no. 16, Gandhinagar Respectively.

**To,**

**ગુજરાત પાક્ષિક કાર્યાલય :-**
માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦